CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ श्री : ॥

अभिनव वैदिकसूक्त पाठावली

(ऋग्वेदत : नियतसूक्तानि)

(મન્ત્ર, પદપાઠ, સાયણભાષ્ય, ગુજરાતી અનુવાદ અને અભ્યાસનોંધ સાથે)

સમ્પાદક
વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ
અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

૧૯૯૮

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ श्रीः ॥

अभिनव वैदिकसूक्त-पाठवली

(ऋग्वेदतः नियतसूक्तानि)

(મન્ત્ર, પદપાઠ, સાયણભાષ્ય, ગુજરાતી અનુવાદ અને અભ્યાસનોંધ સાથે)

સમ્પાદક
વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ
અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

૧૯૯૮

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Abhinava Vaidika Sūkta Pūṭhāvali
A Collection of Vedic Hymns from the Ṛgveda
Edited & Translated by
Prof. Dr. V. M. Bhatt
Head, The Department of Sanskrit
Gujarat University, Ahmedabad - 380 009

© સમ્પાદક

કિંમત : ૪૫-૦૦

પ્રથમાવૃત્તિ - જૂન, ૧૯૯૮

પ્રકાશક :

શ્રી અશ્વિનભાઈ બી. શાહ
સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના, અમદાવાદ-૬૧.
(ફોન. ૫૩૫૬૬૯૨)

મુદ્રક :

શ્રી દિલીપભાઈ ઈશ્વરભાઈ પટેલ
ધ્રુમિલ ગ્રાફીક્સ
ચોથો વાસ, નારણપુરા ગામ,
અમદાવાદ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રાસ્તાવિક

યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં સંસ્કૃતને મુખ્ય વિષય તરીકે સ્વીકારીને જે વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરતા હોય છે તેમને લૌકિક સંસ્કૃત ભાષાની સાથે સાથે વૈદિક સંસ્કૃત ભાષાનો પણ અભ્યાસ કરાવવામાં આવે છે. દ્વિતીય વર્ષ બી.એ.ના વિદ્યાર્થીઓ માટે ગુજરાત યુનિ. એ જે આઠ સૂક્તો નિયત કર્યાં તેમનું અહીં સંપાદન કરવામા આવ્યું છે, જેમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને ઉપયોગી થાય તેમ સંહિતા પાઠ, પદપાઠ, સાયણભાષ્ય, જે તે મન્ત્રનો ગુજરાતી અનુવાદ અને અભ્યાસનોંધ નો સમાવેશ કર્યો છે, આ અગાઉ ગુજ. યનિ. એ પ્રોફે. ડૉ. એસ્તેરબહેન સોલોમનની અધ્યક્ષતામાં જે 'અભિનવવૈદિક પાઠાવલી' તૈયાર કરાવડાવી હતી, તેને આદર્શ તરીકે આંખ સામે રાખીને આ 'અભિનવ વૈદિકસૂક્ત પાઠાવલી' તૈયાર કરી છે. આશા છે કે તે સૌ અભ્યાસીઓને ઉપયોગી પુરવાર થશે. આ આવૃત્તિમાં, પરિશિષ્ટ રૂપે પદપાઠ કરવાના નિયમો અને તેની પ્રક્રિયા સોદાહરણ રજૂ કરવામાં આવેલ છે. તદુપરાંત, સ્વતન્ત્ર સ્વરિતનું સ્વરૂપ અને તેના ચાર ભેદોની પણ વિગતે સમજૂતી પ્રથમવાર આપવામાં આવી છે.

વેદ મન્ત્રોના અનેક ગુજરાતી અનુવાદ અને વિવરણો અગાઉ રજૂ થયા છે. પરંતુ ઉપર્યુક્ત બન્ને મુદ્દાઓની અહીં સૌથી પહેલી વખતે રજૂઆત થઈ રહી છે તેનો વિશેષ આનંદ છે. એમ કહેવાય છે કે પદપાઠ એ તો વેદમન્ત્રનું પહેલું ભાષ્ય છે, તેની મદદથી ઘણા પદોની વ્યાકરણિક કોટિઓ સ્પષ્ટ થાય છે, તથા સામાસિક ઇત્યાદિ પદોના અર્થઘટનમાં ઘણી મદદ મળે છે. તેથી સૌ અભ્યાસીઓ આ પદપાઠના નિયમોને આત્મસાત્ કરીને લાભાન્વિત થશે તેવી આશા છે.

આ પુસ્તકના પ્રકાશનમાં જેમણે રસ લીધો છે તે ગુરુવર્યો, કુટુમ્બીજનો અને મિત્રોનો આભાર માનું છું. આ પુસ્તકના પ્રકાશક શ્રી અશ્વિનભાઈ બી. શાહ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ અને મુદ્રક શ્રી દિલીપભાઈ આઈ. પટેલ, ધ્રુમિલ ગ્રાફીક્સ, અમદાવાદનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું. અંતે કવિ કાલિદાસના શબ્દોમાં પ્રાર્થના કરીને વિરમીશ:

सरस्वती श्रुतिमहती महीयताम् ॥

ક્ષેમ કલ્યાણી–દિન

૯ એપ્રિલ, ૧૯૯૮ — વસન્તકુમાર મ. ભટ્ટ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુક્રમણિકા

ક્રમ	સૂક્ત-દેવતા	પૃષ્ઠાંક
१.	अग्निदेवता (१-१)	(५)
२.	इन्द्रदेवता (१-३२)	(१३)
३.	नदी-विश्वासमित्रसंवादसूक्तम् (३-३३)	(३५)
४.	उषा: (५-८०)	(५०)
५.	अक्षसूक्तम् (१०-३४)	(५६)
६.	पुरुषसूक्तम् (१०-९०)	(७३)
७.	भिक्षुसूक्तम् (१०-११७)	(९०)
८.	हिरण्यगर्भसूक्तम् (१०-१२१)	(१०२)
★	પરિશિષ્ટ-૧ પદપાઠના નિયમો	(११८)
★	પરિશિષ્ટ-૨ સ્વતન્ત્ર સ્વરિતના ભેદો.	(१३५)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ श्री ગણેશાય નમઃ ॥

अभिनव – वैदिकसूक्त – पाठावली

ऋग्वेदः [१.१] अग्निसूक्तम्

[ऋषिः – मधुच्छन्दाः, देवता–अग्निः, छन्दः–गायत्री]

(सायणभाष्यम्) एतच्चाग्निमित्यादिसूक्तं नवर्चम्, 'अग्नि नवं मधुच्छन्दा वैश्वामित्रः' इत्यनुक्रमणिकायामुक्तत्वात् । विश्वामित्रपुत्रो मधुच्छदोनामकस्तस्य सूक्तस्य द्रष्टृत्वात् तदीय ऋषिः । √ ऋष गतौ इति धातुः । सर्वधातुभ्य इन् (उणादिसूत्र 4.557) 'इगुपधात् कित्' (उ. सू. 4–559) । वेदप्राप्त्यर्थं तपोऽनुतिष्ठतः पुरुषान् स्वयंभूर्वेदपुरुषः प्राप्नोत् । तथा च श्रूयते – "अजान् ह वै पृश्नींस्तपस्यमानान् ब्रह्म स्वयंभ्वभ्यानर्षत्तदृषयोऽभवन्" (तै० आ० 2–9) इति । तथातीन्द्रियस्य वेदस्य परमेश्वरानुग्रहेण प्रथमतो दर्शनात् ऋषित्वमित्यभिप्रेत्य स्मर्यते –

युगान्तेऽन्तर्हितान् वेदान् सेतिहासान् महर्षयः ।
लेभिरे तपसा पूर्वमनुज्ञाताः स्वयंभुवा ॥ इति ॥

".....देवा वै मृत्योर्बिभ्यतस्त्रयीं विद्यां प्राविशंस्ते छन्दोभिरात्मानमच्छादयन् यदेभिरच्छादयंस्तच्छन्दसां छन्दस्त्वम्" (छां. उ. 1–4–2) इति । तथा द्योतनार्थदीव्यतिधातुनिमित्तो देवशब्द इत्येतदाम्नायते –'दिवो वै नोऽभूदिति तद्देवानां देवत्वम्' इति । अतो दीव्यतीति देवः । मन्त्रेण द्योतते इत्यर्थः । अस्मिन् सूक्ते स्तूयमानत्वादग्निर्देवः ॥

ॐ अ॒ग्निमी॑ळे पु॒रोहि॑तं य॒ज्ञस्य॑ दे॒वमृ॒त्विज॑म् ।

होता॑रं रत्न॒धात॑मम् ॥ १.१

ॐ अ॒ग्निम् । ई॒ळे॒ । पु॒रःऽहि॑तम् । य॒ज्ञस्य॑ । दे॒वम् । ऋ॒त्विज॑म् ।

होता॑रम् । र॒त्न॒ऽधात॑मम् ॥

(सायणभाष्यम्) अग्निनामकं देवम् ˅ईळे स्तौमि । 'ईड स्तुतौ' इति धातुः । डकारस्य ळकारो बह्वृचाध्येतृसम्प्रदायप्राप्तः । तथा च पठ्यते–अज् मध्यस्थं 'ड'कारस्य ळकारं बह्वृचा जगुः । अज्मध्यस्थ 'ढ'कारस्य ळ्हकारं वै यथाक्रमम् इति ॥ मन्त्रस्य होत्रा प्रयोज्यत्वादहं होता स्तौमीति लभ्यते । कीदृशमग्निम् । ˅यज्ञस्य ˅पुरोहितम् । यथा राज्ञः पुरोहितस्तदभीष्टं सम्पादयति, तथाग्निरपि यज्ञस्यापेक्षितं होमं सम्पादयति । यद्वा–यज्ञस्य सम्बन्धिनि पूर्वभागे आवहनीयरूपेणावस्थितम् । पुनः ˅कीदृशम् । ˅देवं दानादिगुणयुक्तम् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain. Digitized by eGangotri.

पुनः कीदृशम् । ^होतारं ^ऋत्विजम् । देवानां यज्ञेषु होतृनामक ऋत्विग् अग्निरेव । तथा च श्रूयते– 'अग्निर्वै देवानां होता' (ऐ. ब्रा. 3–14) इति । पुनरपि कीदृशम् । ^रत्नधातमं यागफलरूपाणां रत्नानामतिशयेन धारयितारं पोषयितारं वा ॥

અનુવાદ : યજ્ઞના દેવ, ઋત્વિજ્, પુરોહિત, હોતા અને રત્નો (રૂપી સમ્પત્તિ)ના શ્રેષ્ઠ દાતા એવા અગ્નિની (હું) સ્તુતિ કરું છું. (૧–૧)

અભ્યાસનોંધ : ઋગ્વેદનો આરંભ અગ્નિદેવતાની સ્તુતિથી થાય છે. આ મન્ત્રમાં, મધુચ્છન્દા નામનો ઋષિ કહે છે કે "(હું) અગ્નિની સ્તુતિ કરું છું" ઈડ્ ધાતુનો અર્થ 'સ્તુતિ કરવી' થાય છે. अहम् ईडे । એટલે 'હું સ્તુતિ કરું છું. વેદમાં બે સ્વરની વચ્ચે રહેલો ड કારનો ळ કાર થઈ જાય છે. (લોકની અંદર વપરાતી સંસ્કૃત ભાષામાં આ ळ ધ્વનિ નથી.) તેથી (अहम्) ईळे । એમ મન્ત્રમાં લખ્યું છે. આમ (अहम्) अग्निम् ईळे । એટલે अहम् अग्निम् स्तौमि । હવે મન્ત્રમાં દ્વિતીયા વિભક્તિમાં રહેલાં બધાં પદો અગ્નિનાં વિશેષણો છે : पुरोहितं अग्निम् ईळे । પુરોહિત એવા અગ્નિની સ્તુતિ કરું છું. સાયણે (૧) 'પુરોહિત' શબ્દનો પહેલાં (= 'યજ્ઞ કરાવનાર પુરોહિત' એવો) રૂઢ અર્થ લીધો છે. રાજાનો પુરોહિત જેમ યજ્ઞ કરાવીને, રાજાની ઈચ્છિત વસ્તુ મેળવી આપે છે, તેમ અગ્નિદેવ પણ અન્ય દેવોના પુરોહિત છે. (૨) 'પુરોહિત' શબ્દનો વ્યાકરણમૂલક (વાચ્યાર્થ) જોઈએ તો 'આગળ મૂકવામાં આવેલો' ધ ધાતુનું કર્મણિ ભૂતકૃદન્ત हित થાય. पुरस् + हित । અગ્નિદેવને (યજ્ઞશાળામાં) સૌથી પહેલો મૂકવામાં, સ્થાપવામાં આવે છે. વળી, અગ્નિદેવ કેવા ? તો यज्ञस्य देवम्, ऋत्विजम्, होतारम् અને रत्नधातमम् (अग्निम् ईडे = स्तौमि) । યજ્ઞના દેવ (= યજ્ઞમાં ચમકનારા દેવ); ઋત્વિજ્ (= યજ્ઞ કરાવનાર યાજ્ઞિક), અને યજ્ઞમાં આહુતિ દ્રવ્યનો હોમ કરનાર = હોતા; તથા રત્નોને ધારણ કરનાર, રત્નોને આપનાર એવા અગ્નિદેવની હું સ્તુતિ કરું છું.

મન્ત્ર ગાયત્રી છન્દમાં છે, તેથી વાક્યાર્થ મેળવવા અન્વય આ રીતે કરવો : (अहम् નો અધ્યાહાર) यज्ञस्य पुरोहितम्, (यज्ञस्य) देवम्,(यज्ञस्य) ऋत्विजम्, (यज्ञस्य) होतारं, रत्नधातमम् अग्निम् ईळे ॥ મનુષ્ય પ્રજાનું સૌથી પ્રાચીનતમ અને પહેલું જે ભાષાકુળ, તે 'ભારત–યુરોપીય ભાષાકુળ'ના નામે ઓળખાય છે; તેની એક પ્રમુખ શાખા તે ભારત–ઈરાનીયન ભાષાકુળ. આમાંથી પારસીઓની 'અવેસ્તા'ની ભાષા વિકસી અને બીજી તરફ ભારતીય આર્યભાષા તરીકે વૈદિક સંસ્કૃત વિકસી. આ બન્ને પ્રજામાં તો અગ્નિની પૂજા થાય છે જ. પણ 'ભારત–યુરોપીય' ભાષાકુળની બીજી જે શાખા યુરોપીયન ભાષાકુળ તરીકે વિકસી છે, તેમાં આવેલી લેટિન ભાષામાં પણ અગ્નિ માટે Ignis શબ્દ છે, તથા સ્લાવોનિક ભાષામાં પણ Ognis શબ્દ છે. તેથી એવું અનુમાન કરી શકાય છે કે અગ્નિદેવ તો જગત્‌ની બધી જ પ્રાચીન પ્રજાઓમાં પૂજાર્હ દેવ તરીકે સ્થાન પામ્યા છે. સૃષ્ટિના આરંભકાળથી અગ્નિદેવનો મહિમા, એક 'દાહક પદાર્થ ' તરીકે અને 'પ્રકાશમાન દેવ' તરીકે તો અદ્વિતીય રહ્યો છે જ. પણ વેદમાં તે યજ્ઞના દેવ તરીકે, યજ્ઞના પુરોહિત, હોતા દેવ તરીકે વિશેષપણે સ્તુતિ પામ્યા છે. વળી,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તેને દેવો અને માણસોની વચ્ચે કડી રૂપ માનવામાં આવ્યા છે. એટલે કે તે અગ્નિ યજ્ઞની આહુતિ લઈ જનાર, તથા દેવોની પાસેથી રત્ન રૂપ ધનસમ્પત્તિ લાવી આપનાર એક 'સંદેશવાહક દૂત' તરીકેનું પણ સ્થાન પામ્યા છે.

अग्निः पूर्वेभिर्ऋषिभिरीड्यो नूतनैरुत।

स देवाँ एह वक्षति ॥ १.२

अग्निः । पूर्वेभिः। ऋषिऽभिः। ईड्यः । नूतनैः । उत । सः । देवान् । आ । इह । वक्षति ॥

(सायणः) अयम् अग्निः पूर्वेभिः पुरातनैः भृग्वङ्गिरः प्रभृतिभिः ऋषिभिः ईड्यः स्तुत्यो नूतनैः उत इदानींतनैरस्माभिरपि स्तुत्यः । सः अग्निः स्तुतः सन् इह यज्ञे देवान् हविर्भुज आ वक्षति, आ वहतु इत्यर्थः ॥

અનુવાદ : પૂર્વેના (= પ્રાચીન) અને નૂતન ઋષિઓ વડે આ અગ્નિ સ્તુતિ કરવા યોગ્ય છે. તે (અગ્નિ) (અન્ય) દેવોને અહીં (યજ્ઞશાળામાં) લઈ આવે. (૧–૨)

અભ્યાસનોંધ : આ મન્ત્રના રચયિતા (અથવા તો દ્રષ્ટા) ઋષિ મધુચ્છન્દા કહે છે કે, આ અગ્નિદેવ ભૃગ–અંગિરા જેવા પ્રાચીન ઋષિઓ વડે, અને અમારા જેવા નૂતન ઋષિઓ વડે પણ સ્તુત્ય છે.(સ્તુતિ કરવા યોગ્ય, પૂજવા યોગ્ય છે.) તે અગ્નિદેવ અમારા યજ્ઞમાં અન્ય દેવોને લઈ આવે.

અન્વય : पूर्वेभिः उत नूतनैः ऋषिभिः (अयम्) अग्निः ईड्यः (अस्ति) । सः (अग्निः), (अन्यान्) देवान् इह आ वक्षति (= आ वहतु) ॥ (पूर्वेभिः = पूर्वैः)

પદપાઠ જોવાથી ખબર પડશે કે वक्षति ક્રિયાપદને સર્વાનુદાત્ત રૂપે બતાવવામાં આવ્યું છે.

વેદમન્ત્રમાં જે મુખ્યવાકયનું ક્રિયાપદ (અને પાદના આરંભે નહીં આવેલ સંબોધન પદ) હોય તેમાં એકપણ અક્ષરમાં ઉદાત્તસ્વર હોતો નથી; તે આખું પદ સર્વાનુદાત્ત રૂપે દર્શાવ્યું હોય છે. બીજું, વ્યાકરણની દષ્ટિએ જોઈએ તો वह् (લઈ જવું) ધાતુનું આ वक्षति રૂપ છે. ભાષ્યકાર સાયણે તેનો અર્થ वहतु (આજ્ઞાર્થ) રૂપે લીધો છે; તથા સ્કન્દસ્વામીએ તેનો અર્થ वहति (વર્તમાનકાળ) રૂપે લીધો છે. પણ 'વૈદિક વ્યાકરણ'નો નવી રીતે વિચાર કરનાર પ્રોફે. મેકડોનલે તેને अट् આગમ વિનાનું અદ્યતનભૂતકાળ (Aorist)નું વૈદિક સંકેતાર્થ, ત્રી.પુ.એ.વ.નું રૂપ કહ્યું છે. વળી, વેદની ભાષામાં ઉપસર્ગોનો પ્રયોગ પણ, ક્રિયાપદની તરત જ પૂર્વે જોડીને કર્યો હોય એવું હંમેશાં જોવા મળતું નથી. તેમ અહીં પણ अ + वक्षति ની વચ્ચે इह અવ્યય આવેલો છે તે નોંધવું જોઈએ. લૌકિક સંસ્કૃતમાં તો आवक्षति = आवहतु । તેમ જ હોય. પણ વેદમાં ઉપસર્ગો અને ક્રિયાપદની વચ્ચે અન્ય પદો પણ આવી શકતાં હોય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ મન્ત્રમાં અગ્નિનો એક મહિમા એ કહ્યો છે કે તે પૂર્વેના અને નવા યુગના સૌ ઋષિઓ દ્વારા સ્તુતિ કરવા યોગ્ય છે, તથા તેમની પાસે જે માંગણી (= પ્રાર્થના) કરી છે તે એ છે કે તે અન્ય દેવોને અમારાં (મધુચ્છન્દા ઋષિના) યજ્ઞમાં લઈ આવે.

अ॒ग्निना॑ र॒यिम॑श्नव॒त् पोष॑मे॒व दि॒वेदि॑वे ।

य॒शसं॑ वी॒रवं॑त्तमम् ॥ १.३ ॥

अ॒ग्निना॑ । र॒यिम् । अ॒श्न॒व॒त् । पोष॑म् । ए॒व । दि॒वेऽदि॑वे । य॒शस॑म् । वी॒रवं॑त्ऽतमम् ॥

(सायणः) योऽयं होत्रा स्तुत्योऽग्निस्तेन अग्निना निमित्तभूतेन यजमानो रयिं धनम् अश्नवत् प्राप्नोति । कीदृशं रयिम् ? दिवे दिवे पोषमेव प्रतिदिनं पुष्यमाणतया वर्धमानमेव, न तु कदाचिदपि क्षीयमाणम् । यशसम् दानादिना यशोयुक्तम् । वीरवत्तमम् अतिशयेन पुत्रभृत्यादिवीरपुरुषोपेतम् । सति हि धने पुरुषाः सम्पद्यन्ते ॥

અનુવાદ : તે (યજમાન) અગ્નિ દ્વારા દિવસે દિવસે પોષણ પામતું (= વધતું જતું), યશવાળું અને અતિશય વીર પુત્રોવાળું ધન પ્રાપ્ત કરે છે. (૧—૩)

અભ્યાસનોંધ : યજ્ઞશાળામાં હોતા વડે સ્તુતિ પામેલો અગ્નિદેવ પ્રસન્ન થાય છે. આવા અગ્નિ દ્વારા— અગ્નિ પાસેથી – યજમાનને રયિ = ધન મળે છે. આ ધન કેવું કેવું ? તેનું વર્ણન આખા મન્ત્રમાં છે. रयिम् નાં ત્રણ વિશેષણો છે : ૧. दिवे दिवे पोषम् एव – દિવસે દિવસે વધતું, પુષ્ટિ પામતું, ૨. यशसं – યશવાળું, ૩. वीरवत्तम् —ખૂબ વીરતાથી ભર્યા પુત્રોવાળું. અહીં अश्नवत् ક્રિયાપદનો અર્થ प्राप्नोति થાય છે.

અલબત્ત, अश् (વ્યાપવું) પાંચમો ગણ (ઉભયપદી) નું આ વૈદિક (लेट् લકાર) સંકેતાર્થ ત્રી.પુ. એ.વ.નું રૂપ अश्नवत् । છે.

अग्ने॒ यं य॒ज्ञम॑ध्व॒रं वि॒श्वतः॑ परि॒भूरसि॑ ।

स इद्दे॒वेषु॑ गच्छति ॥ १.४ ॥

अग्ने॑ । यम् । य॒ज्ञम् । अ॒ध्व॒रम् । वि॒श्वतः॑ । प॒रि॒ऽभूः । असि॑ । सः । इत् । दे॒वेषु॑ । ग॒च्छ॒ति ॥

(सायणः) हे अग्ने ! त्वं यं यज्ञं विश्वतः सर्वासु दिक्षु परिभूः परितः प्राप्तवान् असि, स इत् स एव यज्ञो देवेषु तृप्तिं प्रणेतुं स्वर्गे गच्छति । प्राच्यादिचतुर्दिगन्तेष्वाहवनीय–मार्जालीय–गार्हपत्याग्नीध्रीयस्थलेष्वग्निरस्ति । परिशब्देन होत्रियादिधिष्ण्यव्याप्तिर्विवक्षिता । कीदृशं यज्ञम् । अध्वरम् हिंसारहितम् । न ह्यग्निना सर्वतः पालितं यज्ञं राक्षसादयो हिंसितुं प्रभवन्ति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુવાદ : હે અગ્નિ ! જે યજ્ઞ અને અધ્વરને તમે ચારેય તરફથી વીંટળાઈને રહેલા છો, તે જ (યજ્ઞ) દેવોની વચ્ચે પહોંચે છે. (૧.૪)

અભ્યાસનોંધ : માણસો સ્વર્ગલોકના દેવોને પ્રસન્ન કરવા વિવિધ યજ્ઞો કરે છે. પણ ક્યા યજ્ઞો દેવો સુધી પહોંચે છે ? તે પણ વિચારણીય છે. તો ઋષિ મધુચ્છન્દા કહે છે કે જે યજ્ઞ, જે અધ્વર (= સોમયાગ અથવા ઉપાસના)ને અગ્નિદેવ વ્યાપી વળ્યા હોય તેવા યજ્ઞો કે અધ્વરો જ સ્વર્ગલોકના દેવો સુધી પહોંચે છે.

અહીં अध्वर શબ્દના અર્થ બાબતે મતભેદ છે. જેમકે, (૧) न ध्वरति इति अध्वरः =। જેમાં હિંસા થતી નથી તે 'અધ્વર'. આવી વ્યુત્પતિ જોતાં એમ લાગે કે અહીં 'અધ્વર' તે યજ્ઞનું વિશેષણ હશે. જેના પરિણામે એવો વાક્યાર્થ થશે કે—"જે હિંસારહિતનો (= અહિંસક) યજ્ઞ હોય, તેને અગ્નિ વ્યાપી વળે છે; અને તેવો અહિંસક યજ્ઞ જ દેવોની વચ્ચે પહોંચતો હશે." પણ આધુનિક વિદ્વાનો 'અધ્વર' અને 'યજ્ઞ' શબ્દની વચ્ચે આવો વિશેષણ–વિશેષ્ય ભાવ માનવા તૈયાર નથી. (૨) બીજું એક સૂચન એવું છે કે —'અધ્વર' એટલે 'ઉપાસના'. (૩) અથવા શતપથ બ્રાહ્મણ (૧—૩—૩—૪૦)ના ભાષ્યમાં સાયણે કહ્યું છે તેમ 'અધ્વર' શબ્દનો એક અર્થ 'સોમયાગ' પણ થઈ શકે છે. (૪) પ્રોફે. હરિ દામોદર વેલણકરે 'અધ્વર'નો અર્થ 'યજ્ઞનું હવિ' એવો સૂચવ્યો છે. આ બધા મતાન્તરો જોતાં એવું લાગે છે કે 'યજ્ઞ' અને 'અધ્વર' બન્નેને અલગ અલગ પદાર્થ રૂપે જ લેવા; અને અનુવાદમાં દર્શાવ્યું છે તેમ, હે અગ્નિ, તમે જે યજ્ઞને **અને** અધ્વરને (અર્થાત્ ઉપાસનાને, કે સોમયાગને કે હવિષ્‌ને) ચારેય તરફથી વીંટળાઈ વળો છો, તે જ દેવોની વચ્ચે પહોંચે છે.

अ॒ग्निर्होता॑ क॒विक्र॑तुः स॒त्यश्चि॒त्रश्र॑वस्तमः ।

दे॒वो दे॒वेभि॒रा ग॑मत् ॥ १.५ ॥

अ॒ग्निः । होता॑ । क॒विऽक्र॑तुः । स॒त्यः । चि॒त्रश्र॑वःऽतमः । दे॒वः । दे॒वेभिः॑ । आ । ग॒म॒त् ॥

(सायणः) अयम् अग्निः देवः अन्यैः देवैर्हविर्भोजिभिः सह आगमत् अस्मिन् यज्ञे समागच्छतु । कीदृशोऽग्निः होता होमनिष्पादकः । कविक्रतुः कविशब्दोऽत्र कान्तवचनः, न तु मेधाविनाम । क्रतुः प्रज्ञानस्य कर्मणो वा नाम । ततः क्रान्तप्रज्ञः क्रान्तकर्मा वा । सत्यः अनृतरहितः फलमवश्यं प्रयच्छतीत्यर्थः । चित्रश्रवस्तमः श्रूयते इति श्रवः कीर्तिः, अतिशयेन विविधकीर्तियुक्तः ॥

અનુવાદ : હોતા, કવિના જ્ઞાનથી યુક્ત, સત્ય, વૈવિધ્યયુક્ત, અતિશય કીર્તિવાળા એવા અગ્નિદેવ (અન્ય) દેવોની સાથે અહીં આવે. (૧—૫)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અભ્યાસનોંધ : આ મન્ત્રમાં એવી પ્રાર્થના કરવામાં આવી છે કે અગ્નિદેવ અન્ય દેવોની સાથે અહીં (અમારા યજ્ઞગૃહમાં) આવે. પણ તે અગ્નિદેવ કેવા કેવા ? — તે કહેવા માટે अग्निःનાં પ્રથમા વિભક્તિમાં રહેલાં બીજાં વિશેષણો જોવા જેવાં છે : (૧) होता—હોતા નામનો પુરોહિત દેવોનું આહ્વાન કરવાનું કામ કરે છે. ઐતરેય બ્રાહ્મણમાં અગ્નિદેવને જ अग्निर्वै देवानां होता । (૩–૧૪)—દેવોનો હોતા અર્થાત્ આહ્વાતા કહ્યો છે. ['હોતા'નો જો 'એક પુરોહિત' એવો રૂઢ અર્થ લઈએ તો દરેક યજ્ઞક્રિયામાં યજ્ઞવેદીની ચારેય તરફ, ચાર દિશામાં ચાર બ્રાહ્મણો બેસાડવામાં આવે છે. જેમ કે, ઋગ્વેદનો જાણકાર હોતા, યજુર્વેદનો જાણકાર અધ્વર્યુ, સામવેદનો જાણકાર ઉદ્ગાતા નામનો બ્રાહ્મણ અને અથર્વવેદનો જાણકાર બ્રહ્મા નામે ઓળખાતો બ્રાહ્મણ બેઠો હોય છે. મનુષ્યો દ્વારા કરવામાં આવતા યજ્ઞમાં આવા ચાર વેદોના જાણકાર ચાર પ્રકારના બ્રાહ્મણ બેસાડવામાં આવે છે. પણ દેવો જ્યારે યજ્ઞ કરે છે, ત્યારે તેમના યજ્ઞમાં અગ્નિદેવ 'હોતા' તરીકે સ્થાન લે છે.] આમ 'હોતા' શબ્દનો વાચ્યાર્થ જોઈએ તો 'આહ્વાતા' (બોલાવનાર) અર્થ થાય છે; પણ રૂઢ અર્થ લઈએ તો યજ્ઞ કરાવનારા ચાર પ્રકારના બ્રાહ્મણોમાંથી એક બ્રાહ્મણ (અર્થાત્ પુરોહિત). (૨) कविक्रतुः — વેદમાં 'કવિ' એટલે ક્રાન્તદ્રષ્ટા, અને 'ક્રતુ' એટલે પ્રજ્ઞાવાન. આમ 'કવિક્રતુ' એટલે પ્રજ્ઞાવાન સર્વજ્ઞ, પ્રતિભાશાળી દેવ. (૩) सत्यः—સાચો, સત્ય સ્વરૂપ દેવ, (૪) चित्रश्रवस्तमः । નો અર્થ છે : અતિશય વૈવિધ્યભરી કીર્તિવાળા દેવ, (અગ્નિની કીર્તિ પ્રકાશ આપનાર દેવ તરીકેની છે, બાળનાર પદાર્થ તરીકેની છે, દેવોને બોલાવનાર, માણસોના દૂત તરીકેની કીર્તિ પણ છે. વળી, તે દેવો પાસેથી ભેટ રૂપે મળેલ રત્ન, ધન, ધાન્ય વગેરે લાવીને માણસોને પહોંચાડે છે.) આનો રૂઢ અર્થ "અત્યંત પ્રસિદ્ધ દેવ" પણ થઈ શકે. આવા આવા અગ્નિદેવ देवेभिः आ गमत् । 'દેવોની સાથે લઈ આવે.' અહીં आ+गमत् । રૂપ અટ્ આગમ વિનાનું અદ્યતન ભૂતકાળ (Aorist) ત્રી.પુ.એ.વ.નું, પણ વૈદિક સંકેતાર્થનું રૂપ છે. તેથી તેનો અર્થ ભૂતકાળ પરક નહિ લેતા, વિધ્યર્થ રૂપ લેવાનો છે. 'દેવોની સાથે આવ્યો હતો' નહિ, પણ 'દેવોની સાથે આવે' —એવો અનુવાદ કરવો જોઈએ. વેદમાં देव જેવા अ કારાન્ત નામોનું ત્રીજી વિભક્તિ બહુવચનમાં देवैः રૂપ થવાની સાથે સાથે देवेभिः । રૂપ પણ થાય છે.

यदङ्ग दाशुषे त्वमग्ने भद्रं करिष्यसि ।

तवेत्तत्सत्यमङ्गिरः ॥ १.६ ॥

यत् । अङ्ग । दाशुषे । त्वम् । अग्ने । भद्रम् । करिष्यसि । तव । इत् । तत् । सत्यम् । अङ्गिरः ॥

(सायणः) अङ्गेत्यभिमुखीकरणार्थो निपातः । अङ्गाग्ने हे अग्ने, त्वं दाशुषे हविर्दत्तवते यजमानाय तत्प्रीत्यर्थं, यद् भद्रं वित्तगृहप्रजापशुरूपं कल्याणं करिष्यसि तद् भद्रं तवेत् तवैव

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

सुखहेतुरिति शेषः । हे अङ्गिरः ! अग्ने ! एतच्च सत्यं न त्वत्र विसंवादोऽस्ति यजमानस्य वित्तादिसम्पत्तौ सत्याम् उत्तरक्रत्वनुष्ठानेनाग्नेरेव सुखं भवति ॥

અનુવાદ : અરે ! અગ્નિ ! તમે (હવિષ્) આપનારને માટે જે કલ્યાણ કરો છો, તે હે અંગિરસ્ ! તમારું જ સત્ય છે. (૧–૬)

અભ્યાસનોંધ : અહીં 'અરે, હે, અયિ, ભો'– એવા ઉદ્ગારવાચક અવ્યયના જેવો જ, 'अङ्ग' પણ ઉદ્ગાર સંબોધન માટે વપરાયો છે. अङ्ग अग्ने – હે, અરે અગ્નિ ! दाशुषे – હવિષ્ કે દાન આપનારને (માટે), ચતુર્થી વિ.એ.વ.નું રૂપ. त्वं भद्रं करिष्यसि – તમે જે ભદ્ર = કલ્યાણ કરો છો. અહીં दाश् (પહેલા, બીજા કે પાંચમા ગણનો) 'આપવું' અર્થાત્ દાન કે હવિષ્ આપવું અર્થવાળા ધાતુને પરોક્ષ ભૂતકૃદન્તનો क्वसु પ્રત્યય લગાડીને दाश्वस् શબ્દ બનાવી, તેનું ચતુર્થી વિ. એ. વ.માં दाशुषे = 'દાન આપનારને માટે' રૂપ બને છે. भद्र શબ્દનો કોશગત અર્થ 'કલ્યાણ' થાય છે, પણ સાયણાચાર્યે તેમના ભાષ્યમાં 'ધન, ઘર, પ્રજા અને પશુ રૂપ કલ્યાણ' એવો અર્થ કર્યો છે. અહીં, અગ્નિ માટે બીજો એક अङ्गिरस् શબ્દ વપરાયો છે. (ગુજરાતીમાં આ અગ્નિ વાચક 'અંગિરસ્' શબ્દ ઉપરથી 'અંગારા' શબ્દ ઉતરી આવ્યો છે.) સ્કન્દ સ્વામી નામના ભાષ્યકારે અગ્નિ માટે આ અંગિરસ્ શબ્દ ક્યારથી વપરાય છે ? – તેની ઉપર પ્રકાશ પાડતાં લખ્યું છે કે – એકવાર વિશ્વેદેવોના યજ્ઞમાં શરીરધારી વાગ્દેવતા આવી, તેમને જોઈને પ્રજાપતિ અને વરુણના રેતસ્નું સ્ખલન થયું. વાયુએ તેને અગ્નિમાં નાંખ્યું; આથી અગ્નિમાંથી અંગિરા ઋષિઓ જન્મ્યા ! આમ અંગિરા નામના ઋષિઓ અર્ધદૈવી પાત્રો ગણાય છે. હવે, વેદમન્ત્રોમાં ક્યારેક આ અગ્નિને જ અંગિરસ્ કહેવાયા છે; જેમ કે, આ જ મન્ત્રમાં અગ્નિને 'હે અંગિરસ્' એવું સંબોધન કરાયું છે.

उप त्वाग्ने दिवेदिवे दोषावस्तर्धिया वयम् ।
नमो भरन्त एमसि ॥ १.७ ॥

उप । त्वा । अग्ने । दिवेऽदिवे । दोषाऽवस्तः । धिया । वयम् । नमः । भरन्तः । आ । इमसि ॥

(सायणः) हे अग्ने, वयम् अनुष्ठातारो दिवेदिवे प्रतिदिनम् दोषावस्तः रात्रावहनि च धिया बुद्ध्या नमो भरन्तः नमस्कारं सम्पादयन्तः उप समीपे त्वा एमसि त्वाम् आगच्छामः ।

અનુવાદ : (હે) રાત્રિને (પોતાના તેજથી) પ્રકાશિત કરનાર ! હે અગ્નિ ! અમે દરરોજ પ્રાર્થના સાથે નમસ્કાર કરતાં કરતાં તમારી સમીપ આવીએ છીએ. (૧–૭)

અભ્યાસનોંધ : આ મન્ત્રનો પદક્રમ આમ ગોઠવવાનો છેઃ– हे दोषावस्तर्– હે રાત્રિને (તમારા પોતાના તેજ/પ્રકાશથી) આચ્છાદિત કરનાર ! (અર્થાત્ રાત્રિના અંધારાને અગ્નિદેવ પોતાના પ્રકાશથી આચ્છાદિત કરી દે છે !) એવા हे अग्ने ! वयम् दिवेदिवे– હે અગ્નિ ! અમે પ્રતિદિન, દરરોજ, धिया – બુદ્ધિ વડે, અર્થાત્ પ્રાર્થના સાથે, સ્તુતિ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સાથે (અહીં સહ અર્થમાં તૃતીયા છે.), (અમે), नमो भरन्तः નમસ્કારને ભરતાં, કરતાં કરતાં त्वा = त्वाम्, उप = समीपे – તમારી સમીપ, आ इमसि – આવીએ છીએ. आ + √ इ (જવું, બીજો ગણ) વર્તમાન કાળ, પ્રથમ પુરુષ બહુવચનનું રૂપ. અહીં, વેંકટ માધવ અને સાયણ જેવા ભાષ્યકારોએ दोषावस्तर् ને અગ્નિના સંબોધન તરીકે લીધો નથી. તેમણે તો તેનો અર્થ रात्रौ अहनि च એવો જ કર્યો છે. આ મુજબ મન્ત્રનો અનુવાદ જોઈએ તો – "હે અગ્નિ ! અમે દરરોજ (दिवेदिवे), અને રાત્રે તથા દિવસે પ્રાર્થના વડે/સાથે નમસ્કાર કરતાં કરતાં તમારી સમીપ આવીએ છીએ."

राजन्तमध्वराणां गोपामृतस्य दीदिविम् ।
वर्धमानं स्वे दमे ॥ १.८ ॥

राजन्तम् । अध्वराणाम् । गोपाम् । ऋतस्य । दीदिविम् । वर्धमानम् । स्वे । दमे ॥

(सायण) पूर्वमन्त्रे त्वामुपेम इत्यग्निमुद्दिश्योक्तम् । कीदृशं त्वाम् ? राजन्तं दीप्यमानम् । अध्वराणां राक्षसकृतहिंसारहितानां यज्ञानां गोपां रक्षकम्, ऋतस्य सत्यस्यावश्यम्भाविनः कर्मफलस्य दीदिविम् पौनःपुन्येन भृशं वा द्योतकम्, आहुत्याधारमग्निं दृष्ट्वा शास्त्रप्रसिद्धं कर्मफलं स्मर्यते । स्वे दमे स्वकीयगृहे यज्ञशालायां हविर्भिः वर्धमानम् ॥

અનુવાદ : ચમકી રહેલા, અધ્વરોના (= હિંસારહિત યજ્ઞોના) રક્ષક અને ઋતના પ્રકાશક; તથા પોતાના (યજ્ઞ)ગૃહમાં વૃદ્ધિ પામી રહેલા એવા (અગ્નિદેવ)ની પાસે [અમે આવીએ છીએ.] (૧–૮)

અભ્યાસનોંધ : આ મન્ત્રમાં બીજી વિભક્તિવાળાં પદો અગ્નિનાં વિશેષણો છે; પણ પૂરો વાક્યાર્થ મેળવવાં તે પર્યાપ્ત નથી. આથી સાયણ પૂર્વમન્ત્ર (૧–૭)માંથી आ इमसि એવા ક્રિયાપદને લઈને, તેની સાથે આ બધાં દ્વિતીયાન્ત પદોને જોડવાની વાત કરે છે :– "[અમે] ચમકી રહેલા, અધ્વરોના ગોપા અને ઋતના પ્રકાશક અગ્નિની પાસે, કે જે પોતાના (યજ્ઞ)ગૃહમાં સતત વૃદ્ધિ પામી રહ્યા છે, તેમની પાસે [પહોંચીએ છીએ.]"

આ મન્ત્રના અર્થઘટનમાં બીજો પ્રશ્ન એ છે કે ષષ્ઠી વિભક્તિવાળાં પદો (अध्वराणाम् અને ऋतस्य) નો અન્વય તેમની આગળ આવેલા પદની સાથે કરવો, કે તેમની પાછળ આવેલા પદની સાથે કરવો ? જેમકે સાયણાચાર્યે ષષ્ઠ્યન્ત પદોને તેમની પાછળ આવેલા પદની સાથે જોડ્યાં છે; (અને તે મુજબનો જ અનુવાદ ઉપર આપ્યો છે). પરંતુ આધુનિક વિદ્વાનો તે ષષ્ઠ્યન્ત પદોનો અન્વય તેમના પુરોગામી શબ્દની સાથે કર્યો છે. જેના પરિણામે અનુવાદ આ પ્રમાણે કરવાનો થાય :– "અધ્વરોના શાસક, ઋતના રક્ષક, દેદીપ્યમાન (दीदिविम्); તથા પોતાના (યજ્ઞ)ગૃહમાં (સતત) વૃદ્ધિ પામતાં (અગ્નિ)ની પાસે [અમે જઈએ છીએ.]"

Vasant Bhatt Collection, Gujarat

 CC-0. In Public Domain.Digitized by eGangotri.

સાયણે ऋतस्य दीदिविम् નો અર્થ 'સત્યના અર્થાત્ અવશ્યંભાવિ એવા કર્મફળના પ્રકાશક'ની (પાસે અમે જઈએ છીએ). – એમ કહ્યું છે. આમાં 'ऋत' નો અર્થ સત્ય, અથવા તો અવશ્યંભાવિ કર્યો છે. પણ પશ્ચિમના વિદ્વાનોએ તેનો અર્થ "પરમ/બૃહત્ સત્ય, કુદરતનો ક્રમ, અફર નિયમ, કર્મવિધિ તથા યજ્ઞ" – થાય છે એમ જણાવ્યું છે. બીજી તરફ લ્યુડર્સે ऋत શબ્દનો અર્થ કેવળ 'સત્ય' જ થાય છે; આ શબ્દ ક્યાંય પણ વિશેષણ તરીકે વેદમન્ત્રમાં વપરાયો નથી–એવો નિર્ણય તારવ્યો છે. स्वे दमे वर्धमानम् (अग्निम्)–પોતાના ગૃહમાં (અર્થાત્ યજ્ઞશાળામાં) સતત વૃદ્ધિ પામતા અગ્નિ(ની પાસે અમે જઈએ છીએ.)

स नः पितेवं सूनवेऽग्नें सूपायनो भंव ।

सचंस्वा नः स्वस्तयें ॥ १.९

सः । नः । पिताऽइंव । सूनवें । अग्नें । सुऽउपायनः। भव । सचंस्व । नः । स्वस्तयें ॥

(सायणः) हे अग्ने ! स त्वं नः अस्मदर्थं सूपायनः- शोभनप्राप्तियुक्तो भव । तथा नः अस्माकं स्वस्तये विनाशरहित्यार्थं सचस्य समवेतो भव । तत्र उभयत्र दृष्टान्तः । यथा सूनवे पुत्रार्थं पिता सुप्रापः प्रायेण समवेतो भवति तद्वत् ॥

અનુવાદ : પિતા જેમ પુત્રને માટે, તમે હે અગ્નિ ! તે તમે (પણ) અમારા માટે સહેલાઈથી નજીક જઈ શકાય એવા બનો. અમારા કલ્યાણને માટે (તમે) સાથે રહો. (૧–૯)

અભ્યાસનોંધ : આ મન્ત્રમાં કવિએ અગ્નિને પ્રાર્થના કરી છે કે હે અગ્નિદેવ ! જેમ પિતા પુત્રને માટે સુપ્રાપ્ય હોય તેમ તમે અમારે માટે (= તમારી સ્તુતિ કરનારા એવા અમારે માટે) સુપ્રાપ્ય બનો. सु + उपायन = સરળતાથી જેમની નજીક જઈ શકાય એવા, અર્થાત્ સુપ્રાપ્ય (બનો). વળી, ઋષિ બીજી પ્રાર્થના કરે છે કે તમે અમારા સ્વસ્તિ અર્થાત્ વિનાશ વગરના કલ્યાણને માટે सचस्व–સાથે રહો. सच् (૧લો ગણ, આત્મનેપદ)નું આજ્ઞાર્થ બી.પુ.એ.વ. તે सचस्व । તેનો અર્થ થાય 'તમે સાથે રહો, સાથે ચોંટીને રહો.' અહીં ઋગ્વેદના પહેલા મંડળનું પહેલું સૂક્ત પૂર્ણ થાય છે.

◆ ◆ ◆

२. इन्द्रसूक्तम् [१.३२]

[ઋષિઃ અંગિરસનો પુત્ર હિરણ્યસ્તૂપ, છન્દઃ ત્રિષ્ટુપ્ અને દેવતા : ઈન્દ્ર]

ઈન્દ્ર–દેવતા : ઋગ્વેદમાં મહત્ત્વના દેવતા તરીકે ઈન્દ્રનું સ્થાન છે. તેમના માટે ૨૫૦ સૂક્તોની રચના કરવામાં આવી છે. ઈન્દ્ર અન્તરિક્ષ સ્થાનનો દેવતા છે. આથી તેને વરસાદનો

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

દેવ પણ મનાયો છે. તે વિદ્યુત્ રૂપી વજ્ર નામના આયુધથી વાદળોને ચીરીને પાણીને પૃથિવીલોક ઉપર વરસાવે છે. મરુત્ગણ ઈન્દ્રના સાથીદાર દેવો છે. વળી, વેદકાળના ઋષિઓ એવું પણ માને છે કે ઈન્દ્રે નદીઓને વહેવા માટેનો માર્ગ ખોદ્યો હતો, અને તેમને સમુદ્ર તરફ વહાવી છે. ઈન્દ્રે અહિ, વલ, વૃત્ર, દસ્યુ વગેરે દાનવોને હણી કાઢ્યા હતા. આથી ઈન્દ્રને ઘણી જગ્યાએ વૃત્રહન્તા, વૃત્રઘ્ન કહેવાયો છે. બીજી તરફ, ઐતિહાસિક દૃષ્ટિએ ઈન્દ્રને યુદ્ધનો દેવ પણ કહેવાય છે. તે આર્ય પ્રજાનો સેનાપતિ હતો અને મધ્ય એશિયા તરફથી, આર્યોની ટોળી લઈને ભારતમાં પ્રવેશ્યો હતો. આ સન્દર્ભમાં ઈન્દ્રને પુરન્દર, પુરભિદ્ (નગરોને તોડનારો) કહ્યો છે. વેદના ઋષિઓ યુદ્ધમાં વિજય અપાવવા તેને યાદ કરે છે, સ્તુતિ કરે છે. વળી, તેને 'મઘવન્' પણ કહ્યો છે. કેમકે તે યુદ્ધમાં વિજય અપાવે છે. તેથી તે ધનનો સ્વામી છે, ધન આપનાર છે. ત્રીજો એક નોંધપાત્ર મુદ્દો એ છે કે ઈન્દ્રને સોમરસનું પાન ખૂબ ગમે છે. એક સન્દર્ભમાં એવું પણ કહેવાયું છે કે તેણે જન્મતાંની સાથે એક સરોવર ભરીને સોમરસનું પાન કર્યું હતું. આમ તે 'સોમપા' દેવ છે ! પ્રસ્તુત સૂક્તમાં પણ ઈન્દ્રનાં પરાક્રમોનું જ બહુ રોચક વર્ણન કરવામાં આવ્યું છે.

'इन्द्रस्य नु वीर्याणि' इति पञ्चदशर्चं द्वितीयं सूक्तम् । आङ्गिरसो हिरण्यस्तूप ऋषिः । त्रिष्टुप् छन्दः । इन्द्रो देवता । 'इन्द्रस्य पञ्चोना' इत्यनुक्रमणिका अग्निष्टोमे माध्यन्दिने सवने निष्केवल्यशस्त्रे 'इन्द्रस्य नु वीर्याणि' इति निविद्धानीयं सूक्तम् । 'निष्केवल्यस्य' इति खण्डे 'इन्द्रस्य नु वीर्याणीत्येतस्मिन्नैन्द्रीं निविदं दध्यात् '(आश्व. श्रौ. ५.१५) इति । विपुवत्यपि तस्मिन् शस्त्रे एतत् विनियुक्तम् ।'विपुवान्दिवा कीर्त्यः' इति खण्डे सूत्रितम्— 'इन्द्रस्य नु वीर्याणीति एतस्मिन्नैन्द्रीं निविदं शस्त्वा' (आश्व. श्रौ. ८. ६) इति । महाव्रते निष्केवल्येऽप्येतदेव विनियुक्तम् । 'राथन्तरे दक्षिणः पक्षः' इति खण्डे 'चतस्रः सतीः षड् बृहतीः करोतीन्द्रस्य नु वीर्याणि प्र वोचम्' (ऐ. आ. ५.२.२) इति ॥

इन्द्र॑स्य॒ नु वी॒र्या॑णि॒ प्र वो॑च॒ं यानि॑ च॒कार॑ प्र॒थ॒मानि॑ व॒ज्री ।

अह॒न्नहि॒मन्व॒पस्त॑तर्द॒ प्र व॒क्षणा॑ अभि॒न॒त्पर्व॑तानाम् ॥ १ ॥

इन्द्र॑स्य । नु । वी॒र्या॑णि । प्र । वो॒च॒म् । यानि॑ । च॒कार॑ । प्र॒थ॒मानि॑ । व॒ज्री ।

अह॑न् । अहि॑म् । अनु॑ । अ॒पः । त॒त॒र्द॒ । प्र । व॒क्षणा॑ः । अ॒भि॒न॒त् । पर्व॑तानाम् ॥ १ ॥

ˇवज्री वज्रयुक्तः इन्द्रः ˇप्रथमानि पूर्वसिद्धानि मुख्यानि वा ˇयानि ˇवीर्याणि पराक्रमयुक्तानि कर्माणि ˇचकार तस्य ˇइन्द्रस्य तानि ˇवीर्याणि ˇनु क्षिप्रं प्रब्रवीमि । कानि वीर्याणीति तदुच्यते । ˇअहिं मेघम् ˇअहन् हतवान् । तदेतदेकं वीर्यम् । ˇअनु पश्चात् ˇअपः जलानि ˇततर्द हिंसितवान् भूमौ पातितवानित्यर्थः । इदं द्वितीयं वीर्यम् । ˇपर्वतानां सम्बन्धिनीः ˇवक्षणाः प्रवहणशीलाः नदीः ˇप्र ˇअभिनत् भिन्नवान् कूलद्वयकर्षणेन प्रवाहितवानित्यर्थः । इदं तृतीयं वीर्यम् । एवमुत्तरत्रापि द्रष्टव्यम् ॥ वीर्याणि । 'शूर वीर विक्रान्तौ' । ण्यन्तात् 'अचो यत्' इति यत् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

'णेरनिटि' इति णिलोपः । 'तित्स्वरितम्' इति स्वरितत्वम् । 'यतोऽनावः' इत्याद्युदात्तत्वं न भवति । आद्युदात्तत्वे हि सुशब्देन बहुव्रीहौ 'आद्युदात्तं द्व्यच्छन्दसि' इत्यनेनैवोत्तरपदाद्युदात्तत्वस्य सिद्धत्वात् 'वीरवीर्यौ च' इति पुनस्तद्विधानमनर्थकं स्यात् । अतोऽवगम्यते 'यतोऽनावः' इत्याद्युदात्तत्वं वीरशब्दे न प्रवर्तते इति । अतः परिशेषात् 'तित्स्वरितम्' इति प्रत्ययस्य स्वरितत्वमेव । वोचम् । 'अस्यतिवक्तिख्यातिभ्योऽङ्' इति च्लेः अङादेशः । 'बहुलं छन्दस्यमाङ्योगेऽपि' इति अडभावः । चकार । णलि लित्स्वरेण प्रत्ययात् पूर्वस्योदात्तत्वम् । यद्वृत्तयोगादनिघातः । अहन् । लङि 'इतश्च' इति इकारलोपे 'हल्ङ्याब्भ्यः०' इति तकारलोपः । अहिम् । आङ्पूर्वात् हन्तेः आङिश्रिहनिभ्यां ह्रस्वश्च' (उ. सू. ४.५७७) इति इप्रत्ययः, आङो ह्रस्वत्वं च । चशब्देन 'वेञो डित्, समाने ख्यश्चोदात्तः' 'इति डित्त्वं पूर्वपदोदात्तत्वं चानुकृष्यते । ततः टिलोपे पूर्वपदस्योदात्तत्वम् । ततर्द । उतृदिर हिंसानादरयोः । 'तिङ्ङतिङः' इति निघातः । वक्षणाः । 'वक्ष रोषे' । 'क्रुधमण्डार्थेभ्यश्च' (पा. सू. ३. २.१५१) इति युच् । चित्स्वरं बाधित्वा व्यत्ययेन प्रत्ययस्वरः ॥

અનુવાદ : ઈન્દ્રનાં વીરકર્મોને (હું) કહું છું; કે જે (વીરકર્મો), તે વજ્રધારીએ પહેલાના સમયમાં કર્યાં હતાં. (જેમ કે), અહિ (અર્થાત્ મેઘ)ને તેણે હણ્યો; ત્યાર પછીં તેણે પાણીને તોડ્યાં; તથા પર્વતોનાં વહેણોને (નદી રૂપે) ભેદી કાઢ્યાં. (૧–૩૨–૧)

અભ્યાસનોંધ : (૧) આંગિરસ હિરણ્યસ્તૂપ નામના ઋષિ ઈન્દ્રનાં વીરકર્મો वीर्याणि અર્થાત્ પરાક્રમો વર્ણવવાની, પહેલા પાદમાં પ્રતિજ્ઞા ઉચ્ચારે છે : (अहम्) इन्द्रस्य वीर्याणि प्र वोचम् । ત્યાર પછી બીજા પાદમાં ઉમેરે છે કે – वज्री (इन्द्रः) यानि प्रथमानि चकार (तानि प्रवोचम्) । અર્થાત્ તે વજ્રધારીએ (ઈન્દ્રે) જે જે કર્મો પહેલાં (અર્થાત્ પહેલાંના યુગમાં) કર્યાં છે, (તેને હું વર્ણવીશ). (૨) મન્ત્રના ઉત્તરાર્ધમાં ઈન્દ્રનાં ત્રણ કર્મો બતાવ્યાં છે :– (क) अहिम् अहन् । ઈન્દ્રે 'અહિ' નામના રાક્ષસને હણી કાઢ્યો. આપણે અહીં अहिम् નો અર્થ मेघम् (=વાદળ) કર્યો છે. અર્થાત્ ઈન્દ્ર વૈદિક માયથોલોજી અનુસાર વરસાદનો દેવતા છે, તેથી અહીં अहिम् નો અર્થ 'વાદળ' કરી શકાય છે; બીજું તે પંક્તિમાં જે બીજાં પરાક્રમોની વાત છે, તે જોતાં (સાહચર્યના નિયમથી) પણ સાયણે લીધેલો અર્થ સન્દર્ભોચિત છે. (ख) अनु (इन्द्रः) अपः ततर्द । ત્યાર પછી, (ઈન્દ્રે) પાણીને તોડ્યાં. અર્થાત્ વાદળમાંથી પાણીને (વહેવા માટે) છુટાં કર્યાં. (ग) ચોથા પાદમાં ઈન્દ્રનું ત્રીજું પરાક્રમ વર્ણવ્યું છે : पर्वतानाम् वक्षणा प्र अभिनत् । 'પર્વતોનાં વહેણોને પણ ભેદી કાઢ્યાં'. અર્થાત્ પર્વતોના પેટાળમાં જે પ્રવહણશીલ (વહી શકે એવાં) જળ હતાં, તેમને પણ તેણે (બે કિનારાની વચ્ચે અર્થાત્ નદી રૂપે) વહેતાં કર્યાં. ઈન્દ્રનું આ ત્રીજું પરાક્રમ હતું. ત્રિષ્ટુપ્ છન્દના પ્રત્યેક પાદમાં ૧૧–૧૧ અક્ષર હોવા જોઈએ. પણ પ્રથમ અને ત્રીજા પાદમાં એક–એક અક્ષર ઓછો છે. તેથી वीर्याणि ને બદલે वीरियाणि, અને मन्व ને બદલે मनुव એવો વ્યૂહ (= ઉચ્ચારણ) કરીને અક્ષરસંખ્યા વધારી લેવી. अहन्– √ हन् (હણવું) ધાતુનું હ્યસ્તન ભૂતકાળ ત્રી. પુ. એકવચન ततर्द–तृद् (પીડા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આપવી, નીચે પાડવું)નું પરોક્ષ ભૂતકાળ ત્રી.પુ.એ.વ. अभिनत्– √ भिद् (ભેદવું) ધાતુનું હ્યસ્તન ભૂતકાળ ત્રી.પુ.એ.વ.

अहन्नहिं पर्वते शिश्रियाणं त्वष्टास्मै वज्रं स्वर्यं ततक्ष ।

वाश्राइव धेनवः स्यन्दमाना अञ्जः समुद्रमव जग्मुरापः ॥ २ ॥

अहन् । अहिम् । पर्वते । शिश्रियाणम् । त्वष्टा । अस्मै । वज्रम् । स्वर्यम् । ततक्ष । वाश्राःऽइव । धेनवः । स्यन्दमानाः । अञ्जः । समुद्रम् । अव । जग्मुः । आपः ॥ २ ॥

ᵛपर्वते ᵛशिश्रियाणम् आश्रितम् ᵛअहिं मेघम् ᵛअहन् हतवान् । ᵛअस्मै इन्द्राय ᵛस्वर्यं सुष्ठु प्रेरणीयं यद्वा शब्दनीयं स्तुत्यं ᵛत्वष्टा विश्वकर्मा ᵛवज्रं ᵛततक्ष तनूकृतवान् । तेन वज्रेण मेघे भिन्ने सति ᵛस्यन्दमानाः प्रस्रवणयुक्ताः ᵛआपः ᵛसमुद्रम् ᵛअञ्जः सम्यक् ᵛअव ᵛजग्मुः प्राप्ताः । तत्र दृष्टान्तः । ᵛवाश्राः वत्सान्प्रति हम्भारवोपेताः ᵛधेनवः ᵛइव । यथा धेनवः सहसा वत्सगृहे गच्छन्ति तद्वत् ॥ शिश्रियाणम् । 'श्रिञ् सेवायाम्' । लिटः कानच् । द्विर्भावहलादिशेषे यङादेशाः । 'चितः' इत्यन्तोदात्तत्वम् । स्वर्यम् । 'ऋ गतौ' । अस्मात् सुपूर्वात् 'ऋहलोर्ण्यत्' इति ण्यत् । 'संज्ञापूर्वको विधिरनित्यः' इति वृद्ध्यभावः । यद्वा । 'स्वृ शब्दोपतापयोः' इत्यस्मात् ण्यति पूर्ववत् वृद्ध्यभावः । 'तित्स्वरितम्' इति स्वरितत्वम् । वाश्यन्ते इति वाश्राः । 'वाशृ शब्दे' । 'स्फायितञ्चि०' इत्यादिना रक् । जग्मुः । उसि 'गमहन०' इति उपधालोपः ॥

અનુવાદ : પર્વતમાં આશ્રય લઈ બેઠેલા અહિને હણ્યો; ત્વષ્ટાએ દિવ્ય (અર્થાત્ વખાણવા યોગ્ય) વજ્ર આ (ઈન્દ્ર)ને માટે તૈયાર કરી આપ્યું. ભાંભરતી ગાયોની જેમ વહેતાં પાણી સમુદ્ર તરફ ઝડપથી ગયાં. (૧–૩૨–૨)

અભ્યાસનોંધ : (૧) અગાઉના મન્ત્રમાં આવી ગયેલી વાતને જ થોડાંક જુદા શબ્દોમાં રજૂ કરે છે : પૂર્વાર્ધમાં બે વાક્ય છે – (क) पर्वते शिश्रियाणं अहिम् अहन्– પર્વતમાં અથવા પર્વત ઉપર આશ્રય લઈ બેઠેલા 'અહિ' નામના રાક્ષસને અથવા વાદળને (ઈન્દ્રે) હણી કાઢ્યો. √ श्रिञ् सेवायाम् ધાતુનું પરોક્ષ ભૂતકૃદન્ત (કાનજ્ પ્રત્યયાન્ત રૂપ) તે शिश्रियाणम् છે. (ख) त्वष्टा स्वर्यं वज्रम् अस्मै ततक्ष । 'त्वष्टा' નામના દેવે = દેવોના સુથારે દિવ્ય અથવા તો વખાણવા યોગ્ય એવું વજ્ર નામનું આયુધ આને માટે (અર્થાત્ ઈન્દ્રને માટે) છોલી કાઢ્યું. (અર્થાત્ તૈયાર કર્યું.). ગ્રિફીથે स्वर्यम् શબ્દનો અર્થ 'દિવ્ય' કર્યો છે; જ્યારે સાયણે તેનો અર્થ शब्दनीयं स्तुत्यम् – સ્તુતિ કરવા યોગ્ય, વખાણવા યોગ્ય કર્યો છે. (૩) અહિને માર્યા પછી પાણી કેવી ઝડપથી સમુદ્ર તરફ વહ્યાં ?—એ કહેવા માટે કવિએ ઉપમા પ્રયોજી છે : અહીં ઉત્તરાર્ધમાં એક જ વાક્ય છે : – वाश्राः इव धेनवः, स्यन्दमानाः आपः समुद्रम् अञ्जः अव जग्मुः । ભાંભરતી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ગાયોની જેમ, વહેતાં પાણી, સમુદ્ર તરફ, ઝડપથી ગયાં. √ વાશ્ ધાતુનો અર્થ 'અવાજ કરવો' થાય છે. તેથી ગાયોના સન્દર્ભમાં તેનો સાયણે અર્થ 'ભાંભરતી' એવો કર્યો છે, वत्सान् प्रति हम्भारवोपेताः धेनवः इव । સાયણે अञ्जः નો અર્થ 'ઝડપથી' નહિ, પણ સીધાં सम्यक् એવો કર્યો છે. અર્થાત્ વચ્ચે રોકાયા વિના, (૪) त्वष्टा ततक्ष—ત્વષ્ટા નામના દેવે (ઇન્દ્રને માટે વજ્રને) છોલ્યું. અહીં √ तक्ष (છોલવું) ધાતુનું પરોક્ષ ભૂતકાળ ત્રી.પુ.એ.વ. છે. (૫) ત્રિષ્ટુપ્ છન્દમાં આ મન્ત્ર હોવાથી ૧૧—૧૧ અક્ષરવાળા ચાર પાદ હોવા જોઈએ. પણ અહીં બીજા પાદમાં દશ અક્ષર છે, તેથી स्वर्यम् એવા જોડાક્ષરમાં એક અક્ષરનો ઉમેરો કરીને, (જેને 'વ્યૂહ' કર્યો એમ કહેવાય છે), सुवर्यम् રૂપે ઉચ્ચારવામાં આવે છે. તેથી તે પાદમાં એક ખૂટતો અક્ષર ઉમેરાઈ જશે.

वृषायमांणोऽवृणीत सोमं त्रिकंद्रुकेष्वपिबत्सुतस्यं ।

आ सायंकं मघवांदत्त वज्रमहंन्नेनं प्रथमजामहींनाम् ॥ ३ ॥

वृषऽयमांणः । अवृणीत । सोमंम् । त्रिऽकंद्रुकेषु । अपिबत् । सुतस्यं । आ । सायंकम् । मघऽवां । अदत्त । वज्रंम् । अहंन् । एनम् । प्रथमऽजाम् । अहींनाम् ॥ ३ ॥

ˇवृषायमाणः वृष इवाचरन् इन्द्रः ˇसोमम् ˇअवृणीत वृतवान् । ˇत्रिकद्रुकेषु ज्योतिः गौः आयुः इत्येतन्नामकाः त्रयो यागाः त्रिकद्रुकाः उच्यन्ते । तेषु ˇसुतस्य अभिषुतस्य सोमस्यांशम् ˇअपिबत् पीतवान् । ˇमघवा धनवान् इन्द्रः ˇसायकं बन्धकं वज्रम् ˇआ ˇअदत्त स्वीकृतवान् । तेन च वज्रेण ˇअहीनां ˇमेघानां मध्ये ˇप्रथमजां प्रथमोत्पन्नं मेघम् ˇअहन् हतवान् ॥ वृषायमाणः । वृष इवाचरन् । 'कर्तुः क्यङ् सलोपश्च' (पा. सू. ३.१.११) इति क्यङ् । 'अकृत्सार्वधातुकयोः' इति दीर्घः । अंदुपदेशात् धातोः अन्तोदात्तत्वे क्यङन्तात् धातोः अन्तोदात्तत्वम् (?) । सायकम् । 'षिञ् बन्धने' । सिनोतीति सायकः । ण्वुल् । लित्स्वरेणाद्युदात्तत्वम् । प्रथमजाम् । प्रथमं जायते इति प्रथमजाः । 'जनसनखगक्रमगमो विट्' । 'विड्वनोः०' इति आत्वम् ॥

અનુવાદ : વૃષભ જેવું આચરણ કરતા એ (= ઇન્દ્રે) સોમને પસંદ કર્યો તથા ત્રિકદ્રુકોમાં નીચોવવામાં આવેલા (સોમરસના અંશ)નું તેણે પાન કર્યું. મઘવાએ (અર્થાત્ ધનવાળા ઇન્દ્રે) બાંધનારા વજ્રને પકડ્યું તથા વાદળોમાંથી પ્રથમ જન્મનાર વાદળને હણી કાઢ્યું. (૧—૩૨—૩)

અભ્યાસનોંધ : (૧) આ મન્ત્રમાં ત્રણ વાત કહેવામાં આવી છે : (क) ઇન્દ્ર વૃષભ જેવું આચરણ કરે છે. (ख) ત્રિકદ્રુકમાં નીચોવવામાં આવેલા સોમરસનું ઇન્દ્રે પાન કર્યું.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

અને (ગ) ઈન્દ્ર 'મઘવા' = ધનવાન્ છે. (૨) પૂર્વાર્ધમાં બે વાક્ય છે : ૧. वृषायमाणः (इन्द्रः) सोमम् अवृणीत । વૃષભના જેવું આચરણ કરતા ઈન્દ્રે સોમને પસંદ કર્યો (સોમનું વરણ કર્યું). વેદમાં ઘણી જગ્યાએ ઈન્દ્રને વૃષભ કહ્યો છે. વૃષભ—આખલો—તે બળનું, શક્તિનું તો પ્રતીક છે જ, પણ તે શબ્દની વ્યુત્પત્તિ वर्षिता अपाम् (પાણીને વરસાવનાર) એવી કરવામાં આવી છે. આમ ઈન્દ્ર બળવાન દેવતા તો છે જ, પણ તે વૃષ્ટિનો દેવતા પણ કહેવાયો છે. वृषभः = वृषः इव आचरन् । એવી રીતે વૃષ(ભ) શબ્દ ઉપરથી નામધાતુ બનાવીને, તેનું વર્તમાન કૃદન્ત બનાવ્યું છે वृषयमाणः । પછી સંહિતામાં છાન્દસ દીર્ઘ થવાથી वृषायमाणः । થયું છે. ઈન્દ્રનું પ્રિય પીણું સોમ છે; તેથી તેણે જન્મતાંની સાથે સરોવર ભરીને સોમનું પાન કર્યું હતું. ૨. (सः) त्रिकद्रुकेषु सुतस्य (अंशम्) अपिबत् 'તેણે ત્રિકદ્રુકોમાં નીચોવેલા (સોમના અંશ)નું પાન કર્યું.' અહીં સાયણે ત્રિકદ્રુકોનો અર્થ "જ્યોતિર્યાગ, ગૌયાગ અને આયુર્યાગ નામના ત્રણ યાગ કર્યો છે. આ ત્રણ પ્રકારના યજ્ઞોમાં ઈન્દ્રે સોમનું પાન કર્યું. પીટર્સનના મતે 'ત્રિ—કદ્રુક'નો અર્થ "સોમરસ ભરવાનાં ત્રણ પ્રકારનાં પાત્રો" થાય છે. પણ શ્રી ર.છો.પરીખના મતે આ બન્ને અર્થ શંકાસ્પદ છે. (૩) ઉત્તરાર્ધનાં વાક્યો આ પ્રમાણે છે: (क) मघवा सायकं वज्रम् आ अदत्त । મઘવાએ (ઈન્દ્રે) બાધ કરનાર એવા વજ્રને પકડ્યું. 'સાયક'નો સાયણે 'બાધક' અર્થ કર્યો છે, પણ પીટર્સને "પ્રહાર કરનાર(વજ્ર)" એવો અર્થ વિચાર્યો છે.

વેદમાં मघ એ ધનનું એક નામ છે. તેથી मघवत् નો અર્થ 'ધનવાળો' થાય છે, તેનું પ્રથમા એકવચન मघवा થાય છે. (ख)अहीनाम् एनं प्रथमजाम् अहन् । 'અહિ'ઓ (= મેઘો)માંથી આ પહેલા જન્મેલા અહિને = વાદળને (તેણે) હણી કાઢ્યો.

यदि॒न्द्राह॑न्प्रथम॒जामही॑ना॒मान्मा॒यिना॒मर्मि॑ना॒: प्रोत मा॒याः ।
आत्सूर्यं॑ ज॒नय॒न्द्यामु॒षसं॑ ता॒दीत्ना॒ शत्रुं॒ न किला॑ विवित्से ॥ ४ ॥

यत् । इ॒न्द्र॒ । अह॑न् । प्र॒थ॒म॒ऽजाम् । अही॑नाम् । आत् । मा॒यिना॑म् । अमि॑नाः । प्र । उ॒त । मा॒याः । आत् । सूर्य॑म् । ज॒नय॑न् । द्याम् । उ॒षस॑म् । ता॒दीत्ना॑ । शत्रु॑म् । न । किल॑ । वि॒वि॒त्से॒ ॥ ४ ॥

ˇउत अपि च हे ˇइन्द्र ˇयत् यदा ˇअहीनां मेघानां मध्ये ˇप्रथमजां प्रथमोत्पन्नं मेघम् ˇअहन् हतवानसि ˇआत् तदनन्तरं ˇमायिनां मायोपेतानामसुराणां सम्बन्धिनीः ˇमायाः ˇप्र ˇअमिनाः प्रकर्षेण नाशितवानसि । अनन्तरं ˇसूर्यम् ˇउषसम् उषःकालं ˇद्याम् आकाशं च ˇजनयन् उत्पादयन् आवरकमेघनिवारणेन प्रकाशयन् वर्तसे । ˇतादीत्ना तदानीम् आवरकान्धकाराभावात् ˇशत्रुं घातकं वैरिणं ˇन ˇविवित्से ˇकिल त्वं न लब्धवान् खलु ॥ अहन् । हन्तेः लङि 'हल्ङ्याब्भ्यः०' इति सिलोपः । अडागम उदात्तः । यद्वृत्तयोगादनिघातः ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

मायिनाम् । मायाशब्दस्य व्रीह्यादिषु पाठात् 'व्रीह्यादिभ्यश्च' (पा.सू. ५.२.११६) इति मत्वर्थीय इनिः । अमिनाः । 'मीञ् हिंसायाम्' । क्रैयादिकः । 'मीनातेर्निगमे' (पा.सू. ७.३.८१) इति ह्रस्वत्वम् । तादीत्ना । तदानीम् इत्यस्य पृषोदरादित्वात् वर्णविपर्ययः । किल । 'निपातस्य०' इति दीर्घत्वम् । विवित्से । 'विद्लृ लाभे' । क्रादिनियमात् प्राप्तः इट् व्यत्ययेन न भवति ॥

અનુવાદ : હે ઈન્દ્ર ! જ્યારે તમે અહિઓમાંથી પ્રથમ જન્મેલા એવા(અહિ)ને હણી કાઢ્યો; તથા માયાવીઓની માયાઓને પણ (તમે) નષ્ટ કરી દીધી, ત્યારે સૂર્યને, આકાશને અને ઉષાને જન્માવતા(પ્રકાશિત કરતા)તમે ખરેખર કોઈ શત્રુને મેળવ્યો નહીં (= તમારો કોઈ શત્રુ રહ્યો નહીં.) (૧—૩૨—૪).

અભ્યાસનોંધ : (૧) આ મન્ત્રના ચારેય પાદમાં એક—એક વાક્ય છે. (क) हे इन्द्र ! यद् (= यदा) अहीनाम् प्रथमजाम् (अहिम् मेघम्) अहन् । હે ઈન્દ્ર ! જ્યારે અહિઓમાંના પ્રથમ જન્મેલા અહિને અર્થાત્ વાદળને તમે હણી કાઢ્યો. એ જ પ્રમાણે, (ख) मायिनाम् मायाः उत प्र अमिनाः । માયાવીઓની માયાઓને પણ (તમે) નષ્ટ કરી દીધી; √ मीञ् हिंसायाम् ધાતુનું હ્યસ્તન ભૂતકાળ બીજોપુરુષ એકવચનનું રૂપ अमिनोः (त्वम्) । એવું થાય છે. (ग) सूर्यं, द्याम्, उषसम् जनयन् (त्वम् इन्द्रः) સૂર્યને, આકાશને અને ઉષાને જન્માવતા તમે [અર્થાત્ ઈન્દ્રે વાદળને હટાવી દીધા ત્યારે સૂર્ય પણ પ્રકાશી શક્યો, આકાશ પણ તેજસ્વી થયું અને ઉષાઓ પણ ઝળહળી ઊઠી.] (घ) तादीत्ना (= तदानीं) ત્યારે (त्वम् इन्द्रः) शत्रुं किल न विवित्से (તમે ઈન્દ્રે) શત્રુને ખરેખર મેળવ્યો જ નહીં. અર્થાત્ અહિને માર્યા પછી ઈન્દ્રનો કોઈ બીજો શત્રુ બાકી રહ્યો જ નહીં.

√ विद् लाभे આત્મનેપદી ધાતુનું પરોક્ષ ભૂતકાળ બીજો પુરુષ એકવચનનું રૂપ विवित्से થાય છે. (૨) ત્રીજા પાદમાં એકાદશાક્ષર ત્રૈષ્ટુભ પાદ હોવા છતાંય એક અક્ષર ઓછો છે, તેથી सूर्यं ને બદલે सूरियम् એવું ઉચ્ચારણ (એવો વ્યૂહ) કરવાથી એક અક્ષરની પૂર્તિ થઈ જશે. (૩) નૈરુક્ત પરંપરા મુજબ વેદમન્ત્રોનું અર્થઘટન કરીએ તો — **"વેદમન્ત્રોમાં પ્રાકૃતિક ઘટનાઓનું કાવ્યાત્મક નિરૂપણ છે"** એમ કહેવામાં આવે છે.* આ દૃષ્ટિએ "ઈન્દ્રે અહિને માર્યો, ઈન્દ્રે વૃત્રને માર્યો" ઈત્યાદિ વાક્યોમાં 'અહિ' અને 'વૃત્ર', 'શમ્બર' વગેરેનો અર્થ 'વાદળ' જ કરવામાં આવે છે. વાદળો નિત નવાં રૂપ ધારણ કરે છે, તેથી તેમને 'માયાવી' પણ કહ્યાં છે. ઈન્દ્ર આવા વાદળ રૂપ માયાવીઓની

---

* સાયણાચાર્ય જે યાજ્ઞિકો (પૂર્વમીમાંસકો)ની પરંપરાને અનુસરે છે, તેમના મતે વેદમન્ત્રોનું અર્થઘટન કરવા માટે आम्नायस्य क्रियार्थत्वाद् आनर्थक्यम् अतदर्थानाम् । "આમ્નાય અર્થાત્ વેદમન્ત્રો કોઈકને કોઈક યજ્ઞક્રિયા માટે જ રચાયા છે, તેથી જો કોઈ મન્ત્રનો યજ્ઞક્રિયામાં વિનિયોગ ના બતાવાય તો તે અનર્થક (નિષ્પ્રયોજન) બની જાય છે." માટે દરેક મન્ત્રને કોઈકને કોઈક યજ્ઞક્રિયાના સન્દર્ભમાં જ સમજાવવો જોઈએ.—આવો પણ એક પક્ષ છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

માયાઓને નષ્ટ કરે છે. અર્થાત્ તેમાંથી પાણી વરસાવે છે. બીજું, આવા વાદળ રૂપ માયાવીઓથી આકાશ આચ્છાદિત થઈ જાય છે, ઉષાઓ પ્રકટતી નથી અને સૂર્ય પણ ઢંકાઈ જાય છે. પણ ઈન્દ્ર આ અહિનો અર્થાત્ વાદળનો નાશ કરીને સૂર્યને, ઉષાને, અને આકાશને ચમકાવે છે ! ચોથા પાદમાં કવિએ કહ્યું છે કે અહિ જેવા આચ્છાદક વાદળનો નાશ થયા પછી, આવરક અંધકારનો અભાવ હોવાથી ઈન્દ્રનો બીજો કોઈ શત્રુ રહ્યો જ નહીં. આમ સૂર્ય વગેરે કરતાં ઈન્દ્ર સર્વાધિક શક્તિશાળી દેવ પુરવાર થયો !

अहन्वृत्रं वृत्रतरं व्यंसमिन्द्रो वज्रेण महता वधेनं ।

स्कन्धांसीव कुलिंशेना विवृक्णाहिंः शयत उपपृक्पृंथिव्याः ॥

अहंन् । वृत्रम् । वृत्रऽतरंम् । विऽअंसम् । इन्द्रंः । वज्रेंण । महता । वधेनं । स्कन्धांसिऽइव । कुलिंशेन । विऽवृंक्णा । अहिंः । शयते । उपऽपृक् । पृथिव्याः ॥ ५ ॥

अयम् ˇइन्द्रः ˇवज्रेण सम्पादितो यो महान् वधः तेन वज्रेण ˇवृत्रतरम् अतिशयेन लोकानाम् आवरकम् अन्धकाररूपम् । यद्वा । वृत्रैः आवरणैः सर्वान् शत्रून् तरति तं ˇवृत्रम् एतन्नामकमसुरं ˇव्यंसं विगतांसं छिन्नबाहुः यथा भवति तथा ˇअहन् हतवान् । अंसच्छेदे दृष्टान्तः । ˇकुलिशेन कुठारेण ˇविवृक्णा विशेषतश्छिन्नानि ˇस्कन्धांसीव । यथा वृक्षस्कन्धाश्छिन्ना भवन्ति तद्वत् । तथा सति ˇअहिः वृत्रः ˇपृथिव्याः उपरि ˇउपपृक् सामीप्येन सम्पृक्तः ˇशयते शयनं करोति छिन्नकाष्ठवत् भूमौ पततीत्यर्थः ॥ वृत्रतरम् । 'वृतु वर्तने'। 'स्फायितञ्चि०' इत्यादिना भावे रक्प्रत्ययान्तो वृत्रशब्दः । वृत्रेण आवरणेन सर्वं तरतीति वृत्रतरः ।...

અનુવાદ : વધ કરનારા મોટા વજ્રથી ઈન્દ્રે, જેના બાહુઓને કાપી નાખ્યા છે તેવા અને અતિશય ઢાંકી દેનારા એવા વૃત્ર(નામના અસુર અથવા વાદળ)ને હણી કાઢ્યો. કુહાડીથી વિશેષ રૂપે કાપી નાખવામાં આવેલી (ઝાડની) ડાળીઓની જેમ અહિ (નામનો અસુર અથવા વાદળ) પણ પૃથિવીને ચોંટીને રહ્યો હોય તેમ સૂઈ ગયો. (૧–૩૨–૫)

અભ્યાસનોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્ય છે : इन्द्रो महता वधेन वज्रेण, व्यंसं वृत्रतरं वृत्रम् अहन् । ઈન્દ્રે મોટા વધ કરનારા વજ્ર વડે, જેના બાહુઓને કાપી નાખ્યાં છે તેવા અને અતિશય ઢાંકી દેનાર એવા વૃત્રને હણી કાઢ્યો. (૨) અહીં व्यंसम् શબ્દનો અર્થ સાયણાચાર્યે, विऽअंसम् એવા પદપાઠને ધ્યાનમાં લઈને, विगतांसम् = छिन्नबाहुः 'જેના બાહુઓ છેદાઈ ગયા છે તે (તેવા વૃત્ર)ને"– એમ બહુવ્રીહિ સમાસ પરક કર્યો છે. પણ પીટર્સન નામના યુરોપીય વિદ્વાને તેનો અર્થ '(વૃત્રથી પણ ચઢીયાતો) બીજો એક રાક્ષસ' એવો કર્યો છે. જો કે સાયણે કરેલો અર્થ વધારે પ્રતીતિકર છે. કેમકે ત્રીજા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ચોથા પાદમાં "કપાઈ ગયેલી ડાળીઓ જેમ જમીન ઉપર ચત્તીપાટ સૂઈ જાય, તેમ અહિ = વૃત્ર સૂઈ ગયો"– એમ (शयते) એકવચનમાં રજૂઆત છે. તેથી 'વ્યંસ' નામના અને 'વૃત્ર' નામના બે રાક્ષસ સૂતા–એવો અર્થ લેવો શક્ય નથી. (૩) वृत्रतरं वृत्रम् માં પહેલો શબ્દ વિશેષણીભૂત છે. એટલે કે 'અતિશયપણે ઢાંકી દેનાર' અર્થાત્ 'અંધકારસ્વરૂપ' એવા વૃત્રને. (૪) ઉત્તરાર્ધમાં આ પ્રમાણે વાક્ય છેઃ कुलिशेन विवृक्णा(नि) स्कन्धांसि इव, अहिः पृथिव्याः उपपृक् शयते । કુલિશ એટલે કુઠાર, કુહાડીથી છેદી નાંખવામાં આવેલી ડાળીઓની (स्कन्धांसि इव) જેમ, પેલો અહિ (= વાદળ, કે જે વૃત્ર = ઢાંકી દેનાર, પ્રકાશને ઢાંકીને અંધારું કરનારો છે) પણ પૃથિવીના ખોળે સૂતો. उपपृक्–નજીક સ્પર્શ કરતો, ચત્તોપાટ થઈને સૂતેલો થયો.

अयोद्धेव दुर्मद आ हि जुह्वे महावीरं तुविबाधमृजीषम् ।

नातारीदस्य समृतिं वधानां सं रुजानाः पिपिष इन्द्रशत्रुः ॥ ६ ॥

अयोद्धाऽइव । दुःऽमदः । आ । हि । जुह्वे । महाऽवीरम् । तुविऽबाधम् । ऋजीषम् । न । अतारीत् । अस्य । सम्ऽऋतिम् । वधानाम् । सम् । रुजानाः । पिपिषे । इन्द्रऽशत्रुः ॥ ६ ॥

ᵛदुर्मदः दुष्टमदोपेतो दर्पयुक्तो वृत्रः ᵛअयोद्धेव योद्धृरहित इव इन्द्रम् ᵛआ ᵛजुह्वे ᵛहि आहूतवान् खलु । कीदृशमिन्द्रम् । ᵛमहावीरं गुणैः महान् भूत्वा शौर्यैर्पेतं ᵛतुविबाधं बाहूनां बधकं ᵛऋजीषं शत्रूणामपार्जकम्– ᵛअस्य ईदृशस्य इन्द्रस्य सम्बन्धिनो ये शत्रुवधाः सन्ति ᵛतेषां ᵛवधानां ᵛसमृतिं संगमं नातारीत् पूर्वोक्तो दुर्मदः तरीतुं नाशक्नोत् । ᵛइन्द्रशत्रुः इन्द्रः शत्रुर्घातको यस्य वृत्रस्य तादृशो वृत्रः इन्द्रेण हतो नदीषु पतितः सन् ᵛरुजानाः नदीः ᵛसं ᵛपिपिषे सम्यक् पिष्टवान् । सर्वान् लोकानावृण्वतो वृत्रदेहस्य पातेन नदीनां कूलानि तत्रत्यापाषाणादिकं च चूर्णीभूतमित्यर्थः ॥ अयोद्धा इव । न विद्यते योद्धास्येति बहुव्रीहौ 'नञ्सुभ्याम्' इत्युत्तरपदान्तोदात्तत्वम् । समासान्तविधेरनित्यत्वात् (परिभा. ८४) 'नद्यृतश्च' (पा. सू. ५. ४. १५३) इति कबभावः । जुह्वे । 'ह्वेञ् स्पर्धायां शब्दे च' । 'अभ्यस्तस्य च' (पा. सू. ६. १. ३३) इति सम्प्रसारणम् । उवङादेशाभावश्छान्दसः । यद्वा । 'छन्दस्युभयथा' इति सार्वधातुकसंज्ञायां 'हुश्नुवोः सार्वधातुके' (पा. सू. ६. ४. ८७) इति यणादेशः । अत्र लक्षणप्रतिपदोक्तपरिभाषा (परिभा. १०५) लक्ष्यानुरोधान्नाश्रीयते । इतरथा हि आजुह्वानः इत्यादिषु यणादेशो न स्यात् । न चैवं सति 'सातये हुवे वाम्' (ऋ. सं. ६. ६०. १३) इत्यादावपि तथा स्यादिति वाच्यं अनेकाच्त्वाभावात् । अनेकाच इति हि तत्रानुवर्तते । प्रत्ययस्वरेणान्तोदात्तत्वम् । 'हि च' इति निघातप्रतिषेधः । महावीरम् । महांश्चासौ वीरश्च महावीरः । 'आन्महतः°' (पा. सू. ६. ३. ४६) इति आत्वम् । तुविबाधम् । 'बाधृ विलोडने' । तुवीन् प्रभूतान् बाधते इति तुविबाधः । पचाद्यच् । कृदुत्तरपदप्रकृतिस्वरत्वम् । समृतिम् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

'तादौ च' इति गतेः प्रकृतिस्वरत्वम् । रुजानाः । 'रुजो भङ्गे' । रुजन्ति कूलानीति रुजाना नद्यः । रुजाना नद्यो भवन्ति 'रुजन्ति कूलानि' (निरु. ६. ४) इति यास्कः । व्यत्ययेन शानच् । 'तुदादिभ्यः शः' । नुमभावश्छान्दसः । अदुपदेशात् लसार्वधातुकानुदात्तत्वे विकरणस्वरः । पिपिषे । 'पिष्लृ संचूर्णने' । व्यत्ययेन लिट् । इन्द्रशत्रुः । बहुव्रीहौ पूर्वपदप्रकृतिस्वरत्वम् ॥

અનુવાદ : જાણે કે તે (પ્રતિસ્પર્ધી) યોદ્ધા વિનાનો હોય તેમ તે દર્પિલા (દુષ્ટ મદવાળા)એ (વૃત્રે) ઘણા બધાનો બાધ કરનાર અને શત્રુઓને હઠાવી દેનાર એવા મહાવીર (ઈન્દ્ર)ને [યુદ્ધને માટે] પડકાર ફેંક્યો (આહ્વાન આપ્યું). (પરંતુ) આ (ઈન્દ્ર)ના વધ કરનારા (આયુધો)ના સમુદાયને તે (વૃત્ર) તરી શક્યો નહીં. ઈન્દ્ર છે શત્રુ જેનો તેવા તેણે (વૃત્રે) નદીઓના ચૂરેચૂરા કરી નાખ્યા. (૧–૩૨–૬)

અભ્યાસનોંધ : (૧) પૂર્વાર્ધમાં વાક્યાન્વય આમ છે : अयोद्धा इव दुर्मदः (वृत्रः), तुविबाधम् ऋजीषम् महावीरम् आ जुह्वे । જાણે કે તે યોદ્ધારહિતનો અર્થાત્ પ્રતિસ્પર્ધી વિનાનો હોય તેવા અને દુષ્ટ મદવાળા (= દર્પિલા) તેણે (વૃત્રે), तुवि = ઘણા બધાનો, बाधम् – બાધ કરનાર, ऋजीषम् – શત્રુઓને હઠાવી દેનાર એવા મહાન્ વીર એવા ઈન્દ્રને, आजुह्वे – પડકાર ફેંક્યો. (૨) અહીં अयोद्धा इव નો 'જાણે કે પ્રતિસ્પર્ધી યોદ્ધા વિનાનો હોય તેવા (વૃત્રે)' – અર્થ સાયણે આપ્યો છે. શ્રી ર.છો.પરીખે તેનો અર્થ 'હલકા યોદ્ધાની જેમ' કર્યો છે. જ્યારે પીટર્સને 'અયોગ્ય અથવા અસમર્થ યોદ્ધાની જેમ' એવો અર્થ કર્યો છે. (૩) એવી જ રીતે, ऋजीषम् નો સાયણે 'શત્રુઓને હઠાવી દેનાર' અર્થ કર્યો છે, પણ પીટર્સને તેનો અર્થ સોમરસ ભરેલા પાત્રનું તળિયું દેખાય ત્યાં સુધી સોમપાન કરનાર (ઈન્દ્રને)– પડકાર ફેંક્યો તેવો અર્થ કર્યો છે. (૪) ઉત્તરાર્ધમાં બે વાક્ય છે : (क) अस्य वधानाम् सम् ऋतिम् न अतारीत् । આના અર્થાત્ ઈન્દ્રના, वधानाम् – વધ કરનારાં (આયુધો)ના, समृतिम्–સમુદાયને, न अतारीत्–તરી શક્યો નહીં. तृ (तरति)નું અદ્યતન ભૂતકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ. (ख) इन्द्रशत्रुः (वृत्रः) रुजानाः सं पिपिषे । ચોથા પાદમાં આવું વાક્ય છે. ઈન્દ્ર છે શત્રુ જેનો તેવા વૃત્રે, रुजानाः– નદીઓના, सं पिपिषे– પૂરેપૂરા ચૂરેચૂરા કરી નાખ્યા. સાયણે આનો અર્થ એવો કર્યો છે કે–ઈન્દ્ર વડે હણાયેલો વૃત્ર જેવો પડ્યો કે તરત નદીના બે કિનારા અને તેની ઉપરના પથ્થરોના ચૂરેચૂરા થઈ ગયા. **આમાં સૌથી પહેલાં इन्द्रशत्रुः એવો સામાસિક શબ્દ સમજવો જરૂરી છે :** આ શબ્દનો બે રીતે વિગ્રહ થઈ શકે છે : ૧. इन्द्रस्य शत्रुः इति इन्द्रशत्रुः । "ઈન્દ્રનો શત્રુ"– ષષ્ઠી તત્પુરુષ સમાસ. અહીં 'શત્રુ' શબ્દનો અર્થ शातयिता – "શમન કરનાર, ઘાતક, હણનાર" એવો થાય છે. તો 'ઈન્દ્રનો શત્રુ' એવો ષષ્ઠી તત્પુરુષ સમાસ લઈએ તો "વૃત્ર ઈન્દ્રને મારી નાખનાર છે" એવો અર્થ થાય.– આવો અર્થ ઈષ્ટ નથી. તેથી બીજી એક રીતે આ સમાસનો વિગ્રહ વિચારવામાં આવે છે. ૨. इन्द्रः शत्रुः यस्य सः । 'ઈન્દ્ર છે શત્રુ જેનો' – બહુવ્રીહિ સમાસ. અર્થાત્ 'ઈન્દ્ર વૃત્રને હણનાર થયો. આમ ઈન્દ્ર છે શમાવનારો જેનો (= જે વૃત્રનો) તે વૃત્રને પણ 'ઈન્દ્રશત્રુ' કહેવાય. હવે પ્રશ્ન થાય કે આ વેદમન્ત્રમાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વપરાયેલા इन्द्रशत्रुः શબ્દના જો બે રીતે વિગ્રહ થઈ શકતા હોય તો આપણે કેવી રીતે નક્કી કરીશું કે આ મન્ત્રમાં તે તત્પુરુષ સમાસ તરીકે લેવાનો છે, કે પછી બહુવ્રીહિ સમાસ તરીકે લેવાનો છે ? આનો ઉત્તર એમ છે કે (૧) વેદના સમાસમાં જ્યાં અન્તોદાત્ત હોય છે (અર્થાત્ સમાસના ઉત્તરપદમાં આવેલા કોઈ અક્ષરમાં ઉદાત્ત સ્વર રહેલો હોય) તો તેને તત્પુરુષ સમાસ સમજવો. દા.ત. इन्द्रशत्रुः । પરંતુ (૨) જો સમાસના પૂર્વપદમાં ઉત્તસ્વર રહેલો હોય, તે સમાસ બહુવ્રીહિ સમજવો. દા.ત. इन्द्रशत्रुः ।*

હવે 'ઈન્દ્રશત્રુ' જો સ્વરની દૃષ્ટિએ બહુવ્રીહિ સમાસ હોય તો, તે વૃત્રનું વિશેષણ બનીને રહેશે. અર્થાત્ ઈન્દ્ર છે હણનાર (શત્રુ) જેનો તેવો વૃત્ર (એટલેકે ઈન્દ્રથી હણાયેલો તે વૃત્ર) હણાય પછી નદીઓના કાઠાં ઉપર પડ્યો; જેના પરિણામે रुजानाः – નદીઓને (અને તેના કિનારા) ઉપરના પથ્થરોને) તેણે सं पिपिषे– ચૂરેચૂરા કરી નાખ્યા ! યાસ્કને આધારે સાયણે रुजानाः શબ્દનો અર્થ 'નદીઓ' કર્યો છે કેમકે, रुजन्ति कूलानि इति रुजानाः । = જે કિનારાઓને તોડતી રહે છે તે નદીઓને 'રુજાના' કહેવાય છે.

अपादहस्तो अपृतन्यदिन्द्रमास्य वज्रमधि सानौ जघान ।

वृष्णो वध्रिः प्रतिमानं बुभूषन्पुरुत्रा वृत्रो अशयद्व्यस्तः ॥ ७ ॥

अपात् । अहस्तः । अपृतन्यत् । इन्द्रम् । आ । अस्य । वज्रम् । अधि । सानौ । जघान । वृष्णः । वध्रिः । प्रतिऽमानम् । बुभूषन् । पुरुऽत्रा । वृत्रः । अशयत् । विऽअस्तः ॥ ७ ॥

ᵛअपात् वज्रेण च्छिन्नत्वात् पादरहितः ᵛअहस्तः हस्तरहितः वृत्रः ᵛइन्द्रम् उद्दिश्य ᵛअपृतन्यत् पृतनां युद्धम् ऐच्छत् । द्वेषाधिक्येन बहुधा विद्धोऽपि युद्धं न परित्यक्तवानित्यर्थः । ᵛअस्य हस्तपादहीनस्य वृत्रस्य ᵛसानौ पर्वतसानुसदृशे प्रौढस्कन्धे ᵛवज्रम् ᵛआ ᵛजघान इन्द्रः आभिमुख्येन प्रक्षिप्तवान् । अशक्तस्यापि युद्धेच्छायां दृष्टान्तः । ᵛवध्रिः छिन्नमुष्कः पुरुषः ᵛवृष्णः रेतःसेचनसमर्थस्य पुरुषान्तरस्य ᵛप्रतिमानं सादृश्यं ᵛबुभूषन् प्राप्तुमिच्छन् यथा न शक्नोति तद्वदयमिति शेषः । सः ᵛवृत्रः ᵛपुरुत्रा बहुष्ववयवेषु ᵛव्यस्तः विविधं क्षिप्तः ताडितः सन् ᵛअशयत् भूमौ पतितवान् ॥ अपात् । बहुव्रीहौ पादशब्दस्य अन्त्यलोपश्छान्दसः । अहस्तः । बहुव्रीहौ 'नञ्सुभ्याम्' इत्युत्तरपदान्तोदात्तत्वम् । अपृतन्यत् । 'सुप आत्मनः क्यच्' । 'कव्यध्वरपृतनस्य०' इति अन्त्यलोपः । बुभूषन् । 'सनि ग्रहगुहोश्च' (पा. सू. ७. २. १२) इति इट्प्रतिषेधः । पुरुत्रा । 'देवमनुष्यपुरुषपुरुमर्त्येभ्यो द्वितीयासप्तम्योर्बहुलम्' (पा. सू.

---

* पा. सू. ६–१–२२३ થી (તત્પુરુષ) સમાસના ઉત્તરપદમાં ઉદાત્ત સ્વર રહે છે. પણ बहुव्रीहौ प्रकृत्या पूर्वपदम् । ६–२–१ થી બહુવ્રીહિ સમાસના પૂર્વપદમાં પ્રકૃતિસ્વર (અર્થાત્ ઉદાત્ત) રહે છે. આ મન્ત્રમાં महावीरम् । (તત્પુરુષનો એકભેદ) કર્મધારય છે, પણ इन्द्रशत्रुः । બહુવ્રીહિ છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

५. ४. ५६) इति सप्तम्यर्थे त्राप्रत्ययः । अशयत् । व्यत्ययेन परस्मैपदम् । 'बहुलं छन्दसि' इति शपो लुगभावः । व्यस्तः । 'असु क्षेपणे' इत्यस्मात् कर्मणि क्तः । 'यस्य विभाषा' इति इट्प्रतिषेधः । 'गतिरनन्तरः' इति गतेः प्रकृतिस्वरत्वम् । संहितायाम् 'उदात्तस्वरितयोर्यणः०' इति परस्यानुदात्तस्य स्वरितत्वम् ॥

અનુવાદ : પગ વિનાના થયેલા અને હાથ વિનાના થયેલા તેણે (વૃત્રે) ઈન્દ્રની સાથે યુદ્ધ કરવાની ઈચ્છા કરી; તથા આ (વૃત્ર)ના સાનુ (= શિખર જેવા ખભા) ઉપર વજ્ર માર્યું. ખસ્સી કરી નાખેલો (वध्रिः) તે વૃષભનો અર્થાત્ બળવાનનો સમોવડીયો થવા ઈચ્છતો (તે) વૃત્ર અનેક જગ્યાએ (પુરુત્રા) માર ખાધેલો (व्यस्तः) (જમીન ઉપર) સૂતો. (૧–૩૨–૭)

અભ્યાસનોંધ : (૧) પૂર્વાર્ધમાં બે વાક્ય છેઃ (क) अपाद् अहस्तः (वृत्रः) પગ વિનાના અને હાથ વિનાના થયેલા વૃત્રે, इन्द्रम् अपृतन्यत् – ઈન્દ્રની સાથે યુદ્ધ કરવાની ઈચ્છા કરી. पृतना = 'યુદ્ધ', તેનું નામધાતુ બનાવી, હ્યસ્તનભૂતકાળ ત્રીજો પુરુષ એકવચન अपृतन्यत् । (ख) अस्य (वृत्रस्य) सानौ अधि આ વૃત્રના સાનુની ઉપર, ('સાનુ' એટલે શિખર, અહીં "શિખર જેવા ઊંચા ભરાવદાર વૃત્રના ખભા ઉપર"– તેવો અર્થ કરવાનો છે.) वज्रम् जघान – વજ્ર માર્યું. √ हन् 'હણવું' ધાતુનું પરોક્ષ ભૂતકાળ ત્રીજો પુરુષ એકવચન जघान થશે. (૨) ઉત્તરાર્ધમાં એક જ વાક્ય છે. ત્રીજા પાદના બધા શબ્દો 'વૃત્ર'ના વિશેષણ તરીકે વપરાયાં છે. જેમકે, वध्रिः (= छिन्न मुष्कः) અર્થાત્ ખસ્સી કરી નાખેલો (તે વૃત્ર), [અને છતાંય] वृष्णः प्रतिमानं बुभूषन् – વૃષભનું અર્થાત્ વૃષભ જેવા બળવાન પુરુષનું જાણે પ્રતિમાન = પ્રતિકૃતિ બનવા ઈચ્છતો હોય, બળવાનનો સમોવડીયો બનવા ઈચ્છતો હોય તેવો વૃત્ર व्यस्तः – ફેંકાઈ ગયેલો, માર ખાધેલો, पुरुत्रा = ઘણી જગ્યાએ, अशयत् – (જમીન ઉપર) સૂતો.

नदं न भिन्नममुया शयानं मनो रुहाणा अति यन्त्यापः ।

याश्चिद्वृत्रो महिना पर्यतिष्ठत्तासामहिः पत्सुतःशीर्बभूव ॥

नदम् । न । भिन्नम् । अमुया । शयानम् । मनः । रुहाणाः । अति । यन्ति । आपः । याः । चित् । वृत्रः । महिना । परिऽअतिष्ठत् । तासाम् । अहिः । पत्सुतःऽशीः । बभूव ॥ ८ ॥

ˇअमुया अमुष्यां पृथिव्यां ˇशयानं पतितं मृतं वृत्रम् ˇआपः जलानि ˇअति ˇयन्ति अतिक्रम्य गच्छन्ति । तत्र दृष्टान्तः । ˇभिन्नं बहुधाभिन्नकूलं ˇनदं ˇन सिन्धुमिव । यथा वृष्टिकाले प्रभूता आपो नद्याः कूलं भित्त्वा अतिक्रम्य गच्छन्ति तद्वत् । कीदृश्य आपः । ˇमनो ˇरुहाणाः नृणां चित्तमारोहन्त्यः । पुरा वृत्रे जीवति सति तेन निरुद्धा मेघस्थिता आपो भूमौ वृष्टा न भवन्ति तदानीं नृणां मनः खिद्यते । मृते तु वृत्रे निरोधरहिता आपो वृत्रशरीरमुल्लङ्घ्य

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

प्रवहन्ति । तदा वृष्टिलाभेन मनुष्यास्तुष्यन्तीत्यर्थः । तदेतदुत्तरार्धेन स्पष्टीक्रियते । ᵛवृत्रः जीवनदशायां ᵛमहिना स्वकीयेन महिम्ना ᵛयाश्चित् या एव मेघगताः अपः ᵛपर्यतिष्ठत् परिवृत्य स्थितवान्, ᵛअहिः वृत्रो मेघः ᵛतासाम् अपां ᵛपत्सुतःशीः पादस्याधःशयानः ᵛबभूव । यद्यप्यपां पादो नास्ति तथाप्यद्भिर्वृत्रस्य अभिलङ्घितत्वात् पादस्याधःशयनमुपपद्यते ॥ भिन्नम् । 'रदाभ्यां निष्ठातो नः०' (पा. सू. ८. २. ४२) इति नत्वम् । अमुया । 'सुपां सुलुक्०' इति सप्तम्या याजादेशः । शयानम् । 'शीङः सार्वधातुके गुणः' (पा. सू. ७. ४. २१) । धातोर्ङित्त्वात् लसार्वधातुकानुदात्तत्वे धातुस्वरः । रुहाणाः । 'रुह बीजजन्मनि प्रादुर्भावे' । व्यत्ययेन शानच् । कर्तरि शपि प्राप्ते व्यत्ययेन शः । 'अनित्यमागमशासनम्' इति वचनात् मुगभावः । अदुपदेशात् लसार्वधातुकानुदात्तत्वे विकरणस्वरे प्राप्ते व्यत्ययेन धातुस्वरः । महिना । 'मह पूजायाम्' । 'इन्सार्वधातुभ्यः' इति इन्प्रत्ययः । व्यत्ययेन विभक्तेरुदात्तत्वम् । यद्वा । महिना महिम्ना । महच्छब्दस्य पृथ्व्यादिषु पाठात् 'तस्य भावः०' इत्येतस्मिन्नर्थे 'पृथ्व्यादिभ्य इमनिज्वा' (पा. सू. ५. १. १२२) इति इमनिच्प्रत्ययः । 'टेः' इति टिलोपः । 'चितः' इत्यन्तोदात्तत्वम् । तृतीयैकवचने अल्लोपे सति उदात्तनिवृत्तिस्वरेण तस्योदात्तत्वम् । मकारलोपश्छान्दसः । पत्सुतःशीः । पादस्याधः शेते हति पत्सुतःशीः । 'क्विप् च' इति क्विप् । तसि 'पद्दन्०' इत्यादिना पादशब्दस्य पदादेशः । 'शस्प्रभृतिषु' इति प्रभृतिशब्दः प्रकारवचनः इति शलादोषणी इत्यत्रापि दोषन्नादेशो भवति इत्युक्तत्वात् (का. ६. १. ६३) । मध्ये सु इति शब्दोपजनश्छान्दसः । यद्वा । पादशब्दस्य सप्तमीबहुवचने पदादेशे कृते 'इतराभ्योऽपि दृश्यन्ते' (पा. सू. ५. ३. १४) इति सप्तम्यर्थे तसिल् । लुगभावश्छान्दसः ॥

અનુવાદ : ભેદાઈ ગયેલા (કિનારાઓવાળા) મોટા નદની જેમ આ (પૃથિવી)ની ઉપર સૂતેલા [વૃત્રના શરીરની] ઉપરથી, મનને (પણ) ઓળંગી જતા પાણી વહેવા લાગ્યાં છે. વૃત્ર જેમને પોતાના મહિમાથી ઘેરાઈને ઊભો હતો, તેમ (જળ)ના પગની નીચે અહિ પડ્યો. (૧–૩૨–૮)

અભ્યાસનોંધ : (૧) ઇન્દ્ર વડે હણાયેલા વૃત્રના શરીર ઉપરથી પાણી વહેવા લાગ્યાં. તેનું કાવ્યાત્મક વર્ણન કરતાં કવિએ આ મન્ત્રમાં કહ્યું છે કે – भिन्नम् नदम् न (= इव) – ભેદાઈ ગયેલા (કિનારાઓવાળા) નદ (=મોટી વિકરાળ નદી)'ની જેમ, अमुया (= अमुष्यां पृथिव्यां) शयानं આની (પૃથિવીની) ઉપર સૂતેલા (વૃત્રના શરીર) ઉપરથી, मनो रुहाणाः – મનને પણ ઓળંગી જતાં (અર્થાત્ અતિશય વેગીલા), आपः अति यन्ति – પાણી વહેવા લાગ્યાં, ચાલી નીકળ્યાં. (૨) ઉત્તરાર્ધમાં કવિને જે મુદ્દો કહેવો છે તે આ પ્રમાણે છે : મેઘે (= વૃત્રે) પહેલાં જે પાણીને પોતાના મહિમાથી, તાકાતથી જકડી રાખ્યાં હતાં, તે જ પાણી (એક વખત ઇન્દ્રથી છૂટાં કરાતાં) વૃત્રના શબ ઉપરથી વહેવાં લાગ્યાં ! આમ તે અહિ =વાદળ પાણીનાં પગમાં આળોટવા લાગ્યો એમ કહી શકાય. [આ સૂક્તમાં અહિ = વૃત્ર = મેઘ એ સમાનાર્થી પર્ય્યાય જેવા શબ્દો છે.] वृत्रः महिना याः पर्यतिष्ठत् – (પહેલાં તો) વૃત્ર પોતાના મહિમાથી જે પાણીને ઘેરીને, જકડીને બેઠો હતો, अहिः तासाम् पत्सुतःशीः बभूव – અહિ તે (પાણી)ના પગની નીચે પડ્યો. અહીં पत्सुतःशीः શબ્દની

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સિદ્ધિ કેવી રીતે થાય છે તે દર્શાવવા સાયણે ઘણો પરિશ્રમ કર્યો છે. કેમકે તે અનિયમિત શબ્દ છે. અલબત્ત, તેમાં પાદ (પગ) શબ્દના સ્થાને पत् આદેશ થયો છે, તેટલી ટૂંકી સમજ પર્યાપ્ત ગણાશે. જેનો અર્થ થશે 'પગમાં' અથવા 'નીચે પડેલો.'

नीचावंया अभवद्वृत्रपुत्रेन्द्रों अस्या अव वधर्जभार ।

उत्तंरा सूरधंरः पुत्र आंसीद्दानुंः शये सहवंत्सा न धेनुः ॥

नीचाऽवंयाः । अभवत् । वृत्रऽपुंत्रा । इन्द्रंः । अस्याः । अवं । वधंः । जभार ।
उत्ऽतंरा । सूः । अधंरः । पुत्रः । आसीत् । दानुंः । शये । सहऽवंत्सा ।
न । धेनुः ॥

ˇवृत्रपुत्रा वृत्रः पुत्रो यस्या मातुः सेयं माता वृत्रपुत्रा ˇनीचावयाः न्यग्भावं प्राप्ता हता ˇअभवत् पुत्रं प्रहाराद्रक्षितुं पुत्रदेहस्योपरि तिरश्ची पतितवतीत्यर्थः । तदानीम् अयम् ˇइन्द्रः ˇअस्याः मातुः ˇअव अधोभागे वृत्रस्योपरि ˇवधः हननसाधनमायुधं ˇजभार प्रहृतवान् । तदानीं ˇसूः माता ˇउत्तरा उपरिस्थिता आसीत् । ˇपुत्रः तु अधोभागस्थितः ˇआसीत् । सा च ˇदानुः दानवी वृत्रमाता ˇशये मृता शयनं कृतवती । तत्र दृष्टान्तः । ˇधेनुः लोकप्रसिद्धा गौः ˇसहवत्सा ˇन यथा वत्ससहिता शयनं करोति तद्वत् ॥ नीचावयाः । वेति खादतीति वयो बाहुः । औणादिकः असिप्रत्ययः । न्यञ्चौ वयसौ यस्याः सा नीचावयाः । न्यच्शब्दादुत्तरस्या विभक्तेः 'सुपां सुपो भवन्ति' इति तृतीयैकवचनादेशः । 'अचः' इति अकारलोपे 'चौ' इति दीर्घत्वम् । 'अञ्चेश्छन्दस्यसर्वनामस्थानम्' (पा. सू. ६. १. १७०) इति तस्योदात्तत्वम् । समासे लुगभावश्छान्दसः । बहुव्रीहौ पूर्वपदप्रकृतिस्वरत्वम् । यद्वा । नीचौ निकृष्टौ वयसौ यस्याः सा । पूर्वपदस्य दीर्घश्छान्दसः । वधः । हन्यतेऽनेनेति वधः । असुनि हन्तेर्वधादेशः । नित्त्वादाद्युदात्तत्त्वम् । जभार । 'हृग्रहोर्भः०' इति भत्वम् । सूः । 'षूङ् प्राणिगर्भविमोचने' । सूते गर्भं विमुञ्चतीति सूः माता । 'क्विप् च' इति क्विप् । दानुः । 'दो अवखण्डने' । 'दाभाभ्यां नुः' (उ. सू. ३. ३१२) । शये । लटि 'लोपस्त आत्मनेपदेषु' (पा. सू. ७. १. ४१) इति तलोपः । 'शीङः सार्वधातुके०' इति गुणे अयादेशः ॥

અનુવાદ : વૃત્ર જેનો પુત્ર છે તેવી (માતા) નીચા નમાવેલા હાથવાળી બની; પણ ઈન્દ્રે આની ઉપર વધ કરનાર (વજ્રાયુધ) ફેંક્યું (જ). ત્યારે ઉપર માતા હતી અને (તેની) નીચે પુત્ર હતો. આમ દાનુ (= વૃત્રની દાનવી માતા) વાછરડા સાથે રહેલી (કપાઈ મરેલી) ગાયની જેમ સૂતી. (૧–૩૨–૯)

અભ્યાસનોંધ : (૧) પૂર્વાર્ધમાં બે વાક્ય છે : वृत्रपुत्रा नीचावयाः अभवत् । 'વૃત્ર છે પુત્ર જેનો' અર્થાત્ વૃત્રની માતા, નીચા હાથવાળી બની. અહીં वृत्रपुंत्रा । એવા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સામાસિક શબ્દમાં પણ પૂર્વપદમાં (વૃત્ર) ઉદાત્તસ્વર છે, તેથી બહુવ્રીહિ સમાસ છે. તેથી તેનો અર્થ "વૃત્ર છે પુત્ર જેનો" અર્થાત્ 'વૃત્રની માતા' થશે. તેણે પોતાના દીકરાને બચાવવા બે હાથ નીચા નમાવ્યા અને વૃત્રને ઢાંકી દેવા પ્રયત્ન કર્યો. नीचावयाः । આમાં પણ પૂર્વપદમાં ઉદાત્તસ્વર છે, તેથી બહુવ્રીહિ સમાસપરક અર્થ લેવાનો છે : જેણે નીચા હાથ નમાવ્યા છે તેવી (વૃત્રની માતા). સાયણે वेति खादतीति वयो बाहुः । જેનાથી ખવાય છે તે वयस् અર્થાત્ બાહુ. – એવી વ્યુત્પત્તિથી નીચાવયાઃ નો અર્થ 'નીચા નમાવેલા હાથવાળી' કર્યો છે. (૨) બીજા પાદમાં इन्द्रः अस्याः वधः अव जभार । ઈન્દ્રે આ (વૃત્રની માતા)ની ઉપર વધ, અર્થાત્ વધ કરનાર વજ્રાયુધ, ફેંક્યું. √ हृ ધાતુનું પરોક્ષ ભૂતકાળ ત્રી.પુ.એ.વ. जभार । જે લૌકિક સંસ્કૃત મુજબ जहार । રૂપ છે. अस्याः માં વ્યૂહ કરીને, असियाः રૂપે ઉચ્ચારવાથી પદની અક્ષરસંખ્યા અગિયાર થશે, તો ત્રિષ્ટુપ્ છન્દ બની રહેશે. (૩) उत्तरा सूः, अधरः पुत्र आसीद् । "ઉપર હતી માતા (પ્રસવ કરનારી, જન્મ આપનારી માતા – सूः), અને નીચે પુત્ર હતો." અર્થાત્ માતાએ પુત્રની રક્ષા કરવા, વૃત્રને ઢાંકી દીધો. પણ (૪) दानुः सहवत्सा धेनुः न (= इव) शये । દાનુ (વૃત્રની માતા દાનુ = દાનવી) વાછરડા સહિતની ધેનુની જેમ સૂતી. – આ મન્ત્રમાં પણ ઈન્દ્રના પરાક્રમનું જ વર્ણન છે, જેમાં ઈન્દ્રે પોતાના વજ્ર નામના આયુધથી વૃત્રને, અહિને માર્યો, તેની માતા દાનુને પણ મારી નાખી. આમાંથી જ સૂચન લઈને, પરવર્તી કાળમાં રચાયેલા પુરાણોમાં ઈન્દ્ર અને વૃત્રાસુર સંગ્રામની કથાઓ વિકસાવવામાં આવી છે.

अतिष्ठन्तीनामनिवेशनानां काष्ठांनां मध्ये निहितं शरीरम् ।

वृत्रस्य निण्यं वि चरन्त्यापो दीर्घं तम आशयदिन्द्रशत्रुः ॥

अतिष्ठन्तीनाम् । अनिऽवेशनानाम् । काष्ठानाम् । मध्ये । निऽहितम् । शरीरम् । वृत्रस्य । निण्यम् । वि । चरन्ति । आपः । दीर्घम् । तमः । आ । अशयत् । इन्द्रऽशत्रुः ॥ १० ॥

ˇवृत्रस्य ˇशरीरम् ˇआपः ˇवि ˇचरन्ति विशेषण उपरि आक्रम्य प्रवहन्ति । कीदृशं शरीरम् । ˇनिण्यं निर्नामधेयम् । अप्सु मग्नत्वेन गूढत्वात् तदीयं नाम न केनापि ज्ञायते । एतदेव स्पष्टीक्रियते । ˇकाष्ठानाम् अपां ˇमध्ये ˇनिहितं निक्षिप्तम् । कीदृशानां काष्ठानाम् । ˇअतिष्ठन्तीनां स्थितिरहितानां ˇअनिवेशनानाम् उपवेशनरहितानां प्रवहणस्वभावत्वात् एतासां मनुष्यवत्र क्वापि स्थितिः संभवति । ˇइन्द्रशत्रुः वृत्रः जलमध्ये शरीरे प्रक्षिप्ते सति ˇदीर्घं ˇतमः दीर्घं' निद्रात्मकं' मरणं यथा भवति तथा ˇआशयत् सर्वतः पतितवान् ॥ अतिष्ठन्तीनाम् । अव्ययपूर्वपदप्रकृतिस्वरत्वम् । अनिवेशनानाम् । निविशन्तेऽस्मिन्निति निवेशनं स्थानम् । 'करणाधिकरणयोश्च' इति अधिकरणे ल्युट् । तद्रहितानाम् । बहुव्रीहौ 'नञ्सुभ्याम्'

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

इत्युत्तरपदान्तोदात्तत्वम् । क्रान्त्वा स्थिताः काष्ठाः । पृषोदरादि । निहितम् । 'गतिरनन्तरः' इति गतेः प्रकृतिस्वरत्वम् । अत्र यास्कः – 'अतिष्ठन्तीनामनिविशमानानामित्यस्थावराणां काष्ठानां मध्ये निहितं शरीरं मेघः । शरीरं शृणातेः शम्नातेर्वा । वृत्रस्य निण्यं निर्णामंविचरन्ति विजानन्त्याप इति दीर्घं द्राघतेस्तमस्तनोतेराशयदाशेतेरिन्द्रशत्रुरिन्द्रोऽस्य शमयिता वा शातयिता वा तस्मादिन्द्रशत्रुः । तत्को वृत्रो मेघ इति नैरुक्तास्त्वाष्ट्रोऽसुर इत्यैतिहासिकाः' (निरु. २. १६) इति ॥

અનુવાદ : ન ઊભા રહેતાં કે ન પ્રવેશ કરતાં પાણીઓની વચ્ચે શરીર ઢંકાઈ ગયું. વૃત્રના નામ વગરના (શરીર)ની ઉપર પાણી ફરી વળ્યાં. ઈન્દ્ર છે શમાવનારો (= હણનારો = શત્રુ) જેનો તેવા તે (વૃત્ર) ગાઢ અંધકારમાં સૂતો. (૧–૩૨–૧૦)

અભ્યાસનોંધ : (૧) યાસ્કે નિરુક્ત (અધ્યાય–૪)માં કાષ્ઠા શબ્દનો અર્થ 'પાણી' કર્યો છે. તે શબ્દ સ્ત્રીલિંગમાં છે, તેથી તેના વિશેષણ શબ્દો પણ સ્ત્રીલિંગમાં છેઃ अतिष्ठन्तीनाम् अनिवेशनानां काष्ठानां मध्ये – ન ઊભા રહેનારા અને ન પ્રવેશ કરનારા એવાં પાણીની વચ્ચે, (वृत्रस्य) शरीरम् निहितम् – (વૃત્રનું) શરીર ઢંકાઈ ગયું. અહીં ઈન્દ્રે વૃત્રને માર્યા પછી, અર્થાત્ વાદળોને તોડી કાઢ્યા પછી એટલો બધો વરસાદ વરસ્યો કે ચારેકોર જળ બંબાકાર થઈ ગયું, જેને પરિણામે પાણી ઊભાં છે કે વહે છે કે શું થઈ રહ્યું છે ? તેની કોઈને સમજણ પડે એવું રહ્યું જ નહીં. એવા વિપુલ જલસાગરની અંદર વૃત્રનું શરીર ઢંકાઈ ગયું. (૨) મન્ત્રના ઉત્તરાર્ધમાં બે વાક્ય છેઃ (क) वृत्रस्य निण्यं आपः विचरन्ति । વૃત્રના નામ રહિતના બનેલા (= ઓળખી પણ ના શકાય એવા બનેલા) શરીરની ઉપર પાણી ફરી વળ્યાં. અહીં निण्यम् નો અર્થ સાયણે निर्नामधेयम् '= નામ રહિત બનેલ' કર્યો છે. (ख) इन्द्रशत्रुः (= वृत्रः) दीर्घं तमः आशयत् । ઈન્દ્ર છે શત્રુ (= હણનારો) જેનો તેવો વૃત્ર ગાઢ અંધકારમાં સૂતો. અહીં પણ इन्द्रशत्रुः । શબ્દમાં આદ્યુદાત્ત સ્વર હોવાથી બહુવ્રીહિ સમાસ છે, અને તે વૃત્રનું વિશેષણ છે.

આ સમગ્ર સૂક્તમાં, ઈન્દ્ર દ્વારા વૃત્રને હણી કાઢવાની જે વાત ઝીણી વિગત સાથે અને ફરી ફરીને વર્ણવાઈ છે, તે વાતને ઉદ્દેશીને યાસ્કના નિરુક્તમાં એક પ્રશ્ન છેડવામાં આવ્યો છે કે– तत्को वृत्रः ? આ 'વૃત્ર' કોણ છે ? मेघ इति नैरुक्ताः । 'વૃત્ર' એ બીજો કોઈ નથી, પણ મેઘ (= વાદળ)ને જ 'વૃત્ર' કહ્યો છે. त्वाष्ट्रोऽसुर इति ऐतिहासिकाः ॥ (निरुक्तम् २–१६) ત્વષ્ટાનો પુત્ર એવો એક અસુર (દાનવ) તે 'વૃત્ર' છે– એવું ઐતિહાસિકોનું મન્તવ્ય છે. (એટલેકે જે લોકો વેદમન્ત્રમાં કોઈક ઐતિહાસિક ઘટનાઓ વર્ણવાઈ છે એમ માને છે, તેમના મતે ઈન્દ્ર દ્વારા વૃત્રને મારવાની વાત પણ ઐતિહાસિક છે. અને 'વૃત્ર' તે નામનો ખરેખર કોઈક અસુર થઈ ગયો હતો. જ્યારે, જે નિરુક્ત પરંપરાના વિદ્વાનો છે, તેઓ એમ માને છે કે 'વૃત્ર' એ 'વાદળ' જ છે. આથી ઈન્દ્ર એ વરસાદનો દેવતા જ થયો, કે જે વૃત્રને મારીને અર્થાત્ વાદળોને તોડી કાઢીને વરસાદ વરસાવે છે.) 'નિરુક્ત' વેદાંગમાં વેદમન્ત્રનું અર્થઘટન કરનારા જુદાજુદા પક્ષો, જેવા કે, યાજ્ઞિકો, નૈરુક્તો, ઐતિહાસિકો, આધ્યાત્મિકો, નૈદાનો વગેરે નોંધાયા છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

दासपत्नीरहिगोपा अतिष्ठन्निरुद्धा आपः पणिनेव गावः ।

अपां बिलमपिहितं यदासीद्वृत्रं जघन्वाँ अप तद्ववार ॥ ११ ॥

दासऽपत्नीः । अहिऽगोपाः । अतिष्ठन् । निऽरुद्धाः । आपः । पणिनाऽइव । गावः । अपाम् । बिलम् । अपिऽहितम् । यत् । आसीत् । वृत्रम् । जघन्वान् । अप । तत् । ववार ॥ ११ ॥

दासपत्नीः दासः विश्वोपक्षपणहेतुः वृत्रः पतिः स्वामी यासाम् अपां ताः दासपत्नीः । अत एव अहिगोपाः । अहिर्वृत्रो गोपा रक्षको यासां ताः । गोपनं नाम स्वच्छन्देन यथा न प्रवहन्ति तथा निरोधनम् । एतदेव स्पष्टीक्रियते । आपः निरुद्धाः अतिष्ठन् इति । तत्र दृष्टान्तः । पणिनेव गावः । पणिनामकोऽसुरो गा अपहृत्य बिले स्थापयित्वा बिलद्वारमाच्छाद्य यथा निरुद्धवांस्तथेत्यर्थः । अपां यत् बिलं प्रवहणद्वारम् अपिहितं वृत्रेण निरुद्धम् आसीत् तत् बिलं प्रवहणद्वारं वृत्रं जघन्वान् हतवान् इन्द्रः अप ववार अपवृतमकरोत् वृत्रकृतमपां निरोधं परिहृतवान् । अत्र यास्कः – 'दासपत्नीर्दासाधिपत्न्यो दासो दस्यतेरुपदासयति कर्माण्यहिगोपा अतिष्ठन्नहिना गुप्ताः । अहिरयनादेत्यन्तरिक्षेऽयमपीतरोऽहिरेतस्मादेव निर्ह्रसितोपसर्ग आहन्तीति । निरुद्धा आपः पणिनेव गावः । पणिर्वणिग्भवति पणिः पणनाद्वणिक् पण्यं नेनेक्ति । अपां बिलमपिहितं यदासीत् । बिलं भरं भवति बिभर्तेर्वृत्रं जघ्निवानपववार तद्वृत्रो वृणोतेर्वा वर्ततेर्वा वर्धतेर्वा । यदवृणोत्तद्वृत्रस्य वृत्रत्वमिति विज्ञायते । यदवर्तत तद्वृत्रस्य वृत्रत्वमिति विज्ञायते । यदवर्धत तद्वृत्रस्य वृत्रत्वमिति विज्ञायते' (निरु. २. १७) इति ॥ दासपत्नीः । 'दसु उपक्षये' । दासयतीति दासो वृत्रः । पचाद्यच् । 'चितः' इत्यन्तोदात्तत्वम् । दासः पतिर्यासाम् । 'विभाषा सपूर्वस्य' (पा. सू. ४. १. ३४) इति ङीप्; तत्सन्नियोगेन इकारस्य नकारः । बहुव्रीहौ पूर्वपदप्रकृतिस्वरत्वम् । यद्वा । दासस्य पालयित्र्यः । 'पत्यावैश्वर्ये' इति पूर्वपदप्रकृतिस्वरत्वम् । अहिगोपाः । 'गुपू रक्षणे' । गोपायतीति गोपाः । 'आयादय आर्धधातुके वा' (पा. सू. ३. १. ३१) इति आयप्रत्ययः । ततः क्विप् । 'अतो लोपः' । 'वेरपृक्तलोपाद्वलि लोपो बलीयान्' इति पूर्वं यकारलोपः (पा. सू. ६. १. ६६–६७) । न च 'अचः परस्मिन्०' इति अतो लोपस्य स्थानिवत्त्वं ' न पदान्तद्विर्वचन०' इति प्रतिषेधात् । अहिर्गोपा यासाम् । पूर्ववत् स्वरः । निरुद्धाः । 'रुधिर् आवरणे' । 'झषस्तथोर्धोऽधः' (पा. सू. ८. २. ४०) इति निष्ठातकारस्य धकारः । 'गतिरनन्तरः' इति गतेः प्रकृतिस्वरत्वम् । जघन्वान् । हन्तेर्लिटः क्वसुः । 'अभ्यासाच्च' (पा. सू. ७. ३. ५५) इति अभ्यासादुत्तरस्य हकारस्य कुत्वम् । क्रादिनियमप्राप्तस्य इटः 'विभाषा गमहन०' (पा. सू. ७. २. ६८) इत्यादिना विकल्पविधानादभावः । संहितायां नकारस्य रुत्वानुनासिकावुक्तौ ॥

અનુવાદ : દાસ (= વૃત્ર) છે પતિ જેમનો તથા અહિ વડે જે નિરોધાયેલાં છે તેવાં પાણી તો, પણિ વડે રોકવામાં આવેલી ગાયો જેવાં ઊભા હતાં. પાણીની બખોલ જે ઢંકાયેલી હતી, તેને વૃત્રને મારનારે (= ઇન્દ્રે) ખોલી કાઢી. (૧–૩૨–૧૧)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અભ્યાસનોંધ : (૧) પૂર્વાર્ધનો વાક્યાન્વય આમ છેઃ दासपत्नीः દાસ છે પતિ = સ્વામી જેનો (તેવાં પાણી) [જે કર્મોનો નાશ કરે તે 'દાસ' કહેવાય છે, અહીં તે વૃત્રને માટે વપરાયો છે. આ વૃત્રે જળને પકડી રાખ્યા હતા.] અને अहिगोपाः અહિ છે રોકનારો જેમનો (તેવાં પાણી) ('અહિ' નો અર્થ વાદળ છે; વાદળમાં પૂરાઈ/જકડાઈ રહેલાં પાણીને अहिगोपाः કહ્યાં છે) – આ બન્ને શબ્દો आपः નાં વિશેષણો છે. पणिना निरुद्धाः गावः इव (आपः) अतिष्ठन्। પણિ નામના કંજૂસ વેપારીઓ અપિલા દાનવો વડે રોકી રાખવામાં આવેલી ગાયોની જેમ, આ (વૃત્ર કે અહિ વડે) જકડી રાખવામાં પાણી ઊભા હતા. (ઋગ્વેદ મંડળ ૧૦માં સરમા–પણિ સંવાદસૂક્ત છે. તેમાં એવી કથા છે કે વૃત્રે મોકલેલા પણિઓએ દેવગુરુ બૃહસ્પતિની ગાયો ચોરી લીધી હતી અને પર્વતની ગુફામાં સંતાડી રાખી હતી.) (૨) ઉત્તરાર્ધમાં બે વાક્ય છેઃ (क) अपां बिलम् यद् अपिहितम् आसीद् – પાણીની બખોલ, જે ઢંકાયેલી બંધ – હતી; (ख) वृत्रं जघन्वान् (इन्द्रः) तद् अप ववार – વૃત્રને મારનારે (ઇન્દ્રે) તે (બખોલ)ને ખોલી કાઢી. અહીં √ हन् ધાતુનું પરોક્ષ ભૂતકૃદન્ત जघन्वान् (પ્રથમા વિ.એ.વ.) રૂપ છે, જે ઇન્દ્રનું વિશેષણ છે.

अश्व्यो वारो अभवस्तदिन्द्र सृके यत्त्वां प्रत्यहन्देव एकः ।

अजयो गा अजयः शूर सोममवासृजः सर्तवे सप्त सिन्धून् ॥ १२

अश्व्यः । वारः । अभवः । तत् । इन्द्र । सृके । यत् । त्वा । प्रतिऽअहन् । देवः । एकः । अजयः । गाः । अजयः । शूर । सोमम् । अव । असृजः । सर्तवे । सप्त । सिन्धून् ॥ १२ ॥

ᵛसृके वज्रे । 'सृकः वृकः' (नि. २. २०. ६) इति वज्रनामसु पठितत्वात् । ᵛदेवः दीप्यमानः सर्वायुधकुशलः ᵛएकः अद्वितीयः वृत्रः ᵛयत् यदा ᵛत्वा त्वां ᵛप्रत्यहन् प्रतिकूलत्वेन प्रहृतवान् ᵛतत् तदानीं त्वम् ᵛअश्व्यो ᵛवारः अश्वसम्बन्धी वालः ᵛअभवः । यथाश्वस्य वालोऽनायासेन मक्षिकादीन्निवारयति तद्वत् वृत्रमगणयित्वा निराकृतवानित्यर्थः । किं च ᵛगाः पणिनापहृताः त्वम् ᵛअजयः जितवान् । हे ᵛशूर शौर्ययुक्त ᵛइन्द्र ᵛसोमम् ᵛअजयः जितवान् । तथा च तैत्तिरीयाः – 'त्वष्टा हतपुत्रः' इत्यस्मिन्नुपाख्याने समामनन्ति – 'स यज्ञवेशसं कृत्वा प्रासहा सोममपिबत्' (तै. सं. २. ४. १२. १.) इति । ᵛसप्त ᵛसिन्धून् 'इमं मे गङ्गे' (ऋ. सं. १०. ७५. ५) इत्यस्यामृच्याम्नाता गङ्गाद्याः सप्तसङ्ख्याका नदीः ᵛसर्तवे सर्तुं प्रवाहरूपेण गन्तुम् ᵛअवासृजः त्यक्तवान् । वृत्रकृतं प्रवाहनिरोधं निराकृतवानित्यर्थः ॥ अश्व्यः । अश्वे भवः । 'भवे छन्दसि' इति यत् । 'यतोऽनावः' इत्याद्युदात्तत्वम् । वारयति दंशमशकानिति वारः । पचाद्यच् । कपिलकादित्वात् लत्वविकल्पः (पा. सू. ८. २. १८.) । पृषादित्वादाद्युदात्तत्वम् । प्रत्यहन् । 'यद्वृत्तान्नित्यम्' इति निघातप्रतिषेधः । 'तिङि चोदात्तवति' इति गतेरनुदात्तत्वम् । अजयः । गाः इत्यस्य वाक्यान्तरगतत्वात् तदपेक्षयास्य 'तिङ्ङतिङः इति

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

निघातो न भवति, 'समानवाक्ये निघातयुष्मदस्मदादेशा वक्तव्याः (पा. सू. ८–१–१८–५) इति वचनात् । सर्तवे । 'तुमर्थे सेसेन्०' इति तवेन्प्रत्ययः । नित्त्वादाद्युदात्तत्वम् ॥

અનુવાદ : હે ઈન્દ્ર ! જ્યારે (તારા) વજ્ર ઉપર (તેણે = વૃત્રે) તને પ્રત્યાઘાત કર્યો (ત્યારે), તું એક—અદ્વિતીય—દેવ ઘોડાનો વાળ બની ગયો ! હે શૂરવીર ! તેં ગાયો જીતી લીધી, તેં સોમરસ જીતી લીધો; તથા (તેં) વહેવા માટે સાત નદીઓને છૂટી કરી દીધી. (૧–૩૨–૧૨)

અભ્યાસનોંધ : (૧) પૂર્વાર્ધનો વાક્યાન્વય આમ છેઃ (हे) इन्द्र ! यत् (तव) सृके (सः वृत्रः) त्वा प्रत्यहन्, "હે ઈન્દ્ર ! જ્યારે (તારા) વજ્રની ઉપર, (તેણે વૃત્રે) તારી ઉપર પ્રત્યાઘાત કર્યો (ત્યારે), (त्वं) अश्व्यः वारः अभवत् । તું ઘોડાનો વાળ બની ગયો !" આનો તાત્પર્યાર્થ સ્પષ્ટ કરતાં સાયણ કહે છે કે જેવી રીતે ઘોડાના વાળ અનાયાસેન મક્ષિકા વગેરેને શરીર ઉપરથી ઉડાડી મૂકે છે, તેની જેમ વૃત્રને ગણકાર્યા વિના, તેં ઈન્દ્રે વૃત્રને નિવાર્યો, પાછો પાડ્યો. (૨) ઉત્તરાર્ધમાં બે—ત્રણ વાક્ય છેઃ हे शूर ! (त्वं) गाः अजयः, सोमम् अजयः । હે શૂરવીર (ઈન્દ્ર) ! (તેં) ગાયોને જીતી લીધી, (તેં) સોમને જીતી લીધો; તથા सर्तवे – વહેવા માટે √ सृ + तवे થી બનેલું વૈદિક હેત્વર્થ કૃદન્તનું રૂપ છે. सर्तुम् અર્થમાં सर्तवे થયું છે. (त्वं) सप्त सिन्धून् अवासृजः । સાત નદીઓને છૂટી કરી. આ સાત નદીઓ કઈ ? તેવો પ્રશ્ન થાય તો ઋગ્વેદ મંડળ–૧૦માં इमं मे गङ्गे..... (૧૦–૭૫–૫) મન્ત્રમાં ઉલ્લેખાયેલી દશ નદીઓ જાણવી.

नास्मै विद्युन्न तन्यतुः सिषेध न यां मिहमकिरद्ध्रादुनिं च ।
इन्द्रश्च यद्युयुधाते अहिश्चोतापरीभ्यो मघवा वि जिग्ये ॥ १३

न । अस्मै । विऽद्युत् । न । तन्यतुः । सिसेध । न । याम् । मिहम् । अकिरत् । ह्रादुनिम् । च । इन्द्रः । च । यत् । युयुधाते इति । अहिः । च । उत । अपरीभ्यः । मघऽवा । वि । जिग्ये ॥ १३ ॥

इन्द्रं निषेद्धुं वृत्रो यान् विद्युदादीन् मायया निर्मितवान् ते सर्वेऽप्येनं निषेद्धुमशक्ताः । सोऽयमर्थोऽनेन मन्त्रेणोच्यते । ᵛअस्मै इन्द्रार्थं निर्मिता ᵛविद्युत् ᵛन ᵛसिषेध इन्द्रं न प्राप्नोत् । तथा ᵛतन्यतुः गर्जनं ᵛयां ᵛमिहं सेचनं यां वृष्टिम् ᵛअकिरत् वृत्रो विक्षिप्तवान् सापि वृष्टिः ᵛन सिषेध । ᵛह्रादुनिं ᵛच अशनिमपि यां वृत्रः प्रयुक्तवान् सापि न सिषेध । ᵛइन्द्रश्च ᵛअहिश्च इन्द्रवृत्रावुभावपि ᵛयत् यदा ᵛयुयुधाते युद्धं कृतवन्तौ । तदानीं विद्युदादयो न प्राप्ता इति पूर्वत्रान्वयः । ᵛउत अपि च ᵛमघवा धनवानिन्द्रः ᵛअपरीभ्याः अपराभ्यः अन्यासामपि वृत्रनिर्मितानां मायानां सकाशात् ᵛवि ᵛजिग्ये विशेषेण जितवान् ॥ सिषेध । 'षिधु गत्याम्' । मिहम् । 'मिह सेचने' । मेहति सिञ्चतीति मिट् वृष्टिः । 'क्विप् च' इति क्विप् । अकिरत् । 'कॄ विक्षेपे' । 'तुदादिभ्यः शः' । 'ऋत इद्धातोः' इति इत्वम् । अडागम उदात्तः ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

यद्वृत्तयोगादनिघातः । युयुधाते । 'युध सम्प्रहारे' । लिटि प्रत्ययस्वरः । जिग्ये । 'सन्लिटोर्जेः (पा. सू. ७. ३. ५७) इति अभ्यासादुत्तरस्य जकारस्य कुत्वम् ॥

અનુવાદ : આ (ઈન્દ્ર)ને માટે (પ્રયોજેલી) વિજળી (તે ઈન્દ્રને) ના પહોંચી શકી કે ગર્જના પણ (તેને)ના પહોંચી શકી. વળી, જે છંટકાવ કર્યો કે અગ્નિ વરસાવી તે પણ (આ ઈન્દ્રને) રોકી ના શકી. જ્યારે ઈન્દ્ર અને અહિ (તે બે) યુદ્ધે ચઢ્યાં, ત્યારે મઘવા (વૃત્રે નિર્મેલી) બીજી માયાઓમાંથી પણ જીતી (બહાર) નીકળ્યો. (૧–૩૨–૧૩)

અભ્યાસનોંધ : (૧) ઈન્દ્રને હુમલો કરતો રોકવા માટે વૃત્રે જે જે વિજળી વગેરેને માયાથી ઊભી કરી, તેમાંની કોઈ પણ માયાથી ઈન્દ્રને તો રોકી ના જ શકાયો આ મુદ્દો આ મન્ત્રમાં રજૂ કરવામાં આવ્યો છે. (૨) अस्मै (इन्द्रार्थं निर्मिता) विद्युत् (तम् इन्द्रं) न सिषेध "આ (ઈન્દ્ર)ને માટે (પ્રયોજેલી) વિજળી (તે ઈન્દ્રને) પહોંચી ના શકી." અહીં √ षिधु गत्याम् 'જવું' અર્થવાળા ધાતુનું પરોક્ષ ભૂતકાળનું રૂપ सिषेध છે. न तन्यतुः सिषेध) – ગર્જનાઓ પણ (ઈન્દ્રને) પહોંચી ના શકી. અર્થાત્ હુમલો કરતા ઈન્દ્રને વિજળી કે તેના કડાકા, કોઈએ કશી જ અસર ના કરી. (૩) એ જ પ્રમાણે બીજા પાદમાં વર્ણવે છે કે – याम् मिहम् अकिरद्, ह्रादुनिम् च (अकिरत्) [ताः अपि तम् इन्द्रम्] न (सिषेध) । मिहम् = (જળનો) છંટકાવ કે ह्रादुनिम् – અશનિ = આગ, अकिरत् = વરસાવી, વીખેરી; તે બધાની પણ તે ઈન્દ્ર ઉપર કોઈ જ અસર ના થઈ. તે ઈન્દ્રને ના પહોંચી શકી. (૪) ઉત્તરાર્ધમાં આવું વાક્ય છે : इन्द्रः च अहिः च यद् युयुधाते – ઈન્દ્ર અને અહિ બન્ને જે યુદ્ધે ચઢ્યાં (ત્યારે), (वृत्रनिर्मितेभ्यः) अपरीभ्यः मघवा वि जिग्ये । વૃત્રે સર્જેલી અન્ય માયાઓમાંથી (પણ) મઘવા =ઈન્દ્ર જીતીને બહાર નીકળ્યો. અહીં अपरीभ्यः નો, સાયણે જેવો ઉપર અર્થ કર્યો છે, તેનો અસ્વીકાર કરીને યુરોપીય વિદ્વાનો 'સદાને માટે, હંમેશા' એવો અર્થ કરે છે.

अहेर्यातारं कमपश्य इन्द्र हृदि यत्ते जघ्नुषो भीरगच्छत् ।

नवं च यन्नवतिं च स्रवन्तीः श्येनो न भीतो अतरो रजांसि ॥ १४ ॥

अहेः । यातारम् । कम् । अपश्यः । इन्द्र । हृदि । यत् । ते । जघ्नुषः । भीः । अगच्छत् । नवं । च । यत् । नवतिम् । च । स्रवन्तीः । श्येनः । न । भीतः । अतरः । रजांसि ॥ १४ ॥

हे ^इन्द्र ^जघ्नुषः वृत्रं हतवतः तव ^हृदि चित्ते ^यत् यदि ^भीरगच्छत् न हतवानस्मीति बुद्ध्या भयं प्राप्नुयात् तर्हि ^अहेः वृत्रस्य ^यातारं हन्तारं ^कमपश्यः त्वत्तोऽन्यं ^कं पुरुषं दृष्टवानसि । तादृशस्य पुरुषान्तरस्याभावात् मा भूत् तव भयमित्यर्थः । ^यत् यस्मात् कारणात् त्वं ^नव ^च ^नवतिं ^च ^स्रवन्तीः एकोनशतसंख्याकाः प्रवहन्तीर्नदीः प्राप्य ^रजांसि

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

तत्रत्यान्युदकानि 'अतरः तीर्णवानसि । तत्र दृष्टान्तः । 'श्येनो 'न । श्येननामको बलवान् पक्षीव दूरगमनात्तव भयमासीदिति गम्यते । तद्भयं मा भूदित्यभिप्रायः । तच्च दूरगमनं ब्राह्मणे समाम्नातम् — 'इन्द्रो वै वृत्रं हत्वा नास्तृपीति मन्यमानः पराः परावतोऽगच्छत्' (ऐ.ब्रा. ३. १५) इति । तैत्तिरीयाश्चामनन्ति — 'इन्द्रो वृत्रं हत्वा परां परावतमगच्छदपाराधमिति मन्यमानः' (तै. सं. २. ५. ३. ६) इति ॥ हृदि । 'पद्दन्०' इत्यादिना हृदयशब्दस्य हृदादेशः । 'ऊडिदम्०' इत्यादिना विभक्तेरुदात्तत्वम् । जघ्नुषः । हन्तेर्लिटः क्वसुः । षष्ठ्येकवचने 'वसोः सम्प्रसारणम्' इति सम्प्रसारणपरपूर्वत्वे । 'शासिवसिघसीनां च' इति षत्वम् । न च 'षत्वतुकोरसिद्धः' (पा. सू. ६. १. ८६) इत्येकादेशस्यासिद्धत्वात् षत्वं न प्राप्नुयादिति वाच्यं, 'सम्प्रासरणडीट्सु प्रतिषेधो वक्तव्यः" (का. ६. १. ८६. १) इति असिद्धवद्भावस्य प्रतिषिद्धत्वात् । 'गमहन०' इत्यादिना उपधालोपः । न च 'असिद्धवदत्रा भात्' इति सम्प्रसारणस्यासिद्धवद्भावः, भिन्नाश्रयत्वात् । सम्प्रसारणं हि षष्ठ्येकवचने उपधालोपस्तु वसाविति भिन्नाश्रयत्वम् । स्रवन्तीः । 'स्रु गतौ' । 'शप्श्यनोर्नित्यम्' (पा. सू. ७. १. ८१) इति नुमागमः । शपः पित्त्वादनुदात्तत्वम् । शतुश्च लसार्वधातुकस्वरेणाद्युदात्तत्वम् । अतरः । यद्वृत्तयोगादनिघातः ॥

અનુવાદ : હે ઈન્દ્ર ! 'અહિની (મદદે) જનારા કોને તેં જોયો ? કે જેથી હણનારા એવા તારા હૃદયમાં ડર પેઠો ? નવ અને નેવું (અર્થાત્ નવ્વાણું) વહેતી (નદી)ઓને; તથા ડરી ગયેલા બાજપક્ષીની જેમ તું જળને (અથવા અન્તરિક્ષને) તરી ગયો. (૧—૩૨—૧૪)

અભ્યાસનોંધ : (૧) પૂર્વાર્ધમાં બે વાક્ય છેઃ (क) हे इन्द्र ! अहेः यातारं कम् (त्वं) अपश्यः ? ! હે ઈન્દ્ર ! અહિની (મદદે) જનારા કોને (તેં) જોયો ? (ख) यत् — કે જેથી, जघ्नुषः ते (चित्ते) भीः अगच्छत् । હણનારા (વૃત્રને મારી શકનારા) તારા (ચિત્ત)માં ભય, ડર પેઠો ? (૨) ઉત્તરાર્ધમાં આવું વાક્ય છેઃ नव च नवतीं च स्रवन्तीः, નવ અને નેવું વહેતી નદીઓને, તથા भीतः श्येनः, न (=इव) (त्वं) रजांसि अतरः — ડરી ગયેલા શ્યેન (બાજપક્ષી)ની જેમ, તું પાણીને અથવા અન્તરિક્ષને તરી/ઓળંગી ગયો. અહીં શ્રી ર. છો. પરીખે સાયણને આધારે એક સ્પષ્ટતા ઉમેરી છેઃ अहेः यातारम् — અહિની વ્હારે ધાનાર — यातारम् हन्तारम् । તારા કરતાં બીજા કયા પુરુષને વૃત્રના મારનાર તરીકે જોયો જેથી તું બીનો ? એવો તો બીજો કોઈ પુરુષ નથી, માટે તને ભય થવાની જરૂર નથી' — એવો અર્થ સાયણ કરે છે. ઈન્દ્ર પોતાના આ કૃત્યને અપરાધ માની નાસી ગયો — એવો તૈત્તિરીય બ્રાહ્મણ (૧—૬—૭—૪)માં ઉલ્લેખ છે. ઈન્દ્ર બ્રહ્મહત્યાના ભયથી નાસી ગયો ઈત્યાદિ કથાનું મૂળ અહીંયા છે. (वैदिक पाठावली, સં. શ્રી ર. છો. પરીખ, ગૂજરાત પુરાતત્ત્વ મંદિર, અમદાવાદ—૧૯૨૭, પૃ—૭).

इन्द्रो यातोऽवसितस्य राजा शमस्य च शृङ्गिणो वज्रबाहुः ।

सेदु राजा क्षयति चर्षणीनामरान्न नेमिः परि ता बभूव ॥ १५

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

इन्द्रः । यातः । अवंऽसितस्य । राजा । शमस्य । च । शृङ्गिणः । वज्रंऽबाहुः । सः । इत् । ऊँ इति । राजा । क्षयति । चर्षणीनाम् । अरान् । न । नेमिः । परि । ता । बभूव ॥ १५ ॥

ᵛवज्रबाहुः ᵛइन्द्रः शत्रौ हते सति निःसपत्नो भूत्वा ᵛयातः गच्छतो जङ्गमस्य ᵛअवसितस्य एकत्रैव स्थितस्य स्थावरस्य शगस्य शान्तस्य शृङ्गराहित्येन प्रहरणादावप्रवृत्तस्याश्वगर्दभादेः शृङ्गिणः शृङ्गोपेतस्योग्रस्य महिषबलीवर्दादेश्च ᵛराजा अभूत् । ᵛसेदु स एवेन्द्रः ᵛचर्षणीनां मनुष्याणां ᵛराजा भूत्वा ᵛक्षयति निवसति । ᵛता तानि पूर्वोक्तानि जङ्गमादीनि सर्वाणि ᵛपरि ᵛबभूव व्याप्तवान् । तत्र दृष्टान्तः । ᵛअरान् ᵛन ᵛनेमिः । यथा रथचक्रस्य परितो वर्तमाना नेमिः अरान् नाभौ कीलितान् काष्ठविशेषान् व्याप्नोति तद्वत् ॥ यातः । 'या प्रापणे' । याति गच्छतीति यात् । लटः शतृ । 'सावेकाचः०' इति विभक्तेरुदात्तत्वम् । सः । 'सोऽचि लोपे चेत्०' इति संहितायां सोर्लोपः । ता । 'शेश्छन्दसि बहुलम्' इति शेर्लोपः । बभूव । भवतेर्लिटो णलि 'भवतेरः' (पा. सू. ७. ४. ७३) इति अभ्यासस्य अत्वम् । कृताकृतप्रसङ्गितया वुगागमस्य नित्यत्वात् वृद्धेः पूर्वं वुगागमः । यद्वा । 'इन्धिभवतिभ्यां च' (पा. सू. १. २. ६) इति लिटः कित्त्वात् वृद्ध्यभावः । न च 'असिद्धवदत्राभात्' इति तस्यासिद्धत्वात् उवङादेशः शङ्कनीयः, 'वुग्युटावुवङ्यणोः सिद्धौ भवतः' (पा. सू. ६. ४. २२. १४) इति तस्य सिद्धत्वात् । 'तिङ्ङतिङः' इति निघातः ॥ ३८ ॥

અનુવાદ : ઈન્દ્ર જંગમ (ફરતા) અને સ્થાવર (સ્થિર)નો રાજા છે. (તેવી જ રીતે) વજ્રબાહુ (જેના હાથમાં વજ્ર છે તે) (= ઈન્દ્ર) શાન્ત (= શીંગડા વિનાના) અને શીંગડાવાળાઓનો પણ (રાજા છે.) તે જ (ઈન્દ્ર) મનુષ્યોનો રાજા (થઈને) રહે છે, નેમિ (પૈડું) જેમ આરાઓને વ્યાપીને રહે છે તેમ (ઈન્દ્ર પોતાની પ્રજાને વ્યાપીને રહે છે.) (૧–૩૨–૧૫)

અભ્યાસનોંધ : (૧) વૃત્રને મારી હઠાવ્યા પછી, વાદળમાંથી જળને છુટાં કરાવીને, નદીઓને વહેતી કર્યા પછી ઈન્દ્ર સકળ સૃષ્ટિનો રાજા બનીને, તેમાં નિવાસ કરવા લાગ્યો – તે વાતનું નિરૂપણ આ મન્ત્રમાં કરવામાં આવ્યું છે. (૨) પૂર્વાર્ધમાં બે પાદનાં બે વાક્ય બનાવી શકાય છે. (क) इन्द्रः यातः (गच्छतः = जंगमस्य) જતા ફરતા, હાલતા–ચાલતાં, અને अवसितस्य – સ્થિર થઈ ગયેલા અર્થાત્ સ્થાવર (જગત્)ના राजा (अस्ति) – રાજા છે. (ख) शमस्य = શાન્ત, અર્થાત્ શીંગડા વિનાના અશ્વ, ગર્દભ વગેરે જેવા પશુઓના, અને शृङ्गिणः – શીંગડાવાળા અર્થાત્ વૃષભ વગેરે પશુઓના રાજા કોણ છે ? તો वज्रबाहुः । – "વજ્ર છે બાહુમાં જેની"; અર્થાત્ જેના હાથમાં વજ્રાયુધ છે તે ઈન્દ્ર. આ શબ્દમાં પણ પૂર્વપદમાં (वज्रं શબ્દમાં) ઉદાત્ત સ્વર છે, તેથી તે બહુવ્રીહિ સમાસ છે. (૩) ઉત્તરાર્ધમાં કહે છે કે स इत् (= एव) इन्द्रः – તે જ ઈન્દ્ર, चर्षणीनाम् राजा (भूत्वा) क्षयति (=निवसति) – મનુષ્યોનો રાજા (થઈને) નિવાસ કરે છે, રહે છે. કોની જેમ ? તો ચોથા પાદના ઉપમાન વાક્યથી સ્પષ્ટ કરે છેઃ नेमिः न (= इव–यथा) आरान् परि बभूव – જેમ પૈડુ = નેમિ આરાઓની ચારે તરફ વીંટળાઈને રહે છે, તેમ ઈન્દ્ર પણ પોતાની પ્રજા – चर्षणि – માણસોને વીંટળાઈને રહે છે.

◆ ◆ ◆

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

३. विश्वामित्र—नदी—संवादसूक्तम् [३.३३]

[ऋषिः—नद्यः विश्वामित्रश्च, देवता—इन्द्रः, छन्दः—१—१२ त्रिष्टुप्, १३—अनुष्टुप्]

(सायणभाष्यम्) अत्र चतुर्थीषष्ठ्यष्टमीदशमीनां नदीवाक्यत्वान्नद्य एव ऋषयः, शिष्टानां विश्वामित्रवाक्यत्वात् स एव ऋषिः । अन्त्याऽनुष्टुप् शिष्टास्त्रिष्टुभः । इन्द्रो देवता । यद्यपि षष्ठ्यां सप्तम्यां च विश्वामित्रो नद्यश्च स्तूयन्ते, तथापीन्द्र एव देवता ॥ पुरा किल विश्वामित्रः पैजवनस्य सुदासो राज्ञः पुरोहितो बभूव । स च पौरोहित्येन लब्धधनः सर्वं धनमादाय विपाट्शुतुद्योः सम्भेदमाययौ अनुययुरितरे । अथोत्तितीर्षुर्विश्वामित्रः अगाधजले ते नद्यौ दृष्ट्वा उत्तरणार्थम् आद्याभिः तिसृभिस्तुष्टाव ॥

ઋગ્વેદમાં જે વિવિધ પ્રકારનાં સૂક્તો છે, જેમકે, અગ્નિ, ઇન્દ્ર વગેરે દેવતાઓની સ્તુતિ અને પ્રાર્થના કરતાં સૂક્તો, તત્ત્વજ્ઞાન વિષયક દાર્શનિક સૂક્તો, ઉષા—પર્જન્ય—કે અરણ્ય જેવા પ્રાકૃતિક તત્ત્વોનું વર્ણન કરતાં કાવ્યાત્મક સૂક્તો; કૃષિ—જુગાર—દાન વગેરે સામાજિક સમસ્યાઓને આકારિત કરતાં બીનસામ્પ્રદાયિક સૂક્તો વગેરે. તેની સાથે સાથે બાર—તેર 'સંવાદસૂક્તો' પણ ઋગ્વેદમાં આવેલાં છે. દા.ત, પુરૂરવા—ઉર્વશી સંવાદસૂક્ત (૧૦—૯૫), યમ—યમી સંવાદ(૧૦—૧૦), સરમા—પણિ સંવાદ(૧૦—૧૦૮) તથા પ્રસ્તુત, વિશ્વામિત્ર અને બે નદીઓ વચ્ચેના સંવાદને રજૂ કરતું ૩—૩૩ સૂક્ત.

સંવાદસૂકતો બાબતે વિદ્વાનોના કેટલાક મતો નોંધપ્રાત્ર છેઃ (૧) મેકસમ્યૂલર કહે છે કે યજ્ઞક્રિયા દરમ્યાન બ્રાહ્મણો બે ભાગમાં વહેંચાઈ જઈને, નાટ્યાત્મક સંવાદ રૂપે આ સૂકતો ગાતાં હશે. (૨) પ્રોફે. શ્રોડર, સિલ્વાં લેવી અને હર્ટલના મતે ભારતીય સંસ્કૃત નાટકોનાં બીજ (વાચિક અભિનયનાં મૂળ) ઋગ્વેદનાં આ સંવાદસૂક્તોમાં રહેલા છે. (૩) વિન્ટરનિત્ઝના મતે આ સંવાદસૂકતોનો અર્ધો ભાગ નાટ્યાત્મક હોવા ઉપરાંત, બીજો અર્ધો ભાગ કોઈ પુરાણા મહાકાવ્ય (epic) ની કથાનો ગાનાત્મક ભાગ જણાય છે. આથી આ સંવાદસૂકતો અંગ્રેજી Balled કથાકાવ્ય અથવા વીરગીતિકાવ્યની ઘણાં નજીક છે. (૪) ડૉ. ઓલ્ડનબર્ગ કહે છે કે— વેદકાલિક પ્રચલિત આખ્યાનોમાંથી ગદ્યાંશ કાલગ્રસ્ત થઈ ગયા પછી, તેમાંનો જે પદ્યાંશ (ગાનાત્મક ભાગ) બચી ગયો હશે (લોકોની સ્મૃતિમાં સચવાઈ રહ્યો હશે) તે આ સંવાદસૂકતો છે. આથી, ઓલ્ડનબર્ગના મતે આ સૂકતોને "આખ્યાનસૂકત" કહેવાં વધુ યોગ્ય જણાય છે. (૫) ડૉ..એ.બી.કીથ સંવાદસૂકતોમાં સંસ્કૃત નાટકોનાં બીજ જોઈ શકાય છે એમ સ્વીકારીને, વિશેષમાં કહે છે કે આ સંવાદસૂકતોની **ઐતિહાસિકતા**ની દષ્ટિએ ઘણી કિંમત છે. જેમાં વેદકાલિક ઘણી ઘટનાઓના દસ્તાવેજ સચવાઈ રહ્યા છે.

ડૉ. કીથના ઉપર્યુક્ત મતના અનુસંધાનમાં, આ ૩.૩૩ વિશ્વામિત્ર—નદી સંવાદ સૂકતને તપાસવા જેવું છે. કેમકે, આપણી ભારતીય પરંપરામાં **પણ** આ સૂકતને ઐતિહાસિક દસ્તાવેજની દષ્ટિએ જ જોવામાં આવ્યું છે.જેમકે, વિશ્વામિત્રના ત્રીજા મંડળમાં ૩—૩૩ અને ૩—૫૩ ને "કુલ સૂક્ત"કહેવામાં આવ્યાં છે. એટલે કે વિશ્વામિત્રના જીવનની કેટલીક

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

મહત્ત્વની ઘટના નોંધાઈ છે તથા વિશ્વામિત્ર જેમના પુરોહિત હતા, તે ભરતોને તેમણે કેવી રીતે એકવાર મદદ કરી હતી તેનું વર્ણન આ સૂકતમાં છે. ભરતો શત્રુઓ પાસેથી ધન લૂંટીને પોતાના રાજ્યમાં પાછા ફરતા હતા ત્યારે રસ્તામાં વિપાટ્ અને શુતુદ્રી નામની પાણીથી સભર બે નદીઓ આવી. હવે પ્રશ્ન ઊભો થયો કે ભરતોએ ધનસમ્પત્તિ રૂપે જે કાંઈ ભેગું કર્યું હતું; અને વિશ્વામિત્રે પુરોહિત તરીકે દક્ષિણામાં જે કાંઈ મેળવ્યું હતું–તે બધા સાથે આ બે નદીઓને ઓળંગવી કેવી રીતે ? વિશ્વામિત્રે નદીઓને પ્રાર્થના કરી કે અમારા માટે ક્ષણભર તમે છીછરી થાવ, પાણી નીચે ઉતારો કે જેથી અમે તમને ઓળંગી શકીએ. આશ્ચર્યકારક રીતે નદીઓએ આ વિનંતી સાંભળી અને સ્વીકારી ! – આવો મનોહારી પ્રસંગ અહીં વર્ણવાયો છે.

प्र पर्वतानामुशती उपस्थादश्वेइव विषिते हासमाने ।

गावेव शुभ्रे मातरां रिहाणे विपाट् छुतुद्री पयसा जवेते ॥ ३-३३-१ ॥

प्र । पर्वतानाम् । उशती इति । उपऽस्थात् । अश्वे इवेत्यश्वेऽइव । विसिते इति विऽसिते । हासमाने इति ॥ गावांऽइव । शुभ्रे इति । मातरा । रिहाणे इति । विऽपाट् । शुतुद्री । पयसा । जवेते इति ॥

અનુવાદઃ (આ મન્ત્ર વિશ્વામિત્ર બોલે છે:) પર્વતોની તળેટીમાંથી (નીકળતી) અને (સમુદ્રને મળવા) ઈચ્છા કરતી, બે ઘોડીઓની જેમ (અશ્વશાળામાંથી) છૂટી પડેલી અને (પરસ્પર) સ્પર્ધા કરતી તથા (પોતાના વાછરડાને) ચાટતી બે ધોળી ગાય માતાઓ જેવી આ વિપાટ્ અને શુતુદ્રી (નામની બે નદીઓ) પોતાના જળસમુદાય સાથે ધસમસી રહી છે. (૩–૩૩–૧).

અભ્યાસનોંધઃ (૧) આ મન્ત્ર વિશ્વામિત્ર બોલે છે, અને વિપાટ્–શુતુદ્રી નદીઓને સંબોધીને કહે છે. તેથી આ મન્ત્રના ઋષિ વિશ્વામિત્ર છે, તથા દેવતા ઈન્દ્ર છે એમ ગણવાનું છે. કારણ કે નદીઓનો સ્વામી ઈન્દ્ર ગણાયો છે. (૨) વિશ્વામિત્ર બે નદીઓનું વર્ણન કરે છે. તેથી આમાં દ્વિવચનવાળાં પદો ઘણાં છે. જેમકે, पर्वतानाम् उपस्थाद्–પર્વતોની તળેટીમાંથી (નીકળતી), उपस्थाद्–ઉત્સંગમાંથી, ખોળામાંથી, તળેટીમાંથી उशती– ઈચ્છા કરતી (वश् 'ઈચ્છવું, ઝંખવું' અર્થવાળા ધાતુનું વર્તમાન કૃદન્ત उशत्; તેનું સ્ત્રીલિંગ દ્વિવચન उशती– ઈચ્છા કરતી બે) વિપાટ્ અને શુતુદ્રી નદીઓ. विषिते– છૂટી પડેલી બે, हासमाने– પરસ્પર સ્પર્ધા કરી રહેલી બે, હોડમાં ઉતરેલી બે, अश्वे इव– બે ઘોડીઓની જેમ, शुभ्रे रिहाणे गावा मातरा इव– સફેદ/ શુભ્ર રંગવાળી, (પોતાના વાછરડાને) ચાટતી બે ગાય માતાઓની જેમ, આ વિપાટ્ અને શુતુદ્રી નામની નદીઓ, पयसा– પોતાના જળસમુદાયની સાથે, प्र + जवेते – ધસમસી રહી છે, = પૂરનાં પાણીવાળી દોડી રહી છે. (વિશ્વામિત્રને અહીં મુંઝવણ થાય છે કે આવી પૂરવાળી નદીઓને ઓળંગવી કેવી રીતે ?) (૩) વેદમાં, ક્રિયાપદની આગળ–પાછળ ગમે ત્યાં ઉપસર્ગો વાપરી શકાય છે. તેથી મન્ત્રના આરંભે આવેલા प्र ઉપસર્ગને,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

મન્ત્રના અંતભાગે આવેલા जवेते ક્રિયાપદની સાથે જોડીને અર્થ કરવાનો હોય છે; प्रजवेते— પ્રકૃષ્ટ પણે ધસમસી રહી છે, દોડી રહી છે, (આ ક્રિયાપદ પણ દ્વિવચનમાં છે. કેમકે તેના કર્તા પણ બે છે = વિપાટ્ અને શુતુદ્રી નદીઓ. (૪) આધુનિક સમયમાં આ બે નદીઓને અનુક્રમે 'બિયાસ' અને 'સતલજ' ના નામે ઓળખવામાં આવે છે. (૫) આ મન્ત્રનો પદપાઠ જોવાથી એક નિયમ એ દેખાશે કે દીર્ઘ ई કારાન્ત, (અને દીર્ઘ ऊ કારાન્ત) તથા ए કારાન્ત દ્વિવચનનાં રૂપોને પદપાઠમાં આદ્યુદાત્ત इतिं કરણથી દર્શાવાય છે. અર્થાત્ આવાં દ્વિવચનનાં રૂપોની પાછળ इतिं એવું પદ ઉમેરવામાં આવે છે. વ્યાકરણશાસ્ત્રમાં આવાં રૂપોને 'પ્રગૃહ્ય' સંજ્ઞાવાળાં પદ કહેવામાં આવે છે. દા.ત. उशती इति । विसिते इति । हासमाने इति । रिहाणे इति । जवेते इति । અહીં વિશેષ રીતે નોંધપાત્ર 'अश्वे इव' એવું પદ છે. अश्वा — ઘોડીનું દ્વિવચન अश्वे રૂપ છે, તેની સાથે इव નો સમાસ થયો છે. તેથી પદપાઠકાર શાકલ્યે પદપાઠમાં પહેલાં इति કરણ કર્યું છે અને પછી તે પદની પુનરુક્તિ કરીને, તે इव ને અવગ્રહથી પૃથક્કૃત કરીને દર્શાવ્યું છે. જેમકે — अश्वेइव + इति + अश्वेऽइव ⟶ अश्वेइवेत्यश्वेऽइव । અહીં मातरौ અર્થમાં मातरा શબ્દ પણ દ્વિવચનમાં છે, પણ औ કારાન્ત કે आ કારાન્ત દ્વિવચનવાળાં પદોની 'પ્રગૃહ્ય'સંજ્ઞા થતી નથી. તેથી તેમની પાછળ इति કરણ થતું નથી. (૬) સાયણે विपाट् શબ્દનો અર્થ સ્પષ્ટ કરતાં કહ્યું છે કે—બે કિનારાઓનું વિપાટન કરતી, તોડી કાઢતી હોવાને કારણે તે 'વિપાટ્' કહેવાય છે. એ જ પ્રમાણે, शु + तु + द्री એવા ત્રણ અંશોને સમજાવતાં તેમણે કહ્યું છે કે — જે જલ્દીથી, કાણાંવાળી ચારણીમાંથી દ્રવતી હોય તેમ જે વહે છે(!) તે 'શુતુદ્રી' નદી કહેવાય છે.

इन्द्रेषिते प्रसवं भिक्षमाणे अच्छा समुद्रं रथ्येव याथः ।

समाराणे ऊर्मिभिः पिन्वमाने अन्या वामन्यामप्येति शुभ्रे ॥ ३३.२ ॥

इन्द्रेषिते इतीन्द्रऽइषिते । प्रऽसवम् । भिक्षमाणे इतिं । अच्छं । समुद्रम् । रथ्यांऽइव । याथः । समाराणे इतिं सम्ऽआराणे । ऊर्मिऽभिः । पिन्वमाने इतिं । अन्या । वाम् । अन्याम् । अपिं । एति । शुभ्रे इतिं ।

(सायणः) हे नद्यौ ! इन्द्रेषिते इन्द्रेण प्रेषिते प्रसवं तस्येन्द्रस्यानुज्ञां भिक्षमाणे प्रार्थयमाने युवां समुद्रम् अच्छ आभिमुख्येन याथः गच्छथः । यथा रथिनौः लक्ष्यं देशमभिगच्छतस्तद्वत् । किं कुर्वत्यौ समाराणे परस्परं सङ्गच्छन्त्यौ ऊर्मिभिः तरङ्गैः पिन्वमाने परिसरप्रदेशं सन्तर्पयन्त्यौ शुभ्रे शोभमानें । युवां समुद्रं गच्छथ इति पूर्वेणान्वयः । तंथा वां युवयोर्मध्ये अन्या एका अन्याम् अपरां नदीम् अप्येति । अपिगच्छति । परस्परमैक्यम् आपद्यत इत्यर्थः ॥

અનુવાદ : ઈન્દ્ર વડે પ્રેરાયેલી અને ધસવાની રજા માંગતી એવી (તમે બે નદીઓ) રથમાં બેઠેલ યોદ્ધા (રથી) ની જેમ [અથવા ઉત્તેજિત બે ઘોડીઓના જેવી] સમુદ્ર તરફ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

જાવ છો.સાથે વહેતી અને વીચિતરંગોથી પુષ્ટ થતી તમે બે (નદીઓ) [જાવ છો]. હે શુભ્ર વર્ણવાળી (બે) ! તમારા બેમાંની એક બીજી તરફ જાય છે. (૩—૩૩—૨)

અભ્યાસનોંધ : (૧) આ મન્ત્ર પણ વિશ્વામિત્ર બોલે છે અને નદીઓને સંબોધીને કહે છે. (૨) પૂર્વાર્ધમાં અન્વય આ પ્રમાણે છે : इन्द्रेषिते (युवाम्), प्रसवं भिक्षमाणे, रथ्या इव समुद्रम् अच्छ याथः । इन्द्रेण इषिते = प्रेरिते – ઈન્દ્ર વડે પ્રેરાયેલી (અહીં એવી એક વૈદિક પુરાકથા – Mythology– નો ધ્વનિ છે કે ઈન્દ્રે બધી નદીઓને વહેવાના માર્ગો ખોદી આપ્યા છે. તેથી એમને 'ઈન્દ્રની પ્રેરણા પામેલી' મનાય છે.) એવી તમે બે (युवाम्) વિપાટ્ અને શુતુદ્રી નદીઓ, प्रसवं भिक्षमाणे– (ઈન્દ્રની પાસેથી) વહેવાની, ધસવાની અનુજ્ઞા માંગતી, रथ्या इव – રથમાં બેઠેલા યોદ્ધાની જેમ (અથવા –"રથ ની સાથે સંલગ્ન" તે 'रथ्य', એવો તદ્ધિતાર્થ લઈએ તો ઘોડીઓની જેમ.) रथ्या તે દ્વિવચનનું વૈદિક રૂપ છે. अच्छ નો અર્થ प्रति (તરફ) થાય છે. વેદમાં તેનો છાન્દસ દીર્ઘ કરીને अच्छा રૂપે પ્રયોગ થાય છે. નદીઓ ઈન્દ્રથી પ્રેરાયેલી છે અને પૂર જોશથી સમુદ્ર તરફ વહે છે —એનું ચિત્ર કવિએ આપ્યું છે. (૩) ઉત્તરાર્ધમાં કહે છે કે— હે શુભ્રે ! समाराणे, ऊर्मिभिः पिन्वमाने (युवाम्) (याथः) હે શુભ્ર વર્ણવાળી, सम् + आराणे (ऋ गतौ નું પરોક્ષકૃદન્ત, સ્ત્રી લિંગ પ્રથમા દ્વિવચન) સાથે જતી, સાથે વહેતી એવી તમે બે, ઊર્મિ અર્થાત્ વીચિતરંગોથી, પિન્વમાને અર્થાત્ પુષ્ટ થતી (જાવ છો – ક્રિયાપદનો અધ્યાહાર લેવો.) वाम् – તમારા બેમાંની એક બીજીની સાથે મળે છે. બે નદીઓનો પરસ્પરમાં સંગમ થાય છે. અહીં મૂળ ઐતિહાસિક સન્દર્ભ પણ એવો જ સાયણે (૩—૩૩ના આરંભે) બતાવ્યો છે કે – વિપાટ્—શુતુદ્રીના સંગમ સ્થળે ભરતોની સાથે ઋષિ વિશ્વામિત્ર આવીને ઊભા છે. બીજાઓ તો નદીઓને તરી ગયા, પણ વિશ્વામિત્ર તેમને તરવા માટે પ્રાર્થના કરે છે કારણ કે નદીઓ પૂર જોશથી વહેતી હતી અને ઉછળતા પાણીના તરંગોથી વધુને વધુ પુષ્ટ થતી હતી.

अच्छा सिन्धुं मातृतमामयासं विपांशमुर्वीं सुभगामगन्म ।

वत्समिव मातरां संरिहाणे समानं योनिमनु संचरन्ती ॥ ३३—३ ॥

अच्छं । सिन्धुंम् । मातृऽतंमाम् । अयासम् । विऽपांशम् । उर्वीम् । सुऽभगाम् । अगन्म ॥ वत्सम्ऽइंव । मातरां । संरिहाणे इतिं सम्ऽरिहाणे । समानम् । योनिंम् । अनुं । संचरन्ती इतिं सम्ऽचरन्ती ॥

(सायणः) हे नद्यौ ! मातृतमामतिशयेन मातरं सिन्धुं स्रवन्तीं शुतुद्रीं त्वाम् अच्छ आभिमुख्येन अयासं विश्वामित्रोऽहं प्राप्तोऽभूवम् । उर्वीं महतीं सुभगां सौभाग्यवतीं विपाशं त्वाम् अगन्म वयं प्राप्ताः स्मः । किं कुर्वत्यौ ? मातरा मातरौ द्वे धेनू वत्समिव संरिहाणे । अन्तर्णीतसन्नर्थो लिहिः । जिह्वया लेढुमिच्छन्त्यौ यथा वत्समनुगच्छतः तद्वत् समानम् एकम् योनिस्थानं समुद्रम् अनु अभिलक्ष्य संचरन्ती सम्यक् चरन्त्यौ । युवाम् अयासम् इति पूर्वेण अन्वयः ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુવાદ : ઉત્કૃષ્ટ માતા (જેવી શુતુદ્રી) નદીની પાસે હું પહોંચ્યો છું, વળી, વિશાળ અને સારા ભાગ્યવાળી એવી વિપાટ્ (નદી) પાસે અમે પહોંચ્યા છીએ. વાછરડાને ચાટતી બે (ગાય) માતાઓ જેવી (આ બે નદીઓ) એક સમાન સ્થાન તરફ, જઈ રહે છે. (૩–૩૩–૩).

અભ્યાસનોંધ : (૧) આ મન્ત્ર પણ વિશ્વામિત્ર બોલે છે. પૂર્વાર્ધમાં બે વાક્યો છે: (क) (अहम्) मातृतमाम् सिन्धुम् अच्छ अयासम् । હું (વિશ્વામિત્ર) ઉત્કૃષ્ટ, શ્રેષ્ઠ માતા સમી નદી (શુતુદ્રી)ની પાસે આવી પહોંચ્યો છું. या (જવું) ૨જો ગણ, અદ્યતન ભૂતકાળ (Aorist) પંહેલો પુ.એ.વ.નું રૂપ अयासम् । 'સિન્ધુ' એટલે નદી, પણ તે શુતુદ્રી જ છે એમ સમજવાનું છે. કારણ કે બીજા પાદમાં विपाशम् એવા શબ્દથી વિપાટ્નો જુદો નામોલ્લેખ છે. (ख) (वयम्) उर्वीम् सुभगाम् विपाशम् अगन्म । "(અમે) વિશાળ અને સારા ભાગ્યવાળી વિપાટ્ની પાસે પહોંચ્યાં છીએ." (૨) ઉત્તરાર્ધમાં બે નદીઓનું વર્ણન છે. જેમકે, वत्सम् इव संरिहाणे मातरा – વાછરડાને ચાટતી (सम् + रिहाणे =लिहाने) બે (ગાય) માતાના જેવી (આ બે નદીઓ), समानम् योनिम् अनु, संचरन्ती (=संचरन्त्यौ) સમાન આશ્રયસ્થાન તરફ સંચરતી છો – જઈ રહી છો. (૩) સાયણાચાર્ય ઉપમાને વધુ વિશદ કરતાં લખે છે કે – બે ગાય માતાઓ જેમ જીભથી ચાટવાની ઇચ્છા કરતી વાછરડાની પાછળ પાછળ જાય, તેમ આ બે નદીઓ "સમાન યોનિ તરફ" અર્થાત્ સમાન આશ્રય–સ્થાન (રૂપ સમુદ્ર) તરફ જઈ રહી છે.

एना वयं पयसा पिन्वमाना अनु योनिं देवकृतं चरन्तीः ।

न वर्तवे प्रसवः सर्गतक्तः किंयुर्विप्रो नद्यो जोहवीति ॥ ३३.४ ॥

एना । वयम् । पयसा । पिन्वमानाः । अनु । योनिम् । देवऽकृतम् । चरन्तीः ।
न । वर्तवे । प्रऽसवः । सर्गऽतक्तः । किम्ऽयुः । विप्रः । नद्यः । जोहवीति ॥

(सायणः) एवं स्तुते नद्यौ विश्वमित्रं प्रत्यूचतुः । एना एनेन पयसा पिन्वमाना सन्तर्पयन्त्यः देवकृतं देवेन इन्द्रेण कृतं संदिष्टं योनिं स्थानं समुद्रम् अनुलक्षीकृत्य चरन्तीर्गच्छन्त्यो वयम् आस्महे । द्वयोर्बहुवचनं पूजार्थम् । तासामस्माकं सर्गतक्तः सर्गे गमने प्रवृत्तः प्रसवः उद्योगो न वर्तवे, निवर्तनाय न भवति । किंयुः किमिच्छन् असौ विप्रो ब्राह्मणो नद्यो नदीरस्मान् जोहवीति भृशमाह्वयति ॥

અનુવાદ : આ જળથી છલકાતી અમે (બે નદીઓ) દેવોએ નિર્મેલા આશ્રયસ્થાન (અર્થાત્ સમુદ્ર) તરફ જઈએ છીએ. વહેવો ચાલુ થયેલો અમારો પ્રસવ (= પ્રવાહ) અટકી શકતો નથી. તો પછી શું ઇચ્છતો આ વિપ્ર (વિશ્વામિત્ર) (અમને) નદીઓને બોલાવી રહ્યો છે ? (૩–૩૩–૪)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

અભ્યાસનોંધ : (૧) આ મન્ત્ર, વિશ્વામિત્રને ઉદ્દેશીને, નદીઓ બોલે છે. પહેલા ત્રણ પાદમાં તો નદીઓ પોતાના પ્રવાહની, તેના લક્ષ્ય સ્થાનની દિશા, અને પોતે રોકી શકાય એવા પ્રવાહવાળી કેમ નથી – એ મુદ્દાઓને સ્પષ્ટ કરે છે. તથા છેલ્લા ચોથા પાદમાં વિશ્વામિત્રની ઈચ્છા જાણવા માંગે છે. (૨) પૂર્વાર્ધમાં વાક્યાન્વય આ પ્રમાણે છેઃ वयम् एना पयसा पिन्वमानाः, देवकृतं योनिम् अनु, चरन्तीः । અમે આ જળથી પુષ્ટ થતી (અર્થાત્ છલકાતી) દેવોએ નિર્મેલા આશ્રયસ્થાન – યોનિ – રૂપ સમુદ્ર તરફ જઈ રહી છીએ. देवकृतं દેવોએ નિર્મેલા અથવા ઈન્દ્રદેવે નિર્દેશેલા, योनिम् – આશ્રયસ્થાન (સમુદ્ર) તરફ જઈએ છીએ. અહીં (૩) योनिम् अनु માં अनु 'કર્મપ્રવચનીય' પ્રકારના પદ તરીકે વપરાયું છે. अनुर्लक्षणे । થી 'अनु'ના યોગમાં દ્વિતીયા વિભક્તિ વપરાય છે. (૪) અહીં બોલનાર નદીઓની સંખ્યા તો બે જ છે, પણ તેમણે પોતાને માટે માનાર્થે બહુવચનનો પ્રયોગ કર્યો છે. (૫) ત્રીજા પાદમાં નદીઓ પોતાની એક તકલીફ કહે છેઃ (अस्माकं) सर्गतक्तः प्रसवः न वर्तवे । '(અમારો) વહેવા માટે ચાલુ થયેલો' (सर्गतक्तः), प्रसवः =प्रवाह, न वर्तवे – રોકી શકાય એવો જ નથી, રોકવા માટે નથી (વૈદિક હેત્વર્થ કૃદન્તનું રૂપ) (૪) किंयुः विप्रः શું ઈચ્છતો વિપ્ર (=વિશ્વામિત્ર), શેની ઈચ્છા કરતો આ વિપ્ર, नद्यः (=नदीः) जोहवीति । નદીઓને બોલાવે છે, (નદીઓને સંબોધીને કહી રહ્યો છે.) किंयुः માં 'यु' પ્રત્યય ઈચ્છાદર્શક છે. આથી किंयुः 'શું ઈચ્છતો', 'શી વસ્તુની ઈચ્છા રાખતો' – આ પદ विप्रः નું વિશેષણ બન્યો છે. વેદમાં, આવા यु પ્રત્યયાન્ત બીજા શબ્દો પણ જોવા મળે છે. દા.ત., अध्वरयु, अश्वयु, वीरयु, ऋतयु વગેરે. (૫) न॒द्यः । પદમાં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત સ્વર (ધર્મ) આવેલો છે. પણ તેની પાછળના અક્ષર जो માં ઉદાત્ત સ્વર આવેલો નથી. તેથી द्यः માં કમ્પ જન્મ્યો નથી. આથી न॒द्यः ને કમ્પ વિનાનો જાત્ય સ્વતન્ત્ર સ્વરિત (અથવા 'નિત્યસ્વરિત') કહે છે. અહીં न॒दी + अ॒स् (દ્વિતીયા વિભક્તિ બહુવચન) – એમ પ્રકૃતિ પ્રત્યયના જોડાણથી नद्यः । પદ = રૂપ બને છે (= જન્મે છે). આ પ્રસંગે दी માંનો ઉદાત્ત અને अ॒स् પ્રત્યયનો અનુદાત્ત સ્વરધર્મ પણ પરસ્પરમાં સમાહાર પામે છે (મિશ્રણ પામે છે.) તેથી न॒द्यः । ના द्यः અક્ષરમાં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે. (૬) जोहवीति । ક્રિયાપદમાં √ ह्वे (૧લો ગણ, ઉભયપદી) ધાતુ છે કે જેમાંથી ह्वयति । ह्वयते રૂપો બને છે (સ્પર્ધા કરે છે, પડકાર ફેંકે છે/બોલાવે છે), તેનું પૌનઃપુન્યાર્થકવાળું પરસ્મૈદપદમાં વર્તમાનકાળનું ત્રી.પુ.એ.વ.નું આ રૂપ છે. "વિશ્વામિત્ર વારંવાર અતિશયતાપૂર્વક નદીઓને બોલાવે છે."

रमध्वं मे वचसे सोम्याय ऋतावरीरुप मुहूर्तमेवैः ।

प्र सिन्धुमच्छा बृहती मनीषावस्युरह्वे कुशिकस्य सूनुः ॥ ३३.५ ॥

रमध्वम् । मे । वचसे । सोम्याय । ऋतऽवरीः । उप । मुहूर्तम् । एवैः । प्र । सिन्धुम् । अच्छ । बृहती । मनीषा । अवस्युः । अह्वे । कुशिकस्य । सूनुः ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(सायणः) विश्वामित्रो नदीः प्रतिब्रूते । ऋतावरीः ऋतमुदकं तद्वत्यो हे नद्यो यूयं मे विश्वामित्रस्य मम सोम्याय । उत्तीर्याहं सोमं सम्पादयामीत्येवं सोमसम्पादिने । वचसे तदर्थम् । एवैः पञ्चम्यर्थे तृतीया । शीघ्रगमनेभ्यो मुहूर्तं मुहूर्तमात्रम् उपरमध्वम् । उपपूर्वो रमिरुपसंहारे वर्तते । क्षणमात्रं शीघ्रगमनादुपरता भवत । सामान्येन नदीपूच्यमानासु समीहितं प्रयोजनमकुर्वतीषु पुरोवर्तिनीं शुतुद्रीं प्रति ब्रूते । कुशिकस्य राजर्षेः सूनुर्विश्वामित्रोऽहं बृहती महत्या मनीषा मनीषया स्तुत्या अवस्युः आत्मनो रक्षणमिच्छन् सन्, सिन्धुं शुतुद्रीं त्वाम् अच्छ आभिमुख्येन प्राह्वे प्रकर्षेण आह्वयामि । अत्र निरुक्तम् – 'उपरमध्वं मे वचसे सोम्याय.....कुशिकस्य सूनुः । कुशिको राजा बभूव । (इति निरुक्तम् २–२५) ॥

અનુવાદ : હે ઋતનું પાલન કરનારી [અથવા – હે જળથી ભરેલી] (નદીઓ) ! મારી સોમયુક્ત વાણીને ખાતર (તમે) (તમારા) વહેણમાંથી ઘડીભર અટકી જાવ. મારી મોટી સ્તુતિ (મનીષા) નદી (શુતુદ્રી) તરફ (અભિમુખ થાય છે), (તમારા તરફથી) મદદની ઈચ્છાવાળો હું કુશિકનો પુત્ર તમને (બેને) બોલાવું છું. (૩–૩૩–૫)

અભ્યાસનોંધ : આ મન્ત્રમાં ઋષિ વિશ્વામિત્ર બોલે છે અને નદીઓને ઉદ્દેશીને કહે છે: (૧) પૂર્વાર્ધમાં વાક્યાન્વય આમ છેઃ हे ऋतावरीः ! मे सोम्याय वचसे, एवैः मुहूर्तम् उप रमध्वम् । અહીં ऋतावरीः = એવા સંબોધનમાં ऋत + वन् નું સ્ત્રીલિંગમાં રૂપાંતર કરીને ऋतवरीः બનાવ્યું છે.

વળી, છન્દની દૃષ્ટિએ આવશ્યક હોવાથી છાન્દસ દીર્ઘ વિધિ કરીને ऋतावरीः બનાવ્યું છે. તેનો એક અર્થ થાય છે – 'ઋતનું પાલન કરનારી' અથવા સાયણ મુજબ – 'ऋतम् એટલે પાણી, ऋतावरीः એટલે પાણીવાળી, જળથી ભરેલી નદીઓ.' (૨) सोम्याय નો અર્થ છે 'સોમયુક્ત.' પણ સાયણ કહે છે કે – હું (વિશ્વામિત્ર) વિપાટ્ નદીને પેલે પાર જઈને તમારા માટે સોમલતાઓ, સોમરસ લઈ આવીશ. આથી વિશ્વામિત્ર પોતે સોમ્ય કહેવાય. मे वचसे – મારા વચનને ખાતર, વાણીને ખાતર તમે (નદીઓ) एवैः – પ્રવાહોથી, ગમનોથી, વહેણમાંથી. અહીં સાયણ કહે છે કે एवैः એવા તૃતીયાન્ત પદને एवेभ्यः એવા પંચમી વિભક્તિના અર્થમાં લેવાનું છે. उप रमध्वम् – અટકી જાવ. (અહીં સંબોધ્ય નદીઓ બે જ છે; તથાપિ ક્રિયાપદમાં रमवम् એવો આજ્ઞાર્થ બી.પુ.બ.વ.નો પ્રયોગ છે.) (૩) ઉત્તરાર્ધમાં બે પાદના બે વાક્ય બનાવી શકાય છેઃ बृहती मनीषा सिन्धुम् अच्छ प्र (+ एति) । (મારી) મોટી મનીષા અર્થાત્ સ્તુતિ/પ્રાર્થના નદી (શુતુદ્રી) તરફ (અભિમુખ થઈ છે; અર્થાત્ આવે છે.) અહીં આધુનિક વિદ્વાનોએ प्र ઉપસર્ગને આધારે एति ક્રિયાપદનો અધ્યાહાર લેવાનું સૂચવ્યું છે. તથા ચોથા પાદને સ્વતન્ત્ર તરીકે જોયું છે. જેમકે, (युष्मत्) अवस्युः (अहम्) कुशिकस्य सूनुः अह्वे (=आह्वयामि) । "(તમારા તરફથી) મદદની ઈચ્છાવાળો હું, કુશિકનો પુત્ર (તમને બેને) બોલાવું છું." પરંતુ સાયણાચાર્યે ઉત્તરાર્ધના બન્ને પાદનું એક જ વાક્ય કલ્પ્યું છે, તથા અન્વય આમ ગોઠવ્યો છે : – कुशिकस्य सूनुः, बृहती मनीषा (તૃતીયાન્ત પદો તરીકે) अवस्युः सिन्धुम् अच्छ प्र अह्वे । અર્થાત્ "કુશિકનો પુત્ર (એવો હું વિશ્વામિત્ર) મોટી મનીષાથી – સ્તુતિથી – મારી જાતનું રક્ષણ ઈચ્છતો (अवस्युः) (શુતુદ્રી) નદી તરફ અભિમુખ થઈને મોટેથી બોલાવું છું."

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

इन्द्रो॑ अ॒स्माँ अ॑रद॒द्वज्र॑बाहु॒रपा॑हन्वृ॒त्रं प॑रि॒धिं न॒दीना॑म् ।

दे॒वो॑ऽनयत्सवि॒ता सु॑पा॒णिस्तस्य॑ व॒यं प्र॑स॒वे या॑म उ॒र्वीः ॥ ३३.६ ॥

इन्द्रः॑ । अ॒स्मान् । अ॒र॒द॒त् । वज्र॑ऽबाहुः । अप॑ । अ॒ह॒न् । वृ॒त्रम् । प॒रि॒ऽधिम् । न॒दीना॑म् ॥ दे॒वः । अ॒न॒य॒त् । स॒वि॒ता । सु॒ऽपा॒णिः । तस्य॑ । व॒यम् । प्र॒ऽस॒वे । याम॑ः । उ॒र्वीः ॥

(सायणः) नद्यः प्रत्यूचुः । हे विश्वामित्र ! वज्रबाहुः वज्रयुक्तो बाहुर्यस्यासौ वज्रबाहुः तादृशो बलवान् इन्द्रो नदीरस्मान् अरदत् । रदतिः खनतिकर्मा । अखनत् । कथमखनत् ? उच्यते — नदीनां शब्दकारिणीनामपां परिधिं परितो निहितम् उदकमन्तः कृत्वा परितो वर्तमानमित्यर्थः । तादृशं वृत्रम् । वृणोत्याकाशमिति वृत्रो मेघः । तं मेघमपाहन् जघान । तस्मिन् हते आपः पतिताः । ताभिर्गच्छन्तीभिर्वयं खाताः । एवं मेघहननद्वारेणाखनत् । न केवलमखनत् । किं तर्हि ? सविता सर्वस्य जगतः प्रेरकः सुपाणिः शोभनहस्त उत्पत्तिस्थितिकर्तृत्वात्तादृशो देवो द्योतमान इन्द्रोऽस्माननयत् । मेघभेदनं कृत्वा उदकप्रेरणेन समुद्रमपूरयत् । तस्य तादृशसामर्थ्योपेतस्य इन्द्रस्य प्रसवे अभ्यनुज्ञायां वर्तमाना उर्वीः उदकैः प्रभूताः वयं यामः गच्छामः । न तव वचनादुपरमामहे ॥

અનુવાદ : (નદીઓ બોલી) : જેના હાથમાં વજ્ર છે તેવા ઈન્દ્રે અમને (= નદીઓને) ખોદી કાઢી છે; નદીઓના (જળ)ને ચારે તરફથી જકડી રાખનાર વૃત્રને તેણે મારી નાખ્યો છે. સારા હાથવાળો સવિતા દેવ (અમને) દોરી ગયો છે. તેની આજ્ઞામાં અમે વિસ્તરતી જતી વહીએ છીએ. (૩–૩૩–૬)

અભ્યાસનોંધ : (૧) આ મન્ત્ર નદીઓ બોલે છે અને પોતે વિશ્વામિત્રની વિનંતીથી કેમ અટકી શકે એમ નથી એનો ખુલાસો આપે છે. (૨) પૂર્વાર્ધમાં બન્ને પાદમાં બે સ્વતન્ત્ર વાક્યો છે, બે જુદાં ક્રિયાપદ પણ જોઈ શકાય છે. જેમકે, (क) वज्रबाहुः इन्द्रः अस्मान् अरदत् । વજ્રબાહુ (બહુવ્રીહિ સમાસ) અર્થાત્ જેના હાથમાં વજ્ર છે તે, ઈન્દ્રે અમને ખોદી કાઢી છે. (અર્થાત્ અમારે વહેવાનો માર્ગ ખોદી આપ્યો છે. અહીં વૈદિક પુરાકથા – Mythology – નો સીધો ઉલ્લેખ છે.) સમાસના પૂર્વપદમાં જો ઉદાત્ત–સ્વર હોય, દા.ત., व॒ज्र॑बाहुः । તો તે બહુવ્રીહિ સમાસ છે એમ જાણવું. પરંતુ જો સમાસના અન્તિમ અક્ષરમાં ઉદાત્તસ્વર હોય તો તે તત્પુરુષ સમાસ હોય છે. (ख) બીજા પાદનું વાક્ય આમ છે :– नदीनाम् परिधिं वृत्रम् अपाहन् । નદીઓના (જળને) ચારે તરફથી જકડી રાખનાર વૃત્ર (નામના અસુરને, અથવા વાદળ)ને તેમણે (ઈન્દ્રે) હણી કાઢ્યો. સાયણે અહીં વૃત્ર શબ્દનો અર્થ કરવા वृणोति आकाशम् इति । એવી વ્યુત્પત્તિ આપી છે." જે આકાશને વીંટળાઈ વળે છે", તે (અર્થાત્ વાદળ), તેને 'વૃત્ર' કહે છે. આવો વૃત્ર (અર્થાત્ મેઘ) નદીઓના પાણીને પોતાનામાં સમાવી લે છે, જકડી રાખે છે. આથી ઈન્દ્ર વૃત્રને પોતાના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વિજળી રૂપી વજ્રથી મારી નાંખે છે; અને જકડાઈ રહેલા પાણીને વાદળમાંથી છુટાં કરે છે – વહાવે છે. વહેતાં પાણીથી જળમાર્ગ ખોદાય છે – આમ "ઈન્દ્રે નદીઓને ખોદી કાઢી છે" – એ પુરાકથા સાર્થક થાય છે. (૩) ત્રીજા પાદનું વાક્ય આમ છે: सुपाणि: सविता देव: (अस्मान्) अनयत्। 'સુન્દર હાથવાળા સવિતા દેવ (અમને) દોરી ગયા છે.' સાયણે અહીં સવિતા શબ્દનો રૂઢ અર્થ 'સૂર્ય' લીધો નથી. પણ ('સારા હાથવાળો' એટલે જેના હાથમાં વજ્ર છે તે (ઈન્દ્ર) અને 'સવિતા' એટલે 'પ્રેરક' (= જળને વહાવનાર) એવો અર્થ લીધો છે. આવા જગતના પ્રેરક દેવ ઈન્દ્રે અમને નદીઓને દોરી છે. (૪) ચોથા પાદમાં અન્વય આમ છે : – तस्य प्रसवे वयम् उर्वी: याम: । તે (ઈન્દ્ર)ની આજ્ઞામાં રહેલી અમે, વિસ્તરતી જઈએ છીએ. વિસ્તૃત થતી, વહી રહી છીએ.

प्रवाच्यं शश्वधा वीर्यं १ तदिन्द्रस्य कर्म यदहिं विवृश्चत् ।

वि वज्रेण परिषदो जघानायन्नापोऽयनमिच्छमाना: ।। ३३–७ ।।

प्रऽवाच्यम् । शश्वधा । वीर्यम् । तत् । इन्द्रस्य । कर्म । यत् । अहिम् । विऽवृश्चत् ।। वि । वज्रेण । परिऽसद: । जघान । आयन् । आप: । अयनम् । इच्छमाना: ।। ७ ।।

(सायण:) योऽयमिन्द्रोऽहिं मेघं विवृश्चत् उदकप्रेरणार्थं जघान इति यत्कर्म च्छेदनरूपं तदिदं तस्येन्द्रस्य वीर्यं सामर्थ्यं शश्वधा सर्वदा प्रवाच्यम् । प्रकर्षेण वचनीयम् । तथा स इन्द्र: परिषद: परित: सीदत – आसीनान् प्रतिबन्धकारिणोऽसुरान् वज्रेण विजघान, अथ अयनं स्थानमिच्छमाना: इच्छन्त्य: आप: आयन् यान्ति ।।

અનુવાદ : ઈન્દ્રનું તે કર્મ, કે (તેણે) જે અહિને ચીરી કાઢ્યો, (એ) પરાક્રમ (= વીરતા ભરેલું કર્મ) બધી રીતે/હંમેશા પ્રશંસવા યોગ્ય છે (મોટેથી કહેવા યોગ્ય છે). (તેણે) ચારે તરફ બેઠેલાઓ (પ્રતિબન્ધકારી અસુરો)ને વજ્રથી મારી કાઢ્યા. તથા માર્ગને ઈચ્છતાં જળ વહેવા લાગ્યાં. (૩–૩૩–૭)

અભ્યાસનોંધ : (૧) આ મન્ત્ર વિશ્વામિત્ર બોલે છે અને તેમાં ઈન્દ્રના પરાક્રમનું વર્ણન કરે છે. (૨) પૂર્વાર્ધના બે પાદનું એક વાક્ય બનાવાયું છે: इन्द्रस्य तत् कर्म, यत् अहिम् (स:) विवृश्चत्, (तद्) वीर्यम् शश्वधा (= सर्वथा) प्रवाच्यम् ।। ઈન્દ્રે 'અહિ' નામના રાક્ષસને જે ચીરી કાઢ્યો, તે ઈન્દ્રનું કર્મ; કે જે વીર્યશાળી = વીરતાભરેલું કાર્ય છે તે હંમેશા/બધી રીતે મોટેથી કહેવા યોગ્ય, અર્થાત્ વખાણવા યોગ્ય છે. (૨) અહીં વપરાયેલ શશ્વધા શબ્દ સમગ્ર ઋગ્વેદમાં આ એક જગ્યાએ જ વપરાયો છે. તેનો અર્થ સર્વથા, સર્વદા એવો થાય છે. (૩) वि + वृश्चत् = √ व्रश्च् (છટ્ઠો ગણ, પરસ્મૈપદ) 'કાપવું, ચીરવું' અર્થવાળા ધાતુનું (अट् આગમ વિનાનું) હ્યસ્તન ભૂતકાળ ત્રી. પુ.એ.વ.નું રૂપ છે. (૪) वीर्यम् શબ્દમાં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત સ્વર આવેલો છે. वीर् + अम् સન્ધિ થતાં, रि माંનો ઉદાત્ત અને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अ નો અનુદાત્ત પણ પરસ્પરમાં ભળે છે. તેથી वीर्यम् માં र्य અક્ષરમાં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે. ત્યાર પછી तदिन्द्रस्य એવાં પદો આવેલાં છે. તેમાંથી तद् નો त અક્ષર ઉદાત્તવાળો છે, **તેથી** તેની પૂર્વે આવેલા र्य માંના જાત્ય સ્વરિતનો ઉત્તરાર્ધ, (કે જે અનુદાત્તની) ૦।। માત્રાથી બનેલો છે, તે) કંપ અનુભવે છે. તેને સંહિતામાં નોંધવા માટે र्य ની પાછળ १ નું નિશાન મૂકવામાં આવ્યું છે. र्य ની ઉપરથી જાત્ય સ્વરિતની નિશાની ખસીને १ (એકડા) ઉપર જાય છે, તથા જાત્ય સ્વરિતના ઉત્તરાર્ધની એક અર્ધી માત્રા કમ્પ અનુભવે છે તેમ દર્શાવવા માટે, તે એકડાના નિશાનની નીચે અનુદાત્તની નિશાની પણ (१) મૂકાય છે. (૫) ત્રીજા પાદનું વાક્ય આમ છેઃ (सः इन्द्रः) परिषदः वज्रेण वि जघान । (તે ઈન્દ્રે) પરિષદ અર્થાત્ ચારે તરફ બેઠેલા (= પાણીને રોકનારા)ઓને વજ્રથી હણી કાઢ્યા. અહીં, સાયણે 'પરિષદ્'નો અર્થ "રુકાવટ લાવનારા અસુરો" કર્યો છે. પણ ડૉ. સોલોમનબહેન તેનો અર્થ "(જળને) રોકનારા પાળાઓ" એવો કરે છે. परि + √ सद् 'ચારે બાજુએ બેસવું' એવા ધાતુમાંથી આવા બધા જ અર્થ કાઢવા શક્ય છે. (૬) ચોથા પાદમાં આવું વાક્ય છે : — अयनम् (= मार्गम्) इच्छमानाः आपः आयन् । માર્ગને ઈચ્છતાં/શોધતાં, જળ વહેવા લાગ્યાં.

एतद्वचो जरितर्मापि मृष्ठा आ यत्ते घोषानुत्तरा युगानि ।

उक्थेषु कारो प्रति नो जुषस्व मा नो नि कः पुरुषत्रा नमस्ते ॥ ३३.८ ॥

एतत् । वचः । जरितः । मा । अपि । मृष्ठाः । आ । यत् । ते । घोषान् । उत्ऽतरा । युगानि ॥ उक्थेषु । कारो इति । प्रति । नः । जुषस्व । मा । नः । नि । करिति कः । पुरुषऽत्रा । नमः । ते ॥

અનુવાદ : હે સ્તુતિ કરનાર ! આ વાણીને ભૂલતો નહીં, કેમ કે હવે પછીના યુગો(માં આવનારા માણસો) તેની ઘોષણા કરી શકે. હે કારુ (= કવિ) ! સ્તોત્રોમાં (તમે) અમારો સ્વીકાર કરો; પુરુષોની અંદર અમને હલકા પાડશો નહીં. તમને (અમારા) નમસ્કાર છે. (૩–૩૩–૮)

અભ્યાસનોંધ : (૧) આ મન્ત્ર નદીઓ બોલે છે અને ઋષિ = કવિ વિશ્વામિત્રને કહે છે કે તમે અમને પ્રસન્ન કરવા જે વાણીનો ઉપયોગ કરો છો, તેને ભૂલશો નહીં. કેમ કે, તમારી આ વાણીથી ભવિષ્યમાં આવનારા બીજા યુગના માણસો પણ અમારી પ્રાર્થના કરી શકે. વળી, મન્ત્રના ઉત્તરાર્ધમાં નદીઓ એવી પણ વિનંતી કરે છે કે — હે કારુ ! (=કાવ્યની રચના કરનારા) સ્તોત્રોમાં તમે અમારો સ્વીકાર કરજો, અર્થાત્ તમે અમને તમારા કાવ્યનો, સ્તોત્રનો વિષય બનાવજો. (૨) जृ (૧લો ગણ, પરસ્મૈપદ) 'સ્તુતિ કરવી' ધાતુમાંથી जरितृ (સ્તુતિ કરનાર) એવું કૃદન્ત નામ બનાવ્યું છે; તેનું સંબોધન जरितर् થાય છે. मा अपि मृष्ठाः — તું (અમને) ભૂલીશ નહીં. (मृष् 'ભૂલી જવું' ધાતુનું લુઙ્લકાર અદ્યતન ભૂતકાળનું બીજો પુરુષ, એકવચનનું રૂપ છે. आ + घुष् (૧લો ગણ, ઉભયપદી, મોટેથી ઘોષણા કરવી, જાહેરાત કરવી, તેમાંથી आघोषान् — વૈદિક સંકેતાર્થ ત્રીજો પુરુષ બહુવચનનું રૂપ છે. उत्तरा युगानि = હવે પછી આવનારા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

યુગો. हे कारो – હે કવિ (= રચના કરનાર); સંબોધનવાળું પદ જો ओ કારાન્ત હોય (દા. ત., भानु → हे भानो) તો તેને પદપાઠમાં इति કરણ સાથે દર્શાવાય છે : कारु > हे कारो. (૩) उक्थेषु नः प्रति जुषस्व । "સ્તોત્રો (ઉક્થોમાં) અમારો સ્વીકાર કરો." અહીં प्रति + जुष् છઠ્ઠા ગણ ધાતુનો અર્થ ગમી જવું છે; તેનું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચન તે जुषस्व । અહીં એચ.ડી. વેલણકર સાહેબ કહે છે કે – રાજાઓને અને દેવતાઓનો મહિમા કવિની વાણી ઉપર નિર્ભર હોય છે. તેથી નદીઓ વિશ્વામિત્રને કહે છે કે તમારી વાણીમાં અમારો સ્વીકાર કરજો. (૪) पुरुषत्रा = પુરુષોની વચ્ચે, नः मा नि कः (= मा कार्षीः) અમને નીચા પાડશો નહીં. અહીં कः એવું રૂપ कृ ધાતુનું અદ્યતન ભૂતકાળ બી.પુ. એ. વ.નું છે. (એટલે કે किम् સર્વનામનાં પુલિંગમાં कः – कौ – के રૂપો થાય છે; તે આ મન્ત્રમાં વપરાયેલું कः રૂપ નથી.) મન્ત્રમાં વપરાયેલું कः રૂપ તો ક્રિયાપદનું છે અને તેથી જ પદપાઠમાં તેને इति કરણ અને 'ચર્ચા'થી અર્થાત્ પુનરુક્તિથી દર્શાવ્યું છેઃ करिति कः । (જો અહીં कः '= કોણ' એવું સર્વનામનું રૂપ હોત તો તેમાં આવો પદપાઠ ન થયો હોત. ત્યાં તો ખાલી कः । એવું જ થાત.)

ओ षु स्व॑सारः का॒रवे॑ शृणोत य॒यौ वो॑ दू॒राद॑न॑सा॒ रथे॑न ।

नि षू न॑मध्व॒ं भव॑ता सु॒पा॒रा अ॑धोअ॒क्षाः सिन्ध॑वः स्रो॒त्याभि॑ः ॥ ३३.९ ॥

ओ इति॑ । सु । स्व॒सा॒रः॒ । का॒रवे॑ । शृ॒णो॒त॒ । य॒यौ । व॒ः । दू॒रात् । अन॑सा । रथे॑न ॥ नि । सु । न॒म॒ध्व॒म् । भव॑त । सु॒ऽपा॒राः । अ॒धः॒ऽअ॒क्षाः । सि॒न्ध॒वः॒ । स्रो॒त्याभि॑ः ॥

(सायणः) विश्वामित्रो नदीः प्रत्युवाच । स्वसारो भगिन्यः हे नद्यः कारवे स्तोत्रं कुर्वाणस्य मम वचनं सु सुष्ठु ओ शृणोत शृणुतैव । अनसा शकटेन रथेन च सह दूराद् विप्रकृष्टाद् देशाद् वो युष्मान् ययौ प्राप्तोऽस्मि । यूयं सु सुष्ठु नि नमध्वम् । आत्मना स्वयं प्रह्वाः भवत । तथा सुपाराः रथादीनां तीरात् सुखेन अवरोहणारोहणे यथा स्यातां तथा शोभनरोधसश्च भवत । किं च यूयं स्रोत्याभिः स्रवणशीलाभिः अद्भिः अधोअक्षाः रथाङ्गस्याक्षस्याधस्ताद् भवत । यदा आपोऽक्षस्याधस्ताद् भवन्ति तदा रथादीनि नेतुं शक्यन्ते । तस्मात्तत्परिमाणोदका भवतेत्यर्थाभिप्रायः ॥

અનુવાદ : (વિશ્વામિત્ર બોલે છેઃ) હે બહેનો ! આ કવિને (માટે) (તમે) સાંભળો; (હું) ઘણે દૂરથી તમારી પાસે ગાડા (અને) રથ સાથે આવી પહોંચ્યો છે. તમે ઘણી નીચી નમો. હે સિન્ધુઓ (નદીઓ) ! તમે તમારા પ્રવાહોથી (રથના પૈડાંની) ધરીની નીચે વહેતી અને સહેલાઈથી પાર કરી શકાય એવી (એવાં પાણીવાળી) બનો. (૩–૩૩–૯)

અભ્યાસનોંધ : (૧) આ મન્ત્ર વિશ્વામિત્ર બોલે છે. એ નદીઓને નીચી નમવાની વિનંતી કરે છે. (૨) પહેલા બે પાદમાં એક–એક સ્વતન્ત્ર વાક્ય છેઃ (हे) स्वसारः ! कारवे ओ शृणोत । – હે બહેનો (स्वसृ = બહેન, તેનું સંબોધન બહુવચન) ! (તમે) કારુ અર્થાત્ કવિને માટે સાંભળો. અહીં પદપાઠમાં स्व॒सा॒रः॒ પદ સર્વાનુદાત્ત છે, તેથી નક્કી થાય છે કે તે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સંબોધનવાળું પદ છે. બીજું, જે ओ કારાન્ત નિપાત (અવ્યય) હોય છે તેને પદપાઠમાં इति કરણથી દર્શાવાય છે. અલબત્ત, વેંકટ માધવ નામના ભાષ્યકારે અહીં ओ અવ્યયમાં आ + उ = ओ એવી સન્ધિ થયેલી જોઈ છે. તેથી તેમણે ओ માંથી आ કારને છુટો પાડીને शृणोत ક્રિયાપદની પૂર્વે ગોઠવ્યો છે. "તમે સાંભળો." (૩) दूराद् – ઘણે દૂરથી, वः – તમારી પાસે, अनसा ગાડાથી, (અને) रथेन (सह) રથની સાથે (અહીં सह અર્થમાં તૃતીયા વિભક્તિ अनसा, रथेन વપરાઈ લાગે છે.) (अहम्) ययौ – (હું) આવી પહોંચ્યો છું. √ या બીજો ગણ 'જવું' ધાતુનું પરોક્ષ ભૂતકાળ પહેલો પુરુષ એ.વ.નું આ રૂપ છે. (ત્રીજા પુરુષમાં પણ આવું જ રૂપ થાય.) અહીં ययौ એટલે आययौ સમજવું. જેથી "આવી પહોંચ્યો છું." – એવો અર્થ મળી રહે. (૫) ઉત્તરાર્ધમાં બે વાક્ય છે, પણ તે આમ છેઃ (यूयं) नि नमध्वम् । "(તમે) ઘણી નીચી નમો." ત્યાર પછી, (हे) सिन्धवः ! (यूयम्) स्रोत्याभिः – હે નદીઓ ! તમે (તમારા) પ્રવાહોથી, अधोअक्षाः અને सुपाराः भवत । અક્ષની નીચે (અર્થાત્ રથની ધરીની નીચે) વહેતી; અને સહેલાઈથી પાર કરી શકાય એવી, भवत – બનો. (भू 'થવું', ૧લો ગણ, આજ્ઞાર્થ બી.પુ. બહુવચન). આમ भवत અને सुपारा શબ્દોને પણ ચોથા પાદ સાથે સાંકળીને વાક્ય બનાવવું પડે છે. (૬) વિશ્વામિત્રે નદીઓને અહીં 'स्वसृ' = બહેન તરીકે સંબોધી છે તે ધ્યાનાસ્પદ છે ! તથા વેદમાં નદીઓ માટે એક જાતિવાચક શબ્દ તરીકે सिन्धु શબ્દ વપરાય છે, તે પણ અહીં નોંધવું. (પંજાબમાં વહેતી એક ચોક્કસ સિન્ધુ નદી એવો અર્થ લેવાનો નથી.) (૭) બીજું, અહીં अनसा અને रथेन શબ્દોની વચ્ચે च નો અધ્યાહાર લઈને બન્ને જુદા પદાર્થ (ગાડું અને રથ) લેવાના છે તથા બન્ને શબ્દો ત્રીજી વિભક્તિ એકવચનમાં જ હોવા છતાંય પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય વિદ્વાનોએ તેને જાતિનિર્દેશ ગણીને, બહુવચનમાં ઘટાવ્યો છે.

आ तें कारो शृणवामा वचांसि ययाथं दूरादनंसा रथेन ।

नि तें नंसै पीप्यानेव योषा मर्यायेव कन्यां शश्वचै तें ॥ ३३–१० ॥

आ । ते । कारो इतिं । शृणवाम । वचांसि । ययाथं । दूरात् । अनंसा । रथेन ॥ नि । ते । नंसै । पीप्यानाऽइंव । योषां । मर्यायंऽइव । कन्यां । शश्वचै । त इतिं ते ॥ १० ॥

(सायणः) नद्यः पूर्वं विश्वामित्रवाक्यं प्रत्याख्याय अनया ऋचा तस्य वाक्यम् आशुश्रुवुः । कारो स्तोत्रं कुर्वाण हे विश्वामित्र ते तव वचांसि इमानि वाक्यानि आ शृणवाम शृणुमः । तव समीहितं प्रयोजनं कुर्म इत्यर्थः । अनसा शकटेन रथेन च सह ययाथ । यतो दूरादागतोऽसि । वयं च ते त्वदर्थं नि नंसै नीचैर्नमाम । प्रत्येकविवक्षया अत्रैकवचनम् । रथेन गन्तुं गाधोदका भवामेत्यर्थः । तत्र दृष्टान्तः । पीप्यानेव योषा पीप्याना पुत्रं स्तनं पाययन्ती योषा माता यथा प्रह्वीभवति । दृष्टान्तान्तरम् । यथा कन्या युवतिमर्यायेव मनुष्याय पित्रे भ्रात्रे वा शश्वचै परिष्वजनाय नम्रीभवति तद्वत् ते त्वदर्थं प्रह्वीभवामः । ते इति पुनरुक्तिरादरार्था ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુવાદ : હે કવિ ! અમે તમારાં વાક્યોને સાંભળીએ છીએ કે તમે ઘણે દૂરથી ગાડા અને રથની સાથે આવ્યા છો. (એક નદી કહે છેઃ–) "(બાળકને) સ્તનપાન કરાવતી સ્ત્રીની જેમ હું તારે માટે નીચે નમું છું." (બીજી નદી બોલીઃ)" માણસને માટે જેમ કોઈ કન્યા [અર્થાત્ પ્રિયતમને માટે જેમ કોઈ યુવતિ] (નમે), તેમ (હું) તમારે માટે નમું છું. (૩–૩૩–૧૦)

અભ્યાસનોંધ : (૧) આ મન્ત્ર નદીઓ બોલે છેઃ हे कारो ! ते वचांसि (वयं) शृणवाम – હે કવિ, (અમે) તમારાં વાક્યો સાંભળીએ છીએ. (સંહિતાપાઠમાં છાન્દસદીર્ઘ થવાથી शृणवामा એમ છે.) श्रु (પાંચમો ગણ, ઉભયપદી) સાંભળવું ધાતુનું વૈદિક વર્તમાનકાળ પરક સંકેતાર્થક રૂપ છે; પહેલો પુરુષ બહુવચન. (૨) બીજા પાદમાં કહે છેઃ (त्वं) दूराद् अनसा रथेन ययाथ । (તમે) દૂરથી ગાડા અને રથની સાથે આવી પહોંચ્યા છો. અહીં या 'જવું' ધાતુનું પરોક્ષ ભૂતકાળ બીજો પુરુષ એકવચનનું રૂપ ययाथ છે. (૩) ઉત્તરાર્ધમાં બન્ને નદીઓ વારાફરતી બોલે છે. પહેલાં એક નદી કહે છે કે – હે કવિ (વિશ્વામિત્ર), હું તારા માટે નીચે નમું છું; પણ કેવી રીતે ? તો તેને માટે એક ઉપમા વાપરી છેઃ – पीप्याना योषा इव ते नि नंसै ।" દૂધ પીવડાવતી (સ્તનપાન કરાવતી) સ્ત્રીની જેમ, તારે માટે, નીચે નમું છું !" અહીં नम् 'નમવું' ધાતુનું અદ્યતન ભૂતકાળના અંગ ઉપરથી બનાવેલું વૈદિક સંકેતાર્થ लेट् લકારનું રૂપ नंसै છે; પહેલો પુરુષ એકવચન. (૪) ચોથા પાદમાં બીજી નદી બોલે છે, તે પણ ઉપમા વાપરીને જ પોતે કેવી રીતે વિશ્વામિત્રને માટે નીચે નમે છે તે જણાવે છે : – कन्या मर्याय इव ते शश्वचै । કોઈ કન્યા (યુવતિ) જેમ મર્ય = માણસને (= પ્રિયતમને) માટે નમે, તેમ તારે માટે નમું છું. श्वञ्च (૧લો ગણ, આત્મનેપદી, 'જવું, નમવું' અર્થવાળા ધાતુનું અભ્યાસ (= દ્વિત્વ)વાળું અદ્યતન ભૂતકાળ लेट् લકારનું પ્રથમ પુરાષ એકવચનનું રૂપ છે. (૫) कन्यां । શબ્દમાં કંપરહિત જાત્ય સ્વતન્ત્ર સ્વરિત છે.

यदङ्ग त्वां भरताः संतरेयुर्गव्यन् ग्रामं इषित इन्द्रंजूतः ।

अर्षादहं प्रसवः सर्गतक्त आ वो वृणे सुमतिं यज्ञियानाम् ॥ ३३.११

यत् । अङ्ग । त्वा । भरताः । सम्ऽतरेयुः । गव्यन् । ग्रामः । इषितः । इन्द्रंऽजूतः । अर्षात् । अहं । प्रऽसवः । सर्गऽतक्तः । आ । वः । वृणे । सुऽमतिम् । यज्ञियानाम् ।

(सायणः) विश्वामित्रो नदीः प्रत्युवाच । अङ्गेत्यामन्त्रणे । हे नद्यो यद् यस्माद् युष्माभिः उत्तितीर्षोः मम उत्तरणमभ्यनुज्ञातं तस्माद् भरता भरतकुलजा मदीयाः सर्वे त्वा परस्परमेकतामापन्नां नदीं त्वां सन्तरेयुः सम्यगुत्तीर्णा भवेयुः । तदेव विशिनष्टि । गव्यन् गा उदकानि तरीतुमिच्छन् इषितस्त्वयाभ्यनुज्ञातः इन्द्रजूतो युष्माकं प्रवर्तकेन इन्द्रेण च प्रेरितो ग्रामो भरतानां संघः अर्षात् संतरेत् । यतः सर्गतक्तो गमनाय प्रवृत्तः प्रसवस्तेषामुद्योगोऽहं पूर्वं युष्माभिरनुज्ञातः । अहं तु यज्ञियानां यज्ञार्हाणां वो युष्माकं सुमतिं शोभानां स्तुतिं वृणे सर्वतः सम्भजे ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુવાદ : (તમારા વડે) અનુજ્ઞા પામેલા (इषितः) અને ઈન્દ્ર વડે મોકલવામાં આવેલા, એવા ગાયોને શોધતા સમૂહ (गव्यन् ग्रामः) રૂપ ભરતો (= ભરતકુળના વીરો) જ્યારે, અલી ઓ (નદીઓ) ! (अङ्ग), તમને તરી જાય; ત્યારે તમારો પ્રસવ = પ્રવાહ ભલે પહેલાંની જેમ (सर्गतक्तः) વહેવા લાગે. યજ્ઞ (યજન)ને યોગ્ય એવી તમારી કલ્યાણકારિણી મતિને હું પસંદ કરું છું. (૩–૩૩–૧૧).

અભ્યાસનોંધ : (૧) પૂર્વાર્ધમાં બે પાદનું એક વાક્ય છેઃ इषितः इन्द्रजूतः गव्यन् ग्रामः भरताः त्वा यद् (यदा) सन्तरेयुः (तदा) । इषितः નો અર્થ સાયણે "તમારા =નદીઓ વડે અનુજ્ઞા પામેલો; અર્થાત્ મોકલવામાં આવેલો, इन्द्रजूतः – ઈન્દ્ર વડે પ્રેરાયેલો, गव्यन् – ગાયોને ઇચ્છતો, શોધતો અથવા સાયણ કહે છે તેમ गो એટલે उदक, પાણીને તરવાની ઈચ્છાવાળો = गव्यन्, ग्रामः – સમૂહ, भरताः – ભરતો, ભરતકુળના વંશજોનો સમૂહ, यद् =यदा જ્યારે त्वा તમને, सन्तरेयुः = તરી જાય; (૨) ત્યાર પછી प्रसवः सर्गतक्तः अह अर्षात् =(તમારો) પ્રવાહ, પહેલાંની જેમ ભલે વહેવા લાગે. √ ऋ गतौ ધાતુ (જવું)નું અદ્યતન ભૂતકાળના અંગ ઉપરથી બનાવેલું વૈદિક લેટ્ લકારનું अर्षात् રૂપ છે; ત્રીજો પુરુષ એકવચન, अह – અવ્યયનો અર્થ થાય છેઃ "પહેલાંની જેમ", પૂર્વવત્. (૩) છેલ્લા પાદમાં કવિ કહે છે કે – यज्ञियानां वः सुमतिम् आ वृणे ।" – યજ્ઞને યોગ્ય – યજનને યોગ્ય એવી તમારી સુમતિને હું પસંદ કરું છું." √ वृ (वृणोति/वृणुत) ઉભયપદી પાંચમો ગણ વર્તમાન કાળ પહેલો પુરુષ એકવચન, તે वृणे.

अतारिषुर्भरता गव्यवः समभक्त विप्रः सुमतिं नदीनाम् ।

प्र पिन्वध्वमिषयन्तीः सुराधा आ वक्षणाः पृणध्वं यात शीभम्
॥ ३३.१२ ॥

अतारिषुः । भरताः । गव्यवः । सम् । अभक्त । विप्रः । सुऽमतिम् । नदीनाम् ॥ प्र । पिन्वध्वम् । इषयन्तीः । सुऽराधाः । आ । वक्षणाः । पृणध्वम् । यात । शीभम् ॥

(**सायणः**) गव्यवो गा आत्मन इच्छन्तो भरता भरतकुलजाः सर्वेऽताषुः तां नदीं समतरन् । विप्रो मेधावी विश्वामित्रो नदीनां सुमतिं शोभनां स्तुतिं समभक्त समभजत । यूयं तु यथापूर्वमिषयन्तीः कुल्यादिद्वाराऽन्नं कुर्वाणा अत एव सुराधाः शोभनधनोपेता यूयं वक्षणाः कृत्रिमसरितः कुल्याः प्र पिन्वध्वं प्रकर्षेण तर्पयत । आ पृणध्वं ताः सर्वतः पूरयत च । शीभं शीघ्रं गच्छत च ॥

અનુવાદ : (હે નદીઓ !) ગાયોની ઈચ્છા રાખતા ભરતો (ભરતકુળના વંશજો) (તમને) તરી ગયા. વિપ્રને (એટલે કે મેધાવી વિશ્વામિત્રને) નદીઓના અનુગ્રહનો

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભાગ મળ્યો. (હે નદીઓ !) ચેતન આપતી તમે પુષ્ટ થાવ; સારા ધનધાન્યથી યુક્ત એવી તમે (તમારા) પ્રવાહના પાત્ર (વક્ષણા)ને પણ છલકાવી દો; તથા તમે જલ્દીથી વહો. (૩–૩૩–૧૨).

અભ્યાસનોંધ : (૧) વિપાટ્ અને શુતુદ્રી નદીઓએ વિશ્વામિત્રની વિનંતી સાંભળી, બન્ને નીચે નમી ગઈ અને તેના પરિણામે ગાડાઓ અને રથની સાથે આવેલા વિશ્વામિત્ર નદીઓને પાર કરી ગયા. તે પછી વિશ્વામિત્રની સાથે આવેલા ભરતો પણ નદીઓનાં જળને પાર કરી ગયા. તે પછી કવિ વિશ્વામિત્ર આ બારમો મન્ત્ર બોલે છે તથા નદીઓને ફરી પૂરજોશમાં વહેવાનું કહે છે. (૨) આ મન્ત્રમાં કુલ પાંચ વાક્યો છેઃ (क) गव्यवः भरताः अतारिषुः । – "ગાયોની ઈચ્છા રાખતા, ભરતકુળના વંશજો (= ભરતો), (નદીઓને) તરી ગયા." અહીં √ तृ (तरति) નું અદ્યતન ભૂતકાળ ત્રીજો પુરુષ બહુવચન अतारिषुः છે. गव्यु (ગાયની ઈચ્છાવાળો) તેનું પ્રથમા બહુવચન गव्यवः, જે ભરતોનું વિશેષણ બને છે. (ख) विप्रः नदीनाम् सुमतिं सम् अभक्त ।" વિપ્રે અર્થાત્ મેધાવીએ (અહીં આ શબ્દ વિશ્વામિત્રને માટે વપરાયો છે.) નદીઓની સુમતિ અર્થાત્ અનુગ્રહબુદ્ધિનો ભાગ મેળવ્યો." (ग) इषयन्तीः (यूयम्) प्र पिन्वध्वम् – ચેતના આપતી, (તમે) પુષ્ટ થાવ, વૃદ્ધિ પામો. इष् (इष्यति) "ગતિશીલ થવું, જવું" ઉપરથી પ્રેરક વર્તમાન કૃદન્ત इषयत् બનાવી, તેનું સ્ત્રીલિંગ પ્રથમા બહુવચન इषयन्तीः । અર્થાત્ ચેતના આપતી. (घ) (यूयम्) सुराधाः वक्षणाः आ पृणध्वम् । (તમે) સારા ધનધાન્ય (राधस्) થી યુક્ત એવી, વક્ષણાને અર્થાત્ પ્રવાહના પાત્રને ભરી દો, છલકાવી દો. (ङ) (यूयम्) शीभम् यात – તમે (નદીઓ) જલ્દીથી જાવ, વહો. અહીં शीभम् નો અર્થ शीघ्रम् થાય છે.

उद्व॑ ऊ॒र्मिः शम्या॑ ह॒न्त्वापो॒ योक्त्रा॑णि मुञ्चत ।
माद॑ुष्कृतौ॒ व्ये॑नसा॒घ्न्यौ शू॒नमार॑ताम् ॥ ३३–१३ ॥

उत् । व॒ः । ऊ॒र्मिः । शम्या॑ः । ह॒न्तु । आप॑ः । योक्त्रा॑णि । मु॒ञ्च॒त । मा । अदु॑ःऽकृतौ । विऽए॑नसा । अ॒घ्न्यो । शून॑म् । आ । अ॒र॒ता॒म् ॥

(सायणः) पूर्वमुत्तितीर्षुर्विश्वामित्रो नदीरुक्त्वा अधुना उत्तितीर्षुः पुनराह । हे नद्यो वो युष्माकमूर्मिस्तरङ्ग शम्या युगयकण्ठपार्श्वादिसंलग्नाः रज्जवः उद् ऊर्ध्वं यथा भवन्ति तथा हन्तु गच्छतु । स तरङ्गो रज्जूनमधा गच्छतु इत्यभिप्रायः । तथा हे आपो यूयं योक्त्राणि ता रज्जूर्मुञ्चत । यथा न स्पृशन्ति तथा यान्तु इत्यभिप्रायः । व्येनसा विगतपापे अत एव अदुष्कृतौ कल्याणकर्मकारिण्यौ अघ्न्यौ अघ्न्ये न केनापि तिरस्करणीये विपाट्छुतुद्र्यौ शून समृद्धिम् मा आरताम् आगच्छताम् । एवं विश्वामित्रो नदीः स्तुत्वा ताभिरनुज्ञातोऽतरदिति ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુવાદ : (હે નદીઓ !) તમારું (પાણીનું) મોજું ધુંસરીને ઉપર ધકેલે (उद् हन्तु). હે જળ ! (બળદને ધુંસરીએ જોતરવાનાં) દોરડાંઓને (તમે) છોડો. નિષ્પાપ (व्येनसा), કલ્યાણકારિ કર્મો કરનાર અને અઘ્ન્ય (= હણવા યોગ્ય અહીં તેવી) [અર્થાત્ વિપાટ્ અને શુતુદ્રી] એવી તમે બે શૂન્યતાને (= વિનાશને) પામશો નહીં. (૩–૩૩–૧૩).

અભ્યાસનોંધ : (૧) પૂર્વાર્ધમાં બે વાક્યો છે : (क) वः (युष्माकं) ऊर्मिः शम्याः उद्हन्तु । "તમારું (પાણીનું) મોજું, શમ્યાને અર્થાત્ ઘૂંસરીને (બળદને ગાડી જોડવા માટેનો વચ્ચેનો આડો દંડો), ઉપર ધકેલે." અહીં हन् ધાતુ ગત્યર્થક ધાતુ તરીકે વપરાયો છે, તે ધ્યાનાસ્પદ છે. (સામાન્ય રીતે તે 'હણવું' અર્થમાં વપરાતો જોવા મળે છે.) (ख) आपः ! योक्त्राणि मुञ्चत । 'હે જળદેવતા ! તમે દોરડાંને (योक्त्र) છોડો.' બળદને ઘૂંસરીએ જોડવા માટેનાં દોરડાંને અહીં योक्त्राणि કહ્યાં છે. (૨) ઉત્તરાર્ધનો અર્થ સાયણાચાર્ય મુજબ આપ્યો છે. व्येनसा – वि + एनसा – વિગત પાપવાળી (આ નદીઓનું વિશેષણ છે), अदुष्कृतौ – કલ્યાણકર્મ કરનારી, अघ्न्यौ – હણી ન શકાય તેવી (આ બન્ને શબ્દો પણ વિપાટ્ અને શુતુદ્રીનાં વિશેષણ છે.) शूनं मा आ अरताम् = શૂન્યતાને, અર્થાત્ વિનાશને પામે નહીં. અહીં आ + √ ऋ गतौ ધાતુનું અદ્યતન ભૂતકાળ બીજો પુરુષ દ્વિવચનનું રૂપ अरताम् છે. (आ अरताम् = आ + अगच्छताम् થશે.)

આ મન્ત્ર બાબતે કેટલાક અભિપ્રાયો નોંધનીય છેઃ (૧) ડૉ. એચ. ડી. વેલણકર જણાવે છે કે – ભરતકુળના સૌ વંશનો વિપાટ્ અને શુતુદ્રીને ઓળંગી જાય છે, પણ એક મોડા પડી ગયેલા ગાડાને માટે, વિશ્વામિત્રે ફરીથી પ્રાર્થના કરીને નદીઓના પાણીને વિનંતી કરી છે. (૨) પ્રોફે. ગ્રિફિથના મતે આ મન્ત્ર પાછળથી ઉમેરવામાં આવેલો જણાય છે, કેમ કે આખું સૂક્ત ત્રિષ્ટુપ્ છન્દમાં છે, જ્યારે આ છેલ્લો મન્ત્ર જ અનુષ્ટુપ્ છન્દમાં છે. (૩) ગૃહ્યસૂત્રો આ મન્ત્રનો વિનિયોગ બતાવતાં કહે છે કે નવપરિણીત પત્નીને શ્વસુરગૃહે જતાં વચગાળામાં જે નદીનાં જળ ઓળંગવાનાં થાય, ત્યારે આ મન્ત્ર બોલવાનો હોય છે. અલબત્ત, આવો વિનિયોગ જ આ મન્ત્ર પાછળનો હોવાની શંકાને દૃઢ કરે છે એમ વિદ્વાનો કહે છે; પરંતુ એવું પણ બને કે મન્ત્ર પ્રાચીન હોય અને પાછળના કાળમાં તેનો વિનિયોગ ક્યાં કરવો ? તે નક્કી કર્યું હોય !

◆ ◆ ◆

૪. उषः सूक्तम् (૫ : ૮૦)

[ऋषिः – सत्यश्रवाः, देवता – उषाः, छन्दः – त्रिष्टुप्]

द्युतद्यामानं बृहतीमृतेन ऋतावरीमरुणप्सुं विभातीम् ।

देवीमुषसं स्वरावहन्तीं प्रति विप्रासो मतिभिर्जरन्ते ॥ ૫.૮૦.૧

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

द्युतत्ऽयामानम् । बृहतीम् । ऋतेनं । ऋतऽवरीम् । अरुणऽप्सुम् । विऽभातीम् ॥ देवीम् । उषसंम् । स्वः । आऽवहंन्तीम् । प्रतिं । विप्रांसः । मतिऽभिंः । जरन्ते ।

(सायणः) द्युतद्यामानं दीप्तरथां बृहतीं महतीम् ऋतेन सत्येन यज्ञेन वा ऋतावरीम् ऋतवतीम् अरुणप्सुम् अरुणरूपां विभातीं व्युच्छन्तीं देवीं द्योतमानाम् उषसं स्वरावहन्तीं सूर्यं गच्छन्तीम् । एवं महानुभावामुषसं विप्रासो मेधाविन ऋत्विजो मतिभिः स्तुतिभिः प्रति जरन्ते स्तुवन्ति ॥

અનુવાદ : ચમકતા માર્ગવાળી, ઋતને કારણે મહાન, ઋતની સ્વામિની, અરુણ (= લાલ) વર્ણવાળી, ચમકતી અને સૂર્યને (પોતાની પાછળ) લઈ આવનારી ઉષાદેવીને વિપ્રો (= મેધાવીઓ) સ્તોત્રો વડે સ્તવે છે (= સ્તુતિ કરે છે). (૫–૮૦–૧)

અભ્યાસનોંધ : (૧) આ મન્ત્રમાં મુખ્ય સાદું વાક્ય આ પ્રમાણે છે : – विप्रासः उषसं देवीम् मतिभिः प्रति जरन्ते । 'વિપ્રો ઉષાદેવીને સ્તોત્રોથી સ્તવે છે.' આ સિવાયનાં સ્ત્રીલિંગ બીજી વિભક્તિ એકવચનવાળાં અન્ય પદો ઉષાનાં વિશેષણો છે. જેવાં કે – (૧) द्युतत्यामानम् – ચમકતા માર્ગવાળી, – માર્ગ (ઉપર ફરનારી), (૨) ऋतेन बृहतीम् – ઋતથી મહાન બનેલી, (૩) ऋतावरीम्– ઋતની માલિક, (૪) अरुणप्सुं विभातीम् – અરુણ અર્થાત્ લાલ વર્ણવાળી અને ચમકતી, (૫) स्वः आवहन्तीम् – 'स्वः' અર્થાત્ સૂર્યને (પોતાની પાછળ) લઈ આવનારી એવી, [દેવી ઉષાને – વિશેષ્ય]; વિપ્રો (કર્તા પદ), मतिभिः – બુદ્ધિથી, અર્થાત્ (લક્ષણાથી) સ્તોત્રો વડે; प्रति + जृ સ્તુતિ કરવી ધાતુ ઉપરથી जरन्ते – સ્તુતિ કરે છે. (૨) અહીં स्वः પદમાં કમ્પ વિનાનો જાત્ય સ્વતન્ત્ર સ્વરિત સ્વર જોવા મળે છે.

एषा जनं दर्शता बोधयंन्ती सुगान्पथः कृण्वती यात्यग्रे ।

बृहद्रथा बृहती विश्वमिन्वोषा ज्योतिर्यच्छत्यग्रे अह्नाम् ॥ ८०.२ ॥

एषा । जनम् । दर्शता । बोधयंन्ती । सुऽगान् । पथः । कृण्वती । याति । अग्रे ॥ बृहत्ऽरथा । बृहती । विश्वमऽइन्वा । उषाः । ज्योतिः । यच्छति । अग्रे । अह्नाम् ॥

(सायणः) दर्शता दर्शनीया एषा उषा बोधयन्ती । कम् । जनम् । प्रसुप्तमित्यर्थः । पथः सुगान् सुगमनान् कृण्वती । अग्रे सूर्यस्य पुरस्ताद् याति गच्छति । कीदृशी उषाः ? बृहद्रथा प्रभूतरथा । बृहती महती । विश्वमिन्वा विश्वं व्याप्नुवाना विश्वतर्पणा वा । ईदृशी उषाः अह्नाम् अग्रे ज्योतिस्तेजो यच्छति ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુવાદ : આ દર્શનીય એવી (ઉષા) લોકોને જગાડતી અને (તેમના) માર્ગોને સુગમ બનાવતી આગળ વધી રહી છે. મોટા રથવાળી અને વિશાળ એવી તે બધાને વ્યાપી વળતી (અથવા – બધાને ક્રિયાશીલ બનાવતી – विश्वम् इन्वा) ઉષા દિવસોની આગળ જ્યોતિને (= પ્રકાશને) અર્પે છે. (૫–૮૦–૨)

અભ્યાસનોંધ : (૧) ઋગ્વેદનું કાવ્યતત્ત્વ જેમાં સવિશેષપણે જોવા મળે છે, તે ઉષાસૂક્તોમાંનું એક આપણે જોઈ રહ્યા છીએ. આ મન્ત્રમાં ઉષાનું બહુ સ્વાભાવિક છતાં મનોહર વર્ણન છે. (૨) પૂર્વાર્ધનો વાક્યાન્વય આ પ્રમાણે ગોઠવવાનો છે : – एषा दर्शता (= दर्शनीया) जनं बोधयन्ती, पथः सुगान् कृण्वती अग्रे याति। ઉષાને दर्शता અર્થાત્ દર્શનીય, રૂપાળી કહી છે તે યથાર્થ છે. તે માણસોને સવારે જગાડે છે. (લોકોના) માર્ગોને તે સુગમ (સહેલાઈથી જઈ શકાય એવા, અર્થાત્ અંધકાર વિનાના) બનાવે છે. તથા તે સતત આગળને આગળ ચાલ્યા કરે છે.

एषा गोभिंररुणेभिंर्युजानास्त्रेंधन्ती रयिमप्रांयु चक्रे ।

पथो रदंन्ती सुवितायं देवी पुंरुष्टुता विश्ववांरा वि भांति ॥ ८०.३ ॥

एषा । गोभिंः । अरुणेभिंः । युजाना । अस्त्रेंधन्ती । रयिम् । अप्रंऽआयुः । चक्रे । पथः । रदंन्ती । सुवितायं । देवी । पुरुऽस्तुता । विश्वऽवांरा । वि । भाति ।

(सायणः) एषा उषा अरुणेभिररुणवर्णैः गोभिः बलीवर्दैः रथं युजाना योजयन्ती अस्रेधन्ती अशुष्यन्ती अक्षीणा वा । किम् ? रयिं धनम् अप्रायु अप्रगन्तृ अविचलितं चक्रे करोति । किं कुर्वती ? पथो मार्गान् रदन्ती प्रकाशयन्ती । किमर्थम् ? सविताय सुष्ठु गमनाय देवी द्योतमाना पुरुष्टुता बहुभिः स्तुता विश्ववारा सर्वैः वरणीया विभाति प्रकाशं करोति ॥

અનુવાદ : લાલ રંગના બળદોની સાથે (રથને) જોડતી, (ક્યારેય) ભૂલી ન પડતી એવી આ (ઉષા)એ ચોક્કસપણે ધન – સમૃદ્ધિ કરી આપી છે. સારા ગમનોને માટે (અથવા તો સમૃદ્ધિ – કલ્યાણને માટે सुविताय) માર્ગોને ખોદતી દેવી (ઉષા) ઘણા બધાથી સ્તુતિ પામતી અને બધા વડે પસંદ કરવા યોગ્ય (ભેટો)થી યુક્ત એવી તે (ઉષા) વિશેષ રૂપે ચમકે છે. (૫–૮૦–૩)

અભ્યાસનોંધ : (૧) પૂર્વાર્ધમાં આ પ્રમાણે વાક્ય છે : – अरुणेभिः गोभिः (सह रथं) युजाना एषा (उषाः), अस्रेधन्ती अप्रायु रयिम् चक्रे। અહીં अस्रेधन्ती – ભૂલી ના પડતી, ભૂલ નહીં કરનારી; અથવા વેલણકર મુજબ ક્ષીણ નહીં થતી (ઉષા રોજ રોજ પૂર્વદિશામાં આવે છે પણ તે ક્યારેય રૂપેરંગે ક્ષીણ થતી નથી.), अप्रायु ચાલ્યું નહીં જતું, અર્થાત્ નિશ્ચિત રીતે, रयिम्–ધન સમૃદ્ધિ, चक्रे – કરી આપે છે. (૨) ઉત્તરાર્ધમાં આવું વાક્ય सुविताय पथः रदन्ती

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

देवी (उषाः) पुरुष्टुता विश्ववारा विभाति । સારા ગમનોને માટે, અથવા સમૃદ્ધિને માટે, पथः — માર્ગોને रदन्ती — ખોદતી, (સ્ત્રીલિંગ વર્તમાન કૃદન્ત, અને ઉષાનું વિશેષણ), देवी (उषाः) દેવી ઉષા, पुरुष्टुता — ઘણા બધાથી સ્તવાતી, અને विश्ववारा — બધાને માટે વરણીય પસંદ કરવા યોગ્ય ભેટ લાવી આપનારી, તે वि + भाति — વિશેષ રૂપે શોભે છે, ચમકે છે.

एषा व्येनी भवति द्विबर्हा आविष्कृण्वाना तन्वं पुरस्तात् ।

ऋतस्य पन्थामन्वेति साधु प्रजानतीव न दिशो मिनाति ॥ ८०.४ ॥

एषा । विऽएनी । भवति । द्विऽबर्हाः । आविःऽकृण्वाना । तन्वम् । पुरस्तात् ॥ ऋतस्य । पन्थाम् । अनु । एति । साधु । प्रजानतीऽइव । न । दिशः । मिनाति ॥

(सायणः) एषोषाः व्येनी भवति । विशेषेण श्वेता भवति । द्विबर्हाः द्वयोः प्रथममध्यमयोः स्थानयोः परिवृढोषाः पश्चात्तन्वं स्वीयां तनूमाविष्कृण्वाना प्रकटीकुर्वती । कुत्र ? पुरस्तात् पूर्वस्यां दिशि । किं च ऋतस्यादित्यस्य पन्थां पन्थानं साधु सम्यग् अन्वेति । किं च प्रजानतीव विश्वं प्रज्ञापयन्ती । इवेति सम्प्रत्यर्थे । न दिशो मिनाति । न हिनस्ति । प्रत्युत दिशः प्रकाशयति । अथवा प्रजानतीव अनुगन्तव्यमिति प्रकर्षेणावगच्छन्ती च ऋतस्य पन्थामन्वेति ॥

અનુવાદ : પૂર્વ દિશામાં (પોતાના) શરીરને આવિષ્કૃત (= પ્રકટ) કરતી વિશેષ રૂપે શ્વેત વર્ણવાળી (व्येनी), એવી આ (ઉષા) બે તરફ (= સ્વર્ગલોક અને અંતરિક્ષ લોકમાં) ફેલાયેલી છે. તે (ઉષા) ઋતના માર્ગને સારી રીતે અનુસરે છે; વળી, જાણે બધું જાણતી હોય તેમ દિશાઓને ભૂલી જતી નથી ! (૫—૮૦—૪).

અભ્યાસનોંધ : (૧) પૂર્વાર્ધમાં વાક્યાન્વય આમ છે : पुरस्तात् तन्वम् आविष्कृण्वाना व्येनी एषा (उषाः) द्विबर्हा भवति । पुरस्तात् એટલે પૂર્વદિશામાં, तन्वम् — શરીરને અર્થાત્ પોતાના રૂપને [અહીં तन्वम् શબ્દ કંપરહિતનો જાત્યસ્વરિત સ્વર ધરાવે છે.] आविष्कृण्वाना — આવિષ્કૃત કરતી એટલે કે પ્રકટ કરતી, व्येनी — વિશેષ રૂપે શ્વેત, ઉજ્જ્વળ, एषा — એવી આ (ઉષા), द्विबर्हा — બે તરફ ફેલાયેલી (બ્રહ્માંડના ઉપરના બે લોક — સ્વર્ગલોક અને અન્તરિક્ષલોક—ને વ્યાપીને રહેલી છે. કોઈકે તેનો અર્થ 'બમણી રીતે મજબૂત' એવો પણ કર્યો છે. (૨) ઉત્તરાર્ધમાં બે વાક્ય છેઃ (क) ऋतस्य पन्थाम् साधु अन्वेति — ઋતના માર્ગને સારી રીતે અનુસરે છે. વેદમાં 'સત્ય' માટે બે શબ્દો વપરાયા છે : (i) સત્ય (સાચું) અને (ii) ઋત. આમાં કુદરતનાં, પ્રકૃતિના જે શાશ્વત નિયમો છે. [દા.ત., સૂર્યનું રોજ સવારે પૂર્વ દિશામાં ઉગવું, નદીઓનું વહેવું વગેરે] તેને 'ઋત' કહે છે. તો ઉષાદેવી પણ આવા 'ઋત'ના (મહાસત્યના) નિયમને/માર્ગને વશ વર્તીને રોજ સવારે સૂર્યોદય પહેલાં આવવાનું કાર્ય તો કરે જ છે. અહીં साधु (= સારી રીતે) આ શબ્દ ક્રિયાવિશેષણ તરીકે વપરાયો છે. (ख) (उषाः) प्रजानती इव दिशः न मिनाति — ઉષા જાણે બધું જાણતી હોય તેમ દિશાઓને (ક્યારેય) ભૂલતી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

નથી. અર્થાત્ પ્રાતઃકાળે ઉષાએ પૂર્વદિશામાં જ ઉગવાનું હોય છે, તેને બદલે તે ક્યારેય દક્ષિણમાં કે પશ્ચિમમાં ઉગતી નથી. मिनाति – √ मी નાશ કરવો, ખોવાવું, નવમો ગણ, તેનું વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ છે. સાયણે मिनाति નો અર્થ '(ઉષાદેવી દિશાઓનો) નાશ કરતી નથી, બલ્કે (દિશાઓને) ચમકાવે છે' એવો કર્યો છે.

एषा शुभ्रा न तन्वों विदानोर्ध्वेव स्नाती दृशये नो अस्थात् ।

अप द्वेषो बाधमाना तमांस्युषा दिवो दुहिता ज्योतिषागांत्

॥ ૫–૮૦–૫ ॥

एषा । शुभ्रा । न । तन्वः । विदाना । ऊर्ध्वाऽइंव । स्नाती । दृशये । नः । अस्थात् ॥ अपं । द्वेषः । बाधमाना । तमांसि । उषाः । दिवः । दुहिता । ज्योतिषा । आ । अगात् ॥

(सायणः) एषोषाः शुभ्रा न शुभ्रवर्णा निर्मला स्वलङ्कृता योषिदिव तन्वोऽङ्गानि विदाना प्रज्ञापयन्ती स्नाती स्नानं कुर्वाणा ऊर्ध्वा इव उन्नतेव स्नानादुत्तिष्ठन्तीव नोऽस्मदर्थमस्माकं पुरतो वा दृशये सर्वेषां दर्शनाय उदस्थात् । पूर्वस्यां दिशि उत्तिष्ठति । किं कुर्वती ? द्वेषो द्वेष्याणि तमांसि अपबाधमाना दिवो दुहिता उषा ज्योतिषा तेजसा सहागात् आगच्छति ॥

અનુવાદ : આ (ઉષા) શુભ્રવર્ણની (સ્ત્રીની) જેમ (પોતાનાં નવાં નવાં) રૂપોને (= શરીરને) પ્રકટ કરતી (અથવા જાણતી), સ્નાન કરીને ઉઠતી સ્ત્રીની જેમ, અમે જોઈ શકીએ માટે ઊભી થઈ છે. દ્વેષીલાઓને તથા અંધકારને પણ મારી હઠાવતી, આ દ્યુલોકની પુત્રી સમી ઉષા જ્યોતિની સાથે આવી પહોંચી છે. (૫–૮૦–૫).

અભ્યાસનોંધ : (૧) અહીં ડૉ. એસ્તેરબહેન સોલોમનના મતે કવિના મનમાં બે ઉપમા છે : — પોતાના રૂપની બાબતમાં સભાન અને બીજાઓ જુએ એ માટે તેમની સાથે ઊભી રહેતી રૂપવતી નારીની, અને સ્નાન પછી કેશ છુટા રાખીને ઊભી રહેલી રૂપાળી સ્ત્રીની ઉપમા. અર્થાત્, જે ઉષાનાં પથરાયેલાં તેજ છે. (૨) પૂર્વાર્ધમાં વાક્યનો અન્વય આમ છેઃ एषा शुभ्रा न (= इव), तन्वः विदाना, स्नाती ऊर्ध्वा इव (योषित्) नः दृशये अस्थात् । આ શુભ્રા એટલે શુભ્ર વર્ણવાળી (સ્ત્રીની) જેમ, તનુ શબ્દનું દ્વિતીયા બહુવચન तन्वः, અર્થાત્ પોતાનાં વિવિધ રૂપોને, विदाना – જાણતી, (એવી ઉષા), (પહેલી ઉપમા); ત્યાર પછી કવિ કહે છે કે स्नाती = स्नात्वा સ્નાન કરીને ઉઠતી સ્ત્રીની જેમ, અમારા = અમારે જોવાને માટે (પૂર્વદિશામાં) આવીને ઊભી છે. √ स्था (ઊભા રહેવું) ધાતુનું અદ્યતન ભૂતકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ अस्थात् છે. (૩) ત્રીજા પાદમાં ઉષાનું કાર્ય વર્ણવે છેઃ द्वेषः દ્વેષિલાઓ અને तमांसि – અંધકારોને, अप + बाधमाना – મારી હઠાવતી (ઉષા), ચોથા પાદમાં दिवः दुहिता उषा ज्योतिषा आगात् । – "દ્યુલોકની દીકરી એવી ઉષા, જ્યોતિષ્

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

= પ્રકાશની સાથે આવી પહોંચી છે." (૪) અહીં √ इण् ધાતુને गा આદેશ થયા પછી अगात् રૂપ અદ્યતન ભૂતકાળ ત્રીજા પુરુષ એકવચનમાં થાય છે. અહીં ઉષાને दिवः दुहिता કહી છે, તે યથાર્થ છે. विदाना નો અર્થ 'અર્પતી' પણ થાય છે, અને 'જાણતી' પણ થાય છે. तन्वः શબ્દ કમ્પ વિનાનો જાત્યસ્વરિત સ્વરવાળો છે.

एषा प्रतीची दुहिता दिवो नॄन् योषेव भद्रा नि रिणीते अप्सः ।
व्यूर्ण्वती दाशुषे वार्याणि पुनर्ज्योतिर्युवतिः पूर्वथाकः ॥ ८०.६ ॥

एषा । प्रतीची । दुहिता । दिवः । नॄन् । योषाऽइव । भद्रा । नि । रिणीते । अप्सः । विऽऊर्ण्वती । दाशुषे । वार्याणि । पुनः । ज्योतिः । युवतिः । पूर्वऽथा । अकरित्यकः ॥

(सायणः) एषोषाः प्रतीची अभिमुखा सती दिवो दुहिता नॄन् सर्वान् प्राणिनः प्रति भद्रा योषेव कल्याणवेषा योषिदिव अप्सो रूपं निरिणीते प्रेरयति । किं च दाशुषे हविर्दात्रे यजमानाय वार्याणि वरणीयानि धनानि व्यूर्ण्वती प्रयच्छन्ती युवतिर्नित्ययौवना । सर्वत्र मिश्रयन्ती वा पुनरद्यापि पूर्वथा पूर्वमिव ज्योतिस्तेजोऽकः करोति ॥

અનુવાદ : આ સામે ઊભેલી, દ્યુલોકની દીકરી એવી (ઉષા) માણસો પ્રત્યે (જાય છે); કલ્યાણકારિણી સ્ત્રીની જેમ (પોતાના) રૂપને બહાર કાઢે છે. (હવિષ્) આપનારને માટે ધનોને પ્રકાશિત કરતી યુવતિ એવી ઉષાએ પૂર્વની જેમ જ જ્યોતિને (પ્રકાશને) ફેલાવ્યા (૫–૮૦–૬).

અભ્યાસનોંધ : (૧) આ મન્ત્રનો અનુવાદ વેંકટમાધવ મુજબ આપ્યો છેઃ પૂર્વાર્ધમાં તેમણે બે વાક્ય લીધાં છે. (क) एषा प्रतीची दिवः दुहिता नॄन् (अभ्येति) । "આ સામે ઊભેલી એવી દ્યુલોકની દીકરી (અર્થાત્ ઉષા) માણસોની પ્રત્યે/તરફ જાય છે." તેમણે अभ्येति ક્રિયાપદનો અધ્યાહાર લઈને પહેલા પાદનું એક વાક્ય બનાવી લીધું છે. ત્યાર પછી (ख) भद्रा योषा इव (सा उषाः) अप्सः नि रिणीते । 'કલ્યાણકારિણી સ્ત્રીની જેમ (તે ઉષા) (પોતાનાં) રૂપને પ્રકટ કરે છે.' अप्सस् નો શબ્દાર્થ વક્ષઃસ્થળ, છાતી એવો થાય છે. પણ લક્ષણાથી "ઉષા પોતાનાં 'રૂપ'ને પ્રકટ કરે છે." એવો અર્થ કર્યો છે. વેલણકરે તેનો અર્થ 'વસ્ત્ર, ઉત્તરીય' એવો કર્યો છે. (૩) ઉત્તરાર્ધમાં અન્વય આમ છે : – दाशुषे वार्याणि व्यूर्ण्वती युवतिः (इव) पूर्वथा ज्योतिः अकः । '(હવિનું) દાન આપનારને માટે (दाशुष् નું ચતુર્થી વિ.એ.વ.), ધનોને પ્રકાશિત કરતી (वि + ऊर्ण्वती = નહીં ઢાંકતી, અર્થાત્ પ્રકાશિત કરતી, ऊर्णुञ् आच्छादने ૨જો ગણ, ઉભયપદી ઢાંકવું)નું વર્તમાનકૃદન્ત સ્ત્રીલિંગ પ્રથમા એકવચન ऊर्ण्वती) યુવતીની જેમ, પૂર્વેની જેમ પ્રકાશને (જ્યોતને) કરે છે; ફેલાવે છે. नि + रिणीते માં नि + रि (૯મો ગણ ઉભયપદી, કાઢી મૂકવું, જવું અર્થવાળા) ધાતુમાંથી આત્મનેપદમાં વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ છે.

◆ ◆ ◆

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

५. अक्षसूक्तम् (१०.३४)

[कवषः ऐलूषः, अक्षः मौजवान् वा ऋषिः । अक्षसूक्तम् । त्रिष्टुप् छन्दः, सप्तमी ऋक् जगत्याम्]

(सायण) प्रावेपा: इति चतुर्दशर्चं सूक्तमैलूषस्य कवषास्यार्षं मुजवतः पुत्रस्याक्षाख्यस्य वा । सप्तमी जगती, शिष्टास्त्रयोदश त्रिष्टुभः । अत्र द्वादशी अक्षान् स्तौति नवम्याद्या च सप्तमी । अतस्तास्तद्देवत्याः । त्रयोदशी कृषिं स्तौति । अतस्तस्याः सा देवता । एवं पञ्च गता । शिष्टाभिर्नवभिः कितवोऽक्षाश्च निन्द्यन्ते । अतस्ता अपि तद्देवत्याः ।

ઋગ્વેદમાં જે ચારેક બિનસાંપ્રદાયિક સૂક્ત તરીકે ઓળખાય છે, તેમાંનું આ એક અક્ષસૂક્ત છે. આમાં એક જુગારી પોતાની કફોડી હાલતનું વર્ણન કરે છે, જુગારની નિંદા કરે છે અને છેલ્લે કૃષિ (ખેતી ક્રિયા)ની પ્રશંસા કરીને અટકે છે.

प्रावेपा मां बृहतो मांदयन्ति प्रवातेजा इरिणे वर्वृताना: ।
सोमंस्येव मौजवतस्यं भक्षो विभीदंको जागृविर्मह्यंमच्छान्
॥ १०–३४–१ ॥

प्रावेपाः । मा । बृहतः । मादयन्ति । प्रवातेऽजाः । इरिणे । वर्वृतानाः । सोमंस्यऽइव । मौजऽवतस्यं । भक्षः । विऽभीदंकः । जागृविः । मह्यंम् । अच्छान् ।

(सायणः) बृहतः महतः विभीतकस्य पुलत्वेन सम्बन्धिनः । प्रवातेजाः प्रवणे देशे जाताः हरिणे आस्फारे वर्वृतानाः प्रवर्तमानाः प्रावेपाः प्रवेपिणः कल्पनशीलाः अक्षाः मा मां मादयन्ति हर्षयन्ति । किं च जागृविः जयपराजययोः हर्षशोकाभ्यां कितवानां जागरणस्य कर्ता विभीदकः विभीतकविकार अक्षः मह्यं माम् अच्छान् अचच्छदत् अत्यर्थं मादयति । तत्र दृष्टान्तः । सोमस्येव । यथा सोमस्य मौजवतस्य । मुजवति पर्वते जातः मौजवतः तस्य । तत्र हि उत्तमः सोमो जायते । भक्षः पानं यजमानान् देवांश्च मादयति तद्वत् इत्यर्थः । तथा च यास्कः । प्रवेपिणो मा महतो विभीतकस्य फलानि मादयन्ति । प्रवातेजाः प्रवणेजाः । इरिणे वर्तमानाः । इरिणं निर्ऋणम् ऋणाते अपार्णं भवति अपरता अस्माद् ओषधयः इति वा । सोमस्य इव मौजवतस्य भक्षः । मौजवतो मुजवति जातः । मुजवान् पर्वतः मुञ्जवान् । मुञ्जो विमुच्यते इषीकथा । इषीका इषतेर्गतिकर्मणः । इयमपि इतरा इषीका एतस्मादेव । विभीतको विभेदनात् । जागृविः जागरणात् । मह्यम् अचच्छदत् (नि. ९.८) इति ॥

અનુવાદ : મોટા ('વિભીકત' નામના વૃક્ષ)ના લટકતા એવા અને પવનવાળી જગ્યાએ જન્મેલા તથા ફલક (ચોપાટ) ઉપર ગગડનારા એવા (આ જુગારના પાસા) મને મદમસ્ત કરે છે. મુજવત (નામના પર્વત) ઉપર જન્મેલા સોમના ભક્ષણ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(= પાન)ની જેમ, આ (વિભીતક વૃક્ષ ઉપર જન્મેલો =) વિભીદક (નામનો પાસો), કે જે (જુગારીઓને સતત) જગાડનારો છે તે મને (= જુગારીને) મદમસ્ત કરે છે. (૧૦–૩૪–૧)

અભ્યાસનોંધ : (૧) પૂર્વાર્ધમાં બે પાદનું એક વાક્ય છેઃ बृहतः प्रावेपाः प्रवाते—जाः, इरिणे वर्वृतानाः (अक्षाः) मा = माम् मादयन्ति। (१) बृहतः – મોટાના, એટલે કે વિભીતક નામના વૃક્ષના प्रावेपाः – લટકતા, એટલે કે (ફળ રૂપે) લટકતા એવા જુગારના પાસા, શ્રી વેલણકરે આનો અર્થ "લટકનારા કર્ણફુલ" કર્યો છે. હવાથી આમતેમ ડોલનારા ફળો ઉપર વૃક્ષોના કર્ણફલોનો આરોપ કરવામાં આવ્યો છે. (૨) प्रवातेजाः – પ્રવાતવાળી અર્થાત્ પ્રકૃષ્ટ પવનવાળી જગ્યાએ જન્મેલા એવા પાસા; (૩) इरिणे वर्वृतानाः – (જુગાર રમવાના ફલકને इरिण કહે છે, તે) ફલક ઉપર ગગડનારા (એવા પાસા); [આ ત્રણેય अक्षाः = પાસાનાં વિશેષણો છે.] તેવા પાસા મને (જુગારીને) મદમસ્ત કરે છે. (૨) મન્ત્રના પહેલા પાદમાં જુગારના પાસા કયા વૃક્ષના લાકડામાંથી બનાવાય છે ? તે વિશે बृहतः = 'મોટા(વૃક્ષ)ના' એટલું જ કહ્યું છે; પણ ચોથા પાદમાં विभीदकः એવો જે શબ્દ છે, તેમાંથી એવું સૂચન મળે છે કે વિભીતક વૃક્ષના લાકડામાંથી બનાવેલો પાસો, તે 'વિભીદક' કહેવાય. આથી આ बृहतः = विभीतकस्य वृक्षस्य એવો અર્થ થઈ શકે છે. वर्वृतानाः – એટલે 'વારંવાર ગગડનારા.' અહીં √ वृत् वर्तने ધાતુનું પૌનઃ પુન્યાર્થક વર્તમાનકૃદન્ત બનાવ્યું છે. ફરી ફરીને ગગડનારા अक्षाः = પાસા. (૩) ઉત્તરાર્ધમાં એક વાક્ય છે, પણ પહેલાં ત્રીજા પાદનું ઉપમાન વાક્ય જોઈશું : मौजवतस्य सोमस्य भक्षः इव – મૂજવત નામના પર્વત ઉપર ઉગતા સોમને 'મૌજવત' કહે છે (જેમ 'કુન્તા'નો છોકરો 'કૌન્તેય' કહેવાય, તેમ મૂજવત ઉપર જન્મેલો સોમનો છોડ 'મૌજવત' કહેવાય – આ તદ્ધિત નામ છે. મહાભારત (૧૪–૮–૧)માં હિમાલયની પર્વતમાળામાંના એક પર્વતને મૌજવત કહ્યો છે.) મૌજવત સોમનું ભક્ષણ (= સોમરસનું પાન) જેવી રીતે (દેવોને અને યજમાનને) મદમસ્ત કરે છે, તેમ આ પાસો મને, જુંગારીને, પણ મદમસ્ત કરે છે. ચોથા પાદમાં ઉપમેય વાક્ય છે : विभीदको जागृविः (अक्षः) मह्यम् अच्छान्। વિભીતક વૃક્ષના લાકડામાંથી બનાવેલો (અથવા એના ફળમાંથી બનેલો) પાસો, તે 'વિભીદક'; કે જે जागृविः છે. આ जागृविः શબ્દનો અર્થ થાય છે – 'સતત જાગતો.' સાયણ તેનો લાક્ષણિક અર્થ સમજાવતાં કહે છે કે જુગારીઓ (કિતવો)ને જયથી હર્ષ પમાડીને અને પરાજયથી શોક પમાડીને, તેમને સતત જાગતા રાખે છે, તેથી જુગાર રમવાના પાસાને 'જાગૃવિ' કહ્યો છે ! આવો વિભીદક અને સતત જગાડનારો (પાસો) મને ખુશ કરે છે, મદમસ્ત કરે છે. अच्छान् રૂપમાં √ छद > छन्द् (૨જો અને ૧૦મો ગણ) રાજી કરવું, પ્રસન્ન કરવું અર્થવાળા ધાતુનું અદ્યતન (Aorist) ભૂતકાળ ત્રી.પુ.એ.વ. છે.

इरिण નો અર્થ ક્રીડાફલક કર્યો છે. પણ શ્રી વેલણકર કહે છે કે – ઋગ્વેદમાં અન્યત્ર તેનો અર્થ "નાની ખારી ખાઈ" છે; વેદના પરવર્તીકાલમાં તેનો અર્થ 'પથરાળ, બીન ઉપજાઉ જમીન' છે. આમ 'ઈરિણ'નો મુખ્યાર્થ 'બીજ–વિનાશક, ફલહીન ભૂમિભાગ' છે, તેના ઉપરથી જ લક્ષણા દ્વારા 'ક્રીડાફલક' રૂપ ગૌણાર્થ વિકસ્યો જણાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

(જુઓ 'ભારતીય વિદ્યા', મુનશી અભિનન્દન ગ્રન્થ, ૧૯૬૩, પૃ. ૧૧–૧૭) – દ્રષ્ટવ્યઃ ઋક્સૂક્તવૈજયન્તી, અનુ. એચ. ડી. વેલણકર, વૈદિક સંશોધન મંડળ, પૂના, ૧૯૬૫, પૃ. ૩૩૮.

न मां मिमेथ न जिंहीळ एषा शिवा सखिंभ्य उत मह्यंमासीत् ।

अक्षस्याहमैकपरस्यं हेतोरनुंव्रतामपं जायामंरोधम् ॥ १०.३४.२

न । मा । मिमेथ । न । जिहीळे । एषा । शिवा । सखिंऽभ्यः । उत । मह्यम् । आसीत् । अक्षस्यं । अहम् । एकऽपरस्यं । हेतोः । अनुंऽव्रताम् । अपं । जायाम् । अरोधम् ॥ २ ॥

एषा अस्मदीया जाया मा मां कितवं न मिमेथ न च चुक्रोध न जिहीळे न च लज्जितवती । सखिभ्यः अस्मदीयेभ्यः कितवेभ्यः शिवा सुखकरी आसीत् अभूत् । उत अपि च मह्यं शिवासीत् । इत्थम् अनुव्रताम् अनुकूलां जायाम् एकपरस्य एकः परः प्रधानं यस्य तस्य अक्षस्य हेतोः कारणात् अहम् अप अरोधं परित्यक्तवानस्मीत्यर्थः ॥

અનુવાદ : તેણે મને કદી રોક્યો નથી, કે તેણે (મારો) તિરસ્કાર કર્યો નથી. આ (મારી જુગારીની પત્ની) મારા મિત્રો પ્રત્યે અને મારી પ્રત્યે પણ ભલી હતી. "એક" (નામના દાવ)ને વિશે પરાયણ એવા આ પાસાને માટે થઈને મેં (મારી) પતિવ્રતા પત્નીનો ત્યાગ કર્યો. (૧૦–૩૪–૨).

અભ્યાસનોંધ : (૧) આ મન્ત્રમાં જુગારી પોતાની ભલી પત્નીનો ઉલ્લેખ કરે છે; અને છેલ્લે પોતે "એક" નામનો દાવ પડવાથી તે પત્નીને જુગારમાં હારી બેઠો તેનો અફસોસ પણ વ્યક્ત કરે છે. (૨) પૂર્વાર્ધમાં ત્રણ ક્રિયાપદ છે, તેથી ત્રણ વાક્ય બની શકે છે (क) (मम पत्नी) मा (= माम्) न मिमेथ મારી પત્નીએ મને (જુગારીને) રોક્યો નથી. √ मिथ् પહેલો ગણ, ઉભયપદી ધાતુ, 'રોકવું, વિવાદ કરવો' અર્થવાળા ધાતનું પરોક્ષ ભૂતકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ मिमेथ છે. (ख) न (माम्) जिहिळे । "તેણે (મારી પત્નીએ) (ક્યારેય મારી ઉપર) ગુસ્સો કે તિરસ્કાર કર્યો નથી." √ हीड् આત્મનેપદી ૧લા ગણનો ધાતુ, 'ગુસ્સો કરવો' અર્થવાળા ધાતુનું પરોક્ષ ભૂતકાળ ત્રી. પુ. એ. વ.નું રૂપ. (ग) एषा (मम) सखिभ्यः उत मह्यम् (च) शिवा आसीत् । "આ (મારી પત્ની) (મારા) મિત્રો (અન્ય જુગારી મિત્રો) તરફ અને મારા તરફ પણ शिवा = ભલી હતી, સૌહાર્દપૂર્ણ વર્તન રાખનારી હતી." (૩) પૂર્વાર્ધમાં પોતાની પત્નીના વખાણ કર્યા પછી, ઉત્તરાર્ધમાં તેવી ભલી પત્નીને કેવી રીતે ગુમાવી દીધી તેનું વર્ણન કરે છે : एकपरस्य अक्षस्य हेतोः, अहम् अनुव्रताम् जायाम् अप अरोधम् । મેં "એક" (નામના દાવ)ને વિશે પરાયણ એવા પાસાને માટે થઈને (– એવા પાસાને કારણે), મેં (મારી) અનુવ્રતવાળી, પતિને

Vasant Bhatt Collection, Gujarat

 CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુસરવાના વ્રતવાળી અર્થાત્ પતિવ્રતા જાયા (= પત્ની)ને ગુમાવી દીધી – મેં તેનો ત્યાગ કર્યો. (૪) અહીં एकपरस्य अक्षस्य हेतोः ને વિગતે સમજવાની જરૂર છે : પહેલાં તો આ "એક" નામનો દાવ શું છે ? તે સમજીશું: મન્ત્ર ૧૦–૩૪–૮માં કહ્યું છે તે મુજબ જુગારના ફલક ઉપર કુલ ૫૩ અથવા ૧૫૦ પાસા ફેંકવામાં આવતા હતા. લુડવિગ્, વેબર વગેરેએ તેની સંખ્યા ૧૫ કહી છે, રોથ અને ગ્રાસમેને તેની ૫૩ સંખ્યા બતાવી છે, લ્યૂડર્સ તે લગભગ સવાસો જેટલી સંખ્યા અથવા કોઈક મોટી સંખ્યામાં પાસાનો ઉપયોગ થતો હતો તેમ કહ્યું છે. [જુઓ : वैदिक इण्डेक्स भाग–१ મેકડોનલ અને કીથ અનુ, રામકુમાર રાય, ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી ૧૯૬૨, પૃ. ૨–૩] તૈત્તિરીય સંહિતામાંથી જુગારના વિવિધ દાવોના નામ મળે છે. જેમકે, કૃત, ત્રેતા, દ્વાપર, આસ્કન્દ અને અભિભૂ. શતપથ બ્રાહ્મણમાં એક 'કલિ' નામનો દાવ પણ નોંધાયો છે, જે 'અભિભૂ'નું જ બીજું નામ છે. વેદકાલિક જુગારક્રીડાની પદ્ધતિ વિશે કશું સ્પષ્ટ ચિત્ર મળતું નથી, પણ છાન્દોગ્યોપનિષદ્ ૪–૧–૪ ઉપર આનન્દગિરિનું ભાષ્ય અને મહાભારત ૪–૫૦–૨૪ ઉપરની નીલકંઠની ટીકા જોતાં એવું લાગે છે કે – જુગારીને માટે ફલક ઉપર પાસા ફેંક્યા પછી, મોટી સંખ્યામાં તે પાસા ફલક ઉપર જ પડે (અને તેની બહાર ન જતા રહે) તે ઈચ્છનીય હતું. વળી, એવી સંખ્યામાં તે પાસા ફલક ઉપર પડે કે જે સંખ્યાને ચારથી નિઃશેષ ભાગી શકાય. આવા દાવને 'કૃત' કહેવાતો, જે જીત અપાવનારો દાવ હતો. આવી જ રીતે ફલક ઉપર પડેલા પાસાની જે સંખ્યાને ચારથી ભાગતાં જો ત્રણ બાકી રહે તો, તેવા દાવને 'ત્રેતા' કહેવાતો, જો બેની શેષ રહે તો 'દ્વાપર' કહેવાતો અને શેષ તરીકે એક રહે તો તેવો દાવ 'કલિ' કહેવાતો. આવા 'કલિ' દાવથી જુગારી બધું જ હારી જતો હતો. આથી દરેક જુગારી એવું ઈચ્છતો કે તેના દાવ વખતે ફલક ઉપર પડેલા પાસને ચારથી વિભાજિત કરતાં 'એક'ની સંખ્યા શેષ ના રહે ! જો એવું થાય તો તે હારી જતો હતો.*

एकपरस्य अक्षस्य हेतोः । આ શબ્દોનો અનુવાદ " 'એક' (નામના દાવ)ને વિશે પરાયણ એવા આ પાસાને માટે થઈને, [મેં મારી પતિવ્રતા પત્નીનો ત્યાગ કર્યો]– એવો કરવામાં આવ્યો છે. તેમાંથી પાસાને માટે જે 'एकपरस्य' એવું વિશેષણ વપરાયું છે તેનો વ્યંગ્યાર્થ સ્પષ્ટ કરતાં ડૉ. એસ્તેરબહેન સોલોમને લખ્યું છે કે – "મારી પત્ની મારામાં પરાયણ હતી, હું પાસામાં પરાયણ હતો, જ્યારે આ પાસો एक માં પરાયણ હતો." (એટલે કે પાસા હંમેશા 'કલિ' નામનો દાવ પડે, કે જેમાં 'એક' સંખ્યા શેષ રહે – તેવી રીતે જ હંમેશા પડતા હતા !) (જુગારીનું) શું નસીબ હતું ? ! (અભિનવ વૈદિક પાઠાવલી, ગુજરાત યુનિ. દ્વિતીયાવૃત્તિ ૧૯૮૫, પૃ. ૧૨૦). આ ધ્વનિ ખરેખર રસપ્રદ છે.

પરંતુ एकपरस्य નો સાયણે, ઉપર મુજબનો બહુવ્રીહિપરક જે અર્થ લીધો છે, તેને વ્યાકરણની સંમતિ નથી. બહુવ્રીહિ સમાસમાં તો પૂર્વપદમાં પ્રકૃતિસ્વર, ઉદાત્ત હોવો

---

* આ સઘળી વિગત "વૈદિક ઈન્ડેક્સ" (ભાગ–૧), પ્રોફે. મેકડોનલ અને કીથ, અનુ. રામકુમાર રાય, ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, ૧૯૬૨, પૃ. ૫ ઉપરથી લીધી છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જોઈએ. જ્યારે અહીં તો एकपरस्यं માં ઉત્તરપદમાં ઉદાત્ત હોવાથી તે તત્પુરુષ સમાસ છે. આથી સાયણથી જુદા પડીને શ્રી એચ. ડી. વેલણકરે લખ્યું છે કે – "एकपरस्य अक्षस्य – તેમાં एकपर શબ્દમાં તૃતીયા તત્પુરુષ સમાસ છે, एकेन અર્થાત્ 'એક' દાન આપવાને કારણે હંમેશા पर અર્થાત્ "શત્રુ બની બેઠેલો अक्ष", અથવા एक સંખ્યાને કારણે જ पर અર્થાત્ સર્વોપરિ દાન, એટલે કે કલિનું દાન આપનાર." .....एकवीरः (इन्द्रः) ની જ જેમ પ્રસ્તુત શબ્દમાં एकश्च असौ परश्च' આવો વિગ્રહ પણ સંભવિત છે, જેનો અર્થ થશે – एक અર્થાત્ 'એક' સંખ્યાનો પરિચાયક, અને માટે पर અર્થાત્ શ્રેષ્ઠ. મતલબ કે દ્યુતકાર – જુગારી – ઉપર પ્રભુતા સ્થાપિત કરનાર, 'કલિ'નું દાન આપનાર." – જુઓઃ ऋक्सूक्त वैजयन्ती, હ. દા. વેલણકર, વૈદિક સંશોધન મંડલ, પૂના, ૧૯૬૫, પૃ. ૩૩૮.

द्वेष्टिं श्वश्रूरपं जाया रुणद्धि न नांथितो विंन्दते मर्डितारंम् ।

अश्वंस्येव जरंतो वस्न्यंस्य नाहं विंन्दामि कितवस्य भोगंम् ॥ ३ ॥

द्वेष्टिं । श्वश्रूः । अंप । जाया । रुणद्धि । न । नाथितः । विन्दते । मर्डितारंम् । अश्वंस्यऽइव । जरंतः । वस्न्यंस्य । न । अहम् । विन्दामि । कितवस्यं । भोगंम् ॥ ३ ॥

ᵛश्वश्रूः जायाया माता गृहगतं कितवं ᵛद्वेष्टि निन्दतीत्यर्थः । किंच ᵛजाया भार्या ᵛअप ᵛरुणद्धि निरुणद्धि । अपि च ᵛनाथितः याचमानः कितवो धनं ᵛमर्डितारं धनदानेन सुखयितारं ᵛन ᵛविन्दते न लभते । इत्थं बुद्ध्या विमृशन् ᵛअहं ᵛजरतः वृद्धस्य ᵛवस्न्यस्य वस्नं मूल्यम् । तदर्हस्य ᵛअश्वस्येव ᵛकितवस्य ᵛभोगं ᵛन ᵛविन्दामि न लभे ॥

અનુવાદઃ તે (જુગારી)ની સાસુ તેનો તિરસ્કાર કરે છે અને તેની પત્ની પણ તેને રોકે છે (= ઘરની બહાર જવા દેતી નથી.) (આપત્તિમાં ફસાયા પછી) જ્યારે તે (જુગારી) યાચના કરવા માંડે છે ત્યારે દયા ખાનારો કોઈ વ્યક્તિ તેને મળતો નથી. "મૂલ્ય ઓછું કરવા યોગ્ય અને ઘરડા ઘોડાની જેમ મને આ જુગારીનો કશો ઉપયોગ નથી." (એમ દરેક વ્યક્તિ કહેવા લાગે છે.) (૧૦–૩૪–૩)

અભ્યાસનોંધ : (૧) પૂર્વાર્ધમાં જુગારીની અવદશાનું વર્ણન છેઃ श्वश्रूः द्वेष्टि, जाया अप रुणद्धि । સાસુ (જુગારીનો) દ્વેષ કરે છે અર્થાત્ તિરસ્કાર કરે છે અને પત્ની પણ તે (જુગારી)ને (જુગારખાના તરફ જતો) રોકે છે. બીજા પાદમાં કહે છે કે – नाथितः मर्डितारं न विन्दते । (મદદ માટે) યાચના કરનારને (= જુગારીને), 'મર્ડિતા' અર્થાત્ દયા ખાનારો, न विन्दते – મળતો નથી. (૩) ઉત્તરાર્ધમાં જે બે પાદ છે, તે દયાની યાચના કરતા જુગારીને, કોઈ ધનિક વ્યક્તિ કહેતો હોય તેવી રીતે રજૂ થયા છે : वस्न्यस्य जरतः अश्वस्य इव, कितवस्य भोगम् न अहं विन्दामि । 'જેનું મૂલ્ય ઘટાડી દીધું છે તેવા, અને ઘરડા થઈ ગયેલા ઘોડાની જેમ (મારે ધનિકને) આ કિતવનો (= જુગારીનો) કશો 'ભોગ' અર્થાત્ ઉપયોગ નથી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૪) वस्नम् નો સાયણે मूल्यम् અર્થ કર્યો છે. वस्नम् अर्हति इति वस्न्यम् । = ઘટાડેલા મૂલ્યવાળો (ઘોડો). ઓછી કિંમતે વેચાતા ઘોડાની ખરીદીમાં જેમ કચકચ થાય છે, તેમ આ જુગારી પણ જો પોતે વેચાવા નીકળે તો, તેને ખરીદનાર કોઈ ધનિક મળતો નથી ! ઉપરથી તે ધનિક એમ કહે છે કે આ જુગારીનો મારે કશો ખપ નથી ! જેમ કોઈ ઘરડો ઘોડો ખરીદવાથી કશો ફાયદો નથી, ઉપયોગનો નથી. તેમ 'કિતવ' – જુગારીને પણ ગુલામ તરીકે ખરીદવાનો કશો મતલબ નથી સાયણે આ આખા ઉત્તરાર્ધને ખરીદનાર ધનિકની નહીં, પણ જુગારીની ઉક્તિ ગણી છે: "જેની કિંમત ઘટાડી છે તેવા ઘરડા ઘોડાને જેમ કોઈ ભોગ (ખાવા–પીવા) મળતો નથી, તેમ મને જુગારીને પણ (સમાજમાંથી) કશો ભોગ મળતો નથી." (૫) 'કિતવ' એટલે જુગારી, પણ તે શબ્દ કેવી રીતે ભાષામાં ઉતરી આવ્યો હશે તે સમજાવતાં યાસ્કે 'નિરુક્તિ'માં લખ્યું છે કે किं तव अस्ति ? किं तव अस्ति ? 'તમારી પાસે શું છે ?' 'તમારી પાસે શું છે ?' એવું જે જુગારી સતત સમાજના બધા માણસને પૂછ્યા કરે છે, અર્થાત્ જે બધે ભીખ માંગતો ફરે છે તે कितव ! આમ જુગારી તે છે કે જે ભીખારીની જેમ 'તમારી પાસે શું છે ?' એમ પૂછતો ફરે છે.

अन्ये जायां परि मृशन्त्यस्य यस्यागृधद्वेदने वाज्य१क्षः ।

पिता माता भ्रातर एनमाहुर्न जानीमो नयता बद्धमेतम् ॥ ३४.४

अन्ये । जायाम् । परि । मृशन्ति । अस्य । यस्य । अगृधत् । वेदने । वाजी । अक्षः । पिता । माता । भ्रातरः । एनम् । आहुः । न । जानीमः । नयत । बद्धम् । एतम् ॥ ४ ॥

ᵛयस्य कितवस्य ᵛवेदने धने ᵛवाजी बलवान् ᵛअक्षः देव ᵛअगृधत् अभिकाङ्क्षां करोति तस्य ᵛअस्य कितवस्य ᵛजायां भार्याम् ᵛअन्ये प्रतिकितवाः ᵛपरि ᵛमृशन्ति वस्त्रकेशाद्याकर्षणेन संस्पृशन्ति । किंच ᵛपिता जननी च ᵛभ्रातरः सहोदराश्च ᵛएनं कितवम् ᵛआहुः वदन्ति । ᵛन वयमस्मदीयमेनं ᵛजानीमः । रज्ज्वा ᵛबद्धमेतं कितवं हे कितवाः यूयं ᵛनयत यथेष्टदेशं प्रापयतेति ॥

અનુવાદ : જે (જુગારી)ના ધનમાં (અથવા આવકમાં) શક્તિશાળી એવા પાસાએ લોભવૃત્તિ કરી છે, તે (જુગારી)ની પત્નીને બીજા લોકો સ્પર્શ (પણ) કરે છે. વળી, પિતા, માતા અને ભાઈઓ કહે છે કે અમે આ (જુગારી)ને ઓળખતા નથી આને બાંધીને લઈ જાવ. (૧૦–૩૪–૪)

અભ્યાસનોંધ : (૧) કવિ જુગારીની દુર્દશા, સામાજિક બહિષ્કાર વગેરેનું ક્રમશઃ વર્ણન શરૂ કરે છે: (૨) પૂર્વાર્ધમાં પહેલા બીજા પાદને લઈને, પછી પહેલા પાદનો અન્વય

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ગોઠવવાનો છે. જેમ કે, यस्य (कितवस्य) વેદને वाजी अक्षः अगृधत् । (જે (જુગારી)ના ધનમાં, (વેલણકરના મતે) આમદાની, આવકમાં, वाजी અર્થાત્ શક્તિશાળી પાસાએ લોભવૃત્તિ કરી છે. અર્થાત્ શક્તિશાળી પાસાએ જુગારીના ધનને ઝુંટવી લીધું છે. (તેનું શું થાય છે ? તે પહેલા પાદમાં હવે કહે છે.) गृध् 'લોભ કરવો' અર્થવાળા ૪થા ગણના પરસ્મૈપદી ધાતુનું અદ્યતન ભૂતકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ अगृधत् છે. લોભવૃત્તિ કરી છે અર્થાત્ આકાંક્ષા કરી છે, જુગારીનું ધન ઝુંટવી લેવાની ઈચ્છા કરી છે. अस्य (= तस्य) जायाम् अन्ये (द्युतकराः) परि मृशन्ति । – આની (= તેવા જુગારીની) પત્નીને બીજા જુગારીઓ પણ સ્પર્શ કરે છે. (૩) આવા જુગારીનો એના પોતાના ઘરમાંથી જ જે તિરસ્કાર, બહિષ્કાર થાય છે તે પણ નોંધપાત્ર છે. पिता माता भ्रातरः आहुः "एनम् (वयम्) न जानीमः (इति) । "પિતા, માતા અને ભાઈઓ (અર્થાત્ સ્વજનો) કહે છે કે આને (અમે) ઓળખતા નથી." एतम् बद्धम् (बद्ध्वा) नयत । આને બાંધેલાને (= બાંધીને) લઈ જાવ. (૪) આ મન્ત્રના ઉત્તરાર્ધ ઉપરથી સૂચવાય છે કે ઋગ્વેદકાળમાં પણ દેવાદાર જુગારીને શારીરિક દંડપૂર્વક, સાંકળ કે દોરડાથી બાંધીને જેલમાં લઈ જવાતો હશે. તથા આવા મન્ત્રને આધારે જ સ્મૃતિકારોએ જુગારીને થતી શિક્ષાઓનું વર્ણન કર્યું હશે. (જુઓ : મનુસ્મૃતિ ૮.૪૯) જુગારીના દેવાને એના કુટુંબીજનો જ ભરપાઈ કરવા તૈયાર થતા નથી, બલ્કે એ લોકો જ એને માર મારવા અને કાઢી મૂકવા તૈયાર હોય છે. (૫) આ મન્ત્રમાં वाजी+ अक्षः । એવા **બે પદો**માં ક્ષૈપ્ર પ્રકારની (= यणादेश વાળી) સન્ધિ થવાથી वाज्यक्षः બને છે. તેવે સમયે जी માંનો ઉદાત્તસ્વર અને अ કારનો અનુદાત્તસ્વર પણ પરસ્પરમાં સમાહાર (મિશ્રણ) પામે છે. તેથી ज्यं અક્ષરમાં ક્ષૈપ્રસ્વતન્ત્ર સ્વરિત સ્વર જન્મે છે. (અભિનવ વૈદિકપાઠાવલી, ગુજરાત યુનિ. ૧૯૮૫, પૃ. ૧૨૨ ઉપર આને "સ્વતંત્ર (જાત્ય) સ્વરિત" કહ્યો છે, તે સાચું નથી. જાત્ય સ્વરિત તો **એક જ પદમાં,** જ્યાં પ્રકૃતિ + પ્રત્યયમાં સન્ધિ થવાથી ઉદાત્ત + અનુદાત્તનું મિશ્રણ થતાં સ્વતન્ત્રસ્વરિત જન્મે, દા.ત., नदी + अस् = नद्यः । ત્યારે જ તેને જાત્યસ્વતન્ત્ર સ્વરિત કહે છે. અહીં તો वाजी અને अक्षः એવા **બે પદો** વચ્ચે સન્ધિ થવાથી સ્વતન્ત્ર સ્વરિત જન્મ્યો છે અને તેમાં यणादेश વાળી સન્ધિ થઈ તેથી તેને 'ક્ષૈપ્રસ્વતન્ત્ર સ્વરિત' કહેવાશે.) વળી અનુગામી क्ष अक्षर ઉદાત્તવાળો હોવાથી, પુરોગામી ज्यं માંના ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિતના ઉત્તરાર્ધની એક અર્ધીમાત્રા કમ્પ અનુભવે છે; જેને નોંધવા માટે वाज्य१क्षः । એમ ज्य ની પાછળ ← નું નિશાન મૂકાયું છે. અહીં ज्यं પોતે હ્રસ્વસ્વરથી બનેલો અક્ષર છે, તેથી १ નો અંક મૂકાયો છે, જો તે દીર્ઘ સ્વરથી બનેલો હોત તો, તેની પાછળ ३ મૂકાયો હોત. જિજ્ઞાસુએ 'પાણિનીય વ્યાકરણ વિમર્શ' લેખક : પ્રોફે. વી. એમ. ભટ્ટ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, ૧૯૯૪, પૃ. ૨૩૭–૨૫૫ જોવાં. તેમાં સ્વતન્ત્ર સ્વરિતના ભેદ વગેરેની વિગતે સૂક્ષ્મ અને વિશદ ચર્ચા કરી છે.)

यदादीध्ये न दविषाण्येभिः परायद्भ्योऽव हीये सखिभ्यः ।

न्युप्ताश्च बभ्रवो वाचमक्रतँ एमीदेषां निष्कृतं जारिणीव ॥ ५ ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

यत् । आऽदीध्यें । न । दुविषाणि । एभिः । परायत्ऽभ्यंः । अवं । हीये । सखिंभ्यः । निऽउंप्ताः । च । बभ्रवंः । वाचंम् । अक्रंत । एमिं । इत् । एषाम् । निःऽकृतम् । जारिणींऽइव ॥ ५ ॥

ᵛयत् यदा अहम् ᵛआदीध्ये ध्यायामि तदानीम् ᵛएभिः अक्षैः ᵛन ᵛदविषाणि न दूपये न परितपामि । यद्वा । न दविषाणि न देविष्यामीत्यर्थः । ᵛपरायद्भ्यः स्वयमेव परागच्छद्भ्यः ᵛसखिभ्यः सखिभूतेभ्यः कितवेभ्यः ᵛअव ᵛहीये अवहितो भवामि । नाहं प्रथममक्षान् विसृजामीति । किंच ᵛबभ्रवः बभ्रुवर्णा अक्षाः ᵛन्युप्ताः कितवैरवक्षिप्ताः सन्तः ᵛवाचमक्रत शब्दं कुर्वन्ति । तदा संकल्पं परित्यज्य अक्षव्यसनेनाभिभूयमानोऽहम् ᵛएषाम् अक्षाणां ᵛनिष्कृतं स्थानं ᵛजारिणीव यथा कामव्यसनेनाभिभूयमाना स्वैरिणी संकेतस्थानं याति तद्वत् ᵛएमीत् गच्छाम्येव ॥ ३ ॥

અનુવાદ : જ્યારે હું નિશ્ચય કરું છું કે – 'આ (પાસાઓ) વડે હું જુગાર નહીં રમું', ત્યારે (દ્યુતસભા તરફ રમવા) જતા સખાઓથી હું તરછોડાઉં છું. (પરંતુ) (દ્યુતફલક ઉપર) ફેંકવામાં આવેલા બભ્રુરંગના (અર્થાત્ પીળા રંગના) પાસાઓએ જેવો અવાજ કર્યો કે, (તરત જ) વ્યભિચારિણી સ્ત્રીની જેમ હું તે (પાસા)ઓના નિશ્ચિત કરેલા (દ્યુતસભાના) સ્થાને પહોંચી જ જાઉં છું ! (૧૦–૩૪–૫)

અભ્યાસનોંધ : (૧) પૂર્વાર્ધમાં જુગારી સંકલ્પ તો કરે છે કે હું કદાપિ જુગાર નહીં રમું, ભલે પોતાને મિત્રો છોડીને જતા રહે, પોતે એકલો પડી જાય. પણ ઉત્તરાર્ધમાં કહે છે કે પોતે જેવો પાસાંઓના ફેંકાવાનો અવાજ સાંભળે છે કે તરત જ સંકલ્પ ભૂલીને દ્યુતસભામાં પહોંચી જ જાય છે. જેવી રીતે કોઈ વ્યભિચારિણી સ્ત્રી કામવશાત્ પોતાના પ્રિયતમ પાસે પહોંચી જ જાય, તેમ પોતે જુગારી પણ પોતાના પ્રિયતમ अक्ष – પાસાની પાસે દોડી જ જાય છે ! (૨) પહેલા પાદમાં વાક્ય આમ છેઃ यद् (= यदा) (अहम्) आदीध्ये – "एभिः (अक्षैः) न दविषाणि" इति – "જ્યારે હું નક્કી કરું છું કે – 'આ (પાસાઓ) વડે હું જુગાર નહીં રમું' એમ, ત્યારે." અહીં दविषाणि શબ્દમાં दु (બાળવું) કે दू (બળવું) ૪થા ગણના ધાતુ ઉપરથી અદ્યતન ભૂતકાળવાળું વૈદિક સંકેતાર્થનું રૂપ છે એમ જોઈને, સાયણે "હવેથી હું આ પાસાઓ વડે બળીશ નહીં, સંતાપ નહીં પામું." (અર્થાત્ હવે પછી જુગાર નહીં રમું.) એવો સંકલ્પ કરું છું. – એવો અર્થ આપ્યા પછી બીજો વિકલ્પ પણ વિચાર્યો છે. જેમકે, दीवु क्रीडायाम् ૪થા ગણનો ધાતુ લઈએ તો પણ અદ્યતનભૂતકાળ વૈદિક સંકેતાર્થ પહેલો પુરુષ એકવચનનું રૂપ दविषाणि બને, જેનો અર્થ થશે "હું જુગાર નહીં રમું." વેલણકર અને ગ્રિફીથે આ બીજો વિકલ્પ સ્વીકાર્યો છે. જ્યારે મેકડોનલે ત્રીજો જ માર્ગ વિચાર્યો છે. તેમણે दु 'જવું' ધાતુ ઉપરથી दविषाणि રૂપ બન્યું છે એમ કહ્યું છે. (૩) બીજા પાદમાં, હવે કહે છે કે – परायद्भ्यः सखिभ्यः अव हीये । (જ્યારે જુગાર નહીં રમવાનો સંકલ્પ કરું છું ત્યારે શું થાય છે ? – તો કહે છેઃ) "(દ્યુતસભા તરફ) જતા મિત્રોથી હું તરછોડાઉં છું, પાછળ રહી જાઉં છું." (૪) ત્રીજા પાદમાં – न्युप्ताः बभ्रवः – ફેંકાયેલા બભ્રુરંગના (પાસા), વેલણકરે 'બભ્રુરંગના' એટલે 'પીતવર્ણના, પિંગળા' એવો અર્થ પણ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કર્યો છે. અહીં नि + वप् ધાતુનું કર્મણિ ભૂતકૃદન્ત उप्त 'રોપવામાં આવેલ' થાય છે. દ્યુતફલક ઉપર રોપવામાં, ફેંકવામાં આવેલા (પાસા). वाचम् अक्रत – વાણી ઉચ્ચારી અર્થાત્ અવાજ કર્યો, (કે તરત જ), (૫) ચોથા પદમાં – जारिणी इव (अहम्) एषाम् (अक्षाणाम्) निष्कृतम् एमि इत् । વ્યભિચારિણી સ્ત્રીની જેમ (હું જુગારી) આ (પાસાઓ)ના નિશ્ચિત કરેલા સ્થાને (અર્થાત્, દ્યુતસભામાં) પહોંચી જ જાઉં છું. निष्कृतम् – અભિચાર માટે નક્કી કરેલું સાંકેતિક મિલન સ્થળ. इण् गतौ ધાતુનું પહેલો પુરુષ એકવચન एमि = गच्छामि ।

सभामेति कितवः पृच्छमानो जेष्यामीति तन्वा३ शूशुजानः ।

अक्षासो अस्य वि तिरन्ति कामं प्रतिदीव्ने दधत आ कृतानि ॥ ६ ॥

सभाम् । एति । कितवः । पृच्छमानः । जेष्यामि । इति । तन्वा । शूशुजानः । अक्षासः । अस्य । वि । तिरन्ति । कामम् । प्रतिऽदीव्ने । दधतः । आ । कृतानि ॥ ६ ॥

ᵛतन्वा शरीरेण ᵛशूशुजानः शोशुचानो दीप्यमानः ᵛकितवः कोऽत्रास्ति धनिकस्तं ᵛजेष्यामीति ᵛपृच्छमानः पृच्छन् ᵛसभां कितवसंबन्धिनीम् ᵛएति गच्छति । तत्र ᵛप्रतिदीव्ने प्रतिदेवित्रे कितवाय ᵛकृतानि देवनोपयुक्तानि कर्माणि ᵛआ ᵛदधतः जयार्थमाभिमुख्येन मर्यादया वा दधतः ᵛअस्य कितवस्य ᵛकामम् इच्छाम् ᵛअक्षासः अक्षां ᵛवि ᵛतिरन्ति वर्धयन्ति ॥

અનુવાદ : '(શું હું) જીતીશ ?' એમ (પોતાની જાતને) પૂછતો અને શરીરથી ઉત્તેજીત થયેલો જુગારી (દ્યુત) સભામાં જાય છે. પરંતુ આ (જુગારી)ના પ્રતિસ્પર્ધીને જ 'કૃત' નામનો દાવ આપતા આ પાસાઓ (જુગારીની) કામનાને વધારી મૂકે છે (અથવા વેરવિખેર કરી નાખે છે.) (૧૦–૩૪–૬)

અભ્યાસનોંધ : (૧) "[किम् अहम्]जेष्यामि" ? इति पृच्छमानः, तन्वा शूशुजानः, कितवः सभाम् एति । '[શું હું]જીતીશ ?' એવું (પોતાની જાતને) પૂછતો અને તનુથી અર્થાત્ શરીરથી ઉત્તેજીત થયેલો જુગારી (દ્યુત)સભામાં જાય છે. श्वज् 'ફૂલવું, ઉત્તેજીત થવું' અર્થવાળા ધાતનું પરોક્ષ ભૂતકૃદન્ત પ્રથમા એકવચન शूशुजानः છે. પણ ઉદ્‌ગીથ નામના ટીકાકાર शुच् 'ચમકવું, પ્રકાશવું' અર્થવાળા ધાતુનું પરોક્ષ ભૂતકૃદન્ત शूशुजानः છે એમ સમજે છે. આ શબ્દનો તેમણે शोशुचानः એવો લૌકિક સંસ્કૃતનો પર્યાય વાપરીને અર્થ સ્પષ્ટ કર્યો છે. (૨) तन्वा માં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત છે. અહીં तनु + आ એવા પ્રકૃતિ + પ્રત્યયમાં સન્ધિ થઈને, પહેલે તબક્કે, तन्वा એવું તૃતીયા વિભક્તિનું પદ બન્યું છે. તેમાં બીજા તબક્કે नु માંનો ઉદાત્તસ્વર અને आ અક્ષરનો અનુદાત્ત પણ પરસ્પરમાં જોડાય છે. તેથી तन्वा એવા પદમાં, ઉદાત્ત + અનુદાત્ત–ના સમાહારથી न्वा માં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત જન્મ્યો છે. ત્યાર પછી, ત્રીજા તબક્કે शूशुजानः । એવો જે ઉત્તરવર્તી શબ્દ આવેલો છે, તેનો પહેલો અક્ષર ઉદાત્ત છે. આ સ્થિતિમાં, જો કોઈ સ્વતન્ત્ર સ્વરિતની પાછળ ઉદાત્ત સ્વરવાળો અક્ષર

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આવેલો હોય (દા.ત., શ્રૂ) તો તે સ્વતન્ત્ર સ્વરિતનો ઉત્તરાર્ધ કમ્પ અનુભવે છે. અહીં ન્વાં માં દીર્ઘ અર્થાત્ દ્વિમાત્રિક સ્વર છે. તેના પૂર્વાર્ધની પહેલી ૦॥ માત્રા ઉદાત્તની છે, અને તેની પાછળની ત્રણ અર્ધી–અર્ધી (૦॥ + ૦॥ + ૦॥) માત્રાઓ અનુદાત્તની બનેલી છે. આ ત્રણ અર્ધી–અર્ધી અનુદાત્તની માત્રાઓ કમ્પ અનુભવે છે તેમ દર્શાવવા માટે ન્વા ની પાછળ ३ (ત્રગડા)નું નિશાન મૂકાય છે. વળી, આ કમ્પ અનુભવનારી ત્રણ અર્ધી માત્રાઓ અનુદાત્તની છે તેમ દર્શાવવા ३ (ત્રગડા)ની નીચે અનુદાત્તની નિશાન મૂકાય છે. તથા ન્વાં ઉપરથી સ્વતન્ત્ર સ્વરિતની નિશાની ખસીને ३ (ત્રગડા)ની ઉપર જાય છે :

त——न्वा + शूशुंजानः

અનુદાત્ત ૦॥ + ૦॥, ૦॥, ૦॥ | પહેલો અક્ષર

ઉદાત્ત અનુદાત્ત | ઉદાત્ત

અહીં ત્રણ અનુદાત્તની માત્રાઓ બે ઉદાત્તની વચ્ચે જકડાઈ જાય છે ('સેન્ડવીચ' થઈ જાય છે !) તેથી તે કમ્પ અનુભવે છે. ઉચ્ચારણ દરમ્યાન તે ત્રણ માત્રાઓ ધ્રુજારી અનુભવતી હોય એવું શ્રવણ થાય છે. (૪) ઉત્તરાર્ધમાં આ પ્રમાણે વાક્ય છેઃ अस्य (कितवस्य) प्रतिदीव्ने कृतानि दधतः अक्षासः, (अस्य कितवस्य) कामं वि तिरन्ति । આ (જુગારી)ના પ્રતિસ્પર્ધીને માટે જ 'કૃત' નામના દાવો સમર્પિત કરતાં પાસાઓ, (આ જુગારીની) કામનાને વધારી મૂકે છે (અથવા વેરવિખેર કરી નાખે છે.) અહીં कृतानि એવું જે બહુવચન છે, તેનાથી એમ સૂચવાય છે કે – આ સૂક્ત ગાનારા જુગારીના પ્રતિસ્પર્ધીને પક્ષે વારંવાર 'કૃત' દાવ પડતો હતો અને તે જ જીતી જતો હતો. (મન્ત્ર–૨માં કહ્યું છે તેમ 'કલિ' દાવ પડવાથી હાર થતી હતી અને 'કૃત' – જેમાં એક પણ સંખ્યા શેષ ના રહે તેવા – દાવથી જીત થતી હતી.) પ્રતિસ્પર્ધી વારંવારે 'કૃત' દાવ પાડીને જીતી જતો હતો; અને તેથી સૂક્તનું ગાન કરનાર જુગારીનાં જીતવાનાં સ્વપ્નાં રોળાઈ જતાં હતાં. તેથી કહે છે કે – अक्षासः कामं वि तिरन्ति । "પાસાંઓ (મારી) કામનાને વધારી મૂકે છે. (અથવા વેરવિખેર કરી નાખે છે.)" અહીં वि + तृ ઓળંગવું, છટ્ઠા ગણનો ઉભયપદી ધાતુ, તેનું પરસ્મૈપદમાં વર્તમાનકાળ ત્રી.પુ. બહુવચન.

अक्षास इदंङ्कुशिनो नितोदिनो निकृत्वानस्तपनास्तापयिष्णवंः ।
कुमारदेष्णा जयंतः पुनर्हणो मध्वा संपृक्ताः कितवस्यं बर्हणां ॥ ७ ॥

अक्षासः । इत् । अङ्कुशिनः । निऽतोदिनः । निऽकृत्वानः । तपनाः । तापयिष्णवः । कुमारऽदेष्णाः । जयंतः । पुनःऽहनः । मध्वा । सम्ऽपृक्ताः । कितवस्यं । बर्हणा ॥ ७ ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ᵛअक्षास ᵛइत् अक्षा एव ᵛअङ्कुशिनः अङ्कुशवन्तः ᵛनितोदिनः नितोदितवन्तश्च ᵛनिकृत्वानः पराजये निकर्तनशीलाश्छेत्तारो वा ᵛतपनाः पराजये कितवस्य सन्तापकाः ᵛतापयिष्णवः सर्वस्वहारकत्वेन कुटुम्बस्य सन्तापनशीलाश्च भवन्ति । किंच ᵛजयतः ᵛकितवस्य ᵛकुमारदेष्णाः धनदानेन धान्यतां लम्भयन्तः कुमाराणां दातारो भवन्ति । अपि च ᵛमध्वा मधुना ᵛसम्पृक्ताः प्रतिकितवेन ᵛबर्हणा परिवृद्धेन सर्वस्वहरणेन कितवस्य ᵛपुनर्हणः पुनर्हन्तारो भवन्ति ॥

અનુવાદ : ખરેખર આ પાસાઓ અંકુશવાળા અને પરોણાવાળા છે. કાપી નાખનારા (અથવા દગાબાજ), સંતાપક અને (જુગારી હારી જાય ત્યારે તેના કુટુંબીજનોને) સંતાપ પહોંચાડનારા પણ છે. નાના બાળકોનું દાન જેવું (અવિશ્વસનીય છે, તેવું) દાન આપનારા, (એકવાર) જીતેલાને બીજા દાવમાં હણી કાઢનારા (= હરાવી દેનારા) હોય છે. મધથી છંટકારેલા આ (પાસાઓ) જુગારીને માટે સ્ફુર્તિદાયક હોય છે. (૧૦–૩૪–૭)

અભ્યાસનોંધ : (૧) આ મન્ત્રના ચારેય પાદમાં જુગારના પાસાઓનું, પાસાઓની શક્તિઓ વર્ણન છે. अक्षाः કે अक्षासः નાં વિશેષણ બનનારાં આ अंकुशिनः વગેરે પદોની પાછળ, દરેક પાદમાં सन्ति કે भवन्ति । નો અધ્યાહાર લેવાનો છે. (૨) (अ) इत् (ખરેખર) अंकुशिनः नितोदिनः अक्षासः (सन्ति) । અંકુશવાળા અને પ્રતોદ = પરોણા (તીક્ષ્ણ અણી)વાળા આ પાસાઓ છે. (ब) निकृत्वानः, तपनाः तापयिष्णवः (अक्षासः भवन्ति) । निकृत्वानः નો, સાયણે 'કાપી નાખનારા, છેદી નાખનારા' એવો અર્થ કર્યો છે; ડૉ. ઈ. એ. સોલોમને 'દગાબાજ' એવો કર્યો છે. तपनाः – સંતાપક, બાળનારા અને જુગારી હારી જાય ત્યારે તેના કુટુંબીજનોને પણ तापयिष्णु = સંતાપ પહોંચાડનારા (भवन्ति) થાય છે. (૩) ત્રીજા પાદમાં अक्षाः ને બહુ સરસ ઉપમા આપી છે. कुमारदेष्णाः – નાનું બાળક જેમ કશુંક આપીને, તરત પાછું લઈ લે છે (!) તેની જેમ જુગારના પાસા પણ જીતાડીને, પછી તરત બીજા દાવમાં હરાવી દેનારા હોય છે ! આથી કહે છે કે जयतः पुनर्हणः – જીતેલાને ફરીથી હણી કાઢનારા = હરાવી દેનારા (આ પાસાઓ છે). (૪) मध्वा सम्पृक्ताः कितवस्य बर्हणा । – મધુથી સંપૃક્ત કરેલા, સિંચેલા, છંટકારેલા (આ પાસાઓ), જુગારીને માટે નવી સ્ફુર્તિ આપનારા પણ હોય છે. અર્થાત્ વારંવાર જુગાર રમાડવા ખેંચી લાવનારા હોય છે. बर्हणा – 'બળ, શક્તિ, સામર્થ્ય' અર્થવાળા આ શબ્દમાં बृह 'વધવું' અર્થવાળો ધાતુ રહેલો છે તેમ વેલણકર કહે છે. ડૉ. સોલોમન બહેને તેનો અર્થ "જાદુઈ શક્તિથી" કર્યો છે.

त्रिपञ्चाशः क्रीळति व्रातं एषां देवइंव सविता सत्यधंर्मा ।

उग्रस्यं चिन्मन्यवे ना नंमन्ते राजां चिदेभ्यो नम इत्कृंणोति ॥ ८ ॥

त्रिऽपञ्चाशः । क्रीळति । व्रातंः । एषाम् । देवःऽइंव । सविता । सत्यऽधंर्मा । उग्रस्यं । चित् । मन्यवें । न । नमन्ते । राजां । चित् । एभ्यः । नमंः । इत् । कृणोति ॥ ८ ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ᵛएषाम् अक्षाणां ᵛत्रिपञ्चाशः त्र्यधिकपञ्चाशत्संख्याकः ᵛव्रातः संघः ᵛक्रीळति आस्फारे विहति। अक्षिकाः प्रायेण तावद्भिरक्षैर्दीव्यन्ति हि। तत्र दृष्टान्तः। ᵛसत्यधर्मा ᵛसविता सर्वस्य जगतः प्रेरकः सूर्यो ᵛदेवइव। यथा सविता देवो जगति विहरति तद्वदक्षाणां संघ आस्फारे विहरतीत्यर्थः। किंच ᵛउग्रस्य ᵛचित् क्रूरस्यापि ᵛमन्यवे क्रोधाय एते अक्षाः ᵛन ᵛनमन्ते न प्रह्वीभवन्ति। न वशे वर्तन्ते। तं नमयन्तीत्यर्थः। ᵛराजा ᵛचित्.जगत् ईश्वरोऽपि ᵛएभ्यः ᵛनम ᵛइत् नमस्कारमेव देवनवेलायां ᵛकृणोति। नावज्ञां करोतीत्यर्थः॥

અનુવાદ : સત્યનું પાલન એ છે ધર્મ જેમનો એવા સવિતા દેવની જેમ, ત્રેપન (પાસાઓ)નો આ સમુદાય ક્રીડા કરી રહ્યો છે. ઉગ્ર વ્યક્તિના ક્રોધની સામે પણ આ (પાસાઓ) નમતા નથી; તથા રાજા પણ આ (પાસાઓ)ને નમસ્કાર જ કરે છે. (૧૦–૩૪–૮)

અભ્યાસનોંધ : (૧) બીજા પાદને પહેલાં લીધા પછી, બીજા પાદનો અન્વય જોડવાનો છેઃ सत्यधर्मा सविता देव इव, त्रिपञ्चाशः एषां व्रात क्रीळति। सत्यधर्मा। સમાસના પૂર્વપદમાં ઉદાત્ત છે, તેથી બહુવ્રીહિ સમાસ ગણવાનો છે. 'સત્ય(નું પાલન) એ છે ધર્મ જેનો' અર્થાત્ સૂર્ય. (જે સૂર્ય રોજ સવારે ઉગવાના સત્યનું, નિયમનું પાલન કરે છે, અથવા જેનાં સત્યો = નિયમો અનુલ્લંઘનીય છે) તેવા સવિતા દેવની જેમ, ત્રેપન (અથવા એકસો પચાસ) પાસાઓનો व्रातः = સમૂહ, क्रीळति = क्रीडति ક્રીડા કરે છે. બે સ્વરની વચ્ચે આવેલો ड કાર વેદમાં ळ બને છે. (૨) त्रिपञ्चाशः નો અર્થ ૩ + ૫૦ = ૫૩ અથવા ૩ × ૫૦ = ૧૫૦ લઈ શકાય છે. (આટલા બધા જ પાસાને દ્યુતફલક ઉપર ફેંકવામાં આવે; તેમાંથી જેટલા પાસા ખરેખર ચોપાટ (ફલક) ઉપર જ રહે તેને ચારથી ભાગવામાં આવે, જો તે સંખ્યા નિઃશેષ ભાગી શકાય, તો તે 'કૃત' દાવ ગણાય અને જે જિત અપાવે. પણ જો ચાર વડે ભાગતાં એક સંખ્યા શેષ તરીકે રહે તો 'કલિ' નામનો દાવ પડ્યો એમ ગણાવે, જે જુગારીને હરાવી દે.) (૩) ત્રીજા પાદમાં પાસાનો પ્રભાવ કહે છેઃ उग्रस्य – ઉગ્ર વ્યક્તિના, मन्यवे ક્રોધને (માટે) ક્રોધની સામે (एते अक्षासः) न नमन्ते – આ પાસા નમતા નથી. (૪) તથા एभ्यः (अक्षेभ्यः) राजा चिद् नमः इत् कृणोति। 'આ (પાસાઓ)ને રાજા પણ નમસ્કાર જ કરે છે.' પાસાઓનો જબરજસ્ત પ્રભાવ હોય છે, તેથી રાજાઓ પણ વિવશ થઈને તેમને પ્રણામ કરે છે. લોકમાં कृ–करोति। આઠમા ગણમાં વપરાય છે, પણ વેદમાં कृ–कृणोति। પાંચમા ગણમાં વપરાય છે.

नीचा वर्तन्त उपरि स्फुरन्त्यहस्तासो हस्तवन्तं सहन्ते।

दिव्या अङ्गारा इरिणे न्युप्ताः शीताः सन्तो हृदयं निर्दहन्ति॥ ९

नीचा। वर्तन्ते। उपरि। स्फुरन्ति। अहस्तासः। हस्तंऽवन्तम्। सहन्ते। दिव्याः। अङ्गाराः। इरिणे। निऽउप्ताः। शीताः। सन्तः। हृदयम्। निः। दहन्ति॥ ९॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अपि चैतेऽक्षाः नीचा नीचीनस्थले वर्तन्ते । तथापि उपरि पराजयात् भीतानां द्यूतकराणां कितवानां हृदयस्योपरि स्फुरन्ति । अहस्तासः हस्तरहिता अप्यक्षाः हस्तवन्तं द्यूतकरं कितवं सहन्ते पराजयकरणेनाभिभवन्ति । दिव्याः दिवि भवा अपकृताः अङ्गाराः अङ्गारसदृशा अक्षाः इरिणे इन्धनरहिते आस्फारे न्युप्ताः शीताः शीतस्पर्शाः सन्तः अपि हृदयं कितवानामन्तःकरणं निर्दहन्ति पराजयजनितसंतापेन भस्मीकुर्वन्ति ॥

અનુવાદ : (પાસા દ્યુતફલક ઉપર) નીચે ગગડે છે, પણ (જુગારીના હૃદયની) ઉપર ઉછળે છે ! (પાસાઓ) હાથ વગરના છે, પણ હાથવાળા (જુગારી)ને હરાવી દે છે ! ફલક ઉપર ફેંકવામાં આવેલા દિવ્યલોકના અંગારા (જેવા આ પાસા) પોતે ઠંડા હોવા છતાંય, (જુગારીના) હૃદયને બાળી મૂકે છે. (૧૦–૩૪–૯)

અભ્યાસનોંધ : (૧) વિદ્વાનોના મતે – આ મન્ત્રના ત્રીજા પાદમાં સાદૃશ્યમૂલક અતિશયોક્તિ અલંકાર છે, તે સિવાયના પાદોમાં विना हेतुं कार्योत्पत्तिः । લક્ષણવાળો વિભાવના અલંકાર છે. (૨) પૂર્વાર્ધમાં બે વાક્ય છેઃ (૧) (एते अक्षाः) नीचा वर्तन्ते, (कितवस्य हृदयोपरि) उपरि स्फुरन्ति । '(આ પાસા) (ફલક ઉપર) નીચે ગગડે છે, પણ (જુગારીના હૃદયની) ઉપર ઉછળે છે.' (૨) अहस्तासः (अक्षाः) – હાથ વગરના (એ પાસાઓ), हस्तवन्तं सहन्ते – હાથવાળા (જુગારી)ને હરાવી દે છે. √ सह ધાતુ મૂળમાં તો 'સામનો કરવો', 'વશમાં કરવું' એવા અર્થવાળો હતો, પછી 'સહન કરવું' એવું અર્થપરિવર્તન થયું છે. (૩) ઉત્તરાર્ધમાં સાદૃશ્યમૂલક અતિશયોક્તિ છેઃ इरिणे न्युप्ताः – (દ્યુત)ફલક ઉપર ફેંકવામાં આવેલા, दिव्याः अङ्गाराः – દિવ્યલોકના અંગારા (જેવા), अक्षाः – પાસાઓ (સ્વયં) शीताः सन्तः – (પોતે) ઠંડા હોવા છતાંય, (कितवस्य) हृदयं निर्दहन्ति – (જુગારીના) હૃદયને બાળે છે.

जाया तप्यते कितवस्य हीना माता पुत्रस्य चरतः क्व स्वित् ।

ऋणावा बिभ्यद्धनमिच्छमानोऽन्येषामस्तमुप नक्तमेति ॥ १० ॥

जाया । तप्यते । कितवस्य । हीना । माता । पुत्रस्य । चरतः । क्व । स्वित् । ऋणऽवा । बिभ्यत् । धनम् । इच्छमानः । अन्येषाम् । अस्तम् । उप । नक्तम् । एति ॥ १० ॥

क्व स्वित् क्वापि चरतः निर्वेदाद्गच्छतः कितवस्य जाया भार्या हीना परित्यक्ता सती तप्यते वियोगजसंतापेन संतप्ता भवति । माता जनन्यपि पुत्रस्य क्वापि चरतः कितवस्य सम्बन्धाद्धीना तप्यते । पुत्रशोकेन संतप्ता भवति । ऋणावा अक्षपराजयादृणवान् कितवः सर्वतो बिभ्यद्धनं स्तेयजनितम् इच्छमानः कामयमानः अन्येषां ब्राह्मणादीनाम् अस्तं गृहम् । 'अस्तं पस्त्यम्' इति गृहनामसु पाठात् । नक्तं रात्रौ उप एति चौर्यार्थमुपगच्छति ॥ ४ ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુવાદ : ગમે ત્યાં ફરનાર (चरतः) જુગારીની તરછોડાયેલી પત્ની સંતપ્ત રહે છે, તથા (ગમે ત્યાં ફરનાર જુગારી) પુત્રની માતા પણ દુઃખી રહે છે. દેવાદાર બનેલો, ડરતો અને ધનની ઈચ્છા કરતો (તે જુગારી), રાત્રે, બીજા કોઈકના ઘરે પહોંચે છે. (૧૦–૩૪–૧૦)

અભ્યાસનોંધ : (૧) પૂર્વાર્ધમાં વાક્યાન્વય આમ છે : क्व स्वित् चरतः कितवस्य हीना जाया तप्यते । ગમે ત્યાં ફરનાર જુગારીની તરછોડાયેલી પત્ની સંતાપ પામે છે, તથા (चरतः कितवस्य) पुत्रस्य ગમે ત્યાં ફરનાર જુગારી પુત્રની, माता (तप्यते) – માતા પણ દુઃખી રહે છે; સંતાપ અનુભવે છે. અહીં क्व स्वित् चरतः – ક્યાંક, કોણ જાણે ક્યાં ? અર્થાત્ ગમે ત્યાં ફરનાર (જુગારી)ની – એવો ભાવ છે. (૩) ઉત્તરાર્ધમાં જુગારીને ફરી વર્ણવે છેઃ ऋणवा – દેવાદાર બનેલો, बिभ्यद् – બીતો, ભય પામતો, धनम् इच्छमानः – ધનની ઈચ્છા કરતો (જુગારી), नक्तम् =रात्रौ – રાત્રે, अन्येषाम् अस्तम् – બીજા જ કોઈકના ઘરે, एति – गच्छति । પહોંચે છે. રાત્રે જુગારી પોતાને ઘરે જઈને સૂઈ પણ શકતો નથી, કેમ કે તેની પત્ની અને માતા પણ તેને ધુત્કારે છે. તેથી તે રાત્રે ગમે તેને ઘરે પડ્યો રહે છે. અથવા શ્રી વેલણકર કહે છે તેમ રાત્રે બીજા કોઈને ઘરે ચોરી કરવા જાય છે, અથવા પોતાની ઘરવખરી ગિરવે મૂકવા રાત્રે બીજાને ત્યાં જાય છે. ऋणवान् – 'ऋणवाळो' અર્થમાં ऋणवा શબ્દ છે.

स्त्रियं दृष्ट्वायं कितवं ततापान्येषां जायां सुकृतं च योनिम् ।

पूर्वाह्णे अश्वान्युयुजे हि बभ्रून्त्सो अग्नेरन्ते वृषलः पपाद ॥ ११ ॥

स्त्रियम् । दृष्ट्वायं । कितवम् । तताप । अन्येषाम् । जायाम् । सुऽकृतम् । च । योनिम् । पूर्वाह्णे । अश्वान् । युयुजे । हि । बभ्रून् । सः । अग्नेः । अन्ते । वृषलः । पपाद ॥ ११ ॥

ˇकितवं कितवः । विभक्तिव्यत्ययः । ˇअन्येषां स्वव्यतिरिक्तानां पुरुषाणां ˇजायां जायाभूतां ˇस्त्रियं नारीं सुखेन वर्तमानां ˇसुकृतं सुष्ठु कृतं ˇयोनिं गृहं ˇच ˇदृष्ट्वाय मज्जाया दुःखितां गृहं चासंस्कृतमिति ज्ञात्वा ˇतताप तप्यते । पुनः ˇपूर्वाह्णे प्रातःकाले ˇबभ्रून् बभ्रुवर्णान् ˇअश्वान् व्यापकानक्षान् ˇयुयुजे युनक्ति । पुनश्च ˇवृषलः वृषलकर्मा ˇसः कितवो रात्रौ ˇअग्नेरन्ते समीपे ˇपपाद शीतार्तः सन् शेते ॥

અનુવાદ : (પોતાની) સ્ત્રીને જોઈને જુગારી સંતાપ પામે છે, તથા બીજાઓની પત્નીને અને સંસ્કારેલા ઘરોને જોઈને પણ (તે જુગારી સંતાપ પામે છે). સવારે બભ્રુ રંગના ઘોડાઓને યોજ્યા છે, પણ સાંજે (દિવસના અંતે) વૃષલ = પામર જેવો (થયેલો તે જુગારી) અગ્નિની પાસે આવીને પડે છે. (૧૦–૩૪–૧૧)

Vasant Bhatt Collection, Gujarat

 CC-0. In Public Domain.Digitized by eGangotri

અભ્યાસનોંધ : (૧) પૂર્વાર્ધનો વાક્યાર્થ મેળવવા સાયણે कितवं એવી બીજી વિભક્તિવાળા પદને, પ્રથમા વિભક્તિમાં ફેરવે છે. આથી અર્થ થાય છેઃ स्त्रियं दृष्ट्वाय कितवं = कितवः तताप । (પોતાની) સ્ત્રીને જોઈને, કિતવ = જુગારી સંતાપ પામે છે; એ જ પ્રમાણે, अन्येषाम् जायां, सुकृतं योनिम् च (दृष्ट्वाय, कितवः तताप) । બીજાઓની પત્નીને અને સંસ્કારેલા સ્થળને, ઘરને [જોઈને જુગારી સંતાપ પામે છે.] दृष्ट्वाय વૈદિક સંબંધક ભૂતકૃદન્ત છે, તેનો અર્થ 'दृष्ट्वा = જોઈને' લેવાનો છે. (૨) વેંકટ માધવ નામના ભાષ્યકારે कितवं એવા દ્વિતીયાન્ત પદને, પ્રથમાન્ત રૂપે ફેરવ્યું નથી; પણ तताप ક્રિયાપદના કર્તા તરીકે अक्षः પદનો અધ્યાહાર લીધો છે. જેથી વાક્યાર્થ આમ થશે : "સ્ત્રીને બેહાલ દેખીને/દેખાડીને (જુગારનો) પાસો જુગારીને સંતાપ આપે છે." પરંતુ આવી યોજનામાં दृष्ट्वाय = दृष्ट्वा જેવા સંબંધક ભૂતકૃદન્ત અને तताप ક્રિયાપદનો કર્તા એક જ વ્યક્તિ (अक्ष) રહેતો નથી. સ્ત્રીને જોવાનું કામ જુગારી કરે છે, અને સંતાપ આપવાનું કામ अक्षः (પાસો) કરે છે. તેથી આવી બે ક્રિયાના કર્તા બે જુદી જુદી વ્યક્તિ હોય ત્યાં સંબંધક ભૂતકૃદન્તનો પ્રયોગ થઈ શકતો નથી. આ દોષને નિવારવા માટે, વેંકટમાધવે – त्वा ના પ્રયોગને 'આર્ષપ્રયોગ' કહ્યો છે. (૩) ઉત્તરાર્ધમાં બે વાક્ય છેઃ (कितवः) पूर्वाह्णे बभ्रून् अश्वान् युयुजे । (જુગારીએ) સવારે બભ્રુ વર્ણના ઘોડાઓને (અર્થાત્ બભ્રુ રંગના પાસા રૂપી ઘોડાને) જોડ્યા છે ! પણ अन्ते – દિવસના અંતે, અર્થાત્ સાંજે सः वृषलः अग्नेः अन्ते पपाद । તે પામર દયનીય બનેલો (રાત્રિની ઠંડીથી બચવા) અગ્નિની પાસે આવી પડે છે. આ ઉત્તરાર્ધનો તાત્પર્યાર્થ સ્પષ્ટ કરતાં શ્રી વેલણકરે લખ્યું છે કે – અક્ષ જેવા અવિશ્વાસુ અશ્વોને જોડ્યા પછી, ફળની પ્રાપ્તિ તો દૂર રહી, ઊલટાનું દિવસના અંતભાગે, ભૂખ્યા પેટે તે રાત્રિની ઠંડીથી બચવા અગ્નિની પાસે આવીને પડ્યો રહે છે.

यो वः सेनानीर्महतो गणस्य राजा व्रातस्य प्रथमो बभूव ।
तस्मै कृणोमि न धना रुणध्मि दशाहं प्राचीस्तदृतं वदामि ॥ १२ ॥

यः । वः । सेनाऽनीः । महतः । गणस्य । राजा । व्रातस्य । प्रथमः । बभूव । तस्मै । कृणोमि । न । धना । रुणध्मि । दश । अहम् । प्राचीः । तत् । ऋतम् । वदामि ॥ १२ ॥

हे अक्षाः ˇवः युष्माकं ˇमहतो ˇगणस्य संघस्य ˇयः अक्षः ˇसेनानीः नेता भवति ˇव्रातस्य च । गणव्रातयोरल्पो भेदः । ˇराजा ईश्वरः ˇप्रथमः मुख्यो ˇबभूव ˇतस्मै अक्षाय ˇकृणोमि अहमञ्जलिं करोमि । अतः परं ˇधना धनानि अक्षार्थमहं ˇन ˇरुणध्मि न सम्पादयामीत्यर्थः । एतदेव दर्शयति । ˇअहं ˇदश दशसंख्याका अङ्गुलीः ˇप्राचीः प्राङ्मुखीः करोमि । ˇतत् एतत् अहम् ˇऋतं सत्यमेव ˇवदामि । नानृतं ब्रवीमीत्यर्थः ॥

અનુવાદ : (હે પાસાઓ !) જે તમારા મોટા ગણનો સેનાપતિ છે, (જે તમારા) સમૂહનો પ્રથમ રાજા છે. તેને માટે હું (પ્રણામાંજલિ) કરું છું; (હવેથી) હું (જુગારને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

માટે) ધનોને રોકીશ નહીં (= એકઠા નહીં કરું), હું દશ આંગળીઓને પૂર્વદિશા તરફ (કરીને), સત્ય જ બોલું છું. (૧૦–૩૪–૧૨).

અભ્યાસનોંધ : (૧) (हे अक्षासः !) यः वः महतः गणस्य सेनानीः अस्ति । (હે પાસાઓ !) જે તમારા મોટા ગણનો સેનાપતિ છે, (यः वः) व्रातस्य प्रथमः राजा बभूव – (જે તમારા) સમૂહનો પ્રથમ રાજા છે (થઈ ગયો); तस्मै (प्रणामांजलिं) कृणोमि । – તેની સામે, તેને માટે હું પ્રણામાંજલિ કરું છું. न धना(नि) रुणध्मि – હું ધનોને રોકતો નથી, જુગાર માટે હવે એકઠાં કરતો નથી. ચોથા પાદમાં કહે છે કે अहं दशा प्राचीः (कृत्वा) ऋतं वदामि । હું દશ (આંગળીઓ) પૂર્વદિશા તરફ (કરીને; અર્થાત્ નમસ્કાર કરીને) હું સત્યં બોલું છું. કેટલાક વિદ્વાનોએ, ત્રીજા – ચોથા પાદમાંથી શબ્દોને ભેગા કરીને, જેમકે, तस्मै दश प्राचीः कृणोमि = તેની સામે દશ આંગળીઓ રજૂ કરું છું." એવો અનુવાદ પણ વિચાર્યો છે. શ્રી વેલણકરે ઉત્તરાર્ધનો અનુવાદ આમ કર્યો છેઃ તે (રાજા)ની સામે હું મારા હાથની દશ આંગળીઓ ફેલાવીને બતાવું છું અને મેં કોઈ પણ પ્રકારનું ધન સંતાડીને રાખ્યું નથી (જુગાર રમવા માટે), અને આ હું એકદમ સત્ય જ કહું છું.

अक्षैर्मा दीव्यः कृषिमित्कृषस्व वित्ते रमस्व बहु मन्यमानः ।

तत्र गावः कितव तत्र जाया तन्मे वि चष्टे सवितायमर्यः ॥ १३ ॥

अक्षैः । मा । दीव्यः । कृषिम् । इत् । कृषस्व । वित्ते । रमस्व । बहु । मन्यमानः । तत्र । गावः । कितव । तत्र । जाया । तत् । मे । वि । चष्टे सविता । अयम् । अर्यः ॥ १३ ॥

हे कितव बहु मन्यमानः मद्वचने विश्वासं कुर्वस्त्वम् अक्षैर्मा दीव्यः द्यूतं मा कुरु । कृषिमित् कृषिमेव कृषस्व कुरु । वित्ते कृष्या सम्पादिते धने रमस्व रतिं कुरु । तत्र कृषौ गावः भवन्ति । तत्र जाया भवति । तत् एव धर्मरहस्यं श्रुतिस्मृतिकर्ता सविता सर्वस्य प्रेरकः अयं दृष्टिगोचरः अर्यः ईश्वरः मे चष्टे विविधमाख्यातवान् ॥

અનુવાદ : "પાસાઓ વડે (જુગાર) રમીશ નહિ, ખેતી જ ખેડ, (તેની ઉપજમાંથી મળેલા) ધનનું બહુમાન કરીને આનંદ પામ. તેમાં ગાયો છે; હે જુગારી ! તેમાં જ (તારી) પત્ની છે." – આ અર્થ એવા સવિતાએ મને કહ્યું છે. (૧૦–૩૪–૧૩).

અભ્યાસનોંધ : (૧) જુગારના દુષ્ટ પરિણામો ભોગવ્યા પછી, જુગારીને "જુગારને બદલે ખેતી જ કરવી જોઈએ" એવું જે દર્શન લાધ્યું છે, તેનું નિરૂપણ કરતો આ મન્ત્ર છે. (૨) (हे कितव !) अक्षैः मा दीव्यः । હે જુગારી ! તું પાસાઓથી જુગાર ના રમીશ, कृषिम्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

इत् कृषस्व – ખેતી જ ખેડ. (૩) वित्ते रमस्व, बहु मन्यमान्यः – (ખેતીની ઉપજના) ધનમાં જ, ધનને જ બહુમાન આપતો, આનંદ કર. (૪) तत्र (कृषौ) गावः । તે (ખેતીની ઉપજ)માંથી જ ગાયો મળી રહેશે. हे कितव ! तत्र जाया – હે જુગારી ! (ખેતી કરીશ તો) તેમાં જ તારી પત્ની તારી બનીને રહેશે. – આવું अर्यः अयम् सविता मे विचष्टे अર્થ એવા સવિતા દેવે મને (જુગારીને) કહ્યું છે. મને સલાહ આપી છે. (૫) मा दीव्यः । √ दिवु क्रीडायाम् 'જુગાર રમવો' ૪થા ગણના ધાતુનું અદ્યતન ભૂતકાળ अट् આગમ વિનાનું Injunctive પ્રકારનું બીજા પુરુષ એકવચનનું રૂપ છે. વેલણકર કહે છે કે અહીં જુગારીને દ્યુતફલક ઉપર ખેતી નહિ, પણ જમીન ઉપર ખેતી કરવાની સલાહ આપી છે !

मित्रं कृणुध्वं खलुं मृळतां नो मा नों घोरेणं चरताभि धृष्णु ।

नि वो नु मन्युर्विंशतामरांतिरन्यो बंभ्रूणां प्रसिंतौ न्वंस्तु ॥ १४ ॥

मित्रम् । कृणुध्वम् । खलुं । मृळतं । नः । मा । नः । घोरेणं । चरत । अभि । धृष्णु । नि । वः । नु । मन्युः । विशताम् । अरांतिः । अन्यः । बभ्रूणाम् । प्रऽसिंतौ । नु । अस्तु ॥ १४ ॥

हे अक्षाः यूयं ᵛमित्रं ᵛकृणुध्वम् अस्मासु मैत्रीं कुरुत । ᵛखलु इति पूरणः । ᵛनः अस्मान् ᵛमूळत सुखयत च । ᵛनः अस्मान् ᵛधृमृणु धृष्णुना । तृतीयार्थे प्रथमा । ᵛघोरेण असह्येन ᵛमा ᵛअभि ᵛचरम मा गच्छत । किंच ᵛवः युष्माकं ᵛमन्युः क्रोधः ᵛअरातिः अस्माकं शत्रुः ᵛनि ᵛविशताम् अस्मच्छत्रुषु तिष्ठतु । ᵛअन्यः अस्माकं शत्रुः कश्चित् ᵛबभ्रूणां वभ्रूवर्णानां युष्माकं ᵛप्रसितौ प्रवन्धने ᵛनु क्षिप्रम् ᵛअस्तु भवतु ॥ ५ ॥

અનુવાદ : (હે પાસાઓ !) તમે (અમને) મિત્ર બનાવો, અમારી ઉપર પ્રસન્ન થાવ – કૃપા કરો – તમારા ઘોર(રૂપ)થી અમારી ઉપર બળજબરીથી અભિચાર કરશો નહીં. તમારો શત્રુતા ભર્યો જુસ્સો હવે શાન્ત થાય. બભ્રુ વર્ણવાળા (પાસાઓ)ના બંધનમાં હવે બીજો કોઈ વ્યક્તિ હોય. (૧૦–૩૪–૧૪).

અભ્યાસનોંધ : (૧) જુગારીની સાન ઠેકાણે આવ્યા પછી, તે એવું ઇચ્છે છે કે પાસાઓ એના તરફની દુશ્મનાવટ છોડે, અને તેને નિરાંતે જીવવા દે. નાનાં નાનાં વાક્યોમાં થયેલી રજૂઆત પ્રભાવક છે. (૨) (૧) (यूयं) (माम्) मित्रं कृणुध्वम् – તમે (અમને) મિત્ર બનાવો. (૨) नः मृळत – અમારી ઉપર કૃપા કરો, પ્રસન્ન થાવ. (૩) घोरेण धृष्ण मा अभि चरत । ઘોર રૂપથી બળજબરીથી (અમારી ઉપર) અભિચાર કરશો નહીં. (૩) वः अरातिः मन्युः नि विशताम् – તમારો શત્રુતાભર્યો જુસ્સો, ક્રોધ હવે શમી જાય (પાસાઓ મારો પીછો છોડે). (૪) बभ्रूणाम् (अक्षाणां) प्रसितौ अन्यः अस्तु – બભ્રુ વર્ણવાળા પાસાઓની મૂઠ્ઠીમાં, પકડમાં બીજો કોઈ (અથવા પેલો અગાઉ જીતી ગયેલો પ્રતિસ્પર્ધી જુગારી) હજો.

◆ ◆ ◆

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

६. पुरुषसूक्तम् [१०.९०]

'सहस्रशीर्षा' इति षोडशर्चं षष्ठं सूक्तम्। नारायणो नामर्षिरन्त्या त्रिष्टुप् शिष्टा अनुष्टुभः। अव्यक्तमहदादिविलक्षणश्चेतनो यः पुरुषः 'पुरुषान्न परं किंचित्' (क. उ. ३. ११) इत्यादि श्रुतिषु प्रसिद्धः स देवता। तथा चानुक्रान्तं – 'सहस्रशीर्षा षोळश नारायणः पौरुषमानुष्टुभं त्रिष्टुबन्तं तु' इति। गतो विनियोगः॥

જે વેદકાળમાં યજ્ઞયાગાદિની ક્રિયાઓનો પૂર્ણ વિકાસ થયો હશે તે સમયગાળામાં 'નારાયણ' નામના ઋષિએ યજ્ઞક્રિયાને પ્રતીક તરીકે લઈને "એક પરમ પુરુષ માંથી આ સૃષ્ટિની ઉત્પત્તિ કેવી રીતે થઈ ?" એનું અહીં (૧૦.૯૦ માં) વર્ણન કર્યું છે. આથી આ સૂક્તને 'पुरुष सूक्तम्' ના નામે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે બ્રાહ્મણો યજ્ઞમાં આહુતિ આપીને, પોતાના ધન–ધાન્યનો ત્યાગ કરે છે. તેમાં દેવતાઓ પ્રત્યે આભારની લાગણી પ્રદર્શિત કરવા અથવા દેવોનું પૂજન–અર્ચન કરી તેમને પ્રસન્ન કરવાનો ઉપક્રમ હોય છે. આવો યજ્ઞ કરવાથી કશા ધન–ધાન્યનો નાશ થતો નથી, પણ તેમાંથી તો નવસર્જન થાય છે – એવું ઋષિનું દર્શન છે. આ સૃષ્ટિના આરંભે જ એક પરમ પુરુષ કે જે પોતે હજાર મસ્તકવાળો, હજાર આંખવાળો અને હજાર હાથ–પગવાળો છે. તેમાંથી વિરાજ્ (તત્ત્વ) ઉત્પન્ન થયું અને પછી તેમાંથી બીજો એક 'વૈરાજ યજ્ઞિય પુરુષ' ઉત્પન્ન થયો. દેવોએ આ વૈરાજ યજ્ઞિય પુરુષને હવિષ્ રૂપે કલ્પીને = યજ્ઞના પશુહવિ રૂપ કલ્પીને સૃષ્ટિયજ્ઞનો આરંભ કર્યો. પરિણામ સ્વરૂપે તે પુરુષનાં વિવિધ અંગોમાંથી સૃષ્ટિના વિવિધ પદાર્થો ઉત્પન્ન થયા – આવું સૃષ્ટિપ્રક્રિયાનું સુંદર વર્ણન અહીં રજૂ થયું છે.

આ સૂક્તમાં ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદનો (કેટલાકના મતે छन्दांसि શબ્દથી અથર્વવેદનો પણ) તથા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવા ચાર વર્ણો અને વસન્ત, ગ્રીષ્મ અને શરદ્–એવી ત્રણ ઋતુઓનો સ્પષ્ટ ઉલ્લેખ પહેલી વખત પ્રાપ્ત થાય છે. આવા ઉલ્લેખોને આધારે આ સૂક્ત પાછળથી રચાયેલું હશે એવી પણ વિદ્વાનોએ ધારણા કરી છે. બીજું, અહીં ચાર વર્ણો અને ઋતુઓ, ગાયો, બકરાં, ઘેટાં, સૂર્ય, ચન્દ્ર, ઈન્દ્ર, વાયુ, અન્તરિક્ષાદિ લોક વગેરે વગેરેની ઉત્પત્તિ अजायत, तस्मात् जाता વગેરે શબ્દોથી દર્શાવી છે. આથી, પાછળના સમયમાં ઉપનિષદોમાં જે જીવ–જગત્ (= સૃષ્ટિની ઉત્પત્તિ–સ્થિતિ–લય) અને પરમેશ્વર સંબંધી તત્ત્વજિજ્ઞાસા જાગી છે, તેનાં બીજ આ સૂક્તમાં જોઈ શકાય છે.

પ્રોફે. એચ. ડી. વેલણકર સાહેબ આ સૂક્ત વિષે કહે છે કે આ સૂક્ત બીજા સૂક્તોની સરખામણીમાં પાછળના સમયનું હોય એવું જણાય છે. યજ્ઞાદિ ક્રિયાકાંડની સુપ્રતિષ્ઠા થઈ ગયા પછી, તેનું રહસ્યવાદી અર્થઘટન રજૂ કરવાના સમયે આ સૂક્ત રચાયું લાગે છે. ચાર વર્ણો અને મુખ્ય ત્રણ ઋતુઓનો પહેલવહેલી વખત આ સૂક્તમાં ઉલ્લેખ થયેલો જોવા મળે છે. વળી, અમુક પદોની સન્ધિ અને અનુષ્ટુપ્ છન્દની રચના તે (રામાયણ–મહાભારત કાળની) પ્રશિષ્ટ સંસ્કૃત ભાષાને મળતી આવે છે. બીજું, વેદાન્તદર્શનની

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

શરૂઆત અને યજ્ઞમાં અપાતી આહુતિ પશુબલિ, કે સ્વાર્પણ—નો વિચાર એક ઉન્નત સામાજિક સંસ્થાનું રૂપ પકડતો જાય છે એનું આ સૂક્તમાં પ્રતિબિમ્બ જોવા મળે છે. અહીં સ્વેચ્છાએ અને આનંદપૂર્વક પોતાની જાતનું બલિદાન અપાય છે. એમાં કોઈ દુઃખની, અનિચ્છાની લાગણી નથી. અહીં અપાયેલા આત્મબલિદાનથી કશાનો નાશ નથી થયો, બલ્કે રૂપાંતર થયું છે – નવસર્જન થયું છે, અને થઈ રહ્યું છે. (ઋક્સૂક્તશતી, સં. વેલણકર એચ. ડી., ભારતીય વિદ્યાભવન, મુંબઈ, ૧૯૭૨) પ્રોફે. મેકડોનલના મત મુજબ—આ સૂક્તને "વિશ્વદેવતાવાદ" – Pantheism – નો રંગ લાગ્યો છે તે ઉપરથી પણ એ સૂક્ત વધારે મોડું રચાયેલું છે એમ માલૂમ પડી આવે છે. કારણ કે આ સૂક્તમાં કહ્યું છે કે – पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भव्यम् । 'પુરુષ તે જ આ સઘળું જગત્ છે, અત્યારે જે કાંઈ છે અને હવે પછી જે કંઈ હશે એ સઘળું પુરુષ જ છે.....' આથી 'પુરુષસૂક્ત'ને હિન્દુસ્તાનના વિશ્વદેવતાવાદની જૂનામાં જૂની રચના તરીકે આપણી ગણી શકીએ. ('સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ, મેકડોનલ, અનુ. મો. પા. દવે. પોપ્યુલર પ્રકાશન, સૂરત, ૧૯૬૮.)

પ્રોફે. ગ્રિફીથ લખે છે કે – This panthistic hymn, which is generally called the Purushasukta, is of comparatively recent origin and appears to be an attempt to harmonize the two ideas of scarifice and creation. (The hymns of the Ṛgveda, by Ralph T. H. Griffith, part–II, p. 520.)

[ऋषि—नारायण, देवता—પુરુષ અને છન્દ ૧ થી ૧૫ મન્ત્રોમાં અનુષ્ટુપ્ અને ૧૬મા મન્ત્રમાં ત્રિષ્ટુપ્]

सहस्रंशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रंपात् ।
स भूमिं विश्वतों वृत्वात्यंतिष्ठद्दशाङ्गुलम् ॥ १०.१ ॥

सहस्रंशीर्षा । पुरुषः । सहस्रऽअक्षः । सहस्रंऽपात् । सः । भूमिंम् । विश्वतः । वृत्वा । अतिं । अतिष्ठत् । दशऽअङ्गुलम् ॥ १ ॥

सर्वप्राणिसमष्टिरूपो ब्रह्माण्डदेहो विराडाख्यो यः ᵛपुरुषः सोऽयं ᵛसहस्रशीर्षा । सहस्रशब्दस्योपलक्षणत्वादनन्तैः शिरोभिर्युक्त इत्यर्थः । यानि सर्वप्राणिनां शिरांसि तानि सर्वाणि तद्देहान्तःपातित्वात्तदीयान्येवेति सहस्रशीर्षत्वम् । एवं सहस्राक्षित्वं सहस्रपादत्त्वं च । ᵛसः पुरुषः ᵛभूमिं ब्रह्माण्डगोलकरूपां ᵛविश्वतः सर्वतः ᵛवृत्वा परिवेष्ट्य ᵛदशाङ्गुलं दशाङ्गुलपरिमितं देशम् ᵛअत्यतिष्ठत् अतिक्रम्य व्यवस्थितः । दशाङ्गुलमित्युपलक्षणम् । ब्रह्माण्डाद्बहिरपि सर्वतो व्याप्यावस्थित इत्यर्थः ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુવાદ : તે પુરુષ હજાર મસ્તકવાળો, હજાર આંખોવાળો અને હજાર પાદવાળો છે. તે ભૂમિને ચારેય તરફથી વીંટળાઈને તેનાથી દશ આંગળ ઊંચે (અતિક્રમીને) રહેલો છે.* (૧૦–૯૦–૧)

નોંધ : सहस्रऽशीर्षा એ સામાસિક શબ્દના પૂર્વપદમાં ઉદાત્ત સ્વર હોવાથી, આ બહુવ્રીહિ સમાસ છે. તેનો અર્થ થશે : 'હજાર છે મસ્તક જેનાં.' એ જ પ્રમાણે, सहस्रऽपात् । શબ્દ પણ બહુવ્રીહિ હોવાથી પૂર્વપદમાં ઉદાત્ત સ્વર છે. પણ सहस्राक्ष શબ્દ બહુવ્રીહિ સમાસ હોવા છતાંય અન્તોદાત્ત સ્વરવાળો છે, તે નોંધપાત્ર છે. **સાયણ** કહે છે કે અહીં સર્વ પ્રાણીઓના સમુદાય રૂપ બ્રહ્માણ્ડ રૂપી દેહવાળો, 'વિરાટ્' નામે ઓળખાતો જે "પુરુષ" છે તેને હજાર મસ્તકવાળો કહ્યો છે. અહીં 'સહસ્ર' શબ્દ ઉપલક્ષણ હોઈને એનો અર્થ અનન્ત મસ્તકવાળો એમ લેવાનો છે. બધાં પ્રાણીઓનાં મસ્તકો તે વિરાટ પુરુષના દેહમાં જ રહેલાં હોઈને, તેમને પુરુષનાં (જ) મસ્તકો' કહ્યાં છે. આ જ પ્રમાણે, સહસ્રાક્ષ અને 'સહસ્રપાત્'નો અર્થ સમજવો. अति अतिष्ठत् એટલે અતિક્રમીને રહેલો છે. વળી, સાયણ કહે છે કે 'દશાંગુલિ' શબ્દને પણ ઉપલક્ષણ સમજવાનો છે. આ 'પુરુષ' નામની દેવતા 'ભૂમિથી દશ આંગળ ઊંચે અતિક્રમીને રહેલ છે' એ વાક્યનો અર્થ 'બ્રહ્માણ્ડની બહાર પણ તે સર્વત્ર વ્યાપ્ત છે' એમ કરવાનો છે.

યજુર્વેદ (અધ્યાય–૩૧)માં પણ આ 'પુરુષસૂક્ત' આવેલું છે. ત્યાં ઉવટ અને મહીધર જેવા ભાષ્યાકારોએ 'દશાંગુલ'નો અર્થ – 'નાભિથી દશ આંગળ અતિક્રમણ કરીને, ઉપર આવેલા હૃદય વિષે રહેલ છે' એમ કર્યો છે. અહીં, ભવિષ્યમાં જેનું સર્જન થવાનું છે એની અપેક્ષાએ 'ભૂમિને વીંટળાઈને' – એમ કહ્યું છે.

पुरु॑ष ए॒वेदं सर्वं॒ यद्भू॒तं यच्च॒ भव्य॑म् ।

उ॒तामृ॑त॒त्वस्येशा॑नो॒ यदन्ने॑नाति॒रोह॑ति ॥ ९०.२ ॥

पुरु॑षः । ए॒व । इ॒दम् । सर्व॑म् । यत् । भू॒तम् । यत् । च॒ । भव्य॑म् । उ॒त । अ॒मृ॒त॒ऽत्वस्य॑ । ईशा॑नः । यत् । अन्ने॑न । अ॒ति॒ऽरोह॑ति ॥ २ ॥

यत् ᵛइदं वर्तमानं जगत् तत् ᵛसर्वं ᵛपुरुष ᵛएव । ᵛयत् च ᵛभूतम् अतीतं जगत् ᵛयच्च ᵛभव्यं भविष्यज्जगत् तदपि पुरुष एव । यथास्मिन् कल्पे वर्तमानाः प्राणिदेहाः सर्वेऽपि विराट्पुरुषस्यावयवाः तथैवातीतागामिनोरपि कल्पयोर्द्रष्टव्यमित्यभिप्रायः । ᵛउत अपि च ᵛअमृतत्वस्य देवत्वस्य अयम् ᵛईशानः स्वामी । ᵛयत् यस्मात्कारणात् ᵛअन्नेन प्राणिनां भोग्येनान्नेन

* ઉપર સાયણ ભાષ્યમાં જે જે શબ્દ ઉપર અંગ્રેજી ᵛની નિશાની મૂકી છે, તે મૂળ વેદમન્ત્રના શબ્દો છે એમ સૂચવે છે. તથા એની પછી જે ᵛની નિશાની વગરના શબ્દો છે તે, ᵛવાળા શબ્દોના પર્યાયવાચી શબ્દો/અર્થઘટન/અનુવાદ છે એમ જાણવું.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

निमित्तभूतेन ˇअतिरोहति स्वकीयां कारणावस्थामतिक्रम्य परिदृश्यमानां जगदवस्थां प्राप्नोति तस्मात्प्राणिनां कर्मफलभोगाय जगदवस्थास्वीकारान्नेदं तस्य वस्तुत्वमित्यर्थः ॥

અનુવાદ : પુરુષ જ આ બધું છે, જે કાંઈ જન્મ્યું છે/થયું છે અને જે કાંઈ જન્મનારું/થનારું છે. વળી, તે (પુરુષ) અમૃતત્વનો (= દેવત્વનો) સ્વામી છે, (તથા) જે અન્નથી વધે છે. [તેનો પણ તે સ્વામી છે.] ૧૦–૯૦–૨

નોંધ : આ મન્ત્રના ચોથા ચરણને વિવિધ રીતે સમજાવવા પ્રયત્ન થયા છે. જેમ કે, (क) વેંકટમાધવ–જે કાંઈ અહીં ભૂતમાત્ર જન્મેલ છે તે દેવોના હવિષાન્નથી વધે છે. (– આધિભૌતિક અર્થઘટન) (ख) સાયણ–તે (પુરુષ) 'અન્ન'થી = પ્રાણીઓના ભોગ્ય (કર્મફળ)ને કારણે અતિરોહણ કરે છે. અર્થાત્ પોતાની કારણાવસ્થાનું અતિક્રમણ કરીને, પ્રાણીઓના કર્મફળનો ભોગ કરાવવાના હેતુથી પરિદૃશ્યમાન જગત્‌ની અવસ્થાને પ્રાપ્ત કરે છે. (– આધિદૈવિક અર્થઘટન) અહીં अन्नेन ની તૃતીયા વિભક્તિનો હેતુપરક અર્થ કર્યો જણાય છે. (ग) यत् નો અર્થ यस्मात् =यतो हि કરીને શ્રીમ્યૂર કહે છે કે–તે અમૃતત્વનો સ્વામી છે, કારણ કે તે અન્નથી વધે છે. (घ) આ જ મુદ્દાને પ્રો. લુડવિગ વધારે સારી રીતે મૂકી આપે છે. તે અમૃતત્વ પર સત્તા ધરાવનારો છે, यत् =કારણ કે જે અન્તથી છે, તેનાથી તે આગળ નીકળી જાય છે.

एतावा॑नस्य महि॒मातो॒ ज्याया॑ँश्च॒ पूरु॑षः ।

पादो॑ऽस्य॒ विश्वा॑ भू॒तानि॑ त्रि॒पाद॑स्या॒मृतं॑ दि॒वि ॥ १०.३ ॥

ए॒तावा॑न् । अ॒स्य॒ । म॒हि॒मा । अतः॑ । ज्याया॑न् । च॒ । पुरु॑षः । पादः॑ । अ॒स्य॒ । विश्वा॑ । भू॒तानि॑ । त्रि॒ऽपात् । अ॒स्य॒ । अ॒मृत॑म् । दि॒वि ॥ ३ ॥

अतीतानागतवर्तमानरूपं जगद्यावदस्ति ˇएतावान् सर्वोऽपि ˇअस्य पुरुषस्य ˇमहिमा स्वकीयसामर्थ्यविशेषः । न तु तस्य वास्तवस्वरूपम् । वास्तवस्तु ˇपुरुषः ˇअतः महिम्नोऽपि ˇज्यायान् अतिशयेनाधिकः । एतच्चोभयं स्पष्टीक्रियते । ˇअस्य पुरुषस्य विश्वा सर्वाणि ˇभूतानि कालत्रयवर्तीनि प्राणिजातानि ˇपादः चतुर्थोंऽशः । ˇअस्य पुरुषस्य अवशिष्टं ˇत्रिपात् स्वरूपम् ˇअमृतं विनाशरहितं सत् ˇदिवि द्योतनात्मके स्वप्रकाशस्वरूपे व्यवतिष्ठत इति शेषः । यद्यपि 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' (तै. आ. ८.१: तै. उ. २.१) इत्याम्नातस्य परब्रह्मण इयत्ताभावात् पादचतुष्टयं निरूपयितुमशक्यं तथापि जगदिदं ब्रह्मस्वरूपापेक्षयाल्पमिति विवक्षितत्वात् पादत्वोपन्यासः ॥

અનુવાદ : આ (પુરુષ)નો આટલો મહિમા છે, અને તે પુરુષ તો આ (મહિમા)થીય ઘણો વધારે મોટો છે. બધાં જ પ્રાણીઓ આનો એક પાદ છે અને તેના ત્રણ પાદ તો દ્યુલોકમાં અમૃત(ત્વ) રૂપ છે. ૧૦–૯૦–૩

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નોંધ : આ મંત્રમાં (૧) एतावान् + अस्य ની સન્ધિમાં, વધુ પ્રાચીન સૂક્તોમાં જોવા મળે છે તેમ, न् નો લોપ થઈને एतावाँ + अस्य એવો સાનુનાસિક નિર્દેશ થવો જોઈતો હતો પણ એમ નહીં થતાં, અહીં તો न् અને अ નું સમ્મેલન થઈને एतावानस्य એવો સન્ધિ કર્યો છે. આવો સન્ધિ પાછળના સમયની ઋચાઓમાં જોવા મળે છે. (૨) पूरुषः પદમાં पु ને દીર્ઘ 'ઊ' વાળો રજૂ કર્યો છે. (સામાન્ય રીતે તો તે पुरुषः એમ જ લખાય/બોલાય છે. પણ) અહીં અનુષ્ટુપ્ છન્દના બંધારણ મુજબ 'આઠ અક્ષરના પાદમાં છટ્ઠો અક્ષર ગુરુ હોવો જોઈએ' એ નિયમ જાળવવા માટે पू માં દીર્ઘ 'ઊ' કર્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો વેદમાં પાદાન્તે पुरुष → पूरुष રૂપે ઉચ્ચારાય છે. (૩) પાદ – એટલે એક ચતુર્થાંશ ભાગ અને त्रिपात એટલે ત્રણ ચતુર્થાંશ ભાગ. (૪) ઉપર બીજા મંત્રમાં આવેલા अमृतत्व શબ્દને આધારે અહીં ત્રીજા મંત્રમાં પણ अमृतम् નો અર્થ अमृतत्वम् કરી શકાય.

સાયણ આ મન્ત્રને સમજાવતાં લખે છે કે ભૂત—ભવિષ્ય—વર્તમાનમાં રહેલું આ જે જગત્ છે તે બધું જ આ પુરુષનો મહિમા છે; પણ એ એનું વાસ્તવિક સ્વરૂપ નથી. તે વાસ્તવ પુરુષ તો એના મહિમા કરતાંય અધિક છે. ત્રણેય કાળના તમામ ભૂતો તે આ પુરુષનો માત્ર એક પાદ = ચતુર્થાંશ જ છે; અને તેનું બાકીનું રૂપ—ત્રણ ચતુર્થાંશ ભાગ તો અમૃત (રૂપ) વિનાશ રહિત છે, જે દ્યુલોકમાં સ્વપ્રકાશ રૂપે રહેલું છે. સાયણ કહે છે કે તૈત્તિરીય આરણ્યક અને ઉપનિષદ્‌માં सत्यं ज्ञानमनन्तं ब्रह्म । એમ કહીને પરબ્રહ્મની ઈયત્તાનો અભાવ દર્શાવ્યો છે. તેથી તે પુરુષ (= પરબ્રહ્મ)ના ચાર પાદનું આ રીતે નિરૂપણ કરવું શક્ય નથી. તથાપિ તે પરબ્રહ્મ = પુરુષની અપેક્ષાએ આ જગત્ તો ખૂબ અલ્પ છે એમ કહેવાની ઈચ્છાથી, તે પુરુષના પાદચતુષ્ટયનું વર્ણન કર્યું છે.

त्रिपादूर्ध्व उदैत्पुरुषः पादोऽस्येहाभवत् पुनः ।

ततो विष्वङ् व्यक्रामत्साशनानशने अभि ॥ १०.४ ॥

त्रिऽपात् । ऊर्ध्वः । उत् । ऐत् । पुरुषः । पादः । अस्य । इह । अभवत् । पुनरिति । ततः । विष्वङ् । वि । अक्रामत् । साशनानशने इति । अभि ॥ ४ ॥

योऽयं ˇत्रिपात् ˇपुरुषः संसाररहितो ब्रह्मस्वरूपः सोऽयम् ˇऊर्ध्व उदैत् अस्मादज्ञानकार्यात्संसाराद्बहिर्भूतोऽत्रत्यैर्गुणदोषैरस्पृष्ट उत्कर्षेण स्थितवान् । तस्य ˇअस्य सोऽयं ˇपादः लेशः सोऽयम् ˇइह मायायां ˇपुनः ˇअभवत् सृष्टिसंहाराभ्यां पुनःपुनरागच्छति । अस्य सर्वस्य जगतः परमात्मलेशत्वं भगवताप्युक्तं—'विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत्' (भ.गी. १०.४२) इति । ˇततः मायायामागत्यानन्तरं ˇविष्वङ् देवमनुष्यतिर्यगादिरूपेण विविधः सन् ˇव्यक्रामत् व्याप्तवान् । किं कृत्वा । ˇसाशनानशने अभिलक्ष्य । साशनं भोजनादिव्यवहारोपेतं चेतनं प्राणिजातम् अनशनं तद्रहितमचेतनं गिरिनद्यादिकम् । तदुभयं यथा स्यात्तथा स्वयमेव विविधो भूत्वा व्याप्तवानित्यर्थः ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુવાદ : ત્રણ પાદવાળો (આ) પુરુષ ઉપર (ઊર્ધ્વલોકમાં) ગયેલો છે. આનો (ચોથો) એક પાદ અહીં (સંસારમાં) ફરી ફરીને થાય છે/વ્યાપ્ત થઈને રહેલો છે. ત્યાર પછી તે (પુરુષ) સાશન (ભોજનાદિ વ્યવહારથી યુક્ત ચેતન પ્રાણી— સમૂહ = દેવમનુષ્યો) અને અનશન (ભોજન નહીં કરનાર =વૃક્ષાદિ, અચેતન પદાર્થો)ને વિષે ચારે તરફથી વ્યાપ્ત થયો છે. ૧૦–૯૦–૪

નોંધ : (૧) उदैत् = उद् + √ इ ૨જો ગણ, ઉપર ગતિ કરવી, હ્યસ્તન ભૂતકાળ ત્રી. પુ. એ. વ. (૨) वि + अक्रामत् = वि + √ क्रम् – ઓળંગવું, ૧લો ગણ પરસ્મૈ. હ્યસ્તન ભૂ. ત્રી. પુ. એ. વ. (૩) विष्वङ् = सर्वतः ચારે તરફથી; પણ સાયણ મુજબ— દેવ, મનુષ્ય, તિર્યગાદિ વિવિધ રૂપ બનીને વ્યાપી વળ્યો છે. (૪) साशनानशने આ દ્વન્દ્વ સમાસ છે; અને તે અન્તોદાત્ત છે. (આવાં અન્ય ઉદાહરણો પણ ઋગ્વેદના દશમા મંડળમાંથી જ મળે છે.) સામાન્ય રીતે જ્યાં સમાસ હોય ત્યાં પદપાઠ કરતી વખતે ઉત્તરપદની પૂર્વમાં અવગ્રહ મુકાય છે, પણ દ્વન્દ્વ સમાસમાં તે મુકાતો નથી. વળી, અહીં બે પદાર્થોનો દ્વન્દ્વ સમાસ થયો હોઈને, દ્વિવચનમાં રહેલ છે. હવે દીર્ઘ ई, ऊ અને ए કારાન્ત દ્વિવચનનાં રૂપોને પ્રગૃહ્ય સંજ્ઞક ગણીને, પદપાઠમાં તેમની પાછળ इतिं કરણ કરવામાં આવ્યું છે. જેમ કે, साशनानशने इतिं । (પ્રગૃહ્ય સંજ્ઞક પદોનો इति ની સાથે સન્ધિ થઈ શકતો નથી.) (૫) આ ઋચા અનુષ્ટુપ્ છન્દમાં રચાઈ હોઈ, તેમાં ૮–૮–૮–૮ના ચાર પાદ = ૩૨ અક્ષર (જ) હોવા જોઈએ. પણ પહેલા પાદમાં નવ અક્ષર છે, તેથી पुरुषः નો ઉચ્ચાર प्रुषः એમ કરવાનો રહે છે.

तस्माद्विराळजायत विराजो अधि पूरुषः ।

स जातो अत्यरिच्यत पश्चाद्भूमिमथो पुरः ॥ ९०.५ ॥

तस्मात् । विऽराट् । अजायत । विऽराजः । अधि । पुरुषः । सः । जातः । अति । अरिच्यत । पश्चात् । भूमिम् । अथो इति । पुरः ॥ ५ ॥

विष्वङ् व्यक्रामदिति यदुक्तं तदेवात्र प्रपञ्च्यते । ᵛतस्मात् आदिपुरुषात् ᵛविराट् ब्रह्माण्डदेहः ᵛअजायत उत्पन्नः । विविधानि राजन्ते वस्तून्यत्रेति विराट् । ᵛविराजोऽधि विराड्देहस्योपरि तमेव देहमधिकरणं कृत्वा ᵛपुरुषः तद्देहाभिमानी कश्चित् पुमान् अजायत । सोऽयं सर्ववेदान्तवेद्यः परमात्मा स्वयमेव स्वकीयया मायया विराड्देहं ब्रह्माण्डरूपं सृष्ट्वा तत्र जीवरूपेण प्रविश्य ब्रह्माण्डाभिमानी देवतात्मा जीवोऽभवत् । एतच्चाथर्वणिका उत्तरतापनीये विस्पष्टमामनन्ति–'स वा एष भूतानीन्द्रियाणि विराजं देवताः कोशांश्च सृष्ट्वा प्रविश्यामूढो मूढ इव व्यवहरन्नास्ते माययैव' (नृ. ता. २.१.९) इति । ᵛस ᵛजातः विराट् पुरुषः अत्यरिच्यत अतिरिक्तोऽभूत् । विराड्व्यतिरिक्तो देवतिर्यङ्मनुष्यादिरूपोऽभूत् । ᵛपश्चात् देवादिजीवभावादूर्ध्वं ᵛभूमिं ससर्जेति शेषः । ᵛअथो भूमिसृष्टेरनन्तरं तेषां जीवानां ᵛपुरः ससर्ज । पूर्यन्ते सप्तभिर्धातुभिरिति पुरः शरीराणि ॥ १७ ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુવાદ : તે (સહસ્રશીર્ષવાળા પુરુષ)માંથી વિરાજ્ (બ્રહ્માણ્ડરૂપી દેહ) ઉત્પન્ન થયો. [અથવા તેમાંથી વિરાજ્ (નામની નારી) ઉત્પન્ન થઈ.] તે વિરાજમાંથી બીજો પુરુષ (જીવાત્મા; અથવા યજ્ઞિય પુરુષ) ઉત્પન્ન થયો. તે જન્મ્યો કે તરત જ ભૂમિની પાછળ અને વળી આગળ પણ વિસ્તર્યો. ૧૦–૯૦–૫

નોંધ : (૧) अत्यरिच्यत = अति + √ रिच्, ૭ ગણ, જુદા પાડવું, ઓળંગી જવું, વિસ્તરવું, કર્મણિ હ્યસ્તન ભૂતકાળ ત્રી. પુ. એ. વ. (૨) अथो – એ ઓકારાન્ત અવ્યય હોવાથી, તેની પ્રગૃહ્ય સંજ્ઞા થાય છે અને પરિણામે પદપાઠમાં તેની પાછળ इतिं કરણ કરવામાં આવે છે. (૩) આ મન્ત્રમાં સર્જન પ્રક્રિયાનો ક્રમ વર્ણવવાની શરૂઆત થાય છે : તે સહસ્રશીર્ષવાળા પુરુષ (પરમાત્મા) પોતાની માયા થકી પહેલાં વિરાડ્દેહને અર્થાત્ બ્રહ્માણ્ડને સર્જીને, તે (બ્રહ્માણ્ડ)માં જ જીવાત્મારૂપે પ્રવેશ્યા. એટલે કે બ્રહ્માણ્ડાભિમાની દેવતાત્મા જીવ રૂપ બન્યો અને બધે વ્યાપી વળ્યો. સા. (૪) પ્રો. વેલણકર ગેલ્ડનરને અનુસરીને 'વિરાજ્' શબ્દને નારીનો વાચક માને છે. એમના મતે પહેલો (સહસ્રશીર્ષવાળો) પુરુષ તો અજન્મા છે. પણ દેવોએ જેને યજ્ઞિય પુરુષ બનાવ્યો તે તો આ વિરાજમાંથી જન્મેલો માનવાનો છે. (વિરાજમાંથી જન્મેલા આ યજ્ઞિય પુરુષને 'વૈરાજ' પણ કહેવાય) આ બીજા (યજ્ઞિય) પુરુષને જ जातमग्रतः કહેવામાં આવ્યો છે. બીજા એક દૃષ્ટિકોણથી આ સમજીએ તો સહસ્રશીર્ષવાળો પુરુષ = પરમાત્મા સૂક્ષ્મતમ છે, વિરાટ્તત્ત્વ (કે વિરાટ્ પુરુષ/નારી) સૂક્ષ્મતર છે અને એ (વિરાટ્)માંથી જન્મેલ 'યજ્ઞિય પુરુષ' (= વૈરાજ) સૂક્ષ્મ છે.

यत्पुरुषेण हविषा देवा यज्ञमतन्वत ।

वसन्तो अस्यासीदाज्यं ग्रीष्म इध्मः शरद्धविः ॥ १०.६ ॥

यत् । पुरुषेण । हविषा । देवाः । यज्ञम् । अतन्वत । वसन्तः । अस्य । आसीत् । आज्यम् । ग्रीष्मः । इध्मः । शरत् । हविः ॥ ६ ॥

ᵛयत् यदा पूर्वोक्तक्रमेणैव शरीरेषूत्पन्नेषु सत्सु ᵛदेवाः उत्तरसृष्टिसिद्ध्यर्थं बाह्यद्रव्यस्यानुत्पन्नत्वेनहविरन्तरासम्भवात् पुरुषस्वरूपमेव मनसा हविष्ट्वेव संकल्प्य ᵛपुरुषेण पुरुषाख्येन ᵛहविषा मानसं ᵛयज्ञम् ᵛअतन्वत अन्वतिष्ठन् तदानीम् ᵛअस्य यज्ञस्य ᵛवसन्तःवसन्ततुरिव ᵛआज्यम् ᵛआसीत् अभृत् । तमोवाज्यत्वेन संकल्पितवन्त इत्यर्थः । एवं ᵛग्रीष्म ᵛइध्मः आसीत् । तमेवेध्मत्वेन संकल्पितवन्त इत्यर्थः । तथा ᵛशरद्धविः आसीत् । तामेव । पुरोडाशादिहविष्ट्वेन संकल्पितवन्त इत्यर्थः । पूर्वं पुरुषस्य हविः सामान्यरूपत्वेन संकल्पः । अनन्तरं वसन्तादीनामाज्यादिविशेषरूपत्वेन संकल्प इति द्रष्टव्यम् ॥

અનુવાદ : જ્યારે આ (યજ્ઞિય = વૈરાજ) પુરુષ રૂપી હવિષ્ (= હોમવાના દ્રવ્ય) વડે દેવોએ યજ્ઞ કર્યો, ત્યારે વસન્ત (ઋતુ) તે (યજ્ઞ)નું આજ્ય (= ઘી), ગ્રીષ્મ (ઋતુ) ઈંધણ અને શરદ્ (ઋતુ) હવિ (બન્યાં) હતાં. (૧૦–૯૦–૬)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નોંધ : સાયણાચાર્ય કહે છે કે પૂર્વોક્ત ક્રમથી (યાજ્ઞિય = વૈરાજ્ પુરુષ અને જીવાત્મા રૂપી) શરીરો ઉત્પન્ન થયા પછી, દેવોએ ઉત્તર સૃષ્ટિની સિદ્ધિ કરવા માટે આ બીજા (વૈરાજ) પુરુષને જ મનથી હવિષ્ રૂપે કલ્પીને (સૃષ્ટિ) યજ્ઞ આરંભ્યો. કારણ કે આ સમયે તો બીજું કોઈ બાહ્ય દ્રવ્ય ઉત્પન્ન નહોતું થયું, અને એ રીતે બીજું કોઈ હુત દ્રવ્ય હતું જ નહીં. આ સમયે તે (સૃષ્ટિ) યજ્ઞમાં વસન્તઋતુને આજ્ય રૂપે કલ્પવામાં આવ્યું; ગ્રીષ્મ ઋતુને ઈંધણ–બળતણ અને શરદ્ઋતુને હવિષાન્ન બનાવવામાં આવ્યું હતું. અહીં યજ્ઞિય (= યજ્ઞમાં હોમવાનો) પુરુષ તે હવિઃ સામાન્ય માનવાનો છે; અને વસન્તાદિને હવિર્વિશેષ માનવાનાં છે.

આ ઋચામાં 'દેવોએ યજ્ઞ કર્યો' એવો જે ઉલ્લેખ છે તે જોઈને પ્રશ્ન થાય કે હજી તો સૃષ્ટિ ક્રિયાનો આરંભ જ થયો છે; કે જેમાં પહેલાં તો મૂળ સહસ્રશીર્ષવાળા પુરુષમાંથી, વિરાજ્ તત્ત્વ જન્મ્યું છે, અને તેમાંથી બીજો યજ્ઞિય પુરુષ વૈરાજ ઉત્પન્ન થયો છે: એ સમયે દેવોની હાજરી કેવી રીતે હોઈ શકે ? આનો ઉત્તર એ છે કે અગાઉ મંત્ર–૩માં જે કહ્યું છે કે "આ (સહસ્રશીર્ષવાળા) પરમ પુરુષના ત્રણ પાદ દ્યુલોકમાં અમૃત(ત્વ) રૂપે રહ્યા છે" – તે જ આ મંત્ર–દ્રષ્ટામાં 'દેવો' તરીકે ઉલ્લેખાયા છે. આ 'દેવો'નો ઉલ્લેખ હજી મંત્ર ૭, ૧૫ અને ૧૬માં પણ આવવાનો છે.

अतन्वत । तनु विस्तारे એવા આઠમા ગણના ઉભયપદી ધાતુનું આત્મનેપદમાં હ્ય. ભૂ. કા. ત્રી. પુ. બહુવચનનું આ રૂપ છે.

પ્રોફે. ગ્રિફીથ જણાવે છે કે ઋગ્વેદમાં શિશિર ઋતુનો ઉલ્લેખ મળતો નથી. વર્ષાઋતુ વર્ષ્યા તરીકે ૫.૮૩, ૧૦.૯૧ અને ૧૦.૯૮માં નિર્દેશાઈ છે, જ્યારે હેમંત ઋતુનો ઉલ્લેખ ૧૦–૧૬૧ સૂક્તમાં જોવા મળે છે. બાકીની ત્રણ ઋતુઓ વસન્ત, ગ્રીષ્મ અને શરદ્નો નિર્દેશ પ્રકૃત મંત્રમાં પ્રાપ્ત થાય છે. અલબત્ત, ગ્રીષ્મનો ઉલ્લેખ આ મંત્ર સિવાય ઋગ્વેદમાં અન્યત્ર ક્યાંય મળતો નથી.

तं यज्ञं बर्हिषि प्रौक्षन् पुरुषं जातमग्रतः ।
तेन देवा अयजन्त साध्या ऋषयश्च ये ॥ १०.७ ॥

तम् । यज्ञम् । बर्हिषि । प्र । औक्षन् । पुरुषम् । जातम् । अग्रतः ।
तेन । देवाः । अयजन्त । साध्याः । ऋषयः । च । ये ॥ ७ ॥

ˇयज्ञं यज्ञसाधनभूतं ˇतं पुरुषं पशुत्वभावनया यूपे बद्धं ˇबर्हिषि मानसे यज्ञे प्रौक्षन् प्रोक्षितवन्तः । कीदृशमित्यत्राह । ˇअग्रतः सर्वसृष्टेः पूर्वं ˇपुरुषं ˇजातं पुरुषत्वेनोत्पन्नम् । एतच्च प्रागेवोक्तं 'तस्माद्विराळजायत विराजो अधि पूरुषः' इति । ˇतेन पुरुषरूपेण पशुना ˇदेवा ˇअयजन्त । मानसयागं निष्पादितवन्त इत्यर्थः । के ते देवा इत्यत्राह । ˇसाध्याः सृष्टिसाधनयोग्याः प्रजापतिप्रभृतयः तदनुकूलाः ऋषयः मन्त्रद्रष्टारः ˇच ˇये सन्ति । ते सर्वेऽप्ययजन्तेत्यर्थः ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુવાદ : (દેવોએ) પહેલા જન્મેલા તે યજ્ઞ [= યજ્ઞિય (વૈરાજ)] પુરુષનું દર્ભ ઉપર પ્રોક્ષણ કર્યું. દેવોએ, સાધ્યોએ અને જે ઋષિઓ હતા તેમણે તે (પુરુષ) વડે યજ્ઞ કર્યો. (૧૦–૯૦–૭)

નોંધ : સાયણ મુજબ સર્વસૃષ્ટિની પૂર્વે જન્મેલા તે यज्ञं = યજ્ઞમાં સાધનભૂત તે (= યજ્ઞિય) પુરુષને વિષે પશુત્વની ભાવના કરીને અને યૂપ (સ્તંભ) સાથે બાંધીને, बर्हिषि = માનસિક યજ્ઞમાં તે પુરુષની ઉપર (જળ છાંટવું વગેરે) પ્રોક્ષણાદિ સંસ્કાર કર્યા અને ત્યાર પછી, તે પુરુષ વડે દેવોએ (સૃષ્ટિ સર્જનમાં સુયોગ્ય એવા) પ્રજાપતિ વગેરે સાધ્યોએ અને (મંત્રદ્રષ્ટા) ઋષિઓએ યજ્ઞ કર્યો. વેંકટ માધવે 'તે ઋષિઓ સાત હતા' એમ પણ ખુલાસો કર્યો છે. પ્રો. વેલણકરે बर्हिषि નો મૂળ શબ્દાર્થ 'દર્ભ ઉપર' જ લીધો છે. प्र + औक्षन । √ उक्ष् છઠ્ઠા ગણનો ઉભયપદી ધાતુ છે. તેનું પરસ્મૈપદમાં હ્ય. ભૂ. કા. ત્રી. પુ. બ. વ.

આ મંત્રમાં, સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે પણ દેવો, સાધ્યો અને ઋષિઓ હતા એવો જે ઉલ્લેખ છે તેને આધારે વલ્લભાચાર્ય જેવા દાર્શનિકોએ વૈદિક સૃષ્ટિને નિત્ય અને અલૌકિક માની છે.

तस्मा॑द्य॒ज्ञात् स॑र्व॒हुत॒ः संभृ॑तं पृषदा॒ज्यम् ।

प॒शून् ताँश्च॑क्रे वाय॒व्यां॑नार॒ण्यान् ग्रा॒म्याश्च॒ ये ॥ १०.८ ॥

तस्मा॑त् । य॒ज्ञात् । स॒र्व॒ऽहुत॑ः । सम्ऽभृ॑तम् । पृ॒ष॒त्ऽआ॒ज्यम् । प॒शून् । तान् । च॒क्रे॒ । वा॒य॒व्या॑न् । आ॒र॒ण्यान् । ग्रा॒म्याः । च॒ । ये ॥ ८ ॥

'सर्वहुतः । सर्वात्मकः पुरुषः यस्मिन् यज्ञे हूयते सोऽयं सर्वहुत् । तादृशात् 'तस्मात् पूर्वोक्तात् मानसात् 'यज्ञात् 'पृषदाज्यं दधिमिश्रमाज्यं 'संभृतं संपादितम् । दधि चाज्यं चेत्येवमादिभोग्यजातं सर्वं संपादितमित्यर्थः । तथा 'वायव्यान् वायुदेवताकाल्लोँकप्रसिद्धान् 'आरण्यान् 'पशून् 'चक्रे उत्पादितवान् । आरण्या हरिणादयः । तथा 'ये 'च 'ग्राम्याः गवाश्वादयः तानपि चक्रे । पशूनामन्तरिक्षद्वारा वायुदेवत्यत्वं यजुर्ब्राह्मणे समाम्नायते – 'वायवः स्थेत्याह वायुर्वा अन्तरिक्षस्याध्यक्षाः । अन्तरिक्षदेवत्याः खलु वै पशवः । वायव एवैनान्परिददाति' (तै. ब्रा. ३.२.१.३) इति ॥

અનુવાદ : પૂર્ણ રીતે હોમવામાં આવેલા તે યજ્ઞમાંથી, દહીંથી મિશ્રિત થયેલું ઘી ભેગું થયું, (અને પછી, તેમાંથી આ બધી સૃષ્ટિ ઉત્પન્ન કરી.) તેણે (સહસ્રાક્ષ પુરુષે) વાયુ જેનો દેવતા છે તેવા (અર્થાત્ અંતરિક્ષના) પશુ (= પક્ષી)ઓને ઉત્પન્ન કર્યા અને જે અરણ્યમાં રહેનારાં પશુઓ છે, તથા જે ગ્રામમાં રહેનારાં પશુઓ છે તેમને પણ ઉત્પન્ન કર્યા. (૧૦–૯૦–૮)

Vasant Bhatt Collection, Gujarat

 CC-0. In Public Domain.Digitized by eGangotri

નોંધ : सर्वहुत् – આ શબ્દના અનેક અર્થો કરવામાં આવ્યા છે : (૧) વેંકટમાધવ મુજબ—અશ્વમેધિક અશ્વને 'सर्वहुत्' કહે છે. (૨) સાયણ કહે છે કે સર્વાત્મક પુરુષ જે યજ્ઞમાં હોમવામાં આવે છે તેને 'सर्वहूत्' કહે છે. (૩) મેકડોનલના મતે 'પૂર્ણ રૂપે આહૂત કરેલ' (૪) પ્રો. વેલણકરના મતે 'બધાંની આહૂતિ આપનાર.'

पृषद्—आज्यम् =(આમ તો पृषद् નો અર્થ "ડાઘાં/છાંટા પાડેલું" થાય છે. તેથી તાત્પર્યાર્થ–દહીંથી મિશ્રત થયેલું ઘી, सम्भृतम् = ભેગું થયું. પ્રોફે. વેલણકર કહે છે કે આ યજ્ઞમાં હોમેલા (વૈરાજ) પુરુષમાંથી પૃષદાજ્ય ઉત્પન્ન થયું અને તેમાંથી આ સર્વસૃષ્ટિ થઈ છે.

पशून् तान् चक्रे वायव्यान् – આટલા અક્ષરોને એક 'પાદ'ના એકમ તરીકે લઈને અર્થ કરીએ તો – વાયુ જેમનો દેવતા છે તેવા પશુઓ (અર્થાત્ અન્તરિક્ષમાં ફરનારા પક્ષીઓ) તેમણે (પરમ પુરુષે) चक्रे = ઉત્પન્ન કર્યાં. વળી, અહીં वायव्यान् પદનો न् કાર 'પાદ'ના અંતે આવેલો હોવાથી, તેમાં અનુનાસિકત્વ થઈને वायव्याँ એવું થયું નથી. અહીં ટીકાકાર વેંકટમાધવ અને સાયણાચાર્યે બ્રાહ્મણ ગ્રંથોના અમુક ઉદ્ધરણોને આધારે જુદી રીતે અર્થ કર્યો છે. જેમ કે, वायव्यान् નો પહેલાં आरण्यान् ની સાથે અન્વય કરીને પછી તેને पशून् ના વિશેષણ તરીકે લીધેલ છે. પરિણામે એનો અર્થ 'વાયુ જેમનો દેવતા છે તેવા અરણ્યના હરિણ વગેરે પશુઓને ઉત્પન્ન કર્યાં' એમ કરવામાં આવ્યો છે. એ જ પ્રમાણે, એ પુરુષે ગ્રામમાં રહેનારા ગાય, અશ્વ વગેરે પશુઓને પણ ઉત્પન્ન કર્યાં.

चक्रे = √ कृ ધાતુનું આત્મનેપદમાં પરોક્ષ ભૂતકાળ ત્રી. પુ. એ. વ.નું રૂપ છે. તથાપિ વેંકટમાધવે તેને चक्रिरे એમ બહુવચનના રૂપમાં ફેરવીને, એના કર્તૃપદ તરીકે देवाः ને બતાવેલ છે. અર્થાત્ વૈરાજ પુરુષને યજ્ઞમાં આહુતિ તરીકે હોમી દીધા પછી જે દહીં મિશ્રિત ઘી ઉત્પન્ન થયું, તેમાંથી દેવોએ અરણ્યના અને ગ્રામના પશુઓને चक्रिरे =ઉત્પન્ન કર્યાં. પણ સાયણાચાર્યે चक्रे એકવચનના રૂપ તરીકે જ લઈને તેના કર્તૃપદ તરીકે (પહેલા મંત્રમાં ઉલ્લેખેલા) 'પુરુષ'ને જ લીધો જણાય છે. આ ચર્ચાનું તાત્પર્ય એવું નીકળે છે કે દેવોએ બીજા યજ્ઞિય =વૈરાજ પુરુષની આહુતિ આપ્યા પછી, તેઓ તો માત્ર સાક્ષીભાવે ઊભા રહ્યા, પણ પછી પરમ પુરુષે પેલા પૃષદાજ્યમાંથી વિવિધ પશુસૃષ્ટિ ઉત્પન્ન કરી. ડૉ. એસ્તરબહેન સોલોમન જણાવે છે કે – "આ યજ્ઞને વિનાશરૂપે નહિ, પણ પરિણામ–પોતાનામાંથી પરિણતી સૃષ્ટિ રૂપે કલ્પ્યો છે. અહીં પરિણામવાદ અને સત્કાર્યવાદનાં બીજ દેખાય છે."

तस्मा॑द्य॒ज्ञात् स॑र्व॒हुत ऋच॒ः सामा॑नि जज्ञिरे ।

छन्दां॑सि जज्ञिरे॒ तस्मा॒द्यजु॒स्तस्मा॑दजायत ॥ ९०.९ ॥

तस्मा॑त् । य॒ज्ञात् । स॒र्व॒ऽहुतः॑ । ऋचः॑ । सामा॑नि । ज॒ज्ञि॒रे॒ । छन्दां॑सि । ज॒ज्ञि॒रे॒ । तस्मा॑त् । यजुः॑ । तस्मा॑त् । अ॒जा॒य॒त॒ ॥ ९ ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

॑सर्वहुतः ॑तस्मात् पूर्वोक्तात् ॑यज्ञात् ॑ऋचः ॑सामानि च ॑जज्ञिरे उत्पन्नाः । ॑तस्मात् यज्ञात् ॑छन्दांसि गायत्र्यादीनि ॑जज्ञिरे । ॑तस्मात् यज्ञात् ॑यजुः अपि ॑अजायत ॥

અનુવાદ : બધું હોમવામાં આવેલા તે યજ્ઞમાંથી ઋચાઓ અને સામન્ ઉત્પન્ન થયાં. તે (યજ્ઞ)માંથી (ગાયત્રી વગેરે) છન્દો અને યજુસ્ ઉત્પન્ન થયાં. (૧૦–૯૦–૯)

નોંધ : વેંકટમાધવ કહે છે કે તે સર્વહુત્ યજ્ઞમાંથી ત્રણ પ્રકારના મન્ત્રો (= ઋગ્વેદની ઋચાઓ, સામવેદના સામન્ અને યજુર્વેદના યજુસ્); અને તે મંત્રો જેમાં રચાયા છે તે ('ગાયત્રી' – 'અનુષ્ટુપ્' વગેરે) છન્દો ઉત્પન્ન થયાં છે. મૂર અને પીટરસન જેવા પશ્ચિમી વિદ્વાનોએ छन्दांसि નો અર્થ 'અર્થર્વવેદના મંત્રો' એવો કર્યો છે. પ્રોફે. વેલણકર જણાવે છે કે આ મંત્રમાં જ પહેલવહેલી વખત ઋક્, યજુસ્ અને સામન્–એવા ત્રિવિધ મંત્રોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. (આવા નિર્દેશોને આધારે જ ઘણા વિદ્વાનોએ આ દશમા મંડળને ઋગ્વેદમાં પાછળના સમયમાં જોડાયેલું માન્યું છે.) जज्ञिरे = जन् प्रादुर्भावे પહેલો ગણ, આત્મનેપદ પરોક્ષ ભૂ. કા. ત્રી. પુ. બ. વ.નું રૂપ.

तस्मादश्वा अजायन्त ये के चोभयादतः ।

गावो ह जज्ञिरे तस्मात् तस्माज्जाता अजावयः ॥ १० ॥

तस्मात् । अश्वाः । अजायन्त । ये । के । च । उभयादतः । गावः । ह । जज्ञिरे । तस्मात् । तस्मात् । जाताः । अजावयः ॥ १० ॥

॑तस्मात् पूर्वोक्ताद्यज्ञात् ॑अश्व ॑अजायन्त उत्पन्नाः । तथा ॑ये ॑के ॑च अश्वव्यतिरिक्ता गर्दभा अश्वतराश्च ॑उभयादतः ऊर्ध्वधोभागयोरुभयोः दन्तयुक्ताः सन्ति तेऽप्यजायन्त । तथा ॑तस्मात् यज्ञात् ॑गावः च ॑जज्ञिरे । किंच ॑तस्मात् यज्ञात् ॑अजावयः च ॑जाताः ॥ १८ ॥

અનુવાદ : તે (યજ્ઞ)માંથી ઘોડાઓ અને જે કોઈ (ઉપર અને નીચે એમ) બંને બાજુએ દાંતવાળાં છે તેવા (પશુ)ઓ ઉત્પન્ન થયાં. તે (યજ્ઞ)માંથી ગાયો પણ ઉત્પન્ન થઈ, અને તેમાંથી જ બકરાં અને ઘેટાંઓ ઉત્પન્ન થયાં. (૧૦–૯૦–૧૦)

નોંધ : उभयादतः પદનો અર્થ વેંકટમાધવે उभयतोदन्ताः = 'ઉપર નીચે–એમ બંને બાજુએ દાંતવાળાં (પ્રાણીઓ)' એમ કર્યો છે. આના અનુસંધાનમાં સાયણ વધુ સ્પષ્ટતા કરે છે કે અહીં અશ્વથી ભિન્ન એવા જે ગર્દભ અને ખચ્ચરો છે તેમનો उभयादतः શબ્દથી ઉલ્લેખ થયો છે. અહીં उभय + दतः । માં પરંપરાથી છાન્દસ દીર્ઘ માનવામાં આવે છે; પણ પ્રો. વેલણકર उभया ને આકારાન્ત શબ્દ ગણે છે. વળી, अजावयः = अजाः च अवयः च । એવો દ્વન્દ્વ સમાસ છે. સામાન્ય રીતે તો સામાસિક શબ્દને પદપાઠમાં અવગ્રહથી

Vasant Bhatt Collection, Gujarat

પૃથક્કૃત કરીને દર્શાવાય છે, પણ દ્વન્દ્વ સમાસમાં એ નિયમ લાગતો નથી. તેથી અજાવયઃ શબ્દને પદપાઠમાં યથાવત્ રાખ્યો છે = અવગ્રહની મદદથી બે પદમાં પૃથક્કૃત કર્યો નથી.

यत्पुरुषं व्यदधुः कतिधा व्यकल्पयन् ।

मुखं किमस्य कौ बाहू का ऊरू पादा उच्येते ॥ १०.११ ॥

यत् । पुरुषम् । वि । अदधुः । कतिधा । वि । अकल्पयन् ।
मुखम् । किम् । अस्य । कौ । बाहू इति । कौ । ऊरू इति ।
पादौ । उच्येते इति ॥ ११ ॥

प्रश्नोत्तररूपेण ब्राह्मणादिसृष्टिं वक्तुं ब्रह्मवादिनां प्रश्ना उच्यन्ते । प्रजापतेः प्राणरूपा ᵛदेवाः ᵛयत् यदा ᵛपुरुषं विराड्रूपं ᵛव्यदधुः संकल्पेनोत्पादितवन्तः तदानीं ᵛकतिधा कतिभिः प्रकारैः ᵛव्यकल्पयन् विविधं कल्पितवन्तः । ᵛअस्य पुरुषस्य ᵛमुखं ᵛकिम् आसीत् । ᵛकौ ᵛबाहू अभूताम् ᵛका ᵛऊरू । कौ च ᵛपादावुच्येते । प्रथमं सामान्यरूपः प्रश्नः पश्चात् मुखं किमित्यादिना विशेषविषयाः प्रश्नाः ॥

અનુવાદ : (દેવોએ) જ્યારે આ (યજ્ઞિય વૈરાજ) પુરુષનું (આહુતિ આપવા માટે) વિભાજન કર્યું, (ત્યારે તેને) કેટલા ભાગોમાં વહેંચી કાઢ્યો ? આ (પુરુષ)નું મુખ શું બન્યું ? તેના બે બાહુ કોણ બન્યા ? તેના બે સાથળ અને બે પાદ તરીકે કોને ઓળખાવવામાં આવે છે ? (૧૦–૯૦–૧૧)

નોંધ : પ્રસ્તુત ૧૧મા મન્ત્રમાં સૃષ્ટિયજ્ઞને લગતા પ્રશ્નો રજૂ કર્યા છે; અને ૧૨મા મન્ત્રમાં તેના ઉત્તરો આપવામાં આવ્યા છે. જેમકે, સાયણ કહે છે કે બ્રાહ્મણ વગેરેની બનેલી સૃષ્ટિને વર્ણવવા માટે આ મંત્રમાં પહેલાં બ્રહ્મવાદીઓના પ્રશ્નો કહેવામાં આવે છે. પ્રજાપતિના પ્રાણરૂપ દેવોએ જ્યારે તે વિરાટ્ પુરુષને સંકલ્પથી ઉત્પન્ન કર્યો; ત્યારે તેને કેટકેટલી રીતે વહેંચી કાઢ્યો ? એટલે કે તે પુરુષનું મુખ શું હતું ? કોણ બે બાહુ બન્યા ? અને કોણ બે સાથળ, અને બે પાદ બન્યા ?

(૧) वि + अदधुः = वि + √ धा ત્રીજો ગણ, 'મૂકવું' ધાતુનું હ્યસ્તન ભૂ. કા. ત્રી. પુ. બહુવચન, कतिधा = કેટલી રીતે, કેટલા પ્રકારે वि + अकल्पयन् = क्लृप् 'રચના કરવી', પહેલો ગણ, આત્મનેપદી ધાતુનું પ્રેરકમાં હ્યસ્તન ભૂ. કા. ત્રી. પુ. બ. વ. = 'દેવોએ તે યજ્ઞિય વૈરાજ પુરુષને કેટલા પ્રકારોમાં વહેંચી કાઢ્યો ?'

(૨) પદપાઠમાં જે દીર્ઘ ई, ऊ કે ए કારાન્ત દ્વિવચનનાં રૂપો હોય, તેને 'પ્રગૃહ્ય' સંજ્ઞાવાળા ગણીને इति કરણ સાથે દર્શાવાય છે : बाहू इति । વગેરે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૩) સામાન્ય રીતે પ્રાચીન ઋચાઓમાં પ્રથમા–દ્વિતીયા વિભક્તિ દ્વિવચનનાં રૂપો મહદંશે આ કારાન્ત જોવા મળે છે; પણ ૧૦–૯૦–૧૧ મંત્રમાં દ્વિવચનમાં પાદौ । कौ । જેવાં औ કારાન્ત રૂપો આવેલાં છે. તેથી એવું લાગે છે કે આ સૂક્ત પાછળના સમયનું હોઈ શકે.

ब्राह्मणोऽस्य मुखमासीद्बाहू राजन्यः कृतः ।

ऊरू तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥ १०.१२ ॥

ब्राह्मणः । अस्य । मुखम् । आसीत् । बाहू इति । राजन्यः । कृतः । ऊरू इति । तत् । अस्य । यत् । वैश्यः । पतऽभ्याम् । शूद्रः । अजायत ॥ १२ ॥

इदानीं पूर्वोक्तानां प्रश्नानानामुत्तराणि दर्शयति । ˇअस्य प्रजापतेः ˇब्राह्मणः ब्राह्मणत्वजातिविशिष्टः पुरुषः ˇमुखमासीत् मुखादुत्पन्न इत्यर्थः । योऽयं ˇराजन्यः क्षत्रियत्वजातिमान् पुरुषः सः ˇबाहू ˇकृतः बाहुत्वेन निष्पादितः । बाहुभ्यामुत्पादित इत्यर्थः । ˇतत् तदानीम् ˇअस्य प्रजापतेः ˇयत् यौ ˇऊरू तद्रूपः ˇवैश्यः संपन्नः । ऊरुभ्यामुत्पन्न इत्यर्थः । तथास्य ˇपद्भ्यां पादाभ्यां ˇशूद्रः शूद्रत्वजातिमान् पुरषः ˇअजायत । इयं च मुखादिभ्यो ब्राह्मणादीनामुत्पत्तिर्यजुःसंहितायां सप्तमकाण्डे 'स मुखतस्त्रिवृतं निरमिमीत' (तै. सं. ७. १. १. ४) इत्यादौ विस्पष्टमाम्नाता । अतः प्रश्नोत्तरे उभे अपि तत्परतयैव योजनीये ॥

અનુવાદ : આ (પુરુષ)નું મુખ બ્રાહ્મણ બન્યું, તેના બે બાહુઓ રાજન્ય = ક્ષત્રિય બનાવાયા; અને જે વૈશ્ય છે તે આ (પુરુષ)ની બે સાથળો હતી તથા (એના) બે પાદમાંથી શૂદ્ર જન્મ્યો. (૧૦–૯૦–૧૨)

નોંધ : बाहू राजन्यः कृतः । આ બીજા પાદમાં ઉદ્દેશ્ય बाहू દ્વિવચનમાં હોવાથી ક્રિયાવાચક અંશમાં પણ कृतौ એવું રૂપ વપરાવું જોઈતું હતું, પણ ક્યારેક વિધેયગત વચન (राजन्यः) અનુસાર પણ ક્રિયાપદ વપરાય છે – એ નિયમાનુસાર અહીં कृतः એકવચનમાં વપરાયું છે.

સાયણાચાર્ય કહે છે કે પૂર્વોક્ત મંત્ર–૧૧ના પ્રશ્નોના ઉત્તરો અહીં મંત્ર ૧૨માં આપવામાં આવ્યા છે : બ્રાહ્મણ (અર્થાત્ બ્રાહ્મણત્વ જાતિવાળો પુરુષ) તે આ પ્રજાપતિ (= સૃષ્ટિનું સર્જન કરનાર પુરુષ)નું મુખ હતું. અર્થાત્ પ્રજાપતિના મુખમાંથી બ્રાહ્મણ (જાતિના માણસો) ઉત્પન્ન થયા. (અહીં मुखम् નો અર્થ मुखात् લેવાનો છે.) જે આ રાજન્ય = ક્ષત્રિય જાતિવાળા પુરુષો છે, તે આ 'પુરુષ'ના બે બાહુ રૂપે નિષ્પન્ન કરવામાં આવ્યા. અર્થાત્ કે 'પુરુષ'ના બાહુમાંથી ક્ષત્રિયોને ઉત્પન્ન કરવામાં આવ્યા. એ પ્રજાપતિની જે બે સાથળો–જાંઘ–હતી તે વૈશ્ય બની. અર્થાત્ તેની જાંઘોમાંથી વૈશ્યો (ખેડૂત અને વેપારીઓ)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉત્પન્ન થયા. એ જ પ્રમાણે, એના પગમાંથી શૂદ્ર જાતિના લોકો જન્મ્યા. આ પરમ પુરુષના મુખાદિમાંથી બ્રાહ્મણ વગેરે જાતિઓની ઉત્પત્તિ થયાનો ઉલ્લેખ યજુર્વેદના સાતમા કાણ્ડમાં પણ મળે છે. બીજું સમગ્ર ઋગ્વેદનો અભ્યાસ કરતાં જણાય છે કે આ એક જ મન્ત્રમાં બ્રાહ્મણ વગેરે ચાર વર્ણોનો નિર્દેશ મળે છે. (૯૦–૧૨)

चन्द्रमा मनसो जातश्चक्षोः सूर्यो अजायत ।

मुखादिन्द्रश्चाग्निश्च प्राणाद्वायुरजायत ॥ ९०.१३ ॥

चन्द्रमाः । मनसः । जातः । चक्षोः । सूर्यः । अजायत । मुखात् । इन्द्रः । च । अग्निः । च । प्राणात् । वायुः । अजायत ॥ १३ ॥

यथा दध्याज्यादिद्रव्याणि गवादयः पशव ऋगादिवेदा ब्राह्मणादयो मनुष्याश्च तस्मादुत्पन्ना एवं चन्द्रादयो देवा अपि तस्मादेवोत्पन्ना इत्याह । प्रजापतेः मनसः सकाशात् चन्द्रमाः जातः । चक्षोः च चक्षुषः सूर्यः अपि अजायत । अस्य मुखादिन्द्रश्चाग्निश्च देवावुत्पन्नौ । अस्य प्राणाद्वायुरजायत ॥

અનુવાદ : (તે પુરુષના) મનમાંથી ચન્દ્રમા જન્મ્યા, આંખમાંથી સૂર્ય જન્મ્યો. (તેના) મુખમાંથી ઈન્દ્ર અને અગ્નિ (ઉત્પન્ન થયા), તથા (તેના) પ્રાણમાંથી વાયુ ઉત્પન્ન થયો. (૧૦–૯૦–૧૩)

નોંધ : સાયણ કહે છે કે (તે વૈરાજ યજ્ઞિય પુરુષના હોમ કરવાથી—આહુતિ આપવાથી—જેમ) દહીં મિશ્રિત આજ્ય વગેરે દ્રવ્યો, ગાય વગેરે પશુઓ, ઋગ્વેદાદિ વેદો અને બ્રાહ્મણાદિ વર્ણોવાળા મનુષ્યો ઉત્પન્ન થયા, એવી જ રીતે તે પ્રજાપતિના મન વગેરેમાંથી ચંદ્રમા વગેરે દેવો પણ ઉત્પન્ન થયા. चक्षोः = चक्षुषः (પંચમી વિભક્તિ એકવચનનું રૂપ) પ્રશિષ્ટ સંસ્કૃતમાં મૂળ ष् કારાન્ત चक्षुष् શબ્દ છે, પણ અહીં તે उ કારાન્ત चक्षु રૂપે વપરાયો છે. (આ શબ્દનો उ કારાન્ત રૂપે કેવળ અહીં એકવાર જ પ્રયોગ જોવા મળે છે. આ સિવાય બીજા ઘણા વ્યંજનાન્ત શબ્દો વેદમાં સ્વરાન્ત રૂપે પણ વપરાતા જોવા મળે છે.) (૯૦–૧૩)

नाभ्या आसीदन्तरिक्षं शीर्ष्णो द्यौः समवर्तत ।

पद्भ्यां भूमिर्दिशः श्रोत्रात्तथा लोकाँ अकल्पयन् ॥ ९०.१४ ॥

नाभ्याः । आसीत् । अन्तरिक्षम् । शीर्ष्णः । द्यौः । सम् । अवर्तत । पत्ऽभ्याम् । भूमिः । दिशः । श्रोत्रात् । तथा । लोकान् । अकल्पयन् ॥ १४ ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

यथा चन्द्रादीन् प्रजापतेर्मनःप्रभृतिभ्योऽकल्पयन् ˇतथा अन्तरिक्षादीन् ˇलोकान् प्रजापतेः नाभ्यादिभ्यो देवाः ˇअकल्पयन् उत्पादितवन्तः । एतदेव दर्शयति । ˇनाभ्याः प्रजापतेर्नाभेः ˇअन्तरिक्षमासीत् । ˇशीर्ष्णः शिरसः ˇद्यौः ˇसमवर्तत उत्पन्ना । अस्य ˇपद्भ्यां पादाभ्यां ˇभूमिः उत्पन्ना । अस्य ˇश्रोत्रात् ˇदिशः उत्पन्नाः ॥

અનુવાદ : (તે પુરુષની) નાભિમાંથી અન્તરિક્ષ બન્યું હતું, (તેના) મસ્તકમાંથી દ્યુ = આકાશ ઉત્પન્ન થયું, બે પગમાંથી ભૂમિ બની અને કાનમાંથી દિશાઓ પેદા થઈ. તેવી રીતે (દેવોએ) બધા લોકોનું સર્જન કર્યું. (૧૦–૯૦–૧૪)

નોંધ : વેંકટ માધવ અને સાયણાચાર્ય આ મંત્રમાંના अकल्पयन् । પ્રેરક હ્ય. ભૂ. કા. ત્રી. પુ. બ. વ.ના કર્તા–પદ તરીકે साध्याः देवताः = देवाः ને લે છે. આથી 'પ્રજાપતિના મન વગેરેમાંથી જેમ ચન્દ્રમા વગેરેને કલ્પ્યાં = સર્જ્યાં, તેમ તે સાધ્યોએ = દેવોએ એ પ્રજાપતિના નાભિ વગેરેમાંથી અન્તરિક્ષાદિ ઉત્પન્ન કર્યાં.

सप्तास्यांसन् परिधयस्त्रिः सप्त समिधंः कृताः ।
देवा यद्यज्ञं तन्वाना अबंध्नन् पुरुंषं पशुम् ॥ १०.१५ ॥

सप्त । अस्य । आसन् । परिऽधयः । त्रिः । सप्त । सम्ऽइधः । कृताः । देवाः । यत् । यज्ञम् । तन्वानाः । अबंध्नन् । पुरुंषम् । पशुम् ॥ १५ ॥

ˇअस्य सांकल्पिकयज्ञस्य गायत्र्यादीनि ˇसप्त छन्दांसि ˇपरिधयः ˇआसन् । ऐष्टिकस्याहवनीयस्य त्रयः परिधय उत्तरवेदिकास्त्रय आदित्यश्च सप्तमः परिधिप्रतिनिधिरूपः । अत एवाम्नायते–'न पुरस्तात्परि दधात्यादित्यो ह्येवोद्यन् पुरस्ताद्रक्षांस्यपहन्ति' (तै.सं. २.६.६.३) इति । तत एत आदित्यसहिताः सप्त परिधयोऽत्र सप्त छन्दोरूपाः । तथा ˇसमिधः ˇत्रिः ˇसप्त त्रिगुणीकृतसप्तसंख्याकाः एकविंशतिः ˇकृताः । 'द्वादश मासाः पञ्चर्तवस्त्रय इमे लोका असावादित्य एकविंशः' (तै.सं. ५.१. १०. ३) इति श्रुताः पदार्था एकविंशतिदारुयुक्तेध्मत्वेन भाविताः । ˇयत् यः पुरुषो वैराजोऽस्ति तं ˇपुरुषं ˇदेवाः प्रजापतिप्राणेन्द्रियरूपाः ˇयज्ञं ˇतन्वानाः मानसं यज्ञं तन्वानाः कुर्वाणाः ˇपशुम् ˇअबध्नन् विराट्पुरुषमेवं पशुत्वेन भावितवन्तः । एतदेवाभिप्रेत्य पूर्वत्र 'यत्पुरुषेण हविषा' इत्युक्तम् ॥

અનુવાદ : જ્યારે યજ્ઞ(નો વિસ્તાર) કરી રહેલા દેવોએ તે (યજ્ઞિય વૈરાજ) પુરુષને પશુ તરીકે બાંધ્યો; (ત્યારે) આ (સૃષ્ટિયજ્ઞના અગ્નિ)ની પરિધિઓ સાત હતી, અને સમિધાઓ એકવીસ કરવામાં આવી હતી. (૧૦–૯૦–૧૫)

નોંધ : વેંકટમાધવ કહે છે કે સાધ્ય દેવોએ જ્યારે એ (સૃષ્ટિ) યજ્ઞનો વિસ્તાર કર્યો ત્યારે તે યજ્ઞમાં (પહેલાં તો) પુરુષને અશ્વ રૂપે બાંધ્યો. પછી તે યજ્ઞમાં સાત છન્દો સાત

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરિધિ રૂપ બન્યા અને (દેવોએ) એકવીસ સમિધાઓ તૈયાર કરી. परिधि નો અર્થ વાડ, સીમા/મર્યાદા સૂચવતાં લાકડાં એવો થાય છે. આ સાત પરિધિ તે સાત છન્દો છે એમ જ્યારે કોઈ ટીકાકાર કહે ત્યારે સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થાય કે તે કયા સાત છન્દો છે ? તો (૧) ગાયત્રી (૨) ત્રિષ્ટુપ્ (૩) જગતી (૪) અનુષ્ટુપ્ (૫) બૃહતી (૬) ઉષ્ણિક્ અને (૭) પંક્તિ. અલબત્ત, સાયણાચાર્યે આ 'સાત પરિધિ'નો અર્થ આ રીતે કર્યો છે. જેમ કે, ઇષ્ટિયાગમાં આહ્વનીયાગ્નિની ત્રણ પરિધિઓ, ઉત્તર વેદિકાની ત્રણ પરિધિઓ (=મેખલાઓ) અને સાતમો તે આદિત્ય, પરિધિના પ્રતિનિધિ રૂપ છે. હવે, આ આદિત્ય સહિતની સાત પરિધિઓ તે અહીં સાત છન્દો રૂપ છે. (શુક્લ યજુર્વેદમાં પણ આ 'પુરુષસૂક્ત' આવેલું છે. ત્યાં ટીકાકાર મહીધરે કહ્યું છે કે સાત સમુદ્ર એ સાત પરિધિઓ છે.) પ્રોફે. વેલણકર परिधि નો શબ્દાર્થ લઈને જ સમજાવે છે કે વાડની જેમ અગ્નિની ચારેય તરફ ગોઠવેલા સાત સમિધો.

આ મન્ત્રના બીજા પાદમાં 'ત્રણવાર સાત એટલા (અર્થાત્ એકવીસ) સમિધો તૈયાર કર્યા' એવો જે નિર્દેશ છે એને સમજાવતાં સાયણ કહે છે કે – બાર મહિના, પાંચ ઋતુઓ, આ (ભૂ, ભુવર્ અને સ્વર્) ત્રણ લોક અને આદિત્ય—એમ કુલ મળીને એકવીસ સમિધાઓ તૈયાર કરી. પ્રોફે. વેલણકરે અહીં 'સમિધો'નો અર્થ ઈંધણના એકવીસ થર એવો કર્યો છે.)

તૈત્તિરીય આરણ્યક (૩–૧૨)માં પણ આ 'પુરુષ સૂક્ત'ને મૂકવામાં આવ્યું છે. પરંતુ ત્યાં આ સૂક્તની છઠ્ઠી અને સાતમી ઋચાની વચ્ચે આ सप्तास्यासन् परिधयः० । એ ઋચાને મૂકી છે. તેથી એવું જણાય છે કે યજ્ઞની સામગ્રી અને પદ્ધતિનું જ્યાં છઠ્ઠી–સાતમી ઋચામાં વર્ણન ચાલતું હોય, ત્યાં જ આ પ્રસ્તુત ઋચા આવી જવી જોઈતી હતી. અથવા બીજી રીતે વિચારીએ તો અહીં યજ્ઞસામગ્રીની વાત ફરીથી કરીને ઋષિએ—કવિએ યજ્ઞની વાત કેન્દ્રસ્થાને છે એમ યાદ કરાવ્યું છે. (ડૉ. એસ્તેર બહેન સોલોમન કહે છે કે કેટલાકે આ ઋચાનો વેદાન્તપરક અર્થ પણ કર્યો છે. જેમ કે, देवाः – જ્ઞાનથી ઉજ્જ્વળ યોગીઓ, यज्ञम् – સમાધિરૂપ યજ્ઞને, पुरुषम् – પુરુષમેધ રૂપે રહેલા જ્ઞાનને, अबध्नन् – ગ્રહણ કરતા હતા. આત્મીયજનમાં સાત પરિધિઓ તરીકે પૃથિવ્યાદિ પાંચ મહાભૂતો અને મન તથા બુદ્ધિ છે, અને એકવીસ સમિધાઓ તરીકે પાંચ મહાભૂત, પાંચ તન્માત્રાઓ, પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય તથા મન છે.) બીજું અહીં વર્ણવ્યા મુજબ દેવોએ શરૂ કરેલી યજ્ઞપ્રથાને અનુસરીને મનુષ્યોએ પણ યજ્ઞ–યાગાદિ શરૂ કર્યા હશે.

यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन् ।

ते ह नाकं महिमानः सचन्त यत्र पूर्वे साध्याः सन्ति देवाः ॥ १०.१६ ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

यज्ञेनं । यज्ञम् । अयजन्त । देवाः । तानिं । धर्माणि । प्रथमानिं । आसन् । ते । ह । नाकम् । महिमानंः । सचन्त । यत्रं । पूर्वे । साध्याः । सन्तिं । देवाः ॥ १६ ॥

पूर्वं प्रपञ्चेनोक्तमर्थं संक्षिप्यात्र दर्शयति । ᵛदेवाः प्रजापतिप्राणरूपाः ᵛयज्ञेन यथोक्तेन मानसेन संकल्पेन ᵛयज्ञं यथोक्तयज्ञस्वरूपं प्रजापतिम् ᵛअयजन्त पूजितवन्तः । तस्मात्पूजनात् ᵛतानि प्रसिद्धानि ᵛधर्माणि जगद्रूप–विकाराणां धारकाणि प्रथमानि मुख्यानि ᵛआसन् । एतावता सृष्टिप्रतिपादकसूक्तभागार्थः संगृहीतः । अथोपासनतत्फलानुवादकभागार्थः संगृह्यते । ᵛयत्र यस्मिन् विराट्प्राप्तिरूपे नाके ᵛपूर्वे साध्याः पुरातना विराडुपास्तिसाधकाः ᵛदेवाः ᵛसन्ति तिष्ठन्ति तत् ᵛनाकं विराट्प्राप्तिरूपं स्वर्गं ᵛते ᵛमहिमानः तदुपासका महात्मानः ᵛसचन्त समवयन्ति प्राप्नुवन्ति ॥ १९ ॥ ॥ ७ ॥

અનુવાદ : દેવોએ તે યજ્ઞથી (= યજ્ઞિય વૈરાજ પુરુષ રૂપી પશુથી– હવિથી) યજ્ઞ કર્યો તે જ (સાત પરિધિ અને એકવીસ સમિધો રૂપી) ધર્મો પ્રથમના (= શરૂઆતના નિયમ રૂપે) સિદ્ધ થયા. જ્યાં પૂર્વેના સાધ્યો અને દેવો છે તે જ સ્વર્ગલોકને મહિમા (વાળા)ઓએ પ્રાપ્ત કર્યો. (૧–૯૦–૧૬)

નોંધ : આ છેલ્લા મંત્રમાં છન્દ પરિવર્તન થયું છે. અગાઉની (૧ થી ૧૫) ઋચાઓમાં અનુષ્ટુપ્ છંદ વપરાયો છે. અહીં ૧૬મી ઋચામાં ત્રિષ્ટુપ્ છંદ પ્રયોજાયો છે. अयजन्त – √ यज् ઉભયપદી ધાતુ ૧લો ગણ, આત્મનેપદ હ્ય. ભૂ. કા. ત્રી. પુ. બ. વ.નું રૂપ છે. सचन्त – √ सच् ‘ચોંટવું’ – આત્મનેપદી, ૧લા ગણનો ધાતુ, હ્ય. ભૂ. ત્રી. પુ. બ. વ. (અહીં अडागम થયો નથી.)

આ મન્ત્રનો તાત્પર્યાર્થ સમજાવતાં સાયણાચાર્ય લખે છે કે અગાઉના મંત્રોમાં જે વાત પ્રપંચ પૂર્વક કહી છે તેને હવે ૧૬મા મંત્રમાં સંક્ષિપ્ત કરીને કહે છે. દેવોએ કે જેઓ પ્રજાપતિ (સહસ્રશીર્ષવાળા પરમ પુરુષ)ના પ્રાણ રૂપ જ છે, તેમણે યજ્ઞથી (અર્થાત્ માનસિક સંકલ્પથી યજ્ઞનું (અર્થાત્ યજ્ઞસ્વરૂપ પ્રજાપતિનું) યજન–પૂજન–કર્યું. આ પૂજનમાંથી તે પ્રસિદ્ધ ધર્મો કે જે જગતના રૂપ અને વિકારોને ધારણ કરનારા મુખ્ય ધર્મો છે તે ઉત્પન્ન થયા. આટલા (પ્રથમ બે પાદરૂપ) ભાગથી સૃષ્ટિના પ્રતિપાદક એવા (પૂર્વમન્ત્રોના) અંશનો સંગ્રહ કર્યો છે. હવે ઋચાના ઉત્તરાર્ધથી (ઉત્તરર્ધચૂથી) તે ઉપાસના = પૂજનના ફળનું વર્ણન કરવામાં આવે છે : જ્યાં વિરાટ પુરુષની પ્રાપ્તિ થાય છે તે સ્વર્ગલોકમાં કે જેમાં પૂર્વેના સાધ્યો = વિરાટની ઉપાસનાના સાધક એવા દેવો રહેલા છે તેમાં મહિમાઓ (અર્થાત્ તે વિરાટના ઉપાસક એવા મહાત્માઓ પહોંચે છે; તેવા સ્વર્ગલોકને પ્રાપ્ત કરે છે.

* * *

ઋગ્વેદનું આ ‘પુરુષ સૂક્ત’ (૧૦–૯૦) યજુર્વેદ (અધ્યાય ૩૧)માં પણ થોડા ફેરફાર સાથે રજૂ થયેલું જોવા મળે છે. જેમ કે –

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૧) પહેલા મંત્રના – विश्वतो वृत्वा ને બદલે યજુર્વેદમાં सर्वतस्पृत्वा;

(૨) બીજા મંત્રના – यच्च भव्यम् ને બદલે યજુર્વેદમાં यच्च भाव्यम्;

(૩) પાંચમા મંત્રના – विराळजायत ને બદલે યજુર્વેદમાં विराडजायत છે.

(૪) ઋગ્વેદના ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ મંત્રો યજુર્વેદમાં અનુક્રમે ૧૪, ૯, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫ અને ૧૬મા મંત્ર તરીકે ગોઠવાયા છે.

(૫) ઋગ્વેદના ૧૧મા મંત્રના બીજા–ત્રીજા પાદમાં मुखं किमस्य कौ बाहू का ऊरू पादा उच्येते । પાઠ છે, તેને બદલે યજુર્વેદમાં (તે દશમા મંત્ર તરીકે છે, અને) मुखं किमस्यासीत् किम्बाहू किमूरूपादा उच्येते । એવું પાઠાન્તર છે.

(૬) ઋગ્વેદના ૧૩મા મંત્રના બીજા ચરણમાં मुखादिन्द्रश्चाग्निश्च प्राणाद्वायुरजायत । એવો પાઠ છે. પરંતુ યજુર્વેદમાં તે ૧૨મા મંત્ર તરીકે ઉપસ્થિત થાય છે; અને તેમાં श्रोत्राद्वायुश्च प्राणश्च मुखादग्निरजायत । એવું પાઠાન્તર જોવા મળે છે.

◆ ◆ ◆

૭. भिक्षुसूक्तम् (અર્થાત્ દાનસ્તુતિ) (૧૦–૧૧૭)

'न वा' इति नवर्चं पञ्चमं सूक्तम् । भिक्षुर्नामाङ्गिरस ऋषिः । प्रथमाद्वितीये जगत्यौ शिष्टाः सप्त त्रिष्टुभः । अत्र धनस्यान्नस्य च दानं स्तूयते । अतस्तद्दैवत्यमिदम् । तथा चानुक्रान्तं–'न वा उ भिक्षुर्धनान्नदानप्रशंसाद्ये जगत्यौ' इति । गतो विनियोगः ॥

'ભિક્ષુ' નામના આંગિરસ (= અંગિરસ્‌ના ગોત્રમાં જન્મેલા) ઋષિનું દર્શન આ સૂક્તમાં રજૂ થયું છે. સાયણાચાર્ય કહે છે તેમ અહીં – अत्र धनस्य अन्नस्य च दानं स्तूयते । ધન અન્નના દાનની સ્તુતિ કરવામાં આવી છે. એટલે કે આ સૂક્તને 'દાનસ્તુતિ' કહેવામાં આવે છે.

સામાન્ય રીતે તો 'દાનસ્તુતિ' તરીકે ઓળખાતા સૂક્તોમાં રાજાઓએ પોતાના યાજ્ઞિકોને–વિપ્રોને–જે વિવિધ દાન આપ્યાં હોય છે તેનું તેમાં વર્ણન કરવામાં આવ્યું હોય છે. આવાં દાનસ્તુતિવાળાં સૂક્તો ૧લા, ૧૦મા કે ૮મા (બાલખિલ્યમાં) મંડળમાં જોવા મળે છે. આમાં દાનસ્તુતિના રચનારા બ્રાહ્મણો પોતાના યજમાન રાજાની વંશાવળી, કે તત્કાલિક પ્રજાઓનાં નામો, નિવાસસ્થાનો વગેરેની કેટલીક ઐતિહાસિક સામગ્રી પણ નોંધે છે. (આવાં સૂક્તોનો અભ્યાસ The Dīnastutis of the Ṛgveda, by B. H. Kapadia, S. P. Univ., Vallabh Vidyanagar, 1961 માં રજૂ થયો છે.)

પરંતુ આપણે જે ૧૦–૧૧૭ સૂક્તનો 'દાનસ્તુતિ' તરીકે અભ્યાસ કરવાનો છે તેમાં આવા પ્રકારના (કોઈ રાજાએ આપેલા) દાનની સ્તુતિની વાત આવતી નથી, અહીં માણસ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

માત્રે દાન આપવું જોઈએ. પોતાની પાસે જે અન્ન હોય, કે ધન હોય તે બીજાને આપીને, બીજાને વહેંચીને જ પછી જ ખાવું/ભોગવવું જોઈએ એવી કંઈક ઉપદેશાત્મક, વાણીમાં દાન આપવા વિષે પ્રરોચના કરવામાં આવી છે.

'ભિક્ષુ' કવિ અહીં કહે છે કે દાન આપવા માટે બે કારણો છે : એક, વ્યાવહારિક દૃષ્ટિએ વિચારીએ તો તમે જો ધનનું અને અન્નનું દાન કરશો તો તમે બીજા કોઈકની સહાનુભૂતિ મેળવશો, અને એવા (દાન લેનારા) વ્યક્તિઓ ભવિષ્યમાં તમને જરૂર પડશે ત્યારે મદદ કરશે. વળી, દાન આપીને તમે નવા સખાઓ મેળવો અને દેવોની કૃપા પણ તમારા ઉપર ઉતરશે. બીજું, ફિલસૂફીની દૃષ્ટિએ વિચારીએ તો ધન ક્યાંય સ્થિર રહેતું નથી. તે એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ પાસે જતું રહે છે. આથી તમારા હાથમાં હોય ત્યાં સુધી દાન કરી લેવું. વળી કવિ કહે છે કે માણસ કેવળ ભૂખથી જ મરે છે એવું નથી. બહુ ખાનારને પણ મૃત્યુઓ આવે છે ! 'અન્ન વહેંચીને જ ખાવું જોઈએ' એવી સૂક્તિને અહીં જે વક્રોક્તિથી રજૂ કરી છે કે એકલો ખાનારો તો કેવળ પાપી જ છે : केवलाघो भवति केवलादी । તે અમર પંક્તિ તો ઘણા ભારતીયને જિહ્વાગ્રે છે. વળી, કવિએ અહીં 'દાન આપવા' વિષેનો ઉપદેશ અન્વયમુખેથી આપવાની સાથે સાથે વ્યતિરેક મુખથી (= અવળવાણીથી) પણ રજૂ કર્યો છે તેથી આ સૂક્તમાં આવેલું કાવ્યતત્ત્વ પણ હૃદ્ય બન્યું છે.

સૂક્ત : ૧૧૭ દેવતા : દાન, ઋષિ : ભિક્ષુ આંગિર, છન્દ : પહેલી બે ઋચામાં જગતી અને બાકીની સાતમાં ત્રિષ્ટુપ્.

न वा उं देवाः क्षुधमिद्वधं ददुरुताशितमुपं गच्छन्ति मृत्यवः ।
उतो रयिः पृणतो नोपं दस्यत्युतापृणन् मर्डितारं न विन्दते ॥ १ ॥

न । वै । ऊँ इतिं । देवाः । क्षुधम् । इत् । वधम् । ददुः । उत । आशितम् । उपः । गच्छन्ति । मृत्यवः । उतो इतिं । रयिः । पृणतः । न । उपं । दस्यति । उत । अपृणन् । मर्डितारम् । न । विन्दते ॥ १ ॥

भिक्षुः प्रथमं व्यतिरेकमुखेनान्नदानं प्रशंसति । ᵛदेवाः ᵛवै देवाः खलु सर्वेषां ᵛक्षुधं ᵛन ᵛददुः न प्रायच्छन् । किंतु ᵛवधम् ᵛइत् वधमेव दत्तवन्तः । एतादृशीं वधरूपां क्षुधमन्नदानेन यः शमयति स दाता खलु । ᵛउ इति पूरणः । योऽदत्त्वा भुङ्क्ते तम् ᵛआशितं भुञ्जानं पुरुषमपि ᵛमृत्यवः मरणानि ᵛउप ᵛगच्छन्ति समीपे यान्ति ॥ 'आशितः कर्ता' (पा.सू. ६.१.२०७) इत्याद्युदात्तत्वम् ॥ क्षुधार्त्तानां भोक्तॄणां च मरणं स्मानम् । किं दानेन धननाशरूपेण । अत

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

आह । ^उतो । उतशब्दोऽप्यर्थे । ^पृणतः प्रयच्छतः पुरुषस्य ^रयिः धनं ^नोप ^दस्यति नोपक्षीयते । 'दसु उपक्षये' । दैवादिकः । 'पृण दाने' । तौदादिकः । तस्य शत्रन्तस्य 'शतुरनुमो नद्यजादी' इति विभक्तेराद्युदात्तत्वम् ॥ दानप्रसङ्गेनादातारं दूषयति । ^अपृणन् अप्रयच्छन् पुरुषस्तु ^मर्डितारम् आत्मनः सुखयितारं ^न ^विन्दते । नं कुत्रापि लभते । इह बन्धवोऽप्रदानान्न सुखयन्ति देवा अपि हविष्प्रदानाभावात् ॥

અનુવાદ : દેવોએ (સૌ પ્રાણીઓને) ભુખ નહીં, પણ મોત જ આપ્યું છે; ખાનાર પાસે (आशितम्) પણ મૃત્યુઓ તો આવે જ છે. આપનાર (વ્યક્તિ)નું (पृणतः) ધન (रयिः) નાશ પામતું (उपदस्यति) નથી; નહીં આપનાર (अपृणन्) માણસ (પોતાને) સુખી કરનારને (मर्डितारम्) મેળવતો નથી. (૧૦–૧૧૭–૧)

નોંધ : (૧) આ સૂક્તમાં ધનના અને અન્નના દાનની પ્રશંસા કરવામાં આવી છે. આથી આ સૂક્તને 'દાનસ્તુતિ' નામે ઓળખવામાં આવે છે. અંગિરસના આ કુળમાં જન્મેલા 'ભિક્ષુ' નામના ઋષિએ આ પહેલી ઋચામાં વ્યતિરેક મુખથી (અવળી રીતે) અન્નના દાનની પ્રશંસા કરી છે : (૨) देवाः (सर्वेभ्यः) न क्षुधम् किन्तु वधम् इत् (एव) ददुः । આ પહેલા પાદમાં क्षुधम् અને वधम् ને સમાનાધિકરણમાં (એકસરખી દ્વિતીયા વિભક્તિમાં) મૂકીને, અને પ્રકૃતનો = ઉપમેય ભુખનો નિષેધ કરીને, તેને સ્થાને બીજાને = ઉપમાનને–મૃત્યુને–સ્થાપવામાં આવ્યું છે : 'દેવોએ સૌ પ્રાણીઓને ભુખ નહીં, પણ મોત જ આપ્યું છે' એથી આ ઉક્તિમાં 'અપહ્નુતિ' અલંકાર સધાયો છે ! શ્રી ર. છો. પરીખ સાહેબે આ પાદનો અનુવાદ આમ કર્યો છે. 'દેવોએ ભુખને જ મોતનું સાધન કર્યું નથી.' આ અનુવાદ પછીના પાદની સાથે સુસંગત થાય છે, પણ ददुः નો શબ્દાર્થ (સાધન) કર્યું નથી' એમ ઠીક લાગતો નથી. સાયણ કહે છે કે આવી સાક્ષાત્ વધ રૂપ क्षुध् (ત્ કારાન્ત સ્ત્રીલિંગ શબ્દ) = क्षुधा (ભુખ)ને જે માણસ અન્નનું દાન કરીને શમાવે છે તે ખરેખર/સાચો દાતા છે. (૩) આશિત = ખાનાર વ્યક્તિને પણ મૃત્યુઓ આવે છે ('મૃત્યુ' શબ્દ બહુવચનમાં છે તે નોંધપાત્ર છે.) સાયણ કહે છે : ભુખ્યાં જનોને તો મોત આવે જ છે, પણ ખાનારાઓને ય મોત આવે છે ! (૪) √ पृण दाने 'દાન આપવું' ૬ઠ્ઠા ગણનું વર્તમાન કૃદન્ત 'દાન આપતો' = पृणत् । તેનું ષષ્ઠી વિ. એ. વ.માં पृणतः અને પ્રથમા વિ. એ. વ.નાં पृणन् રૂપ થાય. (૫) मर्डितारम्–सुखयितारम् = સુખ આપનારને. (૬) √ दसु उपक्षये – ૪થો ગણ, दस्यति નાશ પામે છે. વ. કા. ત્રી. પુ. એ. વ. (૭) દાન આપવાની ભાવનાને ઉત્તેજિત કરવા કવિ ભિક્ષુ ત્રીજા અને ચોથા પાદમાં બીજી બે વાત કરે છે : દાન આપનારનું ધન નાશ પામતું કે ખૂટતું નથી, તથા જે દાન ન આપે તેની ઉપર ઈશ્વરની કૃપા ઉતરતી નથી. અથવા, પ્રા. વેલણકર કહે છે તેમ–ખાનાર વ્યક્તિ અર્થાત્ સુખી–સમૃદ્ધ માણસ જ સારા દિવસોમાં દાન ન કરે તો પછી એને ય જ્યારે જરૂર પડે ત્યારે; મદદ કરનાર કોઈ મળતું નથી, એને કોઈનીય સહાનુભૂતિ મળતી નથી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

य आध्रायं चकमानायं पित्वोऽन्नंवान्त्सन्रंफितायोंपजग्मुषे ।

स्थिरं मनंः कृणुते सेवंते पुरोतो चित्स मंर्डितारं न विन्दते ॥ ११७.२ ॥

यः । आध्रायं । चकमानायं । पित्वः । अन्नंऽवान् । सन् । रफितायं । उपऽजग्मुषे । स्थिरम् । मनंः । कृणुते । सेंवते । पुरा । उतो इतिं । चित् । सः । मर्डितारंम् । न । विन्दते ॥ २ ॥

ˇयः पुरुषः स्वयम् ˇअन्नवान् ˇसन् अपि ˇआध्राय । आधार्यतेऽसावित्याध्रो दुर्बलः । तस्मै ˇपित्वः पितूनन्नानि ˇचकमानाय कामयमानाय । चकमानः कान्तिकर्मा । ˇरफिताय । रफतिर्हिंसार्थः । दारिद्र्येण हिंसिताय ˇउपजग्मुषे गृहं प्रत्यागताय अतिथये ˇमनः आत्मीय– मन्तःकरणम् अदाने ˇस्थिरं ˇकृणुते कुरुते । मनःस्थैर्यकरणेन तं क्लेशयतीत्यर्थः । कृणुते । 'कृवि हिंसाकरणयोः' । धिन्विकृण्व्योरच्च' इत्युप्रत्ययः । करोतेर्वा व्यत्ययेन श्नुः । 'विकरणस्वरः सतिशिष्टोऽपि लसार्वधातुक स्वरं न बाधते (पा. सू. ६–१–१५८–११) इति लसार्वधातुस्वरः । न केवलं क्लेशकरणम् अपि तु ˇपुरा तस्य पुरस्तादेव ˇसेवते भोगान् । ˇसः अपि ˇमर्डितारम् आत्मनः सुखयितारं । ˇन ˇविन्दते । न कुत्रापि लभते ।

અનુવાદ : જે અન્નવાન્ હોવા છતાંય અન્ન ઇચ્છતા (पित्वः चकमानाय), દુર્બળ (आध्राय), (દરિદ્રતાથી) હણાયેલા (रिफिताय), નજીક આવેલાને (उपजग्मुषे), (અન્નનું દાન આપવાને) માટે (પોતાના) મનને સ્થિર કરી દે છે, અને તે (માંગનાર)ની સામે જ (અન્નને) સેવે છે. (=ખાવા બેસે છે) – તે (અન્નવાન્ વ્યક્તિ પોતાને) સુખી કરનારને મેળવતો નથી. (૧૦–૧૧૭–૨)

નોંધ : (૧) આ મન્ત્રમાં એવા ભાગ્યશાળી વ્યક્તિનો ઉલ્લેખ છે કે જે अन्नवान् = અન્નવાળો છે. પણ આવો વ્યક્તિ જો દુર્બળ થઈ ગયેલા, દરિદ્રતાથી હણાયેલા, માંગવા માટે નજીક આવેલા એવા, અને અન્ન ઇચ્છતા વ્યક્તિને 'મારે કાંઈ આપવું જ નથી' એમ વિચારીને, પોતાના મનને સ્થિર કરી દે છે; તથા એ ભુખ્યા માણસની સામે જ અન્ન સેવવા લાગે છે—ખાવા બેસી જાય છે—તો, ભિક્ષુ કવિ કહે છે કે એવા અન્નવાળા વ્યક્તિને દેવોની સહાનુભૂતિ મળતી નથી. (૨) આ મન્ત્રમાં જે ચતુર્થીમાં પદો આવેલાં છે તે ગરીબ ભુખ્યા વ્યક્તિનાં વિશેષણો છે. (૩) आध्राय – જેને ઊંચકવો પડે, ધારણ કરવો પડે તે आध्रः, અર્થાત્ દુર્બળ છે તે. (૪) पितु = अन्न, पित्वः चकमानाय – અન્નને ઇચ્છતા longing for food. (૫) रिफिताय – દરિદ્રતાથી હણાયેલા (સા), પણ વેંકટમાધવ મુજબ (ભુખથી) બૂમો પાડતા.

स इद्भोजो यो गृहवे ददांत्यन्नंकामाय चरंते कृशायं ।

अरंमस्मै भवति यामंहूता उतापरीषु कृणुते सखांयम् ॥ ३ ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

सः । इत् । भोजः । यः । गृहवे । ददाति । अन्नऽकामाय । चरते । कृशाय । अरम् । अस्मै । भवति । यामऽहूतौ । उत । अपरीषु । कृणुते । सखायम् ॥ ३ ॥

अन्वयमुखेन प्रशंसति । ᵛस ᵛइत् स एव ᵛभोजः दाता खलु ᵛये ᵛगृहवे । ग्रहेर्मृगय्वादित्वात् कुप्रत्ययः (उ. सू. १.३८) ॥ प्रतिग्रहीत्रे ᵛअन्नकामाय अन्नं याचमानाय ᵛचरते गृहमागतवते ᵛकृशाय दारिद्र्येण एतादृशायातिथयेऽन्नं ᵛददाति प्रयच्छति ॥ 'अभ्यस्तानामादिः' इत्याद्युदात्तत्वम् ॥ ᵛयामहूतौ । यामा गन्तारो देवाः ॥ अत्र यातेः 'अर्तिस्तुसुहुसृ' (उ. सू. १.१३९) इत्यादिना मन्प्रत्ययः ॥ त आहूयन्तेऽत्रेति यामहूतिर्यज्ञः । तस्मिन् ᵛअस्मै दात्रे फलम् ᵛअरम् अलं पर्याप्तं ᵛभवति । कामप्रदानं भवतीत्यर्थः । ᵛउत अपि च ᵛअपरीषु ॥ 'केवलमामक' (पा. सू. ४.१.३०) इति ङीप् ॥ अन्यासु शात्रवीषु सेनासु ᵛसखायं ᵛकृणुते । तद्वदाचरतीत्यर्थः । तस्य सर्वे सखाय एव न शत्रव इत्यर्थः ॥

અનુવાદ : તે જ (વ્યક્તિ) દાતા (भोजः) છે, કે જે ગ્રહણ કરનાર (= લેનાર)ને (गृहवे), અન્નની કામનાવાળાને (ભિક્ષા માટે) રખડતા અને (દારિદ્ર્યથી) કૃશ થઈ ગયેલા એવા વ્યક્તિને આપે છે. આવા (દાતા)ને વિષે યજ્ઞમાં (यामहूतौ) (પ્રાપ્ત થનારું ફળ) પર્યાપ્ત (अरम्) બની રહે છે અને વળી શત્રુસેનાઓમાં (अपरीषु) (બધા એ દાતાને) મિત્ર બનાવે છે. (= મિત્રની જેમ એની સાથે આચરણ કરે છે.) (૧૦–૧૧૭–૩)

નોંધ : (૧) સાયણ કહે છે કે આ મન્ત્રમાં અન્વયમુખથી–સીધી સરળ ભાષામાં દાતાની પ્રશંસા કરવામાં આવી છે. (૨) भोजः – ઉદાર દાતા इत् – જ, एव – અર્થમાં, स–તે, य–જે, વાળી વાક્યરચના નોંધનીય છે. (૩) अरम् = अलम् = પર્યાપ્ત, પૂરતું (૪) यामहूतौ = યજ્ઞમાં, યામ એટલે જનારા અર્થાત્ દેવો. દેવોને જેમાં બોલાવવામાં આવે છે તે 'યામહૂતિ' કહેવાય. (૫) વેંકટમાધવે આ મન્ત્રના પહેલા અને ત્રીજા પાદનો અર્થ જુદી રીતે કર્યો છે : भोजः– નો અર્થ 'ભોક્તા' કરીને "તે જ ભોક્તા છે કે જે પ્રતિગ્રહણ કરનાર, અન્ન માંગતા, દુબળા ભિક્ષા માંગવા ફરતા માણસને આપે છે." તથા यामहूतौ નો અર્થ 'યમ (મૃત્યુ) બોલવવા આવે ત્યારે' "ભિક્ષુકને જેટલું અન્ન આપ્યું હોય તેટલું" તે (દાતા)ને માટે પર્યાપ્ત બની રહે છે. દુશ્મનોની અંદર પણ, તે (દાતા) પોતાને માટે 'આ અમારો સખા = ઉદ્ધર્તા છે.' એવી લાગણી જન્માવી શકે છે. (૬) પ્રા. વેલણકર यामहूति નો અર્થ 'હુમલાના પ્રસંગે મદદ માટે બોલાવવું' – એવો કરે છે. તેમના મુજબ "હુમલાના પ્રસંગે બોલવવામાં આવેલો તે (ભિક્ષુક) આ દાતાને માટે મદદ રૂપ (अरम्) બની રહે છે. અને આમ ભવિષ્યના બધા સમય (अपरीषु) માં (માટે) તે મિત્ર (તરીકે એને) મેળવી લે છે."

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

न स सखा यो न ददाति सख्ये सचाभुवे सचमानाय पित्वः ।

अपास्मात्प्रेयान्न तदोको अस्ति पृणन्तमन्यमरणं चिदिच्छेत् ॥ ११७.४ ॥

न । सः । सखा । यः । न । ददाति । सख्ये । सचाऽभुवे । सचमानाय । पित्वः । अप । अस्मात् । प्र । इयात् । न । तत् । ओकः । अस्ति । पृणन्तम् । अन्यम् । अरणम् । चित् । इच्छेत् ॥ ४ ॥

व्यतिरेकेण निन्दामाह । ᵛसः पुरुषः ᵛसखा ᵛन भवति ᵛयः पुरुषः ᵛसचाभुवे सर्वदा सहभवनशीलाय ᵛसचमानाय सेवमानायोपसर्जनीभूताय ᵛसख्ये सखिजनाय ᵛपित्वः पितूनन्नानि ᵛन ᵛददाति न प्रयच्छति । स सुहृन्न भवतीत्यर्थः । ᵛअस्मात् अदातुः सख्युः सः ᵛअप ᵛप्रेयात् अपगच्छेत् । यद्येनं परित्यज्य गच्छेत् ॥ 'इण् गतौ' । लिङि यासुट् ॥ तर्हि ᵛतदोकः निवासः सदनं ᵛन ᵛअस्ति न भवति । सदनं हि बन्धुभिः परिवृतम् । स गतः पुरुषः पृणन्तम् अन्नादिकं प्रयच्छन्तम् ᵛअन्यमरणं ᵛचित् अर्यं स्वामिनमेव ᵛइच्छेत् कामयेत ॥

અનુવાદ : જે સાથે રહેનાર (सचाभुवे) અને (અન્ન મેળવવાની આશાથી) સેવા કરી રહેલા (सचमानाय) એવા સખાને અન્ન (पित्वः) આપતો નથી તે સખા નથી. આવા (= દાન નહીં આપનારા) પાસેથી તેણે દૂર ખસી (प्र इयात्) જવું જોઈએ). (કારણ કે એવા અદાતાનું) તે ઘર (ओकः) (ઘર) નથી. (અન્નાદિ) આપનાર (पृणन्तम्) બીજા કોઈક સ્વામીને (अरणम्) તેણે ઈચ્છવો. (૧૦–૧૧૭–૪)

નોંધ : (૧) સાયણ કહે છે કે આ મન્ત્રમાં વ્યતિરેકથી અદાતાની નિન્દા કરવામાં આવી છે. (૨) પહેલા બે પાદમાં જે મુખ્ય છે. તે – यः (सखा) सख्ये पित्वः न ददाति, सः सखा न (भवति) । જે સખા વ્યક્તિ પોતાના બીજા સખાને અન્ન આપતો નથી, તે સખ્ય નથી – સાચો મિત્ર કહેવડાવવા યોગ્ય નથી. અહીં દાન લેવા આવનાર મિત્ર–સખા–નાં બે વિશેષણો છે : सचाभुवे અને सचमानाय । 'હંમેશાં સાથે રહેવાના સ્વભાવવાળો, (સા.) 'સાથે જન્મેલ (વે.), પ્રા. વેલણકર આ બન્ને શબ્દોથી એક જ વ્યક્તિ સમજે છે : 'વિશ્વાસપાત્ર જોડીદાર' અને 'સેવા કરી રહેલો, હંમેશા સાથે ફરનારો.' (૩) આવા (અદાતા સખા) પાસેથી = अस्मात् अप + प्र + इयात्– તે (દાન માંગનાર) દૂર ચાલ્યો જાય; = તેણે ત્યાંથી દૂર જતા રહેવું જોઈએ. (૪) કારણ કે એ મિત્રનું તે ઘર 'ઘર' કહેવા યોગ્ય નથી = न तद् ओकः अस्ति । સાયણ કહે છે કે ઘર તો એને કહેવાય કે જે સ્વજનોથી ભરેલું હોય; પણ આવા અદાતાના ઘરેથી ચાલ્યા જ જવું. પ્રા. ર. છો. પરીખે આ ત્રીજા પાદનો અનુવાદ "અહીંથી તેણે (માંગનારે) ચાલ્યા જવું', (એવું જ્યાં કહેવાય છે) તે ઘર નથી"= એમ કર્યો છે. (૫) માંગનાર વ્યક્તિએ એવી જગ્યાએ જ જવું કે જ્યાં કોઈ આપનાર

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

હોય. पृणन्तम् – આપનાર એવા, अन्यम् अरणम् – બીજા કોઈ સ્વામિને, इच्छेत् – ઈચ્છવો જોઈએ. √ इष् ઈચ્છવું, ગણ, વિધ્યર્થ ત્રી. પુ. એ. વ.) અહીં √ ऋ गतौ 'જવું' ધાતુમાંથી अर्यम् = (મદદ માટે પાસે) જવા યોગ્ય વ્યક્તિ અર્થાત્ સ્વામિન્ એવો તદ્ધિત શબ્દ બનાવાય છે. તે अर्यम् માં ધ્વનિ વિકાર થતાં अरणम् શબ્દ બને છે. પ્રા. વેલણકરે 'ચઢાઈ કરવી'માંથી अरि શબ્દ વિચારીને આ શબ્દનો અર્થ 'અપરિચિત વ્યક્તિ' એવો સૂચવ્યો છે.

पृणीयादिन्नाधमानाय तव्यान् द्राघीयांसमनु पश्येत पन्थाम् ।

ओ हि वर्तन्ते रथ्येव चक्रान्यमन्यमुपं तिष्ठन्त रायः ॥ ११७.५ ॥

पृणीयात् । इत् । नाधमानाय । तव्यान् । द्राघीयांसम् । अनु । पश्येत । पन्थाम् । ओ इति । हि । वर्तन्ते । रथ्यांऽइव । चक्रा । अन्यम्ऽअन्यम् । उपं । तिष्ठन्त । रायः ॥ ५ ॥

धनवन्तं पुरुषं दाने प्रेरयति । ˇतव्यान् तवीयान् धनैरतिशयेन प्रवृद्धः पुरुषः ˇनाधमानाय याचमानायातिथये ˇपृणीयादित् धनानि दद्यादेव ॥ 'पृ पालनपूरणयोः' । क्र्यादिः । प्वादीनां ह्रस्वः ॥ यदि दद्यात् ˇद्राघीयांसम् । दीर्घशब्दादीयसुनि 'प्रियस्थिर' इत्यादिना द्राघीत्यादेशः ॥ दीर्घतमं ˇपन्थां पन्थानं सुकृतमार्गम् ˇअनु ˇपश्येत अनुपश्येत् । व्यत्ययेनात्मनेपदम् । तत्र कारणमाह । रायः धनानि ˇओ ˇहि । आ उ । आ ˇवर्तन्ते एव खलु । एकत्र न तिष्ठतीत्यर्थः । तत्र दृष्टान्तः । ˇरथ्येव यथा रथ्यानि ॥ 'रथाद्यत्' (पा. सू. ४.३.१२१) इति 'तस्येदम्' इत्यर्थे यत् ॥ रथसंबन्धीनि ˇचक्रा ˇचक्राण्युपर्यधोभावेनावर्तन्ते तद्वदावृत्तिमेव दर्शयति । ˇअन्यमन्यं पुरुषं धनानि ˇउप ˇतिष्ठन्त उपतिष्ठन्ते । समवेतानि भवन्ति 'उपाद्देवपूजासंगतिकरण' (का. १.३.२५.१) इत्यात्मनेपदम् ॥ तस्माद्धनानि देयानीति भावः ॥ ॥ २२ ॥

અનુવાદ : સમૃદ્ધ વ્યક્તિએ (तव्यान्) યાચકને (नाधमानाय) (ધનાદિ) આપવું જ જોઈએ. (જીવનના) વધુ લાંબા (द्राघीयांसम्) માર્ગને જોવો જોઈએ. રથની સાથે જોડાયેલાં ચક્રો (જેમ ઉપર–નીચે ફરે છે) તેમ ધન (रायः) પણ એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ પાસે જાય છે. (૧૦–૧૧૭–૫)

નોંધ : ધનવાન્ વ્યક્તિને દાન આપવા માટે પ્રેરવામાં આવે છે. પ્રા. વેલણકર કહે છે કે આ મન્ત્રમાં દાન શા માટે આપવું જોઈએ ? એ સમજાવવા માટે એક તાત્ત્વિક કારણ આગળ ધરવામાં આવ્યું છે. नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण । (જુઓ : સ્વપ્રવાસવદત્ત, ૧–૪) (અને મેઘદૂત–૧૦૯) 'માણસની દશા ચક્રના આરાની જેમ નીચેથી ઉપર, અને ઉપરથી નીચે થયા કરે છે.' આમ, જેમ રથનું ચક્ર ઉપર–નીચે ફર્યા કરે છે તેમ લાંબા આયુષ્યકાળ દરમિયાન સમૃદ્ધિ અને ગરીબાઈ આવ્યા–ગયા કરે છે. આથી જીવનમાં સમૃદ્ધિ હોય ત્યારે ધન–અન્ન વગેરેનું દાન આપવું જોઈએ. ઉપરના ત્રીજા મન્ત્રમાં દાન આપવા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

માટેનું એક વ્યાવહારિક કારણ આગળ ધરવામાં આવ્યું હતું કે—તમે દાન આપશો તો તમે દુનિયામાં ઘણા મિત્રો મેળવી શકશો; જે તમને જરૂર પડશે ત્યારે સહાનુભૂતિ પૂર્વક મદદ કરશે. (૨) पृणीयात् માં √ पृ 'પાલન કરવું, પૂર્તિ કરવી' ૯મો ગણ, વિધ્યર્થ ત્રી.પુ.એ.વ. दीर्घ શબ્દનું અધિકતાદર્શક ઈયસ્ પ્રત્યય લાગીને द्राघीयस् રૂપ બને છે, તેનું પું. દ્વિ. એ. વ. = વધુ લાંબા अनु पश्येत =अनुपश्येत् । અહીં √ दृश् (पश्य) 'જોવું' ધાતુ મૂળમાં પરસ્મૈપદી છે, પણ વેદમાં ક્યારેક વ્યત્યય થતો હોવાથી પરસ્મૈપદી ધાતુ આત્મનેપદી પણ બની શકે છે (આથી ઉલટું પણ બની શકે). તેથી આત્મનેપદમાં વિધ્યર્થ ત્રી.પુ. એ.વ.નું રૂપ વાપર્યું છે. (૩) ओ हि નો અર્થ आवर्तन्ते— આવૃત્તિ પામ્યા કરે છે; ઉપરનીચે ફર્યા કરે છે. (૪) रथ्येव માં इव ની સાથે रथ्या નો નિત્ય સમાસ થયો છે, જેથી પદપાઠમાં તે એક પદ રૂપે દર્શાવ્યું છે. સાયણ કહે છે કે અહીં रथ्या નો रथ्या चक्रा = रथ्यानि चक्राणि 'રથ સાથે સંબદ્ધ ચક્રો' અર્થ લેવો, પણ વેંકટમાધવ કહે છે— रथ्यायाम् चक्राणि इव માર્ગોમાં ગલીમાં—ફરતા પૈડાંની જેમ. उप ઉપસર્ગપૂર્વક √ स्था → तिष्ठ ધાતુના 'દેવપૂજા કે સંગતિકરણ' જેવા અર્થો થાય છે, અને તે ધાતુ આત્મનેપદમાં ફેરવાય છે—એ નિયમાનુસાર અહીં उप तिष्ठन्त = (ધનો) એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ પાસે ભેગાં થતાં રહે છે. [માટે આપણા હાથમાં ધન ભેગું થયું હોય ત્યારે તેનું દાન કરી લેવું, અન્યથા તે આવતીકાલે બીજી કોઈ વ્યક્તિના હાથમાં ચાલ્યું જ જવાનું છે.]

मोघमन्नं विन्दते अप्रचेताः सत्यं ब्रवीमि वध इत्स तस्य ।
नार्यमणं पुष्यति नो सखायं केवलाघो भवति केवलादी ॥ ११७.६ ॥

मोघम् । अन्नम् । विन्दते । अप्रऽचेताः । सत्यम् । ब्रवीमि । वधः । इत् । सः । तस्य । न । अर्यमणम् । पुष्यति । नो इति । सखायम् । केवलऽअघः । भवति । केवलऽआदी ॥ ६ ॥

अदातारं दूषयति । ᵛअप्रचेताः अप्रकृष्टज्ञानः दाने चेतो मनो यस्य न भवति ᵛसः ᵛमोघं व्यर्थमेव ᵛअन्नं ᵛविन्दते लभते ॥ 'विद्लृ लाभे' । तौदादिकः । 'शे मुचादीनाम्' इति नुमागमः ॥ इदं ᵛसत्यं यथार्थमेवेति ᵛब्रवीमि । ऋषिरहं वदामि । न केवलं व्यर्थं किंतु ᵛतस्य पुरुषस्य ᵛसः ᵛवध ᵛइत् वध एवान्नं परामृशतः ॥ तच्छब्दस्य वधसामानाधिकरण्यात् पुंल्लिङ्गता । यथा 'णेरणौ' (पा.स. १.३.६७) इत्यत्र यत् कर्म स एव कर्तेति । अथवा स निरर्थको वध एव यः पुरुष ᵛअर्यमणम् । उपलक्षणमिदम् । सर्वान् देवानर्यमादीन् ᵛन ᵛपुष्यति हविष्प्रदानेन न पोषयति ᵛनो नापि ᵛसखायं समानख्यानमभ्यागतमतिथिं मित्रवर्गं च न पोषयति ॥ 'पुष पुष्टौ' । दैवादिकः । यच्छब्दाध्याहारादनिघातः ॥ अत एव ᵛकेवलादी ॥ अदेः 'सुप्यजातौ' (पा. सू. ३. २. ७८) इति णिनिः । अत

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

उपधालक्षणा बृद्धिः ॥ केवलमसाक्षिकमन्नं भुञ्जानः सः ᵛकेवलाघो ᵛभवति । केवलपापवान् भवति । अघमेव केवलं तस्य शिष्यते । नैहिकं नामुष्मिकमिति । तस्माद्यथाकथंचिद्दातव्यमित्यभिप्रायः ॥

અનુવાદ : જે પ્રકૃષ્ટ જ્ઞાનવાળો નથી (अप्रचेताः) તે અન્નને વ્યર્થ (मोघम्) મેળવે છે. સાચું જ કહું છું કે એનો તે વધ જ છે. જે (યજ્ઞમાં હવિષ્પ્રદાન કરતો નથી, તે) અર્યમાને પોષતો નથી, કે જે (દાન આપતો નથી, તે) મિત્રને પણ પોષતો નથી; તે એકલો ખાનારો (केवलादी) કેવળ પાપી (केवलाघो) બને છે.

નોંધ : (૧) આ મંત્રમાં દાન નહીં કરનારની નિંદા કરવામાં આવી છે. (૨) અપ્રચેતા = સાચી સમજ વિનાનો, એટલે કે દાન આપવું જોઈએ એવી જેને સમજ નથી તે. આવા માણસને જો અન્ન મળ્યું હોય તો એ વ્યર્થ એ રીતે છે કે તેને એ અન્ન બીજા કોઈને વહેંચીને ખાવું જોઈએ એની સમજ જ નથી. વળી, આવું એકલા એકલાએ ખાધેલું અન્ન તે એ અદાતાને માટે વધ રૂપ જ પૂરવાર થાય છે. (૩) આવો અદાતા વ્યક્તિ યજ્ઞમાં અર્યમાદિ દેવોને પણ હવિષન્ન આપતો નથી અને એ રીતે તે દેવોને પોષતો નથી, પ્રસન્ન કરતો નથી. વળી, સમાજમાં પણ દાન કર્યા વિનાનો તે મિત્ર—સખાને—પણ મેળવી શકતો નથી. અહીં पुष्यति નો અર્થ पोषयति = પોષતો નથી— એમ પ્રેરકપરક લેવાનો છે. (૪) અહીં સાયણ નોંધે છે કે 'અર્યમન્' શબ્દ એકવચનમાં હોવા છતાં તે અન્ય દેવોનું ઉપલક્ષણ છે = તેનાથી 'બીજા અનેક દેવોને પણ પ્રસન્ન કરતો નથી' એવો વિશેષ અર્થ પણ સમજી લેવાનો છે. પ્રા. વેલણકરે 'અર્યમન્'નો અર્થ 'ઉદાર/સજ્જન વ્યક્તિ' એવો કર્યો છે. सखा નો અર્થ "સમાન ખ્યાન = શાસ્ત્રનો અધ્યેતા = સહપાઠી = મિત્ર" એવો લેવાનો છે. વેંકટમાધવ કહે છે કે જે બીજાને આપતો નથી તે, એને પોતાને જેણે ધનાદિ આપ્યું છે તેવા અર્યમન = દેવવર્ગને પોષતો નથી કે સખાને પણ પોષતો નથી. (૫) કેવલાદી = બીજા કોઈને વહેંચીને નહીં ખાનારો = એકલપેટો, તે કેવલાઘ = કેવળ પાપવાળો બને છે. આ છેલ્લું ચરણ અમર સુભાષિત રૂપે અનેક વ્યક્તિઓને જિહ્વાગ્રે રહેલું હોય છે.

कृषन्नित्फाल आशितं कृणोति यन्नध्वांनमपं वृङ्क्ते चरित्रैः ।

वदन् ब्रह्मावंदतो वनीयान् पृणन्नापिरपृंणन्तमभि ष्यांत् ॥ ७ ॥

कृषन् । इत् । फालः । आशितम् । कृणोति । यन् । अध्वांनम् । अपं । वृङ्क्ते । चरित्रैः । वदन् । ब्रह्मा । अवंदतः । वनीयान् । पृणन् । आपिः । अपृंणन्तम् । अभि । स्यात् ॥ ७ ॥

ᵛकृषन् कृषिं कुर्वन् ᵛफालः ᵛआशितं कर्षकं भोक्तारं ᵛकृणोति करोति । तथा ᵛअध्वानं मार्गं ᵛयन् ॥ इणः शतरि नुमागमः ॥ गच्छन् पुरुषः ᵛचरित्रैः आत्मीयैर्गमनैः ᵛअप ᵛवृङ्क्ते ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

स्वामिनो धनमावर्जयति ॥ 'वृजी वर्जने' । आदादिकः । अनुदात्तेत् ॥ ˇवदन् शास्त्रार्थं ब्रुवाणः ˇब्रह्मा ब्राह्मणः ˇअवदतः शास्त्रार्थमब्रुवाणाज्जनात् ˇवनीयान् संभक्तृतमः प्रियकरो भवति ॥ वनतेस्तृजन्तस्येयसुनि 'तुरिष्ठेमेयःसु' इति तृचो लोपः । ते यथा स्वकर्मणि प्रवर्तमानाः परेषामुपकारकाः तथा ˇपृणन् दाता पुरुषः ˇअपृण्न्तम् अदातारं जनम् ˇअभि अभिलक्ष्य ˇआपिः ˇस्यात् बन्धुर्भवेत् ॥

અનુવાદ : ખેડતું હળ (फालः) જ (ખેડનારને માટે) ખાવાનું પેદા કરે છે. (ઘરમાં મૂકી રાખેલું હળ નહીં.) માર્ગ ઉપર ચાલનારો (यन्) પુરુષ જ પોતાનાં ગમનોથી (સ્વામી પાસેથી ધન) મેળવી શકે છે—એકઠું કરી શકે છે; (ઘરમાં બેસી રહેલો નહીં.) (સભામાં) બોલનારો બ્રાહ્મણ (ब्रह्मा) (જ) નહીં બોલનારા (બ્રાહ્મણ) કરતાં વધુ પસંદ કરવા જેવો છે. (દાન) આપનારો (પુરુષ) જ દાન નહીં આપનારની સરખામણીમાં બંધુ (आपिः) બને છે. (૧૦–૧૧૭–૭)

નોંધ : (૧) આ મંત્રના પહેલા ત્રણ પાદમાં ત્રણ ઉદાહરણો છે. એમાં બતાવ્યું છે હળ, ચાલનારો (=ઉદ્યમ કરનારો) અને શાસ્ત્રાર્થ કરનારો બ્રાહ્મણ જેમ પોતપોતાનાં કર્મમાં પ્રવૃત્ત રહેવાથી બીજાને ઉપકારક બને છે, કે પોતાનું ઇષ્ટ સાધી શકે છે, કે બીજા કરતાં ચઢી જાય છે તેમ આપનાર વ્યક્તિ પણ નહીં આપનારા = અદાતા કરતાં આગળ નીકળી જાય છે. (૨) फाल = હળ, પહેલા પાદમાં कृषन् અને अकृषन् વચ્ચેનો વિરોધ બતાવ્યો છે. ખેડતું હળ અન્ન પેદા કરે, અને ખેડનારને માટે आशितम् = ખાવાનું (અનાજ) પેદા કરી આપે છે, પણ ઘરમાં મૂકી રાખેલું હળ કશું ઉત્પન્ન કરી શકતું નથી. (૩) अध्वानम् यन् = गच्छन् માર્ગ ઉપર જનારો (=ઉદ્યમ કરનારો), चरित्रैः = પોતાનાં ગમનોથી = પુરુષાર્થોથી, સાયણ 'સ્વામીના ધનને' એટલું અધ્યાહાર લે છે, अपवृङ्क्ते =आवर्जयति મેળવે છે. પણ વેંકટ મુજબ ચાલનારો માણસ चरित्रैः = (પોતાનાં) પગલાંથી, (માર્ગને) સ્થાપે છે. (નવો માર્ગ ઘડે છે). વેલણકરના મતે अप + √ वृज् પાછળ પાડી દેવું. "ચાલનારો જ માર્ગને પોતાની પાછળ છોડી જાય છે." (૪) वदन् ब्रह्मा = ब्राह्मणः अवदतः वनीयान् । (સભામાં) બોલતો બ્રાહ્મણ જ, નહીં બોલનારા કરતાં (પંચમી), वनीयान् = संभक्तृतमः = संभजनीयः પસંદ કરવા યોગ્ય છે. (૫) ચોથા પાદનો સાયણે અન્વય पृणन् (= दाता) अपृणन्तम् अभि आपिः स्यात् ।' એવો કર્યો છે; એમાં 'आपि'ને વિધેય બનાવ્યું છે; અને अभि નો અર્થ अभिलक्ष्य કર્યો છે. (તે મુજબ ઉપર અનુવાદ આપ્યો છે.) પરંતુ વેંકટમાધવ તેનો અન્વય અને અર્થ જુદી રીતે કરે છે : पृणन् आपिः अपृणन्तम् अभिष्यात् । 'આપનારો બંધુ (જ) નહીં આપનારનો અભિનવ કર છે.' અહીં आपिः = बन्धुः ના વિશેષણ તરીકે पृणन् (= प्रयच्छन् એવા વર્તમાન કૃદન્તના) રૂપને લીધું છે, તથા ष्यात = स्यात् માંના √ अस् ધાતુને √ भू પરક લઈને अभिभवति એવો અર્થ કાઢ્યો છે ! (બન્ને ભાષ્યકારો પરસ્પરથી તદ્દન જુદા અર્થો કાઢે છે અને બન્ને અર્થો વ્યાકરણસમ્મત છે !)

एकंपाद्भूयो द्विपदो वि चंक्रमे द्विपात्त्रिपादमभ्येति पश्चात् ।
चतुंष्पादेति द्विपदांमभिस्वरे संपश्यन् पङ्क्तीरुपतिष्ठमानः ॥ ८ ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

एकऽपात् । भूयः । द्विऽपदः । वि । चक्रमे । द्विऽपात् । त्रिऽपादम् । अभि । एति । पश्चात् । चतुःऽपात् । एति । द्विऽपदाम् । अभिऽस्वरे । सम्ऽपश्यन् । पङ्क्तीः । उपऽतिष्ठमानः ॥ ८ ॥

अत्र पादशब्दो भागवचनः । ˇएकपात् एकभागधनः पुरुषः ˇद्विपदः द्विगुपाधनस्य मार्गं ˇभूयः । तृतीयायाः सुः । भूयसा कालेन ˇवि ˇचक्रमे विविधं गच्छति ॥ 'वेः पादविहरणे' (पा. सू. १.३.४१) इत्यात्मनेपदम् ॥ तथा ˇद्विपात् पुरुषः ˇत्रिपादं त्रिभागधनं पुरुषं ˇपश्चात् ˇअभ्येति अभिगच्छति । ˇचतुष्पात् चतुर्भागधनस्तु ˇद्विपदाम् । बहुवचनादेकपादादय उपलक्ष्यन्ते । एकपादधनादीनां ˇपङ्क्तीः ˇअभिस्वरे अभिगमने ˇसंपश्यन् सम्यगीक्षमाणः सन् ˇउपतिष्ठमानः ˇएति गच्छमानो भवति । अन्योन्यापेक्षया सर्वं उत्तमाधमाः । तस्मात्त्वम् अहमेव धनवानिति न मन्येः किंत्वतिथिभ्यो धनानि ददस्वेत्यर्थः ॥

અનુવાદ : એક પાદવાળો (= એક ભાગ જેટલું ધન જેની પાસે છે તેવો) બે પાદ (= બે ભાગ ધન) વાળાને ઘણા (સમય)થી (= પછી) ઓળંગી શકે છે. બે પાદવાળો (= બે ભાગ જેટલા ધનવાળો) ત્રણ પાદ (= ત્રણ ભાગ જેટલા ધનવાળા)ની પાછળ–પાછળ જાય છે. ચતુષ્પાદ (= ચાર ભાગ ધનવાળો) બે પાદ વગેરે વાળાની હારમાળને સામે આવતી જોઈને, ઊભો થયેલો (= થઈને) ચાલવા માંડે છે. (૧૦–૧૧૭–૮)

નોંધ : આ મંત્ર કૂટ (= કોયડા રૂપ) છે, અને ભાષ્યકારો અને વિદ્વાનોએ તેના વિવિધ અર્થો કર્યા છે : (૧) ઉપર સાયણ મુજબ અનુવાદ આપ્યો છે. તેમણે 'પાદ'નો અર્થ 'ભાગ' કર્યો છે, અને મંત્રનું તાત્પર્ય એ રીતે સમજાવ્યું છે કે એક ભાગ જેટલું ધન જેની પાસે હોય, તે બે ભાગ જેટલા ધનવાળાને ઘણા સમય પછી ટપી જાય છે. (અહીં भूयः નો અર્થ વિભક્તિ–વિપરિણામ કરીને, भूयसा કર્યો છે.) બે ભાગ જેટલા ધનવાળો ત્રણ ભાગ ધનવાળાની પાછળ પાછળ જ ચાલ્યા કરે છે. (અર્થાત્ એક ધનવાળા કરતાં બીજો ધનવાળો મોટો હોવાનો જ. એ વાત ખ્યાલમાં રાખીને 'હું જ ધનવાળો છું' એવું અભિમાન ન કરવું.) એ જ પ્રમાણે, ચાર ભાગ જેટલા ધનવાળો એક ભાગવાળા કે બે ભાગવાળાની પંક્તિ, કે જે अभिस्वरे = સામે આવી રહેલી હોય છે (મદદ માટે ? કે બીજા કોઈ હેતુથી ? – એ વિષે સાયણ મૌન છે), તેને संपश्यन् = જોતો/જોઈને, તે ઊભો થયેલો (उपतिष्ठमानः) ચાલ્યો જાય (एति) છે.

(૨) વેંકટમાધવ કહે છે કે–પુરુષના શરીરમાં રહેલો एकपाद् = વાયુ (ખાવા માટે) બે પાદવાળા તરફ જાય છે. બે પાદવાળો ત્રણ પાદવાળા = પ્રાણની પાછળ જાય છે. (त्रिपाद् = પ્રાણ, અપાન અને વ્યાન). ચતુષ્પાદ = પશુ બે પગવાળા = માણસો પ્રત્યે, अभिस्वरे = कर्किताकारे (?) ('લે.....લે.....લે' એવો અવાજ કરવામાં આવે ત્યારે) 'આ (માણસ) શું મને = પશુને ઘાસ આપવા બોલાવે છે કે શું ? 'એમ વિચારીને, તે પશુઓની પંક્તિ (માણસો પાસે) જાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(क) ગ્રિફીથ, મેકડોનલ અને વેલણકર વગેરેએ एकपाद् નો અર્થ એક પગવાળો = સૂર્ય, द्विपाद् = માણસ त्रिपाद् = લાકડીને ટેકે ઊભેલો વૃદ્ધ માણસ અને चतुष्पाद् = ચોકીદાર કૂતરો—એમ કર્યો છે. વેલણકર : આ મંત્ર એમ સૂચવે છે કે પાદની સંખ્યા માત્રથી શ્રેષ્ઠતા પૂરવાર થતી નથી. આથી ધનિક વ્યક્તિને મોટો ગણી લેવાની જરૂર નથી. એ કેટલું ધન–અન્ન દાનમાં આપે છે ? એને આધારે જ એની મહાનતા નક્કી થતી હોય છે.

समौ चिद्धस्तौ न समं विविष्टः संमातरा चिन्न समं दुहाते ।
यमयोश्चिन्न समा वीर्याणि ज्ञाती चित्सन्तौ न समं पृणीतः ॥ ९ ॥

समौ । चित् । हस्तौ । न । समम् । विविष्टः । सम्ऽमातरा । चित् । न । समम् । दुहाते इति । यमयोः । चित् । न । समा । वीर्याणि । ज्ञाती इति । चित् । सन्तौ । न । समम् । पृणीतः ॥ ९ ॥

अतिथिभ्यो धनमप्रयच्छन्नपि मम भ्राता दास्यतीति चेत् तत्र हेतुमाह । समौ चिद्धस्तौ समावपि समं समानं न विविष्टः कार्यं न व्याप्नुतः । 'विष्लृ व्याप्तौ । जौहोत्यादिकः । संज्ञापूर्वकस्य विधेरनित्यत्वादभ्यासस्य गुणाभावः ॥ तथा संमातरा वत्सस्य मातरौ धेनू समे अपि समं समानं पयः न दुहाते । यमयोश्चित् सहजातयोः पुत्रयोरपि समा समानि वीर्याणि न सन्ति । तस्मात् ज्ञाती चित् एकस्मित् कुले सन्तौ जातावपि समं न पृणीतः न प्रयच्छतः । तस्माद्यस्य धनमस्ति स एव दद्यादित्यर्थः ॥ ५॥ २३ ॥

અનુવાદ : એક સરખા બે હાથ એક સરખા (કાર્ય)ને વ્યાપી વળતા નથી; સમાન માતાવાળી બે (ગાયો) એક સરખું દૂઝતી નથી. સાથે જન્મેલા (જોડકા) (પુત્રો)નાં પરાક્રમો પણ સરખાં હોતાં નથી, એક જ જ્ઞાતિ (= કુળ)માં થયેલા (જન્મેલા) (सन्तौ) બે (માણસો) પણ સરખું આપતા નથી. (૧૦–૧૧૭–૯)

નોંધ : (૧) न विविष्टः – વ્યાપી વળતા નથી. √ विष – વ્યાપવું, ત્રીજો ગણ, તેનું કર્મણિ ભૂતકૃદન્ત. (૨) दुहाते – અને ज्ञाती = ए કારાન્ત અને દીર્ઘ ई કારાન્ત દ્વિવચનનાં રૂપ હોવાથી તેને 'પ્રગૃહ્ય' સંજ્ઞાવાળાં પદો કહેવાય છે; અને તેમને પદપાઠમાં इति કરણથી દર્શાવ્યાં છે. (૩) सन्तौ – થયેલા = જન્મેલા. (૪) વેંકટમાધવ કહે છે કે એક માતાવાળી બે ગાયો સરખું દૂધ આપતી નથી, તથા એક પિતાવાળા બે માણસો પણ સરખું દાન કરતા નથી તે ભારે આશ્ચર્ય છે ! (૫) પ્રા. વેલણકર કહે છે કે આ મંત્ર દ્વારા એ કહ્યું છે કે અમુક માણસ ધનિક છે કે અન્નવાન છે એટલું જોઈને જ, યાચકે સીધા એની પાસે દાન લેવા પહોંચી ના જવું, કારણ કે બધા ધનિકો એકસરખા હોતા નથી !

* * *

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

८. हिरण्यगर्भसूक्तम् (१०.१२१)

'हिरण्यगर्भः' इति दशर्चं नवमं सूक्तं प्रजापतिपुत्रस्य हिरण्यगर्भाख्यस्यार्षं त्रैष्टुभम्। कशब्दाभिधेयः प्रजापतिर्देवता। तथा चानुक्रान्तं–'हिरण्यगर्भो दश हिरण्यगर्भः प्राजापत्यः कायम्' इति। गतः सूक्तविनियोगः। प्राजापत्यस्य पशोर्वपापुरोडाशहविषां क्रमेणादितस्तिस्रोऽनुवाक्यास्ततस्तिस्रो याज्याः। सूत्रितं च–'हिरण्यगर्भः समवर्तताग्र इति षट् प्राजापत्याः (आश्व. श्रौ. ३. ८.) इति। वरुणप्रघासेषु कायस्य हविषो हिरण्यगर्भ इत्येषा याज्या। सूत्रितं च – 'कया नश्चित्र आ भुवद्धिरण्यगर्भः समवर्तताग्र इति प्रतिप्रस्थाता वाजिने तृतीयः' (आश्व. श्रौ. २.१७) इति॥

આ સમગ્ર સૃષ્ટિના સર્જક અને નિયન્તા એવા પરમાત્માની અહીં 'હિરણ્યગર્ભ' એવા નામથી સ્તુતિ કરવામાં આવી છે. પ્રા. વેલણકર કહે છે કે દશમા મંડળમાં, બ્રહ્માંડના સર્વોચ્ચ ઈશ્વરની અનેક નામોથી સ્તુતિ કરેલી જોવા મળે છે. જેમ કે, બ્રહ્મણસ્પતિ (૧૦–૭૨), વિશ્વકર્મન્ (૧૦–૮૧–૮૨). આમ્ભૃણી વાક્ (૧૦–૧૨૫) અને એક સત્ (૧૦–૧૪૬–૪૬). તેની જેમ અહીં (૧૦–૧૨૧માં) 'હિરણ્યગર્ભ' નામે પરમેશ્વરની સ્તુતિ રજૂ કરી છે. આ સૂક્તના છેલ્લા મંત્રમાં આ હિરણ્યગર્ભ દેવતાને 'પ્રજાપતિ' એવા નામે સંબોધવામાં આવ્યા છે. આ શબ્દ જ સૂચવે છે કે તે આ સૃષ્ટિના પ્રાણીમાત્રનો પતિ છે. આરંભની નવ ઋચાઓમાં આ હિરણ્યગર્ભ દેવતામાં જે જે ઐશ્વર્યો જોવા મળે છે. તેનું નિરૂપણ કર્યું છે. જેમકે, તે ભૂતમાત્રનો પતિ છે; તેણે પૃથિવી અને દ્યુલોકને ધારણ કર્યાં છે; તે પ્રાણ અને બલ આપનારો છે; એની આજ્ઞાને દેવો પણ સ્વીકારે છે; તે હાલતા–ચાલતા જગત્ નો અને બે પગવાળા, ચાર પગવાળાનો રાજા છે; જેનો મહિમા હિમાલયથી સમુદ્ર સુધી ફેલાયેલો છે; જેણે પૃથિવીને, દ્યુલોકને, સૂર્યને સ્થિર કર્યાં છે; જેણે અન્તરિક્ષમાં જળને ઉત્પન્ન કર્યાં છે, અગ્નિને ઉત્પન્ન કરતાં સૃષ્ટિજળમાંથી જન્મેલો તે એક અદ્વિતીય દેવ છે વગેરે. સામાન્ય રીતે અહીં વર્ણવેલાં ઐશ્વર્યોમાંથી કોઈ એક–એક ઐશ્વર્ય ઋગ્વેદમાં અન્યત્ર એક–એક જુદા જુદા દેવમાં જોવા મળે છે; પણ અહીં દશમા મંડળમાં એવા એક સર્વોચ્ચ દેવની કલ્પના શરૂ થઈ છે કે જેમાં આવાં બધાં ઐશ્વર્યો એકી સાથે ભેગાં થયાં હોય છે.

અહીં, સઘળી પંચ ભૂતાત્મક સૃષ્ટિની અને દેવોની પણ પૂર્વે એક સુવર્ણમય અંડ રૂપ 'હિરણ્યગર્ભ' દેવની કલ્પના આકાર પામેલી જોવા મળે છે; જેને સૃષ્ટિના સર્જક તરીકે અને દ્યુલોક–પૃથિવીલોકના નિયન્તા તરીકે જોવામાં આવેલ છે. આ દેવને છેલ્લા મંત્રમાં 'પ્રજા–પતિ' એવા નામે પણ સંબોધવામાં આવેલ છે. આ પ્રજાપતિ 'ક' નામે ઓળખાવા લાગ્યા હતા એમ બ્રાહ્મણ ગ્રન્થોમાં કહ્યું છે. આથી આ સૂક્તના એકથી નવ મંત્રોમાં કવિ ફરી ફરીને કહે છે કે कस्मै देवाय हविषा विधेम। અમે 'ક' નામના પ્રજાપતિ દેવને હવિષ્થી પૂજીએ છીએ. (આધુનિક વિદ્યાનોએ અહીં 'કયા દેવને અમે હવિષ્થી પૂજીએ ?' એવો પ્રશ્નપરક અર્થ લઈને એમ વિચાર્યું છે કે અહીં કોઈ એક

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

દેવ, કે જેણે આ બધું સર્જ્યું છે એની શોધ શરૂ થઈ જણાય છે. એટલે કે તત્કાલિક દાર્શનિક/તાત્ત્વિક શોધમાંથી આ સૂક્તની રચના થઈ છે. પરંતુ પરંપરાગત ભાષ્યકારો આવો અર્થ કરતા નથી.)

ડૉ. રામ ગોપાલે (વૈદિક વ્યાખ્યા વિવેચન, નેશનલ પબ્લી. હાઉસ, ન્યૂ દિલ્હી, ૧૯૭૬, પૃ. ૨૨૫ ઉપર) એક નવા અભિગમથી આ પ્રશ્નને વિચાર્યો છે : વાસ્તવમાં આ સૂક્તમાં ઋષિ એક પરમ દેવનાં કર્મો અને મહત્ત્વનું વર્ણન કર્યા પછી, પ્રશ્ન પૂછે છે કે "અમે હવિ દ્વારા કયા દેવની ઉપાસના કરીએ ?" આનો ભાવ એ છે કે—જે દેવનાં કર્મો તથા મહત્ત્વનું વર્ણન કરવામાં આવી રહ્યું છે, **તે દેવની ઉપાસના કયા નામથી અમે કરીએ ?**

પ્રા. મેકડોનલ કહે છે કે પ્રજાપતિ જેવા દેવતાઓ પ્રથમ અમૂર્ત નહીં હોય, પણ વિશેષ પ્રાચીન એવા એક અથવા એકથી વધારે દેવતાની અમુક પ્રવૃત્તિ, અથવા **અમુક લક્ષણ સૂચવનારાં વિશેષણો ઉપરથી એ દેવતાની કલ્પના ઉદ્ભવી હશે,** અને આખરે તે દેવતાઓને સ્વતંત્ર મહત્તાની પ્રાપ્તિ થઈ હશે એમ જણાય છે. ઉદાહરણ તરીકે આ 'પ્રજાપતિ' શબ્દ જ લઈએ તો, એ પહેલાંના સમયમાં રચાયેલાં કુલ મંડળોમાં સવિતા કે સોમ વગેરે દેવતાઓનાં વિશેષણ તરીકે વપરાયો છે, પણ છેલ્લા મંડળના એક પાછળથી લખાયેલા ૧૦–૧૨૧ સૂક્તમાં, તે સૃષ્ટિના રચનાર તરીકેનું લક્ષણ ધરાવનારા એક સ્વતંત્ર દેવતા તરીકે રજૂ થયેલો જોવા મળે છે.

આ દેવતાને અથર્વવેદમાં અને યજુર્વેદની વાજસનેયી સંહિતામાં ઘણીવાર અને બ્રાહ્મણ ગ્રન્થોમાં હંમેશા—એક મુખ્ય દેવતા તરીકે, દેવતાઓના પિતા તરીકે ગણવામાં આવ્યો છે. ત્યાર પછીના સૂત્ર ગ્રન્થોમાં તો આ પ્રજાપતિ અને બ્રહ્મા—એ બેઉને એક જ ગણવામાં આવ્યા છે. તથા વેદ પછીના સમયમાં (પુરાણકાળમાં તો) પ્રજાપતિનું સ્થાન બ્રહ્માએ લઈ લીધેલું હોય એમ જોવા મળે છે. (જુઓ : મેકડોનલનો 'સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ' અનુ. મો. પા. દવે, સૂરત, ૧૯૨૧, પૃ. ૧૨૬).

આ 'હિરણ્યગર્ભ' સૂક્તમાં સૃષ્ટિના રચનાર તરીકે પ્રજાપતિ દેવતાને 'ક' એવા નામે ઓળખાવવામાં આવ્યો છે અને પ્રત્યેક મંત્રના અન્તે મૂકેલી ધ્રુવ પંક્તિમાં કવિ કહે છે કે —कस्मै देवाय हविषा विधेम ॥ 'ક' નામના પ્રજાપતિ દેવને (અમે) હવિષ્થી પૂજીએ છીએ." અગાઉ કહ્યું છે તેમ **આ પુનરાવૃત્ત** થતી પંક્તિનો બીજો એક પ્રશ્નપરક અનુવાદ પણ થયો છે. જેમકે, "કયા દેવને અમે હવિષ્થી પૂજીએ ?" તથા પ્રા. લુડ્વિગ્ના મત મુજબ— "પ્રજાપતિ સિવાય બીજા કયા દેવને અમે હવિષ્થી પૂજીએ ?" એવો અનુવાદ પણ કરી શકાય. તથા ડૉ. રામગોપાલના પૂર્વોક્ત સૂચન અનુસાર—"અમે જે દેવનાં કર્મો અને મહત્ત્વ વર્ણવી રહ્યા છીએ, તે દેવને અમે કયા નામથી ઉપાસીએ/પૂજીએ ?"

ઋષિ : (પ્રજાપતિનો પુત્ર) હિરણ્યગર્ભ, દેવતા : 'ક' નામના પ્રજાપતિ અને છન્દ : ત્રિષ્ટુપ્.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

हिरण्यगर्भः समवर्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् ।

स दाधार पृथिवीं द्यामुतेमां कस्मै देवाय हविषा विधेम ॥ १२१.१ ॥

हिरण्यऽगर्भः । सम् । अवर्तत । अग्रे । भूतस्य । जातः । पतिः । एकः । आसीत् । सः । दाधार । पृथिवीम् । द्याम् । उत । इमाम् । कस्मै । देवाय । हविषा । विधेम ॥ १ ॥

ˇहिरण्यगर्भः हिरण्यमयस्याण्डस्य गर्भभूतः प्रजापतिर्हिरण्यगर्भः । तथा च तैत्तिरीयकं— 'प्रजापतिर्वै हिरण्यगर्भः प्रजापतेरनुरूपत्वाय' (तै. सं. ५.५.१.२) इति । यद्वा हिरण्मयोऽण्डो गर्भवद्यस्योदरे वर्तते सोऽसौ सूत्रात्मा हिरण्यगर्भ इत्युच्यते । ˇअग्रे प्रपञ्चोत्पत्तेः प्राक् समवर्तत । मायाध्यक्षात् सिसृक्षोः परमात्मनः समजायत । यद्यपि परमात्मैव हिरण्यगर्भः तथापि तदुपाधितानां वियदादीनां ब्रह्मण उत्पत्तेऽतदुपहितोऽस्त्युत्पन्न इत्युच्यते । स च ˇजातः जातमात्र एव ˇएकः अद्वितीयः सन् ˇभूतस्य विकारजातस्य ब्रह्माण्डादेः सर्वस्य जगतः ˇपतिः ईश्वरः ˇआसीत् । न केवलं पतिरासीदेव अपि तर्हि ˇसः हिरण्यगर्भः ˇपृथिवीं विस्तीर्णां ˇद्यां दिवम् ˇउत अपि च ˇइमाम् अस्माभिर्दृश्यमानां पुरोवर्तिनीमिमां भूमिम् । यद्वा पृथिवीत्यन्तरिक्षनाम । अन्तरिक्षं दिवं भूमिं च ˇदाधार धारयति । 'छन्दसि लुङ्लङ्लिटः' इति सार्वकालिको लिट् । तुजादित्वादभ्यासदीर्घः ॥ ˇकस्मै । अत्र किंशब्दोऽनिर्ज्ञातस्वरूपत्वात् प्रजापतौ वर्तते । यद्वा । सृष्ट्यर्थं कामयत इति कः । कमेर्ड प्रत्ययः । यद्वा । कं सुखम् । तद्रूपत्वात् क इत्युच्यते । अथवा इन्द्रेण पृष्टः प्रजापतिर्मदीयं महत्त्वं तुभ्यं प्रदायाहं कः कीदृशः स्यामित्युक्तवान् । स इन्द्रः प्रत्यूचे यदीदं ब्रवीष्यहं कः स्यामिति तदेव त्वं भवेति । अतः कारणात् क इति प्रजापतिराख्यायते । 'इन्द्रो वै वृत्रं हत्वा सर्वा विजितीर्विजित्याब्रवीत्' (ऐ. ब्रा. ३.२१) इत्यादिकं ब्राह्मणमत्रानुसंधेयम् ॥ यदासौ किंशब्दस्तदा सर्वनामत्वात् स्मैभावः सिद्धः । यदा तु यौगिकस्तदा व्यत्ययेनेति द्रष्टव्यम् । 'सावेकाचः' इति प्राप्तस्य 'न गोश्वन्साववर्ण' इति प्रतिषेधः । 'क्रियाग्रहणं कर्तव्यम्' इति कर्मणः संप्रदानत्वाच्चतुर्थी । कं प्रजापतिं ˇदेवाय देवं दानादिगुणयुक्तं ˇहविषा प्राजापत्यस्य पशोर्वपारूपेणैककपालात्मकेन पुरोडाशेन वा ˇविधेम वयमृत्विजः परिचरेम । विधतिः परिचरणकर्मा ॥

અનુવાદ : સૌથી આગળ હિરણ્યગર્ભ રહેલો હતો. જન્મ્યો તે તરત જ તે એક (= અદ્વિતીય) હોવાથી (બધાં) ભૂતોનો પતિ (સ્વામી—ઈશ્વર) હતો. તેણે પૃથિવીને અને આ દ્યુલોકને (અથવા—તેણે અંતરિક્ષને, દ્યુલોકને અને આ પૃથિવીને) ધારણ કરી રાખ્યા છે. તે 'ક' નામના પ્રજાપતિ દેવને (અમે) હવિષ્થી પૂજીએ. (૧૦–૧૨૧–૧)

નોંધ : (૧) अग्रे हिरण्यगर्भः समवर्तत । અહીં (अग्रे એટલે) 'સૃષ્ટિની ઉત્પત્તિપૂર્વે, હિરણ્યગર્ભ અર્થાત્ પ્રજાપતિ (જ) હતા' એમ પહેલા પાદમાં કહ્યું છે. 'હિરણ્યગર્ભ' શબ્દ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રજાપતિ–દેવતાનો વાચક છે. આવો અર્થ કાઢવા માટે સાયણે આ શબ્દને બે રીતે સમજાવ્યો છે : (क) [हिरण्यगर्भः । શબ્દ અન્તોદાત્ત હોવાથી] હિરણ્મય અંડ (સોનેરી ઈંડું)નો જે ગર્ભ, તે ગર્ભ રૂપ બનેલા દેવ–અર્થાત્ પ્રજાપતિ. અથવા (ख) ['હિરણ્યગર્ભ' સમાસના પૂર્વપદ (હિરણ્ય)માં ઉદાત્ત સ્વર નહીં હોવા છતાંય, તેને બહુવ્રીહિ ગણીને વિચારીએ તો] 'હિરણ્મય અંડ છે ગર્ભ રૂપે જેના ઉદરમાં તે 'હિરણ્યગર્ભ' અર્થાત્ પ્રજાપતિ.' આમ સાયણે 'હિરણ્યગર્ભ' શબ્દને પ્રજાપતિના વિશેષણ તરીકે લીધો છે. [તથા આવા હિરણ્યગર્ભ પ્રજાપતિના પુત્ર રૂપે જે ઋષિ જન્મ્યા, તે પણ 'હિરણ્યગર્ભ' કહેવાય છે. આ હિરણ્યગર્ભ ઋષિ પ્રસ્તુત સૂક્તના દ્રષ્ટા છે. અહીં એ શબ્દનો અર્થ–'હિરણ્મય અંડનો ગર્ભ (= સંતાન)' એવો લેવો. પણ ઋષિ માટે આ શબ્દ વપરાય ત્યારે, સ્પષ્ટીકરણ કરવા 'હિરણ્યગર્ભ પ્રાજાપત્ય' એમ બોલાય છે. પરંતુ આ ઋષિ જ્યારે "હિરણ્યગર્ભ સૃષ્ટિના આરંભે સૌથી પહેલા રહેલા હતા" એમ કહે છે ત્યારે, ત્યાં 'હિરણ્યગર્ભ' શબ્દ પ્રજાપતિનો વાચક છે એમ ધ્યાનમાં લેવું.]

"હિરણ્યગર્ભ = પ્રજાપતિ સૌથી પહેલાં જન્મ્યા હતા" એમ જે પહેલા પાદમાં કહેવાયું, તેમાં થોડીક વધુ સ્પષ્ટતા ઉમેરતાં સાયણ કહે છે કે આ હિરણ્યગર્ભ રૂપ પ્રજાપતિ સૌથી પહેલાં જન્મ્યા, પણ **શેમાંથી** તે જન્મ્યા ? તો 'સર્જન કરવાની ઇચ્છાવાળા અને માયાના અધ્યક્ષ રૂપે રહેલા પરમાત્મામાંથી આ પ્રજાપતિ જન્મ્યા છે' એમ પહેલા પાદનો તાત્પર્યાર્થ સમજવો. સાયણ વધુ સ્પષ્ટતા કરતાં લખે છે કે – 'પરમાત્મામાંથી હિરણ્યગર્ભ જન્મ્યા એટલે શું ?' તો, પરમાત્મા જ હિરણ્યગર્ભ છે. તો પણ તે પરમાત્મા જ્યારે વિયદાદિની ઉપાધિથી યુક્ત બને છે ત્યારે તેને જ [= નવા રૂપે જન્મેલાને = ઉપાધિ સહિતનાને] 'હિરણ્યગર્ભ ઉત્પન્ન થયા' એમ કહેવાય છે; (तदुपहितोऽप्युत्पन्न इत्युच्यते).

(૨) जातः (सः हिरण्यगर्भः) भूतस्य (= ભૂતાનાં) एकः पतिः आसीत् । આ બીજા પાદમાં 'જન્મેલો તે (હિરણ્યગર્ભ) ભૂતોનો = આ જગત્નો એક = અદ્વિતીય, 'પતિ' અર્થાત્ સ્વામી, ઈશ્વર બન્યો/હતો.

(૩) सः पृथिवीम्, इमाम् द्याम् (च) [અથવા– पृथिवीम्, द्याम्, इमाम् च] दाधार = धारयति । આ ત્રીજા પાદમાં કહે છે કે તેણે =હિરણ્યગર્ભે પૃથિવીને અને આ દ્યુલોકને ધારણ કર્યાં છે. (અથવા 'પૃથિવી એ અંતરિક્ષનું એક નામ છે' એવા નિઘણ્ટુકારના વિધાનને યાદ કરીએ તો અહીં 'તેણે = હિરણ્યગર્ભે અંતરિક્ષને, દ્યુલોકને અને આને = પૃથિવીને ધારણ કર્યાં છે.) दाधार– એ √ धा 'ધારણ કરવું' ધાતુનું પરોક્ષ ભૂ. કા. ત્રી. પુ. એ. વ.નું રૂપ છે. પણ આ રૂપ જો પરોક્ષ ભૂતકાળનું હોય તો પ્રશ્ન થાય કે "તેણે ધારણ કર્યાં **હતાં**" એવો અનુવાદ કરવો જોઈએ. "ધારણ કર્યાં છે' એમ કેવી રીતે અનુવાદ કરી શકાય ? આથી સાયણ કહે છે કે दाधार નો અર્થ 'धारयति' એમ જ્યારે કરીએ છીએ ત્યારે પાણિનિનું એક સૂત્ર યાદ કરવું : छन्दसि लुङ्लङ्लिटः । ૩–૪–૬ અર્થાત્ "વેદમંત્રોમાં लुङ् (અદ્યતન = સાદો ભૂ. કા.), लङ् (= હ્યસ્તન ભૂ. કા.) અને लिट् (= પરોક્ષ ભૂ. કા.) લકારનાં ક્રિયાપદો વપરાયાં હોય ત્યારે તેમનો અનુવાદ/અર્થઘટન કોઈપણ કાળ (Tenses) ના કે અર્થ (Mood) ના ક્રિયાપદ રૂપે કરી શકાય છે." દા.ત., अद्या ममार ।
Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એવું વેદમાં હોય તો अद्य ની સાથે ममार એવો પરોક્ષ ભૂતકાળનો પ્રયોગ ત્યારે જ સુસંગત થાય કે જ્યારે તેને વર્તમાનકાળ પરક = म्रियते રૂપે લઈએ ત્યારે. આથી, પ્રકૃતમાં પણ दाधार નો અર્થ धारयति કરી શકાશે.

(૪) (वयम्) कस्मै देवाय हविषा विधेम । આ ચોથા પાદમાં √ विध् 'પરિચરણ કરવું, પૂજવું' ધાતુ, છટ્ઠો ગણ, વિધ્યર્થ પહેલો પુ. બ. વ.નું विधेम રૂપ છે. આથી '(અમે) હવિષ્થી પૂજન કરીએ.' અહીં ઉપલક દૃષ્ટિએ = પ્રશિષ્ટ સંસ્કૃત ભાષાના વ્યાકરણ માત્રની મદદથી कस्मै देवाय નો અર્થ વિચારીએ તો किम् ('કોનું, શું') સર્વનામનું પું. ચતુર્થી, એ. વ.માં कस्मै રૂપ થતાં તેનો અર્થ = **કોને = કયા દેવને** અમે હવિષ્થી પૂજીએ ? એવો પ્રશ્નવાચક અનુવાદ કરવાનો પ્રાપ્ત થાય. પરંતુ સાયણાચાર્ય જેવા બહુશ્રુત ભાષ્યકારો, કે જેમને બધા જ વૈદિક ગ્રન્થોના સંદર્ભો જિહ્વાગ્રે છે, અને વેદમંત્રોના અર્થ કરવાના બ્રાહ્મણાદિ ગ્રંથોથી માંડીને, નિરુક્ત—બૃહદ્દેવતા વગેરે સુધીના જે પ્રયત્નો થયા છે તે સૌ જેમની બુદ્ધિમાં જાગૃત છે, તેવા ભાષ્યકારો, અહીં कस्मै નો જે ગૂઢ—અર્થ લેવાનો છે તે આમ સમજાવે છે :—कस्मै देवाय અર્થાત્ 'ક' નામના પ્રજાપતિ દેવને (અમે હવિષ્થી પૂજીએ). અહીં 'ક' શબ્દ પ્રજાપતિનો વાચક કેવી રીતે બન્યો છે ? એના અનેક ઉત્તરો છે : જેમકે,

(क) પ્રજાપતિનું સ્વરૂપ નિર્જ્ઞાત છે (= જાણી શકાય એવું નથી) માટે તેમને किम् શબ્દથી ઓળખાવવામાં આવે છે. એ किम् શબ્દનું ચતુર્થી વિ. એ. વ.માં कस्मै રૂપ થશે. અથવા —

(ख) સૃષ્ટિને ઉત્પન્ન કરવાની જે કામના કરે છે તે 'क' નામનો દેવ, અર્થાત્ ક = પ્રજાપતિ. અહીં √ कम् 'કામના કરવી' ધાતુને કર્તા અર્થમાં ड પ્રત્યય લગાવીને (कम् + ड) = क શબ્દ સાધવામાં આવ્યો છે. અથવા —

(ग) कम् નો અર્થ 'સુખ' થાય છે. પ્રજાપતિ દેવ સુખ રૂપ હોવાથી, તેમને પણ 'ક' કહેવાય છે. અથવા —

(घ) ઐતરેય બ્રાહ્મણના ઉપર્યુક્ત ૩.૨૧ વાક્યનું અનુસંધાન કરીને સાયણ પુરાકાળમાં બનેલી એક ઘટના તરફ ધ્યાન દોરે છે : ઈન્દ્રે એકવાર પ્રજાપતિને એમનું મહત્ત્વ—પ્રભાવ—કેવો છે, અને તે કેવી રીતે મેળવી શકાય ? એમ પૂછ્યું. એના જવાબમાં પ્રજાપતિ કહે છે કે — "જો હું તને મારું મહત્ત્વ આપી દઉં/કહી દઉં તો પછી હું કેવો બની જાઉં ? अहं कः = कीदृशः स्याम् ।" આથી ઈન્દ્રે કહ્યું કે 'હું કેવો થઈ જાઉં ?' એમ પૂછો છો, તો જાવ, તમે 'कः' જ બની જાવ. આ પ્રસંગ બન્યા પછી 'પ્રજાપતિ 'ક' નામથી ઓળખાવા લાગ્યા.

(સાયણ વિશેષમાં ઉમેરે છે કે ઉપર્યુક્ત (ख) અને (ग) મુદ્દામાં 'क' શબ્દને યૌગિક = વ્યુત્પન્ન જાહેર કર્યો છે ત્યાં નામ શબ્દ 'સર્વનામ'માં ફેરવાઈ ગયો છે એવો વ્યત્યય સમજીને, ચતુર્થી વિ.માં स्मै પ્રત્યય આવ્યો છે એમ જાણવું. બાકીના બે મુદ્દામાં તો તે किम् સર્વનામ રૂપે જ હોવાંથી कस्मै રૂપ નિયમ મુજબ જ થયેલું ગણાશે.)

હવે, સાયણ આ છેલ્લા પાદનો તાત્પર્યાર્થ વિશદ કરતાં લખે છે કે 'ક'ને = પ્રજાપતિ દેવને હવિષ્થી—અર્થાત્ પ્રજાપતિને ઉદ્દેશીને બલિ આપવામાં આવેલા પશુના 'વપા' રૂપ,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એક કપાલમાં ભરીને મૂકેલા, હવિષ્‌થી—અથવા પુરોડાશથી, અમે ઋત્વિજો પરિચરણ કરીએ./પૂજન કરીએ.

(૫) આ સૂક્તના બધા જ મંત્રોમાં ચોથા ચરણ તરીકે આ कस्मै देवाय हविषा विधेम । પંક્તિ પુનરાવૃત્ત થઈ છે.

य आ॑त्म॒दा ब॑ल॒दा यस्य॒ विश्वे॑ उ॒पास॑ते प्र॒शिषं॒ यस्य॑ दे॒वाः ।

यस्य॑ छा॒यामृ॒तं यस्य॑ मृ॒त्युः कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥ १२१.२ ॥

यः । आ॒त्म॒ऽदाः । ब॒ल॒ऽदाः । यस्य॑ । विश्वे॑ । उ॒प॒ऽआस॑ते । प्र॒ऽशिष॑म् । यस्य॑ । दे॒वाः । यस्य॑ । छा॒या । अ॒मृत॑म् । यस्य॑ । मृ॒त्युः । कस्मै॑ । दे॒वाय॑ । ह॒विषा॑ । वि॒धे॒म॒ ॥ २ ॥

ˇयः प्रजापतिः ˇआत्मदाः आत्मनां दाता । आत्मानो हि सर्वे तस्मात् परमात्मन उत्पद्यन्ते । यथाग्नेः सकाशद्विस्फुलिङ्गा जायन्ते तद्वत् । यद्वा आत्मनां शोधयिता । 'दैप् शोधने' । 'आतो मनिन्' इति विच् । ˇबलदाः बलस्य च दाता शोधयिता वा । ˇयस्य च ˇप्रशिषं प्रकृष्टं शासनमाज्ञां ˇविश्वे सर्वे प्राणिनः ˇउपासते प्रार्थयन्ते सेवन्ते वा । 'शासु अनुशिष्टौ' । 'शास इत्' (पा. सू. ६.४.३४) इत्युपधाया इत्वम् । 'शासिवसिघसीनां च' इति षत्वम् । कुदुत्तरपदप्रकृतिस्वरत्वम् । आसेरनुदात्तेत्त्वाल्लसार्वधातुकानुदात्तत्वे धातुस्वरः । 'तिङि चोदात्तवति' इति गतिरनुदात्ता । तथा ˇदेवाः अपि ˇयस्य प्रशासनमुपासते । अपि च ˇअमृतम् अमृतत्वम् । भावप्रधानो निर्देशः । यद्वा । अमृतम् । मरणं नास्त्यस्मिन्नित्यमृतं सुधा । बहुव्रीहौ 'नञो जरमरमित्रमृताः' इत्युत्तरपदाद्युदात्तत्वम् । तदपि यस्य प्रजापतेः ˇछाया छायेव वर्ति भवति । ˇमृत्युः यमश्च प्राणापहारी छायेव भवति । तस्मै ˇकस्मै ˇदेवाय इत्यादि समानं पूर्वेण ˇहविषा पुरोडाशात्मनेति तु विशेषः ॥

અનુવાદ : જે આત્માનો દેનારો છે, જે બળનો દેનારો છે, જેના પ્રકૃષ્ટ શાસનની સૌ લોકો (विश्वे) ઉપાસના કરે છે, અને જેના (શાસનની) દેવો (પણ ઉપાસના કરે છે). અમૃત (સુધા) પણ જેની છાયા છે અને, મૃત્યુ પણ જેની (છાયા બની રહ્યું છે) તેવા 'क' નામના પ્રજાપતિ દેવને (અમે) હવિષ્‌થી પૂજીએ છીએ. (૧૦–૧૨૧–૨)

નોંધ : (૧) य आत्मदाः (अस्ति), यः बलदाः (अस्ति) । અહીં હિરણ્યગર્ભ = પ્રજાપતિ દેવતાને 'આત્માનો આપનાર' કહ્યો છે. તેને સમજાવતાં સાયણ કહે છે કે જેમ અગ્નિમાંથી વિસ્ફુલિંગો—તણખા—જન્મે છે તેમ પરમાત્મા =પ્રજાપતિમાંથી સૌ આત્માઓ—જીવો—જન્મે છે તેથી તેને 'આત્મદા' કહ્યો છે. બીજું, સાયણના મતે અહીં आत्मदाः અને बलदाः શબ્દમાં √ दा दाने ધાતુને બદલે, જો √ दैप् शोधने 'સાફ કરવું' ધાતુ હશે એમ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

માનીએ તો 'જે આત્માને શુદ્ધ કરનારો છે' એવો અર્થ પણ લઈ શકાય. વળી, વેંકટમાધવના મતે आत्मदाः એટલે 'શરીરને આપનારો' એમ અર્થ છે.

(૨) यस्य प्रशिषं (=आज्ञां) विश्वे (जनाः) उपासते; यस्य (च प्रशिषं) देवाः (अपि उपासते) । જેના = જે પ્રજાપતિના પ્રકૃષ્ટ શાસન = આજ્ઞાને સર્વે પ્રાણીઓ ઉપાસે છે, સ્વીકારે છે અને દેવો પણ (તે શાસનને ઉપાસે છે).—અહીં પહેલા પાદના 'यस्य विश्वे' પદોને બીજા પદોની સાથે અન્વિત કર્યા પછી એક વાક્ય સંપન્ન થાય છે તે નોંધપાત્ર છે.

(૩) ત્રીજા પાદમાં જે પદક્રમ છે તેને યથાવત્ રાખીને અનુવાદ કરીએ તો – "જે (પ્રજાપતિની છાયા અમૃત (છે), અને જેની (છાયા) મૃત્યુ છે" એમ થશે. પ્રા. મેક્ષમ્યૂલર અને વેલણકર વગેરેએ પણ 'જેની છાયા અમરત્વ છે, અને જેની છાયા મૃત્યુ છે' એમ અર્થ કર્યો છે. વેંકટમાધવ પણ કહે છે કે 'જેની છાયા મૃત્યુ અને અમૃત છે.' અહીં તેમણે 'છાયા'નો અર્થ "જેનાથી આચ્છાદિત થયેલો જીવે છે અને મરે છે તે છાયા" એમ કર્યો છે. જ્યારે સાયણે (ઉપર અનુવાદમાં કર્યું છે તેમ) 'અમૃત' શબ્દમાં નञ् સમાસ ગણીને, ઉત્તરપદ मृतम् માં ઉદાત્તસ્વર જોઈને "જેનામાં મરણ નથી તે, અર્થાત્ 'સુધા' = અમૃત એવો અર્થ લીધો છે; અને પદક્રમ બદલીને (= ઉદ્દેશ્ય–વિધેય ભાવ બદલીને) यस्य छाया (= छाया इव वर्ति) अमृतं भवति । यस्य (= प्रजापतेः) मृत्युः छाया इव भवति । એવો અન્વય વિચાર્યો છે : "જે પ્રજાપતિની છાયા (ઉદ્દેશ્ય) (છાયાની જેમ સાથે રહેનાર) અમૃત–(વિધેય) બને છે, અને જેનું મૃત્યુ (=જેનો પ્રાણાપહારી યમરાજ) છાયા(ની જેમ સાથે ફરનાર) બને છે."

(૪) कस्मै देवाय..... એ ચોથો પાદ તો સમગ્ર સૂક્તમાં પુનરાવૃત્તિ પામ્યો છે. (એનું વિવરણ પહેલા મન્ત્રની અભ્યાસનોંધમાં જોઈ લેવું.) આ સૂક્ત શુક્લ–યજુર્વેદમાં પણ જોવા મળે છે. ત્યાં ઉવટ–મહીધરે કહ્યું છે કે कस्मै નો અર્થ काय લેવાનો છે. (અહીં 'નામનો સર્વનામ રૂપે વ્યત્યય થયો છે' એમ જાણવું.) આથી પણ ૧૦–૧૨૧–૧માં બતાવ્યા મુજબ સાયણે कस्मै નો જે વિવિધ દૃષ્ટિકોણથી અર્થ કરી બતાવ્યો છે તેનું સમર્થન થઈ જાય છે.

यः प्राणतो निमिषतो महित्वैक इद्राजा जगतो बभूव ।
य ईशे अस्य द्विपदश्चतुष्पदः कस्मै देवाय हविषा विधेम ॥ ३ ॥

यः । प्राणतः । निऽमिषतः । महिऽत्वा । एकः । इत् । राजा । जगतः । बभूव । यः । ईशे । अस्य । द्विऽपदः । चतुःऽपदः । कस्मै । देवाय । हविषा । विधेम ॥ ३ ॥

ᵛयः हिरण्यगर्भः ᵛप्राणतः प्रश्वसतः ॥ 'अन प्राणने' आदादिकः । 'शतुरनुमः' इति विभक्तेरुदात्तत्वम् ॥ ᵛनिमिषतः अक्षिपक्ष्मचलनं कुर्वतः ॥ अत्रापि पूर्ववद्विभक्तिरुदात्ता । ᵛजगतः जङ्गमस्य प्राणिजातस्य ᵛमहित्वा महत्त्वेन । 'सुपां सुलुक्' इति तृतीयाया आकारः ॥ माहात्म्येन

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

˅एक ˅इत् अद्वितीय एव सन् ˅राजा ˅बभूव ईश्वरो भवति॥ भवतेर्णलि 'लिति' (पा. सू. ६.१.१९३) इति प्रत्ययात्पूर्वस्योदात्तत्वम्॥ ˅अस्य परिदृश्यमानस्य ˅द्विपदः पादद्वययुक्तस्य मनुष्यादेः ˅चतुष्पदः गवाश्वादे श्च ˅यः प्रजापतिः ˅ईशे ईष्टे॥ 'ईश ऐश्वर्ये'। आदादिकोऽनुदात्तेत्। 'लोपस्त आत्मनेपदेषु' इति तलोपः। अनुदात्तेत्त्वाल्लसार्वधातुकानुदात्तत्वे धातुस्वरः। अस्य। 'ऊडिदम्' इतीदमो विभक्तिरुदात्ता। द्वौ पादौ यस्य स द्विपात्। 'संख्यासुपूर्वस्य' (पा. सू. ५.४.१४०) इति पादस्यान्त्यलोपः समासान्तः। भसंज्ञायां 'पादः पत्' (पा. सू. ६.४.१३०) इति पद्भावः। 'द्वित्रिभ्यां पाद्दन्' (पा. सू. ६.२.१९७) इत्येकदेशविकृतस्यानन्यत्वादुत्तरपदान्तोदात्तत्वम्। स्वरवर्जमेषैव चतुष्पद इत्यत्रापि प्रक्रिया। 'बहुव्रीहौ प्रकृत्या' इति पूर्वपदप्रकृतिस्वरः। पूर्वपदस्य 'त्रः संख्याया' (फि. सू. २. ५.) इत्याद्युदात्तत्वम्। 'इदुदुपधस्य चाप्रत्ययस्य' इति विसर्जनीयस्य षत्वम्॥ ईदृशो यः प्रजापतिस्तस्मै ˅कस्मै इत्यादि सुबोधं ˅हविषा हृदयाद्यात्मनेत्ययमत्र विशेषः॥

અનુવાદ : જે પ્રજાપતિ પ્રાણ (શ્વાસોચ્છ્વાસ) લેનારા અને (આંખનો) પલકારો મારનારા જગત્ (=હલનચલન કરનાર પ્રાણીસમૂહ)નો (પોતાના) મહિમાથી એકમાત્ર રાજા હતો/છે. જે (પ્રજાપતિ) આ બે પગવાળા (મનુષ્યાદિ) અને ચાર પગવાળા (ગવાશ્વાદિ)નું શાસન કરે છે, તે 'ક' નામના પ્રજાપતિ દેવને (અમે) હવિષ્થી પૂજીએ છીએ. (૧૦–૧૨૧–૩)

નોંધ : (૧) અહીં प्राणतः અને निमिषतः એ બે (વર્તમાનકૃદન્ત નપું. ષષ્ઠી વિ. એ. વ.નાં) રૂપો जगतः નાં વિશેષણો છે. વળી, 'જગત્'નો વ્યુત્પતિજન્ય અર્થ 'જંગમ પ્રાણીસમૂહ' કરવો એમ સાયણ કહે છે તે ધ્યાનાસ્પદ છે; કેમ કે એવો અર્થ લઈએ તો જ પૂર્વોક્ત બે વિશેષણો સંગત બની રહે. (૨) इत् નો અર્થ 'જ'/'માત્ર' એવો કરવો. (૩) बभूव ક્રિયાપદ √ भू ધાતુનું પરોક્ષ ભૂ. કા. ત્રી. પુ. એ. વ.નું રૂપ છે. **વેદમન્ત્રો**માં અર્થની દૃષ્ટિએ लिट् = પરોક્ષ ભૂ. કા.નાં રૂપને 'સાર્વકાલિક' ગણી શકાય એવાં પાણિનિપ્રોક્ત (૩–૪–૬) નિયમને ધ્યાનમાં લઈને, बभूव = भवति એવો અનુવાદ કરી શકાય. (૪) મન્ત્રનું ચોથું ચરણ આ સૂક્તની ધ્રુવપંક્તિ છે. જુઓ પહેલા મન્ત્રની નોંધ.

यस्येमे हिमवन्तो महित्वा यस्य समुद्रं रसया सहाहुः।

यस्येमाः प्रदिशो यस्य बाहू कस्मै देवाय हविषा विधेम ॥ १२१.४ ॥

यस्य। इमे। हिमऽवन्तः। महिऽत्वा। यस्य। समुद्रम्। रसया। सह। आहुः। यस्य। इमाः। प्रऽदिशः। यस्य। बाहू इति। कस्मै। देवाय। हविषा। विधेम॥ ४॥

हिमा अस्मिन् सन्तीति हिमवान्। तेन बहुवचनान्तेन सर्वे पर्वता लक्ष्यन्ते। यथा छत्रिणो गच्छन्तीति। ˅हिमवन्तः हिमवदुपलक्षिताः ˅इमे दृश्यमानाः सर्वे पर्वताः ˅यस्य प्रजापतेः

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ᵛमहित्वा महत्त्वं माहात्म्यैश्वर्यमिति ᵛआहुः । तेन सृष्टत्वात्तद्रूपेणावस्थानाद्वा । तथा ᵛरसया । रसो जलम् । तद्वती रसा नदी ॥ अर्शआदित्वादच् ॥ जातावेकवचनम् । रसाभिर्नदीभिः ᵛसह ᵛसमुद्रम् । पूर्ववदेकवचनम् । सर्वान् समुद्रान् ᵛयस्य महाभाग्यमिति ᵛआहुः कथयन्ति सृष्ट्यभिज्ञाः । ᵛयस्य च ᵛइमाः ᵛप्रदिशः प्राच्यारम्भा आग्नेय्याद्याः कोणदिश ईशितव्याः । तथा ᵛबाहू । वचनव्यत्ययः । बाहवो भुजाः । भुजवत्प्राधान्ययुक्ताः प्रदिशश्च ᵛयस्य स्वभूताः । तस्मै ᵛकस्मै इत्यादि समानं पूर्वेण ॥

અનુવાદ : આ બરફવાળા (પર્વતો) જે (પ્રજાપતિ)નું મહા–ઐશ્વર્ય (ગણાયા છે), નદી(ઓ) સહિતનો સમુદ્ર જેનો (મહિમા) કહેવાયો છે. આ બધી જ દિશાઓ જેના બાહુ(ઓ) રૂપ ગણાયા છે તેવા 'ક' નામના પ્રજાપતિ દેવને (અમે) હવિષ્‌થી પૂજીએ છીએ. (૧૦–૧૨૧–૪)

નોંધ : (૧) સાયણે ઉપર ત્રીજા મંત્રમાં महित्वा નો અર્થ महत्त्वेन ='મહિમા વડે' એવો તૃતીયા વિભક્તિપરક લીધો હતો. પરંતુ આ ચોથા મન્ત્રમાં महित्वा નો અર્થ महत्त्वम् = 'મહૈશ્વર્ય, મહાભાગ્ય, મહિમા'' એવો લીધો છે; અને બીજા પાદના आहुः ક્રિયાપદને પહેલા પાદમાં પણ અન્વિત કરીને વાક્ય–પરિસમાપ્તિ કરી બતાવી છે. જેમ કે, इमे हिमवन्तः (पर्वताः) यस्य (प्रजापतेः) महित्वा (आहुः) । જ્યારે વેંકટમાધવે महित्वा ને તૃતીયાન્ત જ ગણીને तिष्ठन्ति ક્રિયાપદનો અધ્યાહાર લીધો છે તે મુજબ 'આ હિમવાળા પર્વતો જેના મહિમાથી ઊભા છે.' (૨) रसः એ જળનું નામ છે; આથી જળવાળી નદીને પણ रसा કહેવાય છે. પણ એનો બીજો એક અર્થ પૃથિવી પણ થાય છે. તેથી વેંકટ મુજબ : 'આ પૃથિવી સહિતનો ઉદધિ જેનો અવયવભૂત કહેવાય છે' ગ્રિફીથ વગેરે પશ્ચિમી વિદ્વાનો 'રસા'ને વેદકાળની કોઈ કલ્પિત નદી સમજે છે. (૩) સાયણે प्रदिशः નો અર્થ 'પૂર્વાદિ ચાર દિશા અને ચાર ઈશાન વગેરે ખૂણા' એવો કર્યો છે. પણ વેંકટના મતે પ્રકૃષ્ટ દિશાઓ = 'મુખ્ય ચાર દિશાઓ (જ)' અર્થ સમજવો. તથા આ ત્રીજા પાદમાં यस्य એવું પદ બે વાર આવ્યું છે, તેમાંનું કોઈ એક यस्य પદ પાદપૂરણ ગણવું એમ વેંકટ કહે છે. (૪) ચોથા પાદમાં પુનરાવૃત્તિ છે. (૫) પ્રા. વેલણકર એક નોંધપાત્ર વાત કહે છે : આ મંત્રમા આવેલો हिमवन्तः 'બરફવાળા પર્વતો' શબ્દ ઋગ્વેદમાં અન્યત્ર નથી. તેથી તે સમયમાં આર્યોને વિદિત એવી ઉત્તર સીમાનો વાચક हिमवन्तः (= હિમાલય) લઈએ, તો દક્ષિણ સીમાનો વાચક समुद्रम् શબ્દ બને. તથા बाहू એવા દ્વિવચનથી, કવિના મનમાં પૂર્વદિશા અને પશ્ચિમ દિશાના બે છેડા કહેવા અભિપ્રેત હોય એમ બની શકે. આમ આ મન્ત્રમાં આર્યસંસ્કૃતિના ફેલાવાવાળા હિન્દુસ્તાનના ભૂક્ષેત્રનો નિર્દેશ જોઈ શકાય. (અહીં ભાષ્યકારોએ 'દરેક પર્વતમાં હિમ રહેલું હોય છે તેથી પર્વતમાત્રને હિમવાન્ કહ્યો છે' એમ માન્યું છે; તથા बाहू માં વચનવ્યત્યય માનીને 'बाहवः' કે 'ચાર બાહુઓ' એવો અર્થ સૂચવ્યો છે. પણ પ્રા. વેલણકરનો અર્થ વધુ પ્રતીતિકર જણાય છે.) (૬) સામાન્ય રીતે ઋગ્વેદમાં समुद्र શબ્દ અન્તરિક્ષનો વાચક છે, પણ અહીં તે 'દરિયો' અર્થમાં વપરાયો છે તે પણ નોંધપાત્ર છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

येन॒ द्यौरु॒ग्रा पृ॑थि॒वी च॑ दृ॒ळ्हा येन॒ स्वः॑ स्तभि॒तं येन॒ नाकः॑ ।

यो अ॒न्तरि॑क्षे॒ रज॑सो वि॒मान॒ः कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥ ५ ॥

येन॑ । द्यौः । उ॒ग्रा । पृ॒थि॒वी । च॒ । दु॒ळ्हा । येन॑ । स्व॒श्रि॒ति॑ स्वः॑ । स्त॒भि॒तम् । येन॑ । नाकः॑ । यः । अ॒न्तरि॑क्षे । रज॑सः । वि॒ऽमानः॑ । कस्मै॑ । दे॒वाय॑ । ह॒विषा॑ । वि॒धे॒म॒ ॥ ५ ॥

ᵛयेन प्रजापतिना ᵛद्यौः अन्तरिक्षम् ᵛउग्रा उद्गूर्णं विशेषागहनरूपं वा । पृथिवी भूमिः ᵛच ᵛदृळ्हा येन स्थिरीकृता । ᵛस्वः स्वर्गश्च ᵛयेन ᵛस्तभितं स्तब्धं कृतम् । यथाधो न पतति तथोपरि अवस्थापितमित्यर्थः ॥ 'ग्रसितस्कभितस्तभित' इति निपात्यते । तथा ᵛनाकः आदित्यश्च ᵛयेन अन्तरिक्षे स्तभितः । ᵛयः च ᵛअन्तरिक्षे ᵛरजसः उदकस्य ᵛविमानः निर्माता । तस्मै ᵛकस्मै इत्यादि गतम् ॥ ३ ॥

અનુવાદ : જેણે (જે પ્રજાપતિએ) આ દ્યુલોકને ઉગ્ર અને પૃથિવીને દૃઢ (= સ્થિર) (કરી છે); જેણે સ્વર્ગલોકને સ્તંભિત (કર્યું છે) અને જેણે સૂર્યને (પણ અન્તરિક્ષમાં સ્થાપ્યો છે). જે (પ્રજાપતિ) અન્તરિક્ષમાં રજસ્ (= પાણી)નું નિર્માણ કરનારો છે, તેવા 'ક' નામના પ્રજાપતિ દેવને (અમે) હવિષ્‌થી પૂજીએ છીએ. (૧૦–૧૨૧–૫)

નોંધ : (૧) આ સૂક્તમાં હિરણ્યગર્ભ પ્રજાપતિના ઐશ્વર્યને વિવિધ રીતે ગાવામાં આવ્યું છે. આ મન્ત્રમાં પહેલા પાદમાં કવિ કહે છે કે – "જેણે દ્યુલોકને ઉગ્ર બનાવી છે અને પૃથિવીને દૃઢ કરી છે." અહીં उग्र નો શબ્દાર્થ 'ઉદ્‌ગૂર્ણ' = બહાર ઓકવામાં આવેલ એવો પણ સૂચવાયો છે. (અર્થાત્ પ્રજાપતિએ પોતાનામાંથી આ દ્યુલોકને સર્જ્યું છે.) પણ રૂઢ–અર્થ લઈએ તો ઉગ્ર = ઝનૂની. આપત્તિ સર્જનાર એવો પણ થઈ શકે. બીજું, બે સ્વરની વચ્ચે આવેલા ઢ નો ळ्ह થાય છે : दृऋ + ढ् (= ळ्ह) + आ = दृळ्हा = दृढा ।

(૨) બીજા પાદમાં स्वः પદથી સ્વર્ગલોકનો નિર્દેશ થઈ ગયો છે. તેથી नाकः નો (અન્યત્ર સામાન્ય રીતે 'સ્વર્ગ' એવો અર્થ થતો હોવા છતાંય) અહીં સૂર્ય અર્થ લેવો પડશે. સાયણ અને વેલણકરે એવો જ અર્થ લીધો છે. પણ મેકડોનલ કહે છે કે ઋગ્વેદમાં ક્યાંય પણ 'નાક'નો અર્થ 'સૂર્ય' થતો નથી. તેથી અહીં Vault of heaven = ઘુમંડળ અર્થ લેવો. येन नाकः ની પાછળ स्थिरीकृतः/अवस्थापितः એવા કોઈક ક્રિયાપદનો અધ્યાહાર લેવો પડશે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૩) અહીં સ્વર્ગનો વાચક स्वर् મૂળમાં રેફાન્ત છે. તેમાંથી સંહિતામાં स्वः એવું વિસર્ગાન્ત પદ બન્યું છે. અહીં બે મુદ્દા નોંધપાત્ર છે : (क) सु + अर् = स्वर् । માં 'જાત્ય સ્વતન્ત્ર સ્વરિત' સ્વર આવેલો છે. (ख) પદપાઠમાં, 'આ પદ મૂળમાં રેફાન્ત હતું' એવું સ્પષ્ટ કરવા માટે इतिं કરણ કરવામાં આવ્યું છે; અને વળી તેની स्वः એવી પુનરુક્તિ (='ચર્ચા') પણ કરવામાં આવી છે. આ સમયે इतिं આદ્યુદાત્ત હોવાથી स्वः માંના જાત્યસ્વરિતની એક અર્ધીમાત્રા અનુદાત્તની કંપ અનુભવે છે તેથી પદપાઠમાં स्वरिति स्वः । એવું સ્વરાંકન કરવામાં આવ્યું છે તે નોંધપાત્ર છે.

(૪) ત્રીજા પાદમાં 'રજસ્‌નો અર્થ 'જળ' અને विमानः નો 'નિર્માતા' લેવો એમ સાયણ કહે છે. પણ વેંકટમાધવ 'રજસ્'નો અર્થ તેજસ કરે છે : "જે અન્તરિક્ષમાં તેજનો નિર્માતા છે." વેલણકરના મતે 'જે અન્તરિક્ષમાં રજસ્—અવકાશનો માપનાર છે' એવો અર્થ થાય છે.

(૫) ચોથો પાદ તો દરેક મન્ત્રમાં પુનરાવૃત્ત થતો આવે છે. તેનો અર્થ અને વિવરણ ૧૦–૧૨૧–૧માં જોવું.

यं क्रन्दंसी अवंसा तस्तभाने अभ्यैक्षेंता मनंसा रेजंमाने ।

यत्राधि सूर उदिंतो विभाति कस्मैं देवाय हविषां विधेम ॥ ६ ॥

यम् । क्रन्दंसी इतिं । अवंसा । तस्तभाने इतिं । अभि । ऐक्षेंताम् । मनंसा । रेजंमाने इतिं । यत्रं । अधिं । सूरंः । उत्ऽइंतः । विऽभातिं । कस्मैं । देवायं । हविषां । विधेम ॥ ६ ॥

क्रन्दितवान् रोदितवाननयाः प्रजापतिरिति ᵛक्रन्दसी द्यावापृथिव्यौ । श्रूयते हि — 'यदरोदीत्तदनयो रोदस्त्वम्' (तै. ब्रा. २.२.९.४) इति । ते ᵛअवसा रक्षणेन हेतुना लोकस्य रक्षणार्थं ᵛतस्तमाने प्रजापतिना ग्र्न लब्धस्थैर्ये सत्यौ ᵛयं प्रजापतिं ᵛमनसा बुद्ध्या ᵛअभ्यैक्षेताम् आवयोर्महत्त्वमनेन इत्यभ्यपश्यताम् ॥ 'ईक्षा दर्शने' । लङि अडादित्वादाद्युदात्तः । कीदृश्यौ द्यावापृथिव्यौ । ᵛरेजमाने राजमाने दीप्यमाने ॥ आकारस्य व्यत्ययेनैत्वम् । अदुपदेशाल्लसार्वधातुकानुदात्तत्वे धातुस्वरः । यद्वा । लिटः कानच् । 'फणां च सप्तानाम्' (पा.सू. ६.४.१२५) इत्येत्वाभ्यासलोपौ । 'छन्दस्युभयथा' इति सार्वधातुकत्वाच्छग् । अत एव 'अभ्यस्तानामादिः' इत्याद्युदात्तत्वम् ॥ ᵛयत्राधि यस्मिन्नाधारभूते प्रजापतौ यः ᵛसूरः सूर्यः ᵛउदितः उदयं प्राप्तः सन् ᵛविभाति प्रकाशते ॥ उत्पूर्वादेतेः कर्मणि निष्ठा । 'गतिरनन्तरः' इति गतेः प्रकृतिस्वरत्वम् ॥ तस्मै ᵛकस्मै इत्यादि सुज्ञानम् ॥

અનુવાદ : (પ્રજાપતિના) રક્ષણથી (अवसा) અતિશય સ્થિર કરવામાં આવેલા (तस्तभाने) અને દીપ્યમાન (= પ્રકાશતાં) (रेजमाने) એવા તે બે અવાજ કરનારાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(क्रन्दसी) (= દ્યાવાપૃથિવી) મનથી ('આણે આપણને સ્થિરતા આપી છે' એમ) જેને (= જે પ્રજાપતિને) જુવે છે. આધાર રૂપ બનેલા જે (પ્રજાપતિ)ની ઉપર ઉદય પામેલો સૂર્ય વિશેષપણે પ્રકાશે છે, તેવા 'ક' નામના પ્રજાપતિને (અમે) હવિષ્‌થી પૂજીએ છીએ. (૧૦–૧૨૧–૬)

નોંધ : (૧) પહેલાં બે પાદને એક જ વાક્ય રૂપે લઈને, તેનો અન્વય આમ કરવાનો છે : (यस्य) अवसा तस्तभाने रेजमाने क्रन्दसी मनसा यं (प्रजापतिम्)अभ्यैक्षेताम् । અહીં 'क्रन्दसी એ દ્વિવચનનું રૂપ છે અને તે 'દ્યાવાપૃથિવી'નું વાચક છે." એવું તૈત્તિરીય બ્રાહ્મણને આધારે સમજાય છે એમ સાયણ કહે છે, તથા तस्तभाने અને रेजमाने એ બે 'દ્યાવા–પૃથિવી'નાં વિશેષણો છે. અહીં સાયણે रेजमाने નો અર્થ 'દીપ્યમાન' કર્યો છે; પણ પ્રા. વેલણકર વગેરેએ 'ધ્રૂજતાં' એવો અર્થ કર્યો છે. अभि + ऐक्षेताम् । આ √ इक्ष 'જોવું' ધાતુનું હ્યસ્તન ભૂ. કા. ત્રી. પુ. દ્વિવચનનું રૂપ છે.

(૨) ત્રીજા પાદમાં यत्राधि નો અર્થ 'આધારરૂપ બનેલા જે (પ્રજાપતિ)ની ઉપર' અથવા 'જેને વિષે' એમ કરવાનો છે.

(૩) ચોથો પાદ તો આ સૂક્તની ધ્રુવપંક્તિ છે. તેનો અર્થ પહેલા મંત્રની નોંધમાં આપ્યો છે.

आपो॑ ह॒ यद्बृ॑ह॒तीर्विश्व॒माय॒न् गर्भं॒ दधा॑ना ज॒नय॑न्तीर॒ग्निम् ।

ततो॑ दे॒वाना॒ं सम॑वर्त॒तासु॒रेकः॒ कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥ ७ ॥

आपः॑ । ह॒ । यत् । बृ॒ह॒तीः । विश्व॑म् । आय॑न् । गर्भ॑म् । दधा॑नाः । ज॒नय॑न्तीः । अ॒ग्निम् । ततः॑ । दे॒वाना॑म् । सम् । अ॒व॒र्त॒त । असुः॑ । एकः॑ । कस्मै॑ । दे॒वाय॑ । ह॒विषा॑ । वि॒धे॒म ॥ ७ ॥

ˇबृहतीः बृहत्यो महत्यः ॥ जसि 'वा छन्दसि' इति पूर्वसवर्णदीर्घः । 'बृहन्महतोरुपसंख्यानम्' इति ङीप उदात्तत्वम् ॥ ˇअग्निम् । उपलक्षणमेतत् । अग्न्युपलक्षितं सर्वं वियदादिभूतजातं ˇजनयन्तीः जनयन्त्यः तदर्थं ˇगर्भं हिरण्मयाण्डस्य गर्भभूतं प्रजापतिं ˇदधानाः धारयन्त्यः ˇआपो ˇह आप एव ˇविश्वमायन् सर्वं जगत् व्याप्नुवन् ˇयत् यस्मात् ˇततः तस्माद्धेतोः ˇदेवानां देवादीनां सर्वेषां प्राणिनाम् ˇअसुः प्राणभूतः ˇएकः प्रजापतिः ˇसमवर्तत समजायत । यद्वा । यत् यं गर्भं दधाना आपो विश्वात्मनावस्थिताः ततो गर्भभूतात्प्रजापतेर्देवादीनां प्राणात्मको वायुरजायत । अथवा । यत् । लिङ्गवचनयोर्व्यत्ययः । उक्तलक्षणा या आपो विश्वमावृत्य स्थिताः ततस्ताभ्योऽद्भ्यः सकाशादेकोऽद्वितीयोऽसुः प्राणात्मकः प्रजापतिः समवर्तत निश्चक्राम । तस्मै कस्मै इत्यादि गतम् ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુવાદ : જ્યારે (હિરણ્મય અંડ રૂપ) ગર્ભને ધારણ કરતાં, અગ્નિ (વગેરે)ને જન્માવતાં એવાં મોટાં પાણી સમગ્ર જગત્‌ને વ્યાપી વળ્યાં; ત્યારે દેવોનો (અર્થાત્ સૌ પ્રાણીઓનો) પ્રાણ (રૂપ બનેલો) તે એક (પ્રજાપતિ) ઉત્પન્ન થયો. 'ક' નામના પ્રજાપતિને (અમે) હવિષ્‌થી પૂજીએ છીએ. (૧૦–૧૨૧–૭)

નોંધ : (૧) आपः विश्वम् आयन्। 'પાણી વિશ્વને વ્યાપી વળ્યાં' એ સાદું વાક્ય છે. તેમાં आपः કર્તાનાં ત્રણ વિશેષણો છે : (गर्भं) दधानाः, (अग्निम्) जनयन्तीः અને बृहतीः। અહીં आयन् = व्याप्नुवन् વ્યાપી વળ્યાં એ ક્રિયાપદમાં √ या 'જવું' ધાતુનું હ્ય. ભૂ. કા. ત્રી. પુ. બ. વ.નું રૂપ છે. (૨) ततः देवानाम् असुः एकः समवर्तत। અહીં 'દેવ' શબ્દ પ્રાણીમાત્રનો વાચક છે; અને 'અસુ'નો અર્થ પ્રાણ—જીવ—છે. અથવા 'પ્રાણાત્મક વાયુ' એવો અર્થ પણ થઈ શકે. અથવા તે જળમાંથી એક અદ્વિતીય અસુ અર્થાત્ પ્રાણાત્મક 'પ્રજાપતિ' ઉત્પન્ન થયા એમ પણ હોઈ શકે. (૩) પ્રા. વેલણકર કહે છે કે અહીં સૃષ્ટિજળમાંથી હિરણ્યગર્ભના જન્મની જ વાત રજૂ થઈ છે, અને તેને અગ્નિની સાથે અભિન્ન ગણ્યો જણાય છે. હવે પછીના આઠમા મંત્રમાં પણ આ જ ઘટનાનું બીજું પાસું રજૂ થશે. આ મંત્રના अग्निम् અને गर्भम्, તથા આઠમા મંત્રના दक्षम् અને यज्ञम् શબ્દો એક હિરણ્યગર્ભને માટે જ વપરાયા જણાય છે.

यश्चिदापो महिना पर्यपश्यद्दक्षं दधाना जनयन्तीर्यज्ञम् ।

यो देवेष्वधि देव एक आसीत्कस्मै देवाय हविषा विधेम ॥ ८ ॥

यः । चित् । आपः । महिना । परिऽअपश्यत् । दक्षम् । दधानाः । जनयन्तीः । यज्ञम् । यः । देवेषु । अधि । देवः । एकः । आसीत् । कस्मै । देवाय । हविषा । विधेम ॥ ८ ॥

ˇयज्ञं यज्ञोपलक्षितं विकारजातं ˇजनयन्तीः उत्पादयन्तीः तदर्थं ˇदक्षं श्वात्मना वर्धिष्णुं प्रजापतिमात्मनि ˇदधानाः धारयित्रीः ॥ दधातेर्हेतौ शानच् । 'अभ्यस्तानामादिः' इत्याद्युदात्तत्वम् । ईदशीः ˇआपः । व्यत्ययेन प्रथमा । अपः प्रलयकालीनाः ˇमहिना महिम्ना । छान्दसो मलोपः । स्वमाहात्म्येन ˇयश्चित् यश्च प्रजापतिः ˇपर्यपश्यत् परितो दृष्टवान् ˇयः च ˇदेवेष्वधि देवेषु मध्ये ˇदेवः तेषामपीश्वरः सन् ˇएक अद्वितीयः ˇआसीत् भवति ॥ अस्तेश्छान्दसो लङ् । 'अस्तिसिचोऽपृक्ते (पा. सू. ७.३.९६) इतीडागम ॥ तस्मै ˇकस्मै इत्यादि गतम् ॥

અનુવાદ : દક્ષને (પ્રપંચ રૂપે વધી રહેલા પ્રજાપતિને, અથવા સૂર્યને) ધારણ કરતાં અને યજ્ઞને જન્માવતાં પાણીને જેણે (= જે પ્રજાપતિએ) (પોતાના) મહિમાથી જોયાં છે; જે દેવોની અંદર અધીશ્વર (अधि**) હોવા ઉપરાંત એક (= અદ્વિતીય) દેવ હતો/છે. તેવા 'ક' નામના પ્રજાપતિ દેવને (અમે) હવિષ્‌થી પૂજીએ છીએ. (૧૦–૧૨૧–૮)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નોંધ : (૧) સાતમા મંત્રની જેમ અહીં પણ અનુવાદમાં પહેલાં બીજા પાદને લઈને, यः (प्रजापतिः) आपः =अपः पर्यपश्यत् । એવું વાક્ય લેવાનું છે. સાયણ સૂચવે છે કે आपः એવા પ્રથમાન્ત પદને अपः એમ વિભક્તિવ્યત્યય કરીને દ્વિતીયાન્ત રૂપે ફેરવવાનું છે; એટલે કે તેને पर्यपश्यत् ક્રિયાપદનું કર્મ બનાવવાનું છે, તથા (दक्षं) दधानाः, (यज्ञम्) जनयन्तीः ને ને आपः =अपः નાં વિશેષણ ગણવાનાં છે. (૨) વેંકટે दक्षम् – નો 'સૂર્ય' અર્થ લીધો છે. (૩) यज्ञम् નો અર્થ સાયણે 'યજ્ઞસંબંધી વિકારસમૂહ' કર્યો છે. પણ ઉપર નોંધ્યું છે તેમ પ્રા. વેલણકરના મતે આ બે શબ્દો પણ પ્રજાપતિનો જ ઉલ્લેખ કરે છે એમ માનવું. આ મંત્રમાં પ્રજાપતિએ પોતે જ પોતાની ઉત્પત્તિ પ્રક્રિયા કેવી રીતે અધ્યક્ષ રૂપે જોઈ એનું નિરૂપણ છે. (૩) ચોથો પાદ પુનરાવૃત્તિ છે.

मा नों हिंसीज्जनिता यः पृथिव्या यो वा दिवं सत्यधर्मा जजानं ।

यश्चापश्चन्द्रा बृहतीर्जजान कस्मैं देवायं हविषां विधेम ॥ ९ ॥

मा । नः । हिंसीत् । जनिता । यः । पृथिव्याः । यः । वा । दिवम् । सत्यऽधर्मा । जजानं । यः । च । अपः । चन्द्राः । बृहतीः । जजानं । कस्मैं । देवायं । हविषां । विधेम ॥ ९ ॥

स प्रजापतिः ˅नः अस्मान् ˅मा ˅हिंसीत् मा बाधताम् । ˅यः ˅पृथिव्याः भूमेः ˅जनिता जनयिता स्रष्टा ॥ 'जनिता मन्त्रे' इति णिलोपो निपात्यते । 'उदात्तयणो हल्पूर्वात्' इति पृथिवीशब्दाद्विभक्तेरुदात्तत्वम् । ˅यो ˅वा यश्च ˅सत्यधर्मा सत्यमवितथं धर्म जगतो धारणं यस्य स तादृशः प्रजापतिः ˅दिवम् अन्तरिक्षोपलक्षितान् सर्वान् लोकान् ˅जजान जनयामास ॥ 'जनी प्रादुर्भावे' । णिचि वृद्धौ 'जनीजृष्क्नसुरञ्जः' इति मित्त्वात् 'मितां ह्रस्वः' इति ह्रस्वत्वम् । ततो लिटि 'अमन्त्रे' (पा. सू. ३.१.३५) इति निषेधादाम्प्रत्ययाभावे तिपो णलि वृद्धौ 'लिति' इति प्रत्ययात्पूर्वस्योदात्तत्वम् ॥ ˅यश्च ˅बृहतीः महतीः ˅चन्द्राः आह्लादिनीः ˅अपः उदकानि ˅जजान जनयामास ॥ ऊडिदम्' इत्यादिना अप्शब्दानुदात्तरस्य शस उदात्तत्वम् ॥ तस्मै ˅कस्मै इत्यादि गतम् ॥

इळादधाख्य इष्ट्ययने प्राजापत्यस्य हविषः 'प्रजापते' इत्येषानुवाक्या । सूत्रितं च – 'प्राजापत्य इळादधः प्रजापते न त्वदेतान्यन्यः' (आश्व. श्रौ. २.१४) इति । केशनखकीटादिभिः दुष्टानि हवींष्यनयैवाप्सु प्रक्षिपेत् । सूत्रितं च – 'अपोऽभ्यवहरेयुः प्रजापते न त्वदेतान्यन्यः' (आश्व. श्रौ. ३.१०) इति । चौलादिकर्मस्वप्येषा होमार्था । सूत्रितं च – 'तेषां पुरस्ताच्चतस्र आज्याहुतीर्जुहुयादग्न आयूंषि पवस इति तिसृभिः प्रजापते न त्वदेतान्यन्य इति च' (आश्व. गृ. १.४.४) इति ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુવાદ : જે પૃથિવીનો જન્મદાતા છે તે અમારી હિંસા ના કરો; જે સત્યધર્મા (પ્રજાપતિ)એ દ્યુલોક (વગેરે)ને જન્માવ્યા છે. તથા જેણે આહ્લાદકારી અને વિશાળ જળને જન્માવ્યાં છે તે 'ક' નામના પ્રજાપતિ દેવને (અમે) હવિષ્‌થી પૂજીએ છીએ. (૧૦–૧૨૧–૯)

નોંધ : (૧) यः पृथिव्याः जनिता (अस्ति, सः) नः (= अस्मान्) मा हिंसीत् । જે પૃથિવીને જન્માવનારો છે, તે અમારી હિંસા ન કરે. પહેલો પાદ સ્વયં પર્યાપ્ત છે. (૨) यः सत्यधर्मा दिवं जजान । અહીં 'સત્યધર્મા' શબ્દના પૂર્વપદમાં ઉદાત્તસ્વર છે તેથી તેને બહુવ્રીહિ સમાસ ગણવાનો છે : 'જેનું જગત્‌ને ધારણ કરવું સત્ય છે તે', અર્થાત્ પ્રજાપતિ(નું આ વિશેષણ છે). વળી, दिवम् ને = દ્યુલોકને અન્ય લોકના ઉપલક્ષણ તરીકે લેવાનો છે. એટલે કે "જેણે (પ્રજાપતિએ) દ્યુલોક, અન્તરિક્ષલોક અને પૃથિવીલોકને ઉત્પન્ન કર્યા છે" એમ અર્થ સમજવાનો છે. (૩) यः चन्द्राः बृहतीः अपः जजान । જેણે चन्द्र = ચમકતાં/આહ્લાદકારી અને મોટાં/વિશાળ એવા પાણીને જન્માવ્યાં છે. (વેદમાં चन्द्रः શબ્દનો લગભગ આવો જ અર્થ થતો જોવા મળે છે તે નોંધપાત્ર છે.)

प्रजापते न त्वदेतान्यन्यो विश्वा जातानि परि ता बभूव ।
यत्कामास्ते जुहुमस्तन्नो अस्तु वयं स्याम पतयो रयीणाम् ॥ १२१.१० ॥

प्रजापते न त्वदेतान्ययो विश्वा जातानि परि ता बभूव । यत्कामास्ते जुहुमस्तन्नो अस्तु वयं स्याम् पतयो रयीणाम् ॥ १० ॥

हे ˇप्रजापते ˇत्वत् त्वत्तोऽन्यः कश्चित् ˇएतानि इदानीं वर्तमानानि ˇविश्वा विश्वानि सर्वाणि ॥ 'शेश्छन्दसि बहुलम्' इति शेर्लोपः ॥ ˇजातानि प्रथमविकारभाञ्जि ˇता तानि सर्वाणि भूतजातानि ˇन ˇपरि ˇबभूव न परिगृह्णाति । न व्याप्नोति । त्वमेवैतानि परिगृह्य स्रष्टुं शक्नोषीति भावः । परिपूर्वो भवतिः परिग्रहार्थः । वयं च ˇयत्कामाः यत्फलं कामयमानाः ˇते तुभ्यं ˇजुहुमः हवींषि प्रयच्छामः ˇतत् फलं ˇनः अस्माकम् ˇअस्तु भवतु । तथा ˇवयं च ˇरयीणां धनानां ˇपतयः ईश्वराः ˇस्याम भवेम ॥ 'नामन्यतरस्याम्' ॥ इति नाम उदात्तत्वम् ॥ ॥ ४ ॥

અનુવાદ : હે પ્રજાપતિ ! તમારા સિવાય બીજો કોઈ આ (સામે વર્તમાન) અને તે સઘળાં જન્મેલાં (ભૂતાદિ)ની આસપાસ ફેલાઈને રહેલ ન હતો. જે (ફળ)ની કામના કરતાં (અમે) તને ઉદ્દેશીને હવિષ્ આપીએ છીએ, તે (ફળ) અમને મળો. અમે ધનોના માલિક બનીએ. (૧૦–૧૨૧–૧૦)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નોંધ : (૧) આ મન્ત્રનો પદપાઠ મળતો નથી. તેથી વિદ્વાનો એમ માને છે કે ઋગ્વેદમાં આ ઋચાનું સંકલન પાછળના સમયમાં થયું હશે.[1] (૨) આશ્વલાયન શ્રૌતસૂત્ર અને ગૃહ્યસૂત્રને આધારે સાયણ એમ કહે છે કે કેશ—નખ—કીડી વગેરેથી દુષિત થયેલા હવિષ્ને, આ ઋચા બોલીને પાણીમાં પધરાવવામાં આવે છે તથા ચૌલકર્માદિના હોમમાં પણ આ ઋચા વપરાય છે. (૩) प्रजापते એ સંબોધન પદ હોવા છતાંય પાદના આરંભે હોવાથી, प्र માં ઉદાત્ત સ્વર જોવા મળે છે. (૪) परिबभूव નો અર્થ ચારે તરફ ફેલાયેલ. વેંકટમાધવ કહે છે કે આરાઓની આસપાસ જેમ ચક્ર વીંટળાયેલું હોય છે તેમ, હે પ્રજાપતિ ! તમારા સિવાય બીજો કોઈ (દેવ) આ ભૂતોને ચારે તરફથી વીંટળાયેલો નથી. (૫) जुहुमः — હવિષ આપીએ છીએ, હવિષ્ની આહુતિ આપીએ છીએ, હોમ કરીએ છીએ. (૬) ते = तुभ्यम् = તને ઉદ્દેશીને, (૭) रयीणाम्— ધનોના, रयि એ ધનનું નામ છે. (૮) આ છેલ્લા મંત્રમાં સમગ્ર સૂક્તના પ્રધાન દેવતા 'પ્રજાપતિ'નો ઉલ્લેખ આવે છે, આ શબ્દ "સૃષ્ટિના સર્જક"/"પ્રજાનો પતિ" અર્થનો વાચક છે.

॥ इति शुभं भूयात् ॥

◆ ◆ ◆

---

૧. ટિળક વૈદિક સંશોધન મંડળ, પૂના દ્વારા પ્રકાશિત (શક : ૧૮૬૮) ઋગ્વેદસંહિતા (સાયણભાષ્ય સહિત)માં આ ઋચાનો પદપાઠ આપ્યો નથી. પણ વિશ્વેશ્વરાનન્દ વૈદિક શોધ સંસ્થાન, હોશિયારપુર દ્વારા પ્રકાશિત (વિ. ૨૦૨૨) ઋગ્વેદ (ભાગ—૭)માં આનો પદપાઠ આપ્યો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરિશિષ્ટ-૧

ઋગ્વેદમાં પદપાઠના નિયમો

(૧) વર્ણધ્વનિ અને 'અક્ષર'

ભાષાના નાનામાં નાના એકમને વર્ણ (Phoneme) કે વર્ણધ્વનિ કહેવામાં આવે છે. આ વર્ણધ્વનિ મુખ્યત્વે બે પ્રકારના જોવા મળે છે :

વર્ણધ્વનિ

(अ કારાદિ) સ્વરવર્ણો (= સ્વરધ્વનિઓ), પાણિનિએ જેમને अच् કહ્યા છે.

(क् કારાદિ) વ્યંજનવર્ણો (= વ્યંજન ધ્વનિઓ), પાણિનિએ જેમને हल् કહ્યા છે.

આ બે પ્રકારના વર્ણોમાંથી જે अ કારાદિ (अच्) સ્વરવર્ણો છે, તે अक्षर (syllable)નું સંઘટન કરવાનું કાર્ય કરે છે, अ, आ, इ, ई, उ, ऊ ઇત્યાદિ સ્વરવર્ણોની મદદથી અનેક પ્રકારના अक्षरो ની રચના થાય છે. જેમ કે,

(૧) એકલા સ્વરનો બનેલો અક્ષર (દા. ત., उ)

(૨) એક સ્વર અને એક વ્યંજનનો બનેલો અક્ષર (દા. ત., आम्)

(૩) એક વ્યંજન અને બીજા સ્વરનો બનેલો અક્ષર દા. ત., सा (स् + आ)

(૪) એક વ્યંજન, પછી એક સ્વર અને પછી એક વ્યંજનનો બનેલો અક્ષર (દા. ત., पात् = प् + आ + त्)

(૫) બે વ્યંજન, એક સ્વર અને બે વ્યંજનનો બનેલો અક્ષર (દા. ત., स्पन्द्).

(નોંધ : એકલા વ્યંજનથી કોઈ 'અક્ષર' બનતો નથી.) આમ, સંખ્યાની દૃષ્ટિએ કોઈ એક જ સ્વરવર્ણની મદદથી બનતા 'અક્ષર'ને 'એકાક્ષર' (monosyllable) કહેવામાં આવે છે. બે કે ત્રણ સ્વરવર્ણની મદદથી બનતા અક્ષરને અનુક્રમે 'દ્વ્યક્ષર' કે 'ત્ર્યક્ષર' (disyllable કે trisyllable) કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો उ, च, वै, हि એ એકાક્ષર પદ છે; रामः, नदी, माला તે દ્વ્યક્ષર પદો છે; कमलम्, शङ्करः, पार्वती એ ત્ર્યક્ષર પદો છે. दशरथः, वैनतेयः એ ચતુરક્ષર પદ છે; અને राजपुरुषः એ પંચાક્ષર પદ છે. આ રીતે સંસ્કૃતમાં છ-સાત વગેરે અક્ષરોવાળાં પદો પણ જોવા મળે છે.

(૨) અક્ષરાશ્રિત ઉદાત્તાદિ સ્વરધર્મો

હવે, આવા અક્ષરો (Syllable) ના આશ્રયે 'ઉદાત્ત', 'અનુદાત્ત' અને 'સ્વરિત' નામના ત્રણ ઉચ્ચારણધર્મો (ધ્વનિગુણો) રહેલા હોય છે. જેમ કે,

उदात्तश्चानुदात्तश्च स्वरितश्च त्रयः स्वराः ।
आयामविश्रम्भाक्षेपैस्त उच्यन्ते ॥ अक्षराश्रयाः.....॥ (ऋ० प्रा० ३-१, २).

(ઋગ્વેદમાં મુખ્યત્વે) ત્રણ સ્વરો જોવા મળે છે : (૧) ઉદાત્ત, (૨) અનુદાત્ત અને (૩) સ્વરિત. આ ત્રણેય સ્વરો અનુક્રમે (અર્થાત્ વાયુને કારણે શરીરના અવયવોનું જેમાં ઊર્ધ્વગમન થાય છે), વિશ્રમ્ભ (અર્થાત્ વાયુના કારણે ગાત્રોનું જેમાં અધોગમન થાય

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

છે), તથા આક્ષેપ (અર્થાત્ વાયુને કારણે જેમાં ગાત્રોનું તિર્યગ્ગમન થાય છે. તેવા પ્રયત્નો)થી ઉચ્ચારવામાં આવે છે.[1] વળી, આ (ઉદાત્તાદિ) સ્વર (ધર્મો) 'અક્ષર'ને આશ્રયે રહેલા હોય છે.[2] એમ 'ઋગ્વેદપ્રાતિશાખ્ય'માં કહ્યું છે –

(૩) ઉદાત્ત-સ્વર (ધર્મ)નો પરિચય

ઉદાત્ત : (उद् + आ + √ दा + क्त) "ઉપર ખેંચવામાં આવેલો" આવો ઉદાત્તસ્વર જ ઉપર્યુક્ત ત્રણેય પ્રકારના સ્વરોમાંથી મુખ્ય સ્વર ગણાયો છે. વૈદિક સંસ્કૃત ભાષાના પદોમાં મહદંશે ઓછામાં ઓછો એક અક્ષર ઉદાત્તસ્વર યુક્ત હોવાનો જ. પાણિનિએ પણ વેદની ભાષાનો અભ્યાસ કરીને એક તારણ રજૂ કર્યું છે કે अनुदात्तम् पदम् एकवर्जम् । पा. सू. ६-१-१५२. 'વેદમંત્રોના (મહદંશે) દરેક પદમાં 'એક અક્ષરને છોડીને' બાકીના અક્ષરો અનુદાત્ત સ્વરવાળા જોવા મળે છે." અહીં एकवर्जम् = 'એક અક્ષરને છોડીને' એવા શબ્દોથી, તેમણે 'ઉદાત્ત સ્વર'નો નિર્દેશ કર્યો છે. અર્થાત્ વેદની ભાષાનાં પદોમાં મહદંશે[3] ઓછામાં ઓછો એક અક્ષર ઉદાત્તસ્વર યુક્ત જોવા મળે છે.

---

(૧) 'ઋગ્વેદપ્રાતિશાખ્ય'ના ટીકાકાર લખે છે કે आयामो नाम वायुनिमित्तमूर्ध्वगमनं गात्राणां, तेन य उच्यते स उदात्तः । विश्रम्भो नाम अधोगमनं गात्राणां वायुनिमित्तम् । आक्षेपो नाम तिर्यग्गमनं गात्राणां वायुनिमित्तम् ॥ (ऋ. प्राति. ३-१ इत्यत्र उवटः, पृ. २१३). પાણિનિએ उच्चैरुदात्तः । १-२-२९ અને नीचैरनुदात्तः । १-२-३० સૂત્રોથી કહ્યું છે કે ताल्वादिषु सभागेषु स्थानेषूर्ध्वभागेषु निष्पन्नोऽजुदात्तसंज्ञकः । ताल्वादिषु सभागेषु स्थानेष्वधोभागेषु निष्पन्नोऽजनुदात्तसंज्ञकः । (इति सिद्धान्तकौमुदी) (૧) તાલુ વગેરે ઉચ્ચારણ સ્થાનોમાંના ઉપરના ભાગેથી નિષ્પન્ન થતો જે સ્વર તે 'ઉદાત્ત' છે, અને (૨) નીચેના ભાગેથી નિષ્પન્ન થતો સ્વર 'અનુદાત્ત' છે. પરંતુ "તાલુ વગેરે ઉચ્ચારણ સ્થાનોમાં ક્યાં/કયો 'ઉપરનો' કે 'નીચેનો' ભાગ" તે નક્કી કરવું વિવાદાસ્પદ છે.

(૨) ઉદાત્તાદિને (પણ) 'સ્વર' કહેવાયા છે. પરંતુ આ ઉદાત્તાદિ ત્રણ સ્વરો ઉચ્ચારણધર્મો છે; અને 'અક્ષર' સંઘટનનું કાર્ય કરનારા अ, आ, इ, ई વગેરે સ્વર ધ્વનિઓની અંદર આ ઉદાત્તાદિ ત્રણ ઉચ્ચારણધર્મો રહે છે. આથી આ अ, आ, ई વગેરે સ્વરધ્વનિઓને ધર્મી (ગુણી) કહેવાય છે.

(૩) 'મહદંશે' એમ એટલા માટે કહીએ છીએ કે - (૧) વેદમન્ત્રોમાં મુખ્ય વાક્યના ક્રિયાપદ તરીકે જે પદ આવેલું હોય છે, તે પદમાં એકપણ ઉદાત્ત સ્વરવાળો અક્ષર હોતો નથી. દા. ત., अ॒ग्निमी॑ळे पु॒रोहि॑तम् । (अ॒ग्निम् । ई॒ळे । पु॒रः॒ऽहि॑तम् ।) ऋ. सं. १-१-१ એ ઉદાહરણમાં ई॒ळे મુખ્ય વાક્યનું ક્રિયાપદ હોવાથી તે પદમાં બન્ને અક્ષર અનુદાત્ત સ્વરવાળા છે, તેમાં એકપણ અક્ષર ઉદાત્ત સ્વરવાળો નથી. આ જ પ્રમાણે, च वै ह જેવા નિપાતો અને अस्मद्, युष्मद् નાં नः, वः જેવાં વૈકલ્પિક રૂપોમાં પણ ઉદાત્ત સ્વર રહેતો નથી, તે પદો સર્વાનુદાત્ત જ હોય છે.

વળી પાદાદિમાં ન આવ્યું હોય એવું સંબોધનવાચક પદ, દા. ત., (हे) इन्द्र માં પણ એક પણ અક્ષર ઉદાત્ત સ્વરવાળો હોતો નથી; અર્થાત્ તેમાં પણ સર્વાનુદાત્ત જોવા મળે છે, વળી, (૨) જે પદના એકાદ અક્ષરમાં મુખ્ય સ્વર તરીકે ઉદાત્તસ્વર નથી હોતો, ત્યાં ક્યારેક 'સ્વતન્ત્રસ્વરિત' પ્રકારનો પણ મુખ્ય સ્વર હોઈ શકે છે. આથી 'મહદંશે' એવા શબ્દથી પૂર્વોક્ત નિયમમાં સંકોચ રજૂ કર્યો છે. (આવા સ્વતન્ત્ર સ્વરિતની આગળ ઉપર આપણે વિસ્તારથી ચર્ચા કરવાના જ છીએ.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઋગ્વેદમાં આ મુખ્ય સ્વર(ઉદાત્ત)ને નોંધવા માટે કોઈ ચિહ્ન વપરાતું નથી. દા.ત., यज्ञेनं । અહીં ज्ञे અક્ષરમાંનો ए સ્વરવર્ણ ઉદાત્તસ્વર (= એક પ્રકારના ઉચ્ચારણ ધર્મ)થી વિશિષ્ટ/યુક્ત છે; અને તેને નોંધવા માટે (= તે ઉદાત્તસ્વરનું અંકન કરવા માટે) ઋગ્વેદમાં કોઈ ચિહ્નનો ઉપયોગ થતો નથી. (આપણી સગવડ ખાતર આપણે તેની = ઉદાત્ત સ્વરવાળા અક્ષરની નીચે (०) બિન્દુ મૂકીશું.[४] જેમ કે, यज्ञेनं ।

(૪) અનુદાત્ત સ્વર(ધર્મ)નો પરિચય

અનુદાત્ત : "ઉપર નહીં ખેંચાયેલો", ઉદાત્ત સ્વરવાળા અક્ષરની આગળના (=પુરોગામી) અક્ષરને 'અનુદાત્ત' ગણવામાં આવે છે; અને તે સ્વર (ઉચ્ચારણ ધર્મ)ની નોંધ લેવા માટે ઋગ્વેદમાં, તે અક્ષરની નીચે (-) આડી લીટી કરવામાં આવે છે. જેમકે, यज्ञेनं । અહીં य (य् + अ) અક્ષર (માંનો अ સ્વરધ્વનિ) અનુદાત્તસ્વર (=ઉચ્ચારણ ધર્મ) વિશિષ્ટ છે; એની નોંધ લેવા માટે તે य અક્ષરની નીચે (-) આડી લીટી કરવામાં આવી છે.

(૫) સ્વરિત સ્વર(ધર્મ)નો પરિચય

(૫) સ્વરિત : પાણિનિના अनुदात्तं पदम् एकवर्जम् । पा.सू. ६-१-१५२ એવા પૂર્વોક્ત સૂત્ર અનુસાર, વૈદિક સંસ્કૃત ભાષાનાં પદોમાં એક અક્ષરને છોડીને બાકીના બીજા બધા અક્ષરો (સ્વરધ્વનિઓ) અનુદાત્ત હોય છે. અર્થાત્ મહદંશે દરેક પદમાં એક અક્ષર ઉદાત્તસ્વરયુક્ત હોવાનો, અને બાકીના બીજા બધા અનુદાત્તસ્વર યુક્ત હોવાના. આમ, (જે અક્ષરમાં ઉદાત્તસ્વર હોય તેની આગળના અક્ષરને અનુદાત્તસ્વર યુક્ત (य) ગણવામાં આવ્યો છે; અને) ઉદાત્ત સ્વરયુક્ત અક્ષરની પાછળનો અક્ષર પણ મૂળમાં અનુદાત્ત સ્વરવાળો જ હોય છે. પરંતુ, એવો નિયમ છે કે તે ઉદાત્તસ્વરવાળા અક્ષરની પાછળ આવેલો અનુદાત્ત સ્વર સ્વરિતસ્વરમાં (રૂપે) પરિણમે છે. દા. ત., यज्ञेन । → यज्ञेनं ॥ આવા ફેરફારની નોંધ લેતું પાણિનીય સૂત્ર આ પ્રમાણે છે : उदात्ताद् अनुदात्तस्य स्वरितः । पा. सू. ८-४-६३. "ઉદાત્ત સ્વરની પરમાં આવેલો અનુદાત્ત સ્વર 'સ્વરિત સ્વર' રૂપે પરિણમે છે." તૈત્તિરીય પ્રાતિશાખ્યમાં પણ કહ્યું છે કે – उदात्तात् परोऽनुदात्तः स्वरितम् ॥ (तै. प्रा. १४-२९). જેમ કે, ઉપર્યુક્ત ઉદાહરણમાં ઉદાત્ત સ્વરવાળા ज्ञे અક્ષરની પાછળ આવેલો અનુદાત્ત સ્વરવાળો न અક્ષર સ્વરિત સ્વરવાળો (नं) બને છે. આમ, ઉદાત્તસ્વર-વાળા અક્ષરની પરમાં આવેલા જે અનુદાત્ત સ્વરનું સ્વરિતસ્વરમાં પરિવર્તન થાય છે તેનું અંકન કરવા માટે, તે સ્વરિત સ્વરવાળા અક્ષરની ઉપર (।) ઊભી લીટીનો ઉપયોગ કરવામાં આવે છે.

---

(૪) યુરોપીય ભાષાઓમાં ઉદાત્ત સ્વરભાર/બલાઘાત (Accent/Stress) નોંધવા માટે, જે અક્ષર (Syllable) ઉદાત્ત સ્વરયુક્ત હોય તેની ઉપર 'આવી નિશાનીનો ઉપયોગ થાય છે : यज्ञे । = yajnoe' na. આ ઉદાત્તસ્વરને સૂરાત્મક હોવાનું કલ્પીને કેટલાક તેને rising tone- આરોહાત્મક સૂર કહે છે, પરંતુ આ વિષે કશું પણ નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૬) પ્રચયસ્વરનો પરિચય

(૬) પ્રચય : ઉદાત્તાદિ ત્રણ સ્વરોનું વિવરણ કરવાની સાથે જ, પ્રાસંગિક રીતે 'પ્રચય' સ્વરની પણ ચર્ચા કરવી જોઈએ. જે અક્ષરને આશ્રયે સ્વરિત સ્વર રહેલો હોય તેની પાછળ. જ્યાં સુધી અનુદાત્ત સ્વર (ની નિશાની) ન આવે ત્યાં સુધીના વચગાળાના-બધા જ અક્ષરોમાં 'પ્રચય' સ્વર રહેલો હોય છે. ઋગ્વેદ પ્રાતિશાખ્યમાં લખ્યું છે કે स्वरितादनुदात्तानां परेषां प्रचयस्वरः । (३-१९) ઋગ્વેદમાં આ પ્રચય સ્વરનું પણ અંકન કરવા માટે (ઉદાત્તસ્વરની જેમ જ) કોઈ જ નિશાની કરવામાં આવતી નથી. પરંતુ આપણી સગવડ/ઓળખ ખાતર આવા પ્રચય સ્વરવાળા અક્ષરની નીચે આપણે (X) ચોકડીની નિશાની મૂકીશું.

ઋગ્વેદના પહેલા મન્ત્રને ઉદાહરણ તરીકે લઈને આ દરેક ઉદાત્તાદિ સ્વરને જોઈશું :

अ॒ग्निमी॑ळे पु॒रोहि॑तं य॒ज्ञस्य॑ दे॒वमृ॒त्विज॑म् ।

होता॑रं रत्न॒धात॑मम् ॥ (ऋ. सं. १-१-१).

ઉપર કહ્યું છે તેમ ઋગ્વેદ (ની મુદ્રિત આવૃત્તિઓ કે હસ્તલિખિત પ્રતો)માં ઉદાત્ત અને પ્રચયને નોંધવા માટે કોઈ ચિહ્ન વપરાયું/તું નથી (આથી તે બે સ્વરોની ઓળખ દુષ્કર બને છે.) પરંતુ આપણી સગવડ ખાતર, તે બે સ્વરોને અલગ તારવીને ઓળખવા માટે આપણે તે બેને અનુક્રમે (૦) બિન્દુ અને (×) ચોકડીની નિશાનીથી દર્શાવ્યા છે.

(૭) પદપાઠની ભૂમિકા

શાકલ્ય મુનિએ વેદમન્ત્રોનો પદપાઠ તૈયાર કર્યો હશે ત્યારે એમના મનમાં પદપાઠનો મુખ્ય સિદ્ધાન્ત એ રહ્યો લાગે છે કે સંહિતા (= સન્ધિ)ના નિમિત્તે બે પદોની વચ્ચે થયેલા બધા જ ધ્વનિવિકારોને દૂર કરીને તેને એના મૂળ/શુદ્ધ રૂપે-પ્રકૃતિ સ્વરૂપે-રજૂ કરવાં. પરિણામે, તેમણે પદસંહિતાના નિમિત્તે થયેલાં દીર્ઘત્વ, ગુણ, વૃદ્ધિ, લોપ અનુનાસિકત્વ, અનુસ્વારત્વ, તાલવ્યભાવ, મૂર્ધન્યભાવ, વિસર્જનીયવિકાર આદિને દૂર કરીને પદપાઠમાં પદોને અસંહિત રૂપે રજૂ કર્યાં છે. વળી, અર્થબોધના પ્રસંગે કોઈ વિપ્રતિપત્તિ ના રહે એટલા માટે જ્યાં ઉપસર્ગનો ધાતુની સાથે સંયોગ કરીને સંહિતાપાઠમાં રજૂઆત થઈ હોય કે બે નામપદો વચ્ચે સમાસ થયો હોય ત્યાં તેવા બે જુદા જુદા અર્થઘટકોને અવગ્રહની મદદથી પૃથક્કૃત કરીને પદપાઠમાં દર્શાવ્યા છે. એ જ પ્રમાણે, અમુક રૂપોની વ્યાકરણિક કોટિ સ્પષ્ટ કરવા માટે એમણે, તેવા રૂપોને પદપાઠમાં મૂકીને તેની પાછળ इति એવો નવો શબ્દ ઉમેર્યો છે. (આવા દરેક મુદ્દાનું વિગતે સોદાહરણ વર્ણન આગળ ઉપર કરીશું.)

હવે, પદપાઠની પ્રક્રિયામાં જે એક-બે પારિભાષિક શબ્દો વપરાય છે તેનો પરિચય કરી લઈશું. સંહિતામાં પદચ્છેદ કરીને, સન્ધિજન્ય વિકારોને દૂર કરીને પદોનું જે પ્રકૃતિદર્શન કરાવવામાં આવે છે તેને સમાપત્તિ (= પદને મૂળ સ્થિતિમાં મૂકી બતાવવું)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કહેવામાં આવે છે. તથા પદચ્છેદ કરીને દર્શાવેલા પ્રત્યેક પદને સમાપાદ્ય (= મૂળ સ્થિતિમાં લાવીને મૂકેલા) કહે છે.

બીજું, પદપાઠની પ્રક્રિયામાં (૧) ઉપર્યુક્ત 'સમાપત્તિ'નું કામ કરવા ઉપરાંત; (૨) બે પદો વચ્ચે સન્ધિ થવાથી પૂર્વ પદનો અંતિમ સ્વર અને તેની પાછળના પદનો આદિ સ્વર પણ પરસ્પરમાં મળીને, સંહિતાપાઠમાં તે જુદી રીતે વ્યક્ત થયા હોય છે. હવે, સંહિતાને કારણે પરિવર્તિત થયેલાં આવાં બે પદોના ઉદાત્તાદિ સ્વરને પણ મૂળ સ્થિતિમાં લાવી પદપાઠમાં દર્શાવવાના હોય છે.

(૮) 'સમાપત્તિ'ના નિયમો

ઋગ્વેદના મન્ત્રોનો શાકલ્યે જે પદપાઠ રજૂ કર્યો છે તેના એક-બે નમૂના જોઈશું. ત્યાર પછી, બે પદો વચ્ચેના સન્ધિજન્ય વિકારો દૂર કરીને, એના મૂળ સ્વરૂપે સ્થાપતી વખતે-સમાપત્તિ કરતી વખતે-શાકલ્યે કયા નિયમો કામે લગાડ્યા છે ? એનો અભ્યાસ શરૂ કરીશું.

ઉદાહરણ–૧ (સંહિતાપાઠ)

न त्वावाँ अन्यो दिव्यो न पार्थिवो न जातो न जनिष्यते ।

अश्वायन्तो मघवन्निन्द्र वाजिनो गव्यन्तस्त्वा हवामहे ॥ (ऋ. ७-३२-२३)

પદપાઠ :

न । त्वाऽवान् । अन्यः । दिव्यः । न । पार्थिवः । न । जातः । न । जनिष्यते । अश्वऽयन्तः । मघऽवन् । इन्द्र । वाजिनः । गव्यन्तः । त्वा । हवामहे ॥

અહીં, સંહિતાપાઠના પદોની વચ્ચે થયેલી સન્ધિઓને દૂર કરી દેતી વખતે શાકલ્યે જે કેટલાક સન્ધિજન્ય વિકારોને દૂર કર્યા છે તે નીચે પ્રમાણે છે :

સંહિતાપાઠમાં		પદપાઠમાં
(૧) त्वावाँ	→	। त्वाऽवान् ।
(૨) अन्यो	→	। अन्यः ।
(૩) अश्वायन्तो	→	। अश्वऽयन्तः ।
(૪) मघवन्निन्द्र	→	। मघऽवन् । इन्द्र ।
(૫) गव्यन्तस्त्वा	→	गव्यन्तः । त्वा ।

અહીં પહેલા ઉદાહરણમાં સંહિતાપાઠમાં જોવા મળતા અનુનાસિકત્વને પદપાઠમાં દૂર કરવામાં આવેલ છે. બીજા ઉદા.માં अन्यो પદમાંના ઓ કારને પદપાઠમાં વિસર્ગ (:) રૂપે ફેરવવામાં આવેલ છે; ત્રીજા ઉદા.માં આ મન્ત્રના છન્દો બંધારણને જાળવવા પાદરંભે આવેલા બીજા અક્ષરને 'ગુરુ કરવા જે દીર્ઘત્વ કરવામાં આવ્યું છે, તેને પદપાઠમાં ફરીથી મૂળ હ્રસ્વ રૂપે (= अश्वा → अश्व) ફેરવવામાં આવ્યું છે, ચોથા ઉદા.માં બે न् કારમાંથી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એક નુદ્ આગમનો ન્ કાર પદપાઠમાં પાછો ખેંચી લેવામાં આવ્યો છે; તથા પાંચમાં ઉદા.માં જે સ્ કારનું શ્રવણ થાય છે તેને પદપાઠમાં વિસર્ગરૂપે સ્થાપવામાં આવેલ છે.

ઉદાહરણ-૨ (સંહિતાપાઠ)

यत्रा वदेते । अवरः परश्च यज्ञन्योः कतरो नौ वि वेद । (ऋ १०-८८-१७)

પદપાઠ :

यत्रं । वदेते इतिं । अवंरः । परः । च

य ज्ञन्योः । कतरः । नौ । वि । वेद ॥

અહીં (૧) સંહિતાપાઠના वदेते પદને, પદપાઠમાં એક નવા इति શબ્દનો ઉમેરો કરીને દર્શાવ્યું છે; તથા (૨) यज्ञन्योः પદ (સામાસિક પદ છે એવું સ્પષ્ટ કરવા તે)ને પદપાઠમાં અવગ્રહ સાથે દર્શાવ્યું છે. - આમ હવે એ તપાસવાનું રહે છે કે પદપાઠકારે સમાપત્તિની (=પદોને સન્ધિમુક્ત કરીને એના મૂળ સ્વરૂપે મૂકી આપવાની) પ્રક્રિયા દરમિયાન કયા કયા નિયમોનું પાલન કર્યું છે.

(૧) નિયમ : સન્ધિને કારણે થયેલા ધ્વનિવિકારોને દૂર કરવા જોઈએ. જેમ કે,

(क) બે સ્વર પાસે પાસે આવવાથી થયેલી સન્ધિ છોડી કાઢવી.

દા. ત., (૧) वाजायामृताय → । वाजाय । अमृताय ।

(૨) आत्मेन्द्रस्य → । आत्मा । इन्द्रस्य ।

(૩) भुवनेष्वर्पितः → । भुवनेषु । अर्पितः ।

(ख) બે વ્યંજન પાસે પાસે આવવાથી થયેલી સન્ધિ છોડી કાઢવી.

દા. ત., (૧) सोमं मनीषाः → । सोमम् । मनीषाः ।

(૨) सहस्रजिद्धिन्वानो → । सहस्रजित् । हिन्वानः ।

(૩) कृत्व्यो रसो → । कृत्यः । रसः ।

(ग) એક વ્યંજનની પાછળ સ્વર આવવાથી થયેલી સન્ધિ છોડી કાઢવી.

દા. ત., (૧) राजानमस्य → । राजानम् । अस्य ।

(૨) क्षरदिन्द्रस्य → । क्षरत् । इन्द्रस्य ।

(૩) कोशाँ अचिक्रदत् → । कोशान् । अचिक्रदत् । વગેરે વગેરે.

(૨) નિયમ : સન્ધિજન્ય વિકારોને દૂર કરીને પૃથક્કૃત કરેલા પ્રત્યેક (સમાપાદ્ય) પદોની પાછળ ઊભો દંડ મુકવો. જેમ કે,

अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् । (સંહિતા) – अग्निम् । ईळे । पुरःऽहितम् । यज्ञस्य । देवम् । ऋत्विजम् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૩) પદપાઠમાં इतिं કરણ ક્યારે કરવું ? એ અંગેનો નિયમ :

(क) દીર્ઘ ई કારાન્ત, દીર્ઘ ऊ કારાન્ત અને ए કારાન્ત દ્વિવચનનાં રૂપોને 'પ્રગૃહ્ય' કહેવામાં આવે છે. આવાં પ્રગૃહ્યસંજ્ઞક પદોની પાછળ પદપાઠમાં इतिं એવું નવું પદ ઉમેરીને દર્શાવવામાં આવે છે. (આવું નવું ઉમેરેલું इतिं પદ હંમેશા આદ્યુદાત્ત હોય છે, તેથી = तिं ની ઉપર સ્વરિત સ્વરની નિશાની મૂકવાની હોય છે.) જેમ કે,

द्यावांपृथिवी → । द्यावांपृथिवी इतिं ।

हरीं → । हरी इतिं ।

साधू → । साधू इतिं ।

उभे यतेतें → । उभे इति । यतेते इतिं ।

(ख) સંબોધનવાચક ओ કારાન્ત પદો કે ओ કારાન્ત અવ્યયોની પાછળ પણ પદપાઠમાં इतिं કરણ કરવામાં આવે છે.

(૧) । वायो इतिं । (૨) । इन्द्रो इतिं । (૩) अथो इति । (૧૦-૯૦-૫)

(ग) अस्मद्-युष्मद् ના વેદમાં વપરાયેલાં જે ए કારાન્ત રૂપો હોય તેને પદપાઠમાં इतिं કરણ સાથે દર્શાવાય છે.

अस्मे इतिं । युष्मे इतिं । (૧૦-૭-૪)

(घ) સંહિતામાં આવેલા उ નિપાતને પણ પ્રગૃહ્યસંજ્ઞક ગણીને પદપાઠમાં તેનો દીર્ઘ કરીને, તથા અનુનાસિકત્વની નિશાની સાથે મુકાય છે અને તેની પાછળ इतिं કરણ પણ કરાય છે. જેમ કે,

उ → । ऊँ इतिं ।

(ङ) રિફિત (=રેફમાંથી જન્મેલા) વિસર્જનીયના રેફમૂલત્વને પ્રકટ કરવા માટે પદપાઠમાં इतिं કરણ કરવામાં આવે છે.

प्रातः सोमंम् (૭-૪૧-૧) → । प्रातर् इतिं ।

पुनः सत्यमंन्त्राः (૧-૨૦-૪) → पुनर् इतिं ।

अहः स्वर्विविदुः (૧-૭૧-૨) → । अहरितिं ।

વિશેષ : રેફાન્ત શબ્દ જો સંહિતામાં પણ રેફયુક્ત જ સંભળાતો હોય (એટલે કે તે રેફનો સંહિતામાં વિસર્ગ ના થઈ ગયો હોય તો) તેવા શબ્દના પદપાઠમાં इतिं કરણ થતું નથી. દા. ત.,

प्रातरग्निम् । (૭-૪-૧) → । प्रातः । अग्निम् ।

(૪) નિયમ : સંહિતામાંથી પદોને છુટાં પાડીને પદપાઠમાં દર્શાવીએ ત્યારે ક્યાં ક્યાં પદોમાં વચ્ચે 'અવગ્રહ'ની નિશાની મૂકવામાં આવે છે એ અંગેના નિયમો :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(क) ઉપસર્ગ સહિત ક્રિયાપદનો (એકપદ રૂપે) પ્રયોગ થયો હોય ત્યારે પદપાઠમાં તેમને અવગ્રહથી પૃથક્કૃત કરીને દર્શાવાય છે.

(૧) उ॒प॒या॒थः (૧-૩૪-૧) → । उ॒प॒ऽया॒थः ।

(૨) કોઈ ક્રિયાપદમાં બે ઉપસર્ગ વપરાયા હોય તો, પ્રથમ ઉપસર્ગની પાછળ અવગ્રહની નિશાની મુકાય છે :

प्र॒त्यांवर्तय (૬-૪૭-૧) → । प्र॒ति॒ऽआवर्तय ।

વિશેષ : संस्कृतम् । કે संस्कृतः । (૫-૭૬-૨, ૮-૩૩-૯) શબ્દોને પદપાઠમાં અવગ્રહથી છૂટા પડતા નથી.

(ख) સંહિતામાં આવેલા સામાસિક શબ્દને પદપાઠમાં દર્શાવતી વખતે બે પદોની વચ્ચે અવગ્રહ મૂકીને પૃથક્કૃત કરીને લખાય છે :

पु॒रोहि॑तम् (૧-૧-૧) → । पु॒रःऽहि॑तम् ।

राजपुरुषः → । राजऽपुरुषः ।

વિશેષ (૧) : બેથી વધારે પદો ભેગા મળીને સામાસિક શબ્દ બન્યો હોય તો છેલ્લા શબ્દની પૂર્વમાં (કેવળ એકવાર) અવગ્રહ વપરાય છે.

– प्र॒जाप॑तिः । → प्रजाऽपतिः (અહીં प्र + जा + पतिः એવાં ત્રણ પદોનો સમાસ છે.)

– प्र॒जाप॑तिसृष्टः । – । प्र॒जाप॑तिऽसृष्टः ।

વિશેષ (૨) : દેવતા દ્વન્દ્વ સમાસ તથા નञ्‌સમાસમાં અવગ્રહ વપરાતો નથી.

– इ॒न्द्रा॒व॒रु॒णा । (૩-૬૨-૧) → । इ॒न्द्रा॒व॒रु॒णा ।

– अ॒वीरांः । (૭-૪-૬) → । अ॒वीरांः ।

(ग) भ्याम्, भिस्, भ्यस्, सु વિભક્તિ પ્રત્યયો પણ (પદપાઠમાં) અવગ્રહથી પૃથક્કૃત કરીને દર્શાવાય છે.

स॒मत्सु॑ (૧-૬૬-૬) → । स॒मत्ऽसु॑ ।

सप्तमातृभिः (૧-૩૪-૮) → । सप्तमातृऽभि : ।

प॒द्भ्यां भू॒मि॒र् (૧૦-૯૦-૧૪) → । पतऽभ्याम् ।

વિશેષ : પણ જો भ्याम्, भिस् પ્રત્યયની પૂર્વે દીર્ઘસ્વર (= ગુરુ અક્ષર નહીં) હોય તો અવગ્રહ મુકાતો નથી. દા. ત., देवेभिः । (૧-૧-૫) → । देवेभिः ।

(ङ) અમુક પ્રત્યયો-જેવા કે, (૧) ઇચ્છાદર્શક क्यच् = य પ્રત્યય, (૨) क्वसु = वस् પ્રત્યય અને કેટલાક તદ્ધિતના પ્રત્યયો દા.ત., (૩) मत्–वत् (૪) त्व, (૫) था,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(६) तर, तम, (७) त्रा (८) धा, (९) शस् (शः), (१०) ताति, (११) मय प्रत्ययोने पण पदपाठमां अवग्रहथी दर्शावाय छे जेम के,

सुम्नयुः → । सुम्नऽयुः ।

पपिवान् → । पपिऽवान् ।

समीवन्तः → । समीऽवन्तः । (१०-६-६)

इन्द्रवाततमाः → । इन्द्रवातऽतमाः । (")

(५) **नियम :** इतिं करण अने अवग्रह बन्नेनी प्रवृत्ति करवी पडे एवा सन्दर्भो :

(क) प्रगृह्यसंज्ञक द्विवचननां रूपोमां समास पण थयो होय तो तेवा शब्दना पदपाठमां पहेलां इतिं करण करीने, पछी समासना उत्तरपदनी पूर्वे अवग्रहनो प्रयोग थाय छे. जेम के,

(१) संयती → । संयती इतिं सम्ऽयती ।

(२) अश्वेइव (३-३३-१) → । अश्वे इवेत्यश्वेऽइव ।

(**नोंध :** पदपाठमां पण इतिं करणना प्रसंगोए जो सन्धि करवी पडे तो =प्राप्त थती होय तो तेवी सन्धि करवी अनिवार्य छे.)

(३) पंथिरक्षी (१०-१४-११) → । पथिरक्षी इतिं पथिऽरक्षी ।

(ख) संबोधन पद, के जे ओ कारान्त (= प्रगृह्यसंज्ञक) होय अने समासथी बनेलुं होय तो पदपाठमां पहेलां इतिं करण करीने, **पछी** समासना उत्तरपदनी पूर्वे अवग्रहनो प्रयोग पण करवामां आवे छे. दा. त.,

शंतक्रतो (१०-११२-६) → । शतक्रतो इतिं शतऽक्रतो ।

(६) नियम : इतिं करण अने 'चर्चा' (= पुनरुच्चारण)ना सन्दर्भो

(क) संहितापाठमां जे आख्यात पदोना अंतमां, रेफित (= रेफमाथी जन्मेलो) विसर्जनीय मळे छे; तेना पदपाठमां पहेलां इतिं करण, अने पछी ते पदनुं पुनरुच्चारण करवामां आवे छे. जेम के,

(१) भाः पंरावतः → । भारिति भाः । पराऽवतः ।

(२) वेदनाकः → । वेदंना । अकरित्यंकः । = (अकर् इति अकः)

(३) पूरवें कः → । पूरवें । करितिं कः ।

(अहीं किम् सर्वनामनुं पुलिंग प्र. वि. ए. व.नुं कः रूप होय तो आवुं इतिकरण अने 'चर्चा' थती नथी. पण क्रियापदना रूप तरीके कः रूप आव्युं होय तो ज आवुं करिति कः । थाय छे.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૪) वह्निरावः (३-५-१) → । आवरित्यावः ।

(૫) वेः (१०-५-१) → । वेरिति वे : ।

(૭) નિયમ : છાન્દસદીર્ઘ (= સામવશ) સન્ધિવાળાં પદોના પદપાઠની વ્યવસ્થા અંગેનો નિયમ.

(क) ઋચાઓ છન્દોબદ્ધ હોવાથી ક્યારેક છન્દો બંધારણ મેળવવા માટે અમુક નિપાતોને સંહિતાપાઠમાં દીર્ઘ (સ્વરાન્ત) કરીને વાપર્યા હોય છે. તેમનો પદપાઠ કરતી વેળાએ તેમને ફરીથી હ્રસ્વ કરીને દર્શાવવાના હોય છે. જેમ કે –

अच्छा → अच्छ । अथां (१०-१४-१०) → । अथ । घा → (१०-१०-१०) । घ । આવાં કેટલાક અવ્યયપદો આ પ્રમાણે છે : अच्छ, अति, अथ, अद्य, अध, अव, उत, एव, किल, घ, न, प्र, स्म, ह, इव, इह, च, अत्र, उभयत्र, कुत्र, तत्र, नु વગેરે.

(ख) આથી ઉલટું 'उ' એવા નિપાત = અવ્યયની બાબતમાં જોવા મળે છે. જેમ કે, તે उ અવ્યય સંહિતાપાઠમાં હ્રસ્વ સ્વર રૂપે વપરાયો હોય છે, પણ તેને પદપાઠમાં દર્શાવવાનો હોય તો તેને દીર્ઘ ऊ કરીને સાનુનાસિક (= અનુનાસિકત્વની બિન્દી ચઢાવીને इतिं કરણ સાથે) વાપરવાનો હોય છે :

उ → । ऊँ इतिं ।

*

આ નિયમોની મદદથી સૌથી પહેલાં જે સંહિતાપાઠ આપેલો હોય, તેમાંથી એક પછી એક પદને (૧) **સન્ધિ છોડી કાઢીને** તેના મૂળ સ્વરૂપમાં લાવીને, પ્રત્યેક પદને બે ઊભા દંડની વચ્ચે મૂકી દેવાં; તથા (૨) તેવે વખતે ઉપર વર્ણવેલા નિયમો મુજબ જો તે પદમાં અવગ્રહ મૂકવાની જરૂર હોય, इति કરણથી દર્શાવવાની જરૂર હોય (વગેરે) તો તે મુજબ સંસ્કાર કરીને તેને પદપાઠમાં = બે ઊભા દંડની વચ્ચે દર્શાવવા. **આટલું 'સમાપત્તિ'નું કાર્ય કરી લીધા પછી** (૩) સંહિતાપાઠમાં (જ) જે બે નિશાનીઓ [(૧) અનુદાત્તની અને (૨) સ્વરિતની]આપી હોય, તેની મદદથી બાકીના બે (= પ્રકટપણે નહિ દર્શાવેલા) સ્વરો (= ઉદાત્ત/અથવા સ્વતંત્ર સ્વરિત અને (૨) પ્રચય]ને શોધી કાઢવા આ માટેના નિયમો નીચે પ્રમાણે છે :

(૯) સંહિતામાંથી ઉદાત્ત/સ્વતન્ત્ર સ્વરિત અને પ્રચય શોધવાના નિયમો

ભૂમિકા : (૧) (क) પાણિનિએ વૈદિક મન્ત્રો (ના પદપાઠ)નો અભ્યાસ કરીને એક તારણ રજૂ કર્યું છે. अनुदात्तं पदम्, एकवर्जम् । पा. सू. ६-१-१५२ "વેદના મન્ત્રોના દરેક પદમાં એક અક્ષરને છોડીને, બાકીના દરેક અક્ષર અનુદાત્ત સ્વરવાળા હોય છે." દા. ત., यज्ञेन એવા પાદમાં ज्ञे અક્ષરમાં માની લો કે ઉદાત્ત સ્વર (ધર્મ) રહેલો છે, તો તે 'ज्ञे' સિવાયના બાકીના બે અક્ષર (य અને न) અનુદાત્ત સ્વર (ધર્મ)વાળા હોવાના જેમ કે, यज्ञेन ॥

હવે, પાણિનિનું બીજું નિરીક્ષણ એ છે કે उदात्ताद् अनुदात्तस्य स्वरितः । पा. सू. ८-४-६३ અર્થાત્-" ઉદાત્ત સ્વરવાળા અક્ષરની પાછળ જે અક્ષર અનુદાત્ત સ્વરવાળો આવેલો હોય, તે સ્વરિત બની જાય છે", જેમ કે यज्ञेन → यज्ञेनं ॥ (આમ ज्ञे ના ઉદાત્તની પાછળ આવેલો न નો અનુદાત્તસ્વર સ્વરિત સ્વરમાં ફેરવાઈ જાય છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(१) (ख) ઉપર જે ૬-૧-૧૫૨ સૂત્ર રજૂ કર્યું છે તે મુજબ "વેદમન્ત્રના પ્રત્યેક પદમાં એક અક્ષરને વર્જીને = છોડીને બાકીના અક્ષરો (જ) અનુદાત્ત હોય છે" એમ જે કહેવાયું છે તેનો ગર્ભિતાર્થ એ છે કે અનુદાત્ત સ્વરવાળા અક્ષરોમાંથી જે એક અક્ષરને છોડી દેવાની વાત છે તે એક અક્ષર કયા સ્વરવાળો હશે ? તો એ એક સ્વર ઉદાત્ત સ્વરવાળો અક્ષર હશે. ચાર પ્રકારના સ્વરો (= સ્વરધર્મો)માંથી [(૧) ઉદાત્ત, (૨) અનુદાત્ત, (૩) (પરતંત્રી) સ્વરિત અને (૪) પ્રચયમાંથી] પ્રધાનસ્વર તે આ ઉદાત્ત સ્વર જ ગણાય છે.

[ક્યારેક કોઈક પદમાં પ્રધાન સ્વર રૂપે ઉદાત્ત સ્વર ના હોય, તો ત્યાં એક 'સ્વતન્ત્ર સ્વરિત સ્વર હોવાની સંભાવના છે. આવો 'સ્વતન્ત્ર સ્વરિત' પણ ઉદાત્તની સમકક્ષ પ્રધાન સ્વર જ ગણાય છે. પાણિનિના મનમાં एकवर्जम् શબ્દથી પ્રત્યેક પદમાં કાં તો એક ઉદાત્ત સ્વર કે કાં તો સ્વતન્ત્ર સ્વરિત સ્વર હશે. (અને એ સિવાયના અક્ષરોમાં બીજા બધા અક્ષરો અનુદાત્ત હોવાના) એમ કહેવું અભીષ્ટ છે. આવા સ્વતન્ત્ર સ્વરિત સ્વર વિષે હવે પછીના પૃષ્ઠોમાં વિસ્તારથી ચર્ચા કરીશું.]

(૧) (ગ) ક્યારેક વેદના અમુક શબ્દો, જેવા કે-દેવતાવાચક બે નામોનો દ્વન્દ્વ સમાસ થયો હોય ત્યાં દેવતા દ્વન્દ્વ સમાસવાળા પદમાં એકને બદલે બે પ્રધાન સ્વર =ઉદાત્ત સ્વરવાળા અક્ષરો હોઈ શકે છે : દા. ત., मि॒त्रावरु॑णा । द्या॒वापृथि॒वी । (અહીં બિન્દીવાળા અક્ષરો ઉદાત્ત સ્વરવાળા છે.)

આ સિવાય અન્ય પદો, દા. ત., बृ॒ह॒स्पतिं । માં પણ બે ઉદાત્ત સ્વર મળે છે. (આવાં પદોને 'દ્વ્યુદાત્તપદ' કહે છે.)

(૨) વેદમંત્રના પ્રત્યેક પદમાં સામાન્ય રીતે તો એક અક્ષર ઉદાત્ત સ્વરવાળો (કે ક્યારેક સ્વતંત્ર સ્વરિત સ્વરવાળો) હોવાનો જ. પણ ક્યારેક તેવું ના હોય, અર્થાત્ કોઈ પદમાં બધા જ અક્ષરો અનુદાત્ત સ્વરવાળા હોય તો એવું થવું - એવું પદ મળવું - શક્ય છે. દા. ત., વેદમંત્રમાં (૧) જે મુખ્ય વાક્યનું ક્રિયાપદ હોય, (૨) अस्मद्-युष्मद् નાં વૈકલ્પિક नः, वः જેવા રૂપો હોય, इदम् નું વૈકલ્પિક एनम् રૂપ હોય; (૩) અમુક उ, च વગેરે નિપાતો = અવ્યયો હોય કે (૪) પાદાદિમાં ન આવેલું હોય એવું સંબોધન પદ હોય તો તે 'સર્વાનુદાત્ત' પદ હોય છે. અર્થાત્ આવાં પદોમાં બધા જ અક્ષરો અનુદાત્ત સ્વરવાળા હોય છે.

(૩) આ પરિશિષ્ટના આરંભે જણાવ્યું છે તે મુજબ ઉદાત્તાદિ સ્વર (ધર્મો) 'અક્ષરો'ના આશ્રયે જ રહે છે. આથી જે કેવળ વ્યંજન રૂપ વર્ણો છે (દા.ત., त्, म्), તેમાં કદાપિ ઉદાત્તાદિ સ્વરો રહેતા નથી અને તેમને કોઈ પણ પ્રકારની નિશાની લગાડવામાં આવતી નથી. આ માટે પાણિનીય વ્યાકરણની એક પરિભાષા છે કે स्वरविधौ व्यञ्जनम् अविद्यमानवत् भवति । 'સ્વરવિધિમાં વ્યંજનને ન હોવા બરોબર ગણવામાં આવે છે.'

* * *

ઉદાત્તસ્વર શોધવાના નિયમો

સંહિતાપાઠમાં આપેલા અનુદાત્ત સ્વરનાં (-) ચિહ્નો અને સ્વરિત સ્વરનાં (।) ચિહ્નોને આધારે (પહેલાં સંહિતાપાઠમાં જ) ઉદાત્ત અને પ્રચય સ્વરો કેવી રીતે શોધવા ? તેના નિયમો નીચે મુજબ છે :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૧) સંહિતાપાઠની સ્થિતિમાં જે મંત્ર લખેલો હોય તેમાં જે જે અક્ષર ઉપર સ્વરિત સ્વરની (= ઊભા લીટાની) નિશાની આવેલી હોય, તે સ્વરિત સ્વરની પાછળ, અનુદાત્ત સ્વર (= નીચે આડા લીટાવાળા અક્ષર) સુધી જતાં, વચ્ચે જે ખાલી અક્ષરો (= નિશાની વગરના અક્ષરો) આવેલા હોય તેને 'પ્રચય સ્વર'વાળા જાણવા અને તેમને નીચે (સંહિતાપાઠમાં જ) ચોકડીની (x) નિશાની મૂકી દેવી. દા. ત., सं गच्छस्व पितृभिः ०। → सं गंच्छस्व पितृभिः०। (૧૦-૧૪-૮)

(૨) સ્વરિત સ્વરની નિશાનીવાળા અક્ષરનીપૂર્વે, અનુદાત્ત સ્વર સુધી જતાં, વચ્ચે જે ખાલી (=નિશાની વગરનાં) અક્ષરો આવેલા હોય, તેમને ઉદાત્ત સ્વરવાળા જાણવા; અને તેમની નીચે (સંહિતાપાઠમાં જ) '૦' બિંદીની નિશાની મૂકી દેવી. દા. ત., सप्त क्षरन्ति शिशवे ०। (૧૦-૧૩-૫) - सप्त क्षरन्ति शिशवे ०।

(૩) અનુદાત્ત સ્વરની નિશાનીવાળા બે અક્ષરોની વચ્ચે જે ખાલી અક્ષરો આવેલા હોય તેમને પણ ઉદાત્ત સ્વરવાળા ગણીને, તેમની નીચે '૦' બિંદીની નિશાની મૂકી દેવી. દા. ત.,

मन्द्रो होता स जुह्वा ०। (૧૦-૬-૪) →

मन्द्रो होता स जुह्वा ०।

(૪) સંહિતાપાઠમાં જ્યાં १ કે ३ ની નિશાની મૂકેલી હોય, તેની પાછળના નિશાની વગરના) અક્ષરને પણ ઉદાત્ત જાણવો; અને તેને (સંહિતાપાઠમાં જ) '૦'ની નિશાની દર્શાવવો. દા. ત., तन्वा ३ शूशुजानः । (૧૦-૩૪-૬) → तन्वा ३ शूशुजानः ।

(૫) કોઈ પણ મંત્રના પૂર્વાદ્ધ (= પૂર્વ અર્ધર્ચ) કે ઉત્તરાર્દ્ધ (= ઉત્તર અર્ધચ)ના આરંભે આવેલ અનુદાત્ત કે સ્વરિતની નિશાનીની પૂર્વે જે એક-બે અક્ષર ખાલી (=નિશાની વગરના) હોય તેને પણ ઉદાત્ત સ્વરવાળા જાણવા; અને તેમની નીચે (સંહિતાપાઠમાં જ) '૦' બિંદીની નિશાની મૂકવી. દા.ત., न मां मिमेथ ०। (૧૦-૩૪-૨) → न मां मिमेथ ०। તથા तत्र गावः कितव ०। (૧૦-૩૪-૧૩) → तत्र गावः कितव ०।

(૬) કોઈ પણ મંત્રના પૂર્વાદ્ર્ધના અંત ભાગે કે ઉત્તરાદ્ર્ધના અંત ભાગે છેલ્લા અનુદાત્ત સ્વર(ના આડા લીટાની નિશાની) પછી એકાદ અક્ષર નિશાની વગરનો હોય તો તેને પણ ઉદાત્ત સ્વરવાળો જાણવો, અને એને (સંહિતાપાઠમાં જ) બિંદી '૦'ની નિશાની કરીને ઉદાત્ત જાહેર કરવો. દા. ત., ૦- प्रौक्षन् पुरुषं जातमग्रतः । (૧૦-૯૦-૭) → प्रौक्षन् पुरुषं जातमग्रतः ।

* * *

આ છયે નિયમને વારાફરતી નીચેના મંત્રમાં કામે લગાડીને સંહિતાપાઠમાં આપણને (પહેલેથી આપી રાખેલા અનુદાત્ત અને સ્વરિત સ્વરના ચિહ્નોની મદદથી) જે જે અક્ષરો નિશાની વગરના પડ્યા છે,-તેમાંથી કયો અક્ષર ઉદાત્ત સ્વરવાળો છે અને કયો અક્ષર પ્રચય સ્વરવાળો છે ? તે શોધી કાઢીશું :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

या ओषधीः पूर्वा जाता देवेभ्यस्त्रियुगं पुरा ।

मनै नु बभ्रूणां मह शतं धामानि सप्त च ॥ १०-९७-१

(१) પહેલે તબક્કે, કેવળ જે જે અક્ષર ઉપર સ્વરિત સ્વરની નિશાની (। ઊભો લીટો) આપેલ છે તેની મદદથી ઉપર બતાવેલા પહેલા બે નિયમ કામે લગાડીએ તો - એટલે કે (क) સ્વરિતની પાછળ, અનુદાત્ત સુધી જતાં વચ્ચે જે ખાલી અક્ષર આવે તેને 'પ્રચયં' (x) જાહેર કરીએ; અને (ख) સ્વરિતની પૂર્વે, અનુદાત્ત સ્વર સુધી જતાં, વચ્ચે જે ખાલી અક્ષર આવે તેને ઉદાત્ત (०) સ્વરવાળો જાહેર કરીએ.

या ओषधीः पूर्वा जाता देवेभ्यस्त्रियुगं पुरा ।

मनै नु बभ्रूणामह शतं धामानि सप्त च ॥

(૨) બીજે તબક્કે-નિયમ નં. ૩ કામે લગાડીશું. તેમાં જણાવ્યા પ્રમાણે બે અનુદાત્તની વચ્ચે જે ખાલી અક્ષરો આવેલા હોય તેને ઉદાત્ત જાહેર કરવા તેમની નીચે બિંદીની નિશાની મૂકી દઈશું :

या ओषधीः पूर्वा जाता देवेभ्यस्त्रियुगं पुरा ।

मनै नु बभ्रूणामह शतं धामानि सप्त च ॥

(૩) ત્રીજે તબક્કે-નિયમ નં. ૫ અને ૬ કામે લગાડીએ. તો (क) પૂર્વાર્દ્ધમાં સ્વરિતની પૂર્વે અને ઉત્તરાદ્ર્ધમાં અનુદાત્તની પૂર્વે જે (या, ओ અને म) અક્ષરો નિશાની વગરના છે, તેમને ઉદાત્ત જાહેર કરવા પડશે. તથા (ख) પૂર્વાદ્ર્ધના અંત ભાગે અનુદાત્ત (पु) ની પાછળ નિશાની વગરના ખાલી અક્ષર (रा) ને ઉદાત્ત જાહેર કરવો પડશે. આ મુજબ -

या ओषधीः पूर्वा जाता देवेभ्यस्त्रियुगं पुरा ।

मनै नु बभ्रूणामह शतं धामानि सप्त च ॥

[આમ ઉપર દર્શાવેલા છએ નિયમમાંથી જેટલા નિયમ કામે લગાડાય એમ હોય તે દરેકને વારાફરતી કામે લગાડી લઈને, છેલ્લે તે તપાસી લેવું કે **એક પણ** અક્ષર નિશાની વગરનો તો બાકી રહી જતો નથી ને ? ઉપર જુવો કે પ્રત્યેક અક્ષરને કોઈક ને કોઈક નિશાની મળી ગઈ છે. બીજા શબ્દોમાં કહીએ તો, આપણે સંહિતાપાઠમાં જે બે સ્વરો (અનુદાત્ત અને સ્વરિત)ની નિશાનીઓ આપી રાખી હતી, તેની મદદથી, ઉપર્યુક્ત છ નિયમોને વારાફરતી કામે લગાડીને બાકીના બે સ્વરોને = ઉદાત્ત અને પ્રચયને, (કે જેમને પરંપરાથી સંહિતામાં નિશાની વગરના રાખવામાં આવ્યા હતા, તેમને) આપણે શોધી કાઢ્યા છે.]

* * *

હવે, ૮મા મુદ્દામાં આપેલા 'સમાપત્તિના નિયમો'ને આધારે પદપાઠ તૈયાર કરીશું, તેમાં ત્રણ તબક્કાઓ છે. જેમ કે,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

[નિયમ-૭](क) સંહિતાપાઠમાં બે પદો વચ્ચે જે જે સંધિ થઈ હોય તેને છોડી કાઢવી; જ્યાં इति કરણ કરવાની, કે અવગ્રહાદિ મૂકવાની જરૂર હોય ત્યાં તેમ કરીને; પ્રત્યેક પદને બે ઊભા દંડ વચ્ચે દર્શાવવું. જેમ કે,

याः । ओषधीः । पूर्वाः । जाताः । देवेभ्यः । त्रिऽयुगम् । पुरा ।
मनै । नु । बभ्रूणाम् । अहम् । शतम् । धामानि । सप्त । च ।

[નિયમ-૮] (ख) બીજે તબક્કે-ઉપર જે સંહિતાપાઠમાંથી જે ઉદાત્ત સ્વરવાળા અક્ષરો શોધી રાખ્યા છે (એટલે કે જે '०' બિંદીવાળા અક્ષરો છે) તેમને ઉપરના પદપાઠમાં, જેમાં બધાં પદોને સંધિ છોડીને એક-એક સ્વતંત્ર પદ રૂપે લખ્યા છે, તેમાં કેવળ ઉદાત્તની નિશાની ઉતારી લઈશું.

य़ाः । ओ़षधीः । पू़र्वाः । जाता़ः । देवे़भ्यः । त्रिऽयुगम् । पुरा़ ।
म़नै । नु़ । बभ्रू़णाम् । अह़म् । शतम् । धा़मानि । सप्त़ । च ।★

[નિયમ-૮](ग) ત્રીજે તબક્કે-૧. પ્રત્યેક પદમાં જે એક એક અક્ષર ઉદાત્ત સ્વરવાળો (બિંદીની નિશાનીવાળો) મળ્યો છે તેની આગળ-પાછળ આવેલા અક્ષરોને નીચે પ્રમાણે સ્વરચિહ્નો મૂકવાં.

(૧) ઉદાત્તની પૂર્વે જેટલા અક્ષરો હોય તે દરેકને અનુદાત્તની નિશાની આપવી.

(૨) ઉદાત્તની પાછળ, તરત જે એક અક્ષર આવેલો હોય તેને સ્વરિતની નિશાની આપવી.

(૩) (ઉદાત્તની પાછળ તરત જ આવેલા જે અક્ષરને સ્વરિતની નિશાની આપી હોય, તે) સ્વરિતની પાછળ જો કોઈ બીજા અક્ષરો આવેલા હોય તો તેમને નિશાની વગર છોડી દેવા.

(૪) જે પદના એક પણ અક્ષરમાં ઉદાત્તની નિશાની ના મળી હોય (દા.ત., છેલ્લા च પદમાં) તેને 'સર્વાનુદાત્ત' ગણીને તે પદના બધા જ અક્ષરની નીચે અનુદાત્તની નિશાની રૂપે (–) આડો લીટો મૂકવો.

– હવે આ મુજબ –

(૫) કેવળ વ્યંજન રૂપ વર્ણો (કે જેમને 'અક્ષર' કહેવાતા નથી); દા.ત., म्, त् વગેરે તેમને કોઈ સ્વરચિહ્ન અપાતું નથી.

य़ः । ओ़षंधीः । पू़र्वाः । जा॒ता़ः । दे॒वे़भ्यंः । त्रि॒ऽयु॒ग़म् । पु॒रा़ ।
म़नैं । नु़ । ब॒भ्रू़णांम् । अ॒ह़म् । श॒त़म् । धा़मांनि । स॒प्त़ । च॒ ।

* * *

હવે આ આઠેય નિયમોને વારાફરતી કામે લગાડીને, બે જટિલ મંત્રોનાં ઉદાહરણો પણ તપાસીશું, કે જેથી આ નિયમોનો અભ્યાસ બુદ્ધિમાં બરોબર આરૂઢ થાય :

★ अनुदात्तं पदमेकवर्जम् । એ પાણિનિપ્રોક્ત નિયમાનુસાર અહીં પ્રત્યેક પદમાં ઓછામાં ઓછો એક ઉદાત્ત તો મળ્યો જ છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉદાહરણ-૧ :

गोत्रभिदं गोविदं वज्रबाहुं जयन्तमज्म प्रमृणन्तमोजसा ।

इमं संजाता अनु वीरयध्वमिन्द्रं सखायो अनु सं रभध्वम् ॥

(૧૦-૧૦૩-૬)

પૂર્વોક્ત નિયમોમાંથી ૧ થી ૫ નિયમોનો ઉપયોગ કરીને, ઉપરના સંહિતાપાઠમાં આપણે ઉદાત્તને અને પ્રચયને ઓળખીને, તેમની નીચે અનુક્રમે '0' અને 'x' ની નિશાનીઓ મૂકી દઈએ.

गोत्रभिदं गोविदं वज्रबाहुं जयन्तमज्म प्रमृणन्तमोजसा ।

इमं संजाता अनु वीरयध्वमिन्द्रं सखायो अनु सं रभध्वम् ॥

હવે, પહેલાં પદો વચ્ચેની સંધિ છોડી કાઢીને તેમાં જ્યાં અવગ્રહાદિને મૂકવાના હોય તે મૂકીને, પછી ઉપરથી કેવળ ઉદાત્તની નિશાનીઓને નીચે ઉતારી લઈશું.

गोत्रऽभिदम् । गोऽविदम् । वज्रऽबाहुम् । जयन्तम् । अज्म । प्रमृणन्तम् । ओजसा । इमम् । सऽजाताः । अनु । वीरयध्वम् । इन्द्रम् । सखायः । अनु । सम् । रभध्वम् ।

હવે, જે જે પદમાં એક-એક ઉદાત્ત મળ્યો છે તેની આગળ-પાછળ નિયમ નં. ૮ મુજબ અનુદાત્ત અને સ્વરિતનાં ચિહ્નો મૂકી દઈશું :

गोत्रऽभिदम् । गोऽविदम् । वज्रऽबाहुम् । जयन्तम् । अज्मं । प्रमृणन्तम् । ओजसा । ममम् । सऽजाताः । अनुं । वीरयध्वम् । इन्द्रम् । सखायः । अनु । सम् । रभध्वम् ॥

હવે, જે ચાર પદોમાં (જેમકે, सऽजाताः । वीरयध्वम् । सखायः । અને रभध्वम् । માં) એક પણ અક્ષર નીચે ઉદાત્તની નિશાની મળી નથી, તેને 'સર્વાનુદાત્ત' ગણીને, પદપાઠમાં તે તે પદોના તમામ અક્ષરોની નીચે અનુદાત્તની આડી (-) લીટી મૂકી દેવી :

गोत्रऽभिदम् । गोऽविदम् । वज्रऽबाहुम् । जयन्तम् । अज्म । प्रमृणन्तम् । ओजसा । इमम् । सऽजाताः । अनुं । वीरयध्वम् । इन्द्रम् । सखायः । अनु । सम् । रभध्वम् ।

(આમાં सऽजाताः અને सखायः એ બે સંબોધન પદ હોઈ અને તે પાદની મધ્યમાં આવેલા હોવાથી તેમાં સર્વાનુદાત્ત મળ્યો છે; તથા वीरयध्वम् અને रभध्वम् એ બે, મુખ્ય વાક્યનાં ક્રિયાપદનાં રૂપો હોઈને તેમાં પણ સર્વાનુદાત્ત = 'નિઘાત' સ્વર આવ્યો છે.)

ઉદાહરણ-૨ :

समानमु त्यंपुरुहूतमुक्थ्यं१ रथं त्रिचक्रं सवना गनिग्मतम् ।

परिज्मानं विदथ्यं सुवृक्तिभिर्वयं व्युष्टा उषसो हवामहे ॥ (૧૦-૪૧-૧)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પૂર્વોક્ત નિયમોમાંથી **૧ થી ૫ નિયમોનો** ઉપયોગ કરીને, ઉપરના સંહિતાપાઠમાં આપણે ઉદાત્તને અને પ્રચયને ઓળખીને તેમની નીચે અનુક્રમે '૦' અને 'x' ની નિશાનીઓ મૂકી દઈએ :

समानमु त्यं पुरुहूतमुक्थ्यं रथं त्रिचक्रं सवना गनिग्मतम् ।

परिज्मानं विदथ्यं सुवृक्तिभिर्वयं व्युष्टा उषसो हवामहे ॥

(દરેક અક્ષરને એક એક ચિહ્ન મળી જ જવું જોઈએ.) હવે, પહેલાં સંધિ છોડી, અવગ્રહ, इति કરણાદિ કરીને પદોને પૃથક્કૃત કરીશું અને પછી ઉપરથી કેવળ ઉદાત્ત સ્વરને નીચે (પૃથક્કૃત કરેલા પદોમાં) ઉતારી લઈશું :

समानम् । ऊँ इतिं । त्यम् । पुरुहूतम् । उक्थ्यम् । रथम् ।

त्रिऽचक्रम् । सवना । गनिग्मतम् । परिऽज्मानम् । विदथ्यम् ।

सुवृक्तिऽभिः । वयम् । विऽउष्टौ । उषसः । हवामहे ॥

હવે જે જે પદમાં એક-એક ઉદાત્ત મળ્યો છે તેની આગળ પાછળ નિયમ નં. ૮ મુજબ અનુદાત્ત અને સ્વરિતનાં ચિહ્નો મૂકી દઈશું :

૧	૨	૩	૪	૫	૬	૭
समानम् ।	ऊँ इतिं ।	त्यम् ।	पुरुऽहूतम् ।	उक्थ्यम् ।	रथंम् ।	त्रिऽचक्रम् ।

૮	૯	૧૦	૧૧	૧૨
सवंना ।	गनिंग्मतम् ।	परिऽज्मानम् ।	विदथ्यम् ।	सुवृक्तिऽभिः ।

૧૩	૧૪	૧૫	૧૬
वयम् ।	विऽउष्टौ ।	उषसः ।	हवामहै ॥

હવે, અહીં જે વિશેષ નોંધપાત્ર પદો છે, તેની સમજ મેળવીએ : (૧) બીજા પદમાં મૂળ સંહિતા પાઠનો उ અવ્યય દીર્ઘ, સાનુનાસિક અને इतिं કરણ સાથે નોંધવાનો છે. આ इति બહારથી ઉમેરેલું પદ છે, અને તે હંમેશા આદ્યુદાત્ત સ્વરવાળું इतिं જ મુકાય છે. આ इ ના ઉદાત્તને આધારે, તેની પૂર્વે આવેલા ऊँ ને અનુદાત્ત સ્વરની નિશાની મૂકવી ऊँ.

(૨) ચોથા અને સાતમા પદમાં સમાસ હોવાથી બે પદને છૂટા પાડવા અવગ્રહ મુકાયો છે.

(૩) દશમા અને ચૌદમા પદમાં ઉપસર્ગને છુટો પાડવા परि અને वि ની પાછળ અવગ્રહ મુકાયો છે.

(૪) બારમા પદમાં भिः પ્રત્યયની પૂર્વે હ્રસ્વ સ્વરવાળો क्ति અક્ષર હોવાથી, ત્યાં પણ અવગ્રહનો પ્રયોગ થયો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૫) જ્યાં એક પદ ઉદાત્ત સ્વરવાળો અક્ષર મળ્યો નથી, તેવા સોળમા પદને 'સર્વાનુદાત્ત' ગણીને, તેનાય ચારેય અક્ષર નીચે અનુદાત્તની નિશાની મૂકવી. જેમ કે, हुवामहे । ('જ્યાં એક પદ ઉદાત્ત ન હોય તે મુખ્ય વાક્યનું ક્રિયાપદ હોઈ શકે' એમ અગાઉ ૧૨મા મુદ્દાની ભૂમિકામાં કહી ચૂક્યા છીએ.) સંહિતાપાઠમાં જે પ્રચય 'x' ની નિશાનીથી દર્શાવાયા છે, તે પદપાઠમાં અનુદાત્તની—આડા લીટાવાળી નિશાનીથી દર્શાવવા.)

(૬) અગાઉ કહ્યું છે ('૯મા મુદ્દાની ભૂમિકા'માં) કે 'પ્રત્યેક પદમાં ઓછામાં ઓછો એક ઉદાત્ત સ્વરવાળો અક્ષર તો હોવાનો જ' (अनुदात्तम् पदम् एकवर्जम्). પણ ક્યારેક કોઈક પદમાં એક ઉદાત્તને બદલે, તેનો સમકક્ષ જ (=પ્રધાન સ્વર સ્વરૂપ) 'સ્વતન્ત્ર સ્વરિત' પણ હોઈ શકે. [આ 'સ્વતન્ત્ર સ્વરિત' વિષે એક જુદો લેખ આની પાછળ આપેલો જ છે. તથાપિ અહીં ટૂંકમાં એની ઓળખ મેળવીએ તો - "અનુદાત્ત સ્વરની નિશાની પછી તરત જ આવેલા અક્ષર ઉપર સ્વરિતની નિશાની હોય તો તેને 'સ્વતન્ત્ર સ્વરિત' જાણવો."]-આપણે લીધેલા ઉદાહરણમાં જે પાંચમું અને અગિયારમું પદ છે તે (સંહિતામાં જોવાથી સ્પષ્ટ થશે કે) આ પ્રકારનું 'સ્વતન્ત્ર સ્વરિત' સ્વરવાળું પદ છે; એટલે કે તેમાં અનુદાત્તની નિશાની પછી તરત જ આવેલા અક્ષર ઉપર સ્વરિતની નિશાની પડી છે :

उक्थ्यम् । અને विदथ्यम् ।

(૭) ચૌદમા પદના સ્વર વિષે વિચારએ તો મૂળ સંહિતામાં वयं व्युष्टा એમ यं માં એક ઉદાત્ત આપણે શોધ્યો છે. ("સ્વરિતની પૂર્વે, અનુદાત્ત સુધી જતાં, વચ્ચે જે ખાલી અક્ષર આવે તેને ઉદાત્ત જાણવો" - એ નિયમ મુજબ यं ને ઉદાત્ત બતાવ્યો છે.) પણ જ્યારે પદપાઠમાં व्युष्टा ને છૂટું પાડીને । विऽउष्टौ । રૂપે લખીએ છીએ ત્યારે व्यु નો સ્વરિત उ ઉપર જશે, અને તેની આગળનો वि ઉદાત્ત સ્વરવાળો બનશે : । विऽउष्टौ ।

હવે આ સાતેય મુદ્દામાં બતાવેલી વિશેષ વિચારણા કર્યા પછી, સમગ્ર મન્ત્રનો 'પદપાઠ' અને તેમાંના પ્રત્યેક પદને ઉદાત્તાદિ સ્વરોની નિશાનીઓ નીચે પ્રમાણે મુકાશે :

समानम् । ॐ इति । त्यम् । पुरुऽहूतम् । उक्थ्यम् । रथम् ।
त्रिऽचक्रम् । सवना । गनिग्मतम् । परिऽज्मानम् । विदथ्यम् ।
सुवृक्तिऽभिः । वयम् । विऽउष्टौ । उषसः । हुवामहे ॥

આના વિશેષ જ્ઞાન માટે ગ્રન્થમાં સર્વત્ર છાપેલા પદપ્રાઠનું નિરીક્ષણ કરવું જોઈએ.

◆ ◆ ◆

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરિશિષ્ટ-૨

स्वतन्त्र-स्वरित★

૧

પરંપરાગત રીતે એવું મનાતું આવ્યું છે કે ઉદાત્ત સ્વરવાળા અક્ષરના અનુગામી અક્ષરમાં જે સ્વરિતસ્વર રહે છે, તે સ્વરિત સ્વરમાં ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ એવા બે વર્ણધર્મોનો સમાહાર = સમ્મિશ્રણ થયું હોય છે : પાણિનિએ લખ્યું છે કે समाहारः स्वरितः। पा. सू. १-२-૩૧. આને સમજાવતાં ભટ્ટોજિ દીક્ષિતે સિદ્ધાન્તકૌમુદીમાં લખ્યું છે કે उदात्तत्वानुदात्तत्वे वर्णधर्मौ समाह्रियेते, यस्मिन् सोऽच् स्वरितसंज्ञः स्यात् ॥ એટલે કે (क) સ્વરિતના પૂર્વાર્દ્ધ ½ ઉદાત્તત્વ અને ઉત્તરાર્દ્ધમાં ½ અનુદાત્તત્વ વર્ણધર્મ રહેલાં હોય છે. પરિણામે હ્રસ્વ સ્વરવાળા અક્ષરનો પહેલો ૫૦% ભાગ ઉદાત્તત્વનો અને બાકીનો ઉત્તર ૫૦% ભાગ અનુદાત્તત્વનો બનેલો હોય છે; દીર્ઘસ્વરવાળા અક્ષરનો પહેલો ૫૦% ભાગ = પહેલી ૧ માત્રામાં ઉદાત્તત્વ રહેશે અને બાકીના ૫૦% ભાગમાં બીજી ૧ માત્રા અનુદાત્તત્વની રહેશે; તથા પ્લુત સ્વરવાળા અક્ષરનો પહેલો ૫૦% ભાગ (૧ ½ માત્રા) ઉદાત્તત્વનો અને બાકીનો ૫૦% (૧ ½ માત્રા) ઉત્તરભાગ અનુદાત્તત્વનો હશે એમ નક્કી થાય છે. અથવા તો -

(ख) સ્વરિત સ્વરવાળા અક્ષરની પૂર્વે = આદિ અર્ધી માત્રા ઉદાત્તત્વની બનેલી હોય છે અને ઉત્તરાંશની **બાકીની માત્રાઓ** અનુદાત્તત્વની બનેલી હોય છે. એટલે કે એક માત્રિક હ્રસ્વ સ્વરવાળા અક્ષરની પહેલી અર્ધી (૦।।) માત્રા ઉદાત્તત્વની અને બાકીની અર્ધી (૦।।) માત્રા અનુદાત્તત્વની હોય છે; દ્વિમાત્રિક દીર્ઘ સ્વરવાળા અક્ષરની પહેલી અર્ધી (૦।।) માત્રા ઉદાત્તત્વ ને બાકીની દોઢ (૧।।) માત્રામાં અનુદાત્તત્વ રહેલું હોય છે; તથા ત્રિમાસિક પ્લુતસ્વરવાળા અક્ષરની પહેલી અર્ધી માત્રામાં ઉદાત્તત્વ રહે છે અને બાકીની અઢી (૨।।) માત્રામાં અનુદાત્તત્વ રહે છે એમ નક્કી થાય છે.[1] (ઋગ્વેદમાં આ બીજા (ख) પ્રકારનું અર્થઘટન સ્વીકારાયું છે; તેથી આપણે માટે તે નોંધપાત્ર છે.)

★વાઙ્મય (૨.૧), જાન્યુ. ૧૯૮૯, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, અને સ. પ. યુનિ. દ્વારા હરિ ૐ આશ્રમ પ્રાઈઝથી પુરસ્કૃત લેખ.

૧. પાણિનિએ तस्यादित उदात्तमर्धह्रस्वम् । १-२-३२ સૂત્રથી સ્વરિતસ્વરવાળા અક્ષરમાં ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ કેટલા પ્રમાણમાં રહેલું હોય છે તે કહ્યું છે. આ સૂત્રનું બે રીતે અર્થઘટન કરવામાં આવ્યું છે.

एवञ्च ह्रस्वदीर्घप्लुतेषु सर्वेषु स्वरितेषु प्रागर्द्धमात्रांश उत्तः । शेषांशः प्रायोऽनुदात्तः । तत्रार्द्धमात्रांशस्योदात्तत्वे पक्षद्वयम्-कौमुदीकारमते स्वरितस्यार्द्धांश उदात्त, उत्तरार्द्धांशस्त्वनुदात्त इति । नागेशमते सर्वत्रैकमात्रार्द्धांश उदात्तः शेषांशोऽनुदात्तः । यथा ह्रस्वस्वरितेऽर्द्धांश उदात्तः शेषोऽनुदात्त उभयमते । दीर्घेऽर्द्धमात्रांशः प्रागुदात्तः, अवशिष्टः सार्द्धकमात्रांशोऽनुदात्तः । प्लुते प्रागर्द्धमात्रांश उदात्तः शेषं सार्द्धैमात्राद्वयमनुदात्तम् । दीक्षितस्य तु सर्वत्र पूर्वार्द्धभाग उदात्त, उत्तरार्द्धभागेऽनुदात्त इत्येव ॥ सिद्धान्तकौमुदी, तत्र सभापतिशर्मोपाध्याय कृता लक्ष्मीटीका, भाग-१, प्रका. मोतीलाल बनारसीदास, दिल्ली, १९६६, पृ. २५.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

२

ઉપર્યુક્ત સ્વરિત સ્વર બે પ્રકારનો હોય છે : (૧) પરતન્ત્રી સ્વરિત અને (૨) સ્વતન્ત્ર સ્વરિત. અગાઉ કહ્યું છે તેમ વૈદિક સંસ્કૃત ભાષાના મહદંશે દરેક પદમાં ઓછામાં ઓછો એક અક્ષર ઉદાત્ત સ્વરવાળઓ હોય છે. આવા ઉદાત્ત સ્વરવાળા અક્ષરનો જે પુરોગામી અક્ષર હોય છે, તે અનુદાત્ત સ્વરવાળો હોય છે; અને જે અનુગામી અક્ષર હોય છે, તે સ્વરિત સ્વરવાળો હોય છે. બલ્કે પૂર્વવર્તી ઉદાત્તને કારણે તે અનુગામી અક્ષર, કે જે મૂળમાં અનુદાત્ત સ્વરવાળો જ હોય છે, તે (પૂર્વવર્તી ઉદાત્તને કારણે) પાછળથી સ્વરિત બન્યો હોય છે. જેમ કે, यज्ञेन > यज्ञेनं અહીં ज्ञे એવા પૂર્વવર્તી અક્ષરમાંના ઉદાત્તની અસરથી, તેનો અનુગામી नं એવો અક્ષર (અનુદાત્તમાંથી) સ્વરિત સ્વરવાળો બન્યો છે.) આથી આવા સ્વરિત સ્વરને "આશ્રિતસ્વર" (= ઉદાત્તસ્વરને આશ્રયે રહેનારો) કે "પરતન્ત્રી સ્વરિત સ્વર" કહે છે. જ્યારે બીજા પ્રકારનો જે "સ્વતન્ત્ર સ્વરિત" હોય છે, તે કોઈ અન્ય સ્વરને આશ્રયે રહેલો હોતો નથી. તથા જે પદમાં આવો સ્વતન્ત્ર સ્વરિત રહેલો હોય છે, તે પદમાં તે ઉદાત્ત સ્વર જેટલો જ પ્રધાન/મુખ્ય સ્વર ગણાય છે.

(૧) પરતન્ત્રી સ્વરિતના (क) તૈરોવ્યંજન, (ख) તૈરો વિરામક, (ग) પાદવૃત્ત અને (घ) તાથાભાવ્ય સ્વરિત એવા કુલ ચાર પેટાભેદ જોવા મળે છે. પરંતુ પ્રસ્તુત લેખમાં મુખ્યત્વે 'સ્વતન્ત્રસ્વરિત' અને તેના ભેદાદિ વિષે જ વિચારવાનું હોઈને, આ પરતન્ત્રી સ્વરિત વિષે વિગતે ચર્ચા કરીશું નહીં.

(૨) સ્વતન્ત્ર સ્વરિતના કુલ ચાર પેટાભેદો જોવા મળે છે, જેમ કે,

(क) જાત્ય સ્વરિત, દા.ત., क्वं। कन्यां । स्वः ।

(ख) ક્ષૈપ્રસ્વરિત, દા.ત., व्यांनट् ।

(ग) અભિનિહિત સ્વરિત, દા.ત., सोंऽब्रवीत् ।

(घ) પ્રશ્લિષ્ટ સ્વરિત દા.ત., अभींन्धताम् ।

ઉપર ૧માં જણાવ્યું છે તેમ સ્વતન્ત્ર સ્વરિતસ્વરમાં ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ (અથવા ક્યારેક પરતન્ત્રી સ્વરિત) એવા બે સ્વરધર્મોનો સમાહાર થયેલો હોય છે.[૨] આ મૂળભૂત નિયમને ધ્યાનમાં રાખીને, હવે આપણે 'સ્વતન્ત્ર સ્વરિત'ના ચાર ભેદોની વિગતે ચર્ચા કરીશું :

(૧) 'જાત્ય' સ્વતન્ત્ર સ્વરિતની ઓળખ આ પ્રમાણે આપી શકાય : **એક જ પદમાં** સંયુક્ત વ્યંજનાન્ત य् કાર કે व् કાર સહિતના (अ, इ વગેરે) સ્વરો (= અક્ષરો)ને આશ્રયે

---

૨. અહીં એ નોંધપાત્ર છે કે - ઉદાત્ત + અનુદાત્ત (કે પરતન્ત્રી સ્વરિત)ના સમાહારથી જ સ્વતન્ત્ર સ્વરિત જન્મી શકે છે; પણ જો પહેલા (પૂર્વમાં) અનુદાત્ત હોય અને તેની પાછળ ઉદાત્ત આવેલો હોય તો, તેવા બે સ્વરધર્મોના સમાહારથી સ્વતન્ત્ર સ્વરિત જન્મતો નથી. (અનુદાત્ત + ઉદાત્તથી તો ઉદાત્ત જ બને છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રહેલા જે સ્વરિત સ્વરની પૂર્વેના અક્ષરમાં અનુદાત્ત સ્વર હોય, **અથવા** અનુદાત્ત સ્વર ન પણ હોય, ત્યારે તેને જાત્ય સ્વતન્ત્રસ્વરિત કહે છે. (આનું, બીજું એક નામ 'નિત્યસ્વરિત' પણ છે.) દા. ત., कन्यां । वीर्यम् । स्वंः । આ ઉદાહરણ રૂપ પદોમાં પ્રધાન સ્વર તરીકે (ઉદાત્ત સ્વર નહીં, પણ) 'જાત્ય' સ્વતન્ત્ર-સ્વરિત વિરાજમાન છે. અહીં कन्यां । શબ્દમાં (न् + य् + आ = न्यां) સંયુક્ત (વ્યંજનાન્ત य् કાર સહિતના આ સ્વર [અર્થાત્ न्या એવા અક્ષર]ને આશ્રયે જાત્ય સ્વતન્ત્ર સ્વરિત (न्यां) રહેલો છે. [તથા તેવા સ્વતન્ત્ર સ્વરિતવાળા અક્ષર (न्यां) ની પૂર્વે આવેલા क અક્ષરમાં અનુદાત્ત સ્વર રહેલો છે.]

ઋગ્વેદ પ્રાતિશાખ્ય (૩.૮) ઉપરના ભાષ્યમાં ઉવ્વટે લખ્યું છે કે जात्या स्वरूपेण एव उदात्तानुदात्तसंगतिं विना जातो, जात्यः ॥ (પૃ. ૨૨૧) અર્થાત્ જે સ્વર (=ઉચ્ચારણ ધર્મ) જાતિ = જન્મથી જ માંડીને, સ્વરૂપથી જ-સ્વભાવથી જ- ઉદાત્ત અને અનુદાત્તના મિશ્રણ વિના જન્મ્યો હોય, તે સ્વરને 'જાત્ય' સ્વતન્ત્ર સ્વરિત કહેવામાં આવે છે. બીજા કેટલાક વિદ્વાનોના મતે (જુઓ : W. D. Whitney, SANSKRIT GRAMMAR, rule No 84.b, p.29) આ જાત્ય સ્વરિત ભલે એક જ પદમાં રહેતો હોય તથાપિ શબ્દ ગઠનકાળ પૂર્વે, તે શબ્દમાં જે પ્રકૃતિ + પ્રત્યય જોડાયા હોય છે. તેમાંના ઉદાત્ત અને અનુદાત્તનું પણ તે સમયે મિશ્રણ થઈને આ જાત્ય સ્વતન્ત્ર સ્વરિત બન્યો હોય છે. કેમ કે वीर्यम् અહીં બે પ્રકારની સન્ધિ થઈ છે :

(૧) वीरि + अम् । इ > य् + अ = य

(૨) रि + आ ।   0 + – } र्यं (= स्वरित)

ઉદાત્ત + અનુદાત્તની (પણ) સન્ધિ થઈને સ્વરિત જન્મ્યો.

આવા જાત્ય સ્વતન્ત્ર સ્વરિત બે પ્રકારના જોવા મળે છે : (क) કંપવાળા અને (ख) કંપ વિનાના. આ બન્ને પ્રકારોની સમજૂતી નીચે પ્રમાણે છે :

(क) કંપવાળો જાત્ય સ્વતન્ત્ર સ્વરિત : જે સંયુક્ત વ્યંજનાન્ત य् કે व् વાળા અક્ષરને આશ્રયે જાત્ય સ્વરિત રહેલો હોય તેની પાછળ, સંહિતામાં જો ઉદાત્ત (કે બીજો કોઈ સ્વતન્ત્ર સ્વરિત) આવે તો તે પૂર્વવર્તી અક્ષરમાં રહેલો જાત્ય સ્વરિત **કંપ** અનુભવે છે. દા. ત.,

स्वाध्यो ३ वि । ऋ सं. ७-२-५

(પદપાઠ : । सुऽ आध्यः । वि ।)

(કલ્પિત) સન્ધિ : (૧) आ [धि + अ] स् = ध्य } ध्यः

(૨) ० [+ –] = ।

(ઉદાત્ત + અનુદાત્ત = સ્વરિત)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ ઉદાહરણમાં વિ અક્ષર ઉદાત્તસ્વરયુક્ત હોઈને, તેની પૂર્વમાં આવેલો દ્યં જાત્ય સ્વરિત સ્વર કંપ અનુભવે છે. કારણ કે આ સ્વતન્ત્ર સ્વરિતની પૂર્વાર્દ્ધની ૧/૨ માત્રામાં તો ઉદાત્તત્વ રહેલું છે, પણ ત્યાર પછીની ઉત્તરાર્દ્ધની બાકીની ૧/૨ માત્રામાં જે અનુદાત્તત્વ રહેલું છે, તે ઉત્તરવર્તી વિ અક્ષરમાં રહેલા ઉદાત્તત્વથી ભીંસ અનુભવે છે. એટલે કે બે ઉદાત્તની વચ્ચે જે અનુદાત્તનો અંશ રહેલો છે, તે 'કમ્પ' અનુભવે છે.

આ કમ્પને નોંધવા માટે ઋગ્વેદમાં નીચે મુજબની વ્યવસ્થા જોવા મળે છે :

(क) ૧. જો સંહિતામાં તે સ્વતન્ત્ર સ્વરિત **દીર્ઘ અક્ષરને આશ્રયે રહેલો હોય તો** તેની પાછળ ३ એવું નિશાન મુકવામાં આવે છે, (એટલે કે ३ એવા અંકની ઉપર સ્વરિતનો । ઊભો લીટો, અને નીચે અનુદાત્તનો - આડો લીટો મૂકવામાં આવે છે : ३ અને તે ३ ની બરાબર આગળ આવેલા (સ્વતંત્ર સ્વરિત સ્વરવાળા) અક્ષરની નીચે (અનુદાત્તની) - આડી લીટી મૂકવામાં આવે છે. જેમ કે, स्वा द्यो ३ वि (ऋ सं ७-२-५.) અહીં આ જાત્ય સ્વરિતવાળા द्यो અક્ષરની નીચે (પણ) અનુદાત્તની નિશાની મૂકાઈ છે.

(क) ૨. સંહિતામાં જો સ્વતંત્ર સ્વરિત **હ્રસ્વ અક્ષરના આશ્રયે રહેલો હોય તો** તેની બરાબર પાછળ १ ની નિશાની મૂકવામાં આવે છે. [એટલે કે ૧ એવા અંકની ઉપર સ્વરિતની, અને નીચે અનુદાત્તની નિશાની મૂકાય છે : १.] અને તે १ ની બરાબર આગળ આવેલા (સ્વતન્ત્ર સ્વરિતવાળા), અક્ષરને કોઈ પણ પ્રકારની નિશાની વિના છોડી દેવામાં આવે છે. ઉદા. ત., प्र स्व १ आ. । ऋ सं. ७-९-३ અહીં प्रऽस्वं : । જાત્ય સ્વરિત હ્રસ્વ હોઈને, સંહિતામાં તેની પાછળ १ ની નિશાની મુકાઈ છે, તથા स्व : અક્ષરને (સંહિતામાં) નિશાની વિના નોંધેલ છે.

સ્વતંત્રસ્વરિત જો દીર્ઘ હોય તો તેની પાછળ ३ અને તે જો હ્રસ્વ હોય તો તેની પાછળ १ મૂકવામાં આવે છે; [અને તે બંનેની ઉપર સ્વરિતની અને અનુદાત્તની નિશાનીઓ પણ (= ३ – १) મુકાય છે]-એવી રૂઢિને નોંધ્યા પછી, કોઈને પણ એનું કારણ જાણવાની ઈચ્છા થાય તો, આ લેખના આરંભે મુદ્દા નં-૧માં, આપણે કોઈ પણ સ્વરિત સ્વરમાં કેટકેટલી માત્રા ઉદાત્તની અને અનુદાત્તની ભળી હોય છે એ અંગે (क) અને (ख) એવાં બે અર્થઘટનો દર્શાવ્યાં છે, (તેને અહીં ફરી વાર યાદ કરી લઈએ.म्

ત્યાં (ख) પ્રકારના અર્થઘટનમાં કહ્યું છે કે - સ્વરિત સ્વરધર્મ જે હ્રસ્વ અક્ષરને આશ્રયે રહેલો હોય, તે (એકમાત્રિક) હ્રસ્વ અક્ષરની આદિ ૦ાા માત્રા ઉદાત્તની હોય છે અને બાકીની ૦ાા માત્રા અનુદાત્તની બનેલી હોય છે. હવે આવા સ્વરિતની પાછળ જો બીજો ઉદાત્ત સ્વરધર્મવાળો અક્ષર આવી જાય તો તે (પૂર્વે આવેલા) સ્વરિતના ઉત્તરાર્ધની (એક) ૦ાા અનુદાત્ત માત્રા ભીંસ અનુભવે છે; અને તેના ઉચ્ચારણમાં 'કમ્પ' થાય છે [આથી આવા કમ્પ સહિતના સ્વતંત્ર સ્વરિતને 'કમ્પ સ્વરિત' પણ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કહે છે.] અહીં કમ્પ અનુભવનારી અનુદાત્તની ૦ાા માત્રા સંખ્યામાં 'એક અર્ધી માત્રા'નો હોય છે, તેથી હ્રસ્વ અક્ષરમાં રહેલા તે સ્વતંત્ર સ્વરિતની પાછળ ૧નો અંક મુકાય છે; અને તે હ્રસ્વ અક્ષર સ્વતંત્ર સ્વરિતવાળો છે એમ દર્શાવવા તે સ્વરિતની નિશાની વર્ણ ઉપરથી ખસેડી ૧ં ઉપર મુકાય છે; તથા તે સ્વરિતના ઉત્તરાર્ધની એક અર્ધી માત્રાએ (કે જે અનુદાત્તની છે, તેણે) કંપ અનુભવ્યો છે એમ દર્શાવવા તે ૧ં ની નીચે અનુદાત્તનું નિશાન પણ મુકાય છે : ૧̱ં

હવે જો સ્વરિત સ્વરધર્મ દીર્ઘ અક્ષરને આશ્રયે રહેલો હોય, તો તે (બે માત્રિક) દીર્ઘ અક્ષરની આદિ· ૦ાા માત્રા ઉદાત્તની હોય છે, અને બાકીની ૧ ૧/૨ (= ત્રણ અર્ધી-અર્ધી) માત્રાઓ અનુદાત્તની બનેલી હોય છે. હવે આવા સ્વરિતની પાછળ જો બીજો નવો ઉદાત્તસ્વરધર્મવાળો અક્ષર આવી જાય તો તે (પૂર્વે આવેલા) સ્વરિતના ઉત્તરાર્ધની ૧½ = ત્રણ અર્ધી માત્રા અનુદાત્તની માત્રાઓ ભીંસ અનુભવે છે; અને તેના ઉચ્ચારણમાં 'કંપ' થાય છે. અહીં કંપ અનુભવનારી અનુદાત્તની માત્રાઓ સંખ્યામાં ૧ ૧/૨ = ત્રણ અર્ધી માત્રાઓ હોય છે, તેથી દીર્ઘ અક્ષરમાં રહેલા તે સ્વતંત્ર સ્વરિતની પાછળ ३ નો આંકડો મુકાય છે અને તે દીર્ઘ અક્ષર સ્વતંત્ર સ્વરિતવાળો છે એમ દર્શાવવા તે સ્વરિતની નિશાની વર્ણ ઉપરથી ખસેડીને ३ं ઉપર મુકાય છે; તથા તે સ્વરિતના ઉત્તરાર્ધની ત્રણ અર્ધી-અર્ધી માત્રાઓએ (કે જે અનુદાત્તની બનેલી છે, તેણે) કંપ અનુભવ્યો છે એમ દર્શાવવા તે ३ं ની નીચે પણ, અનુદાત્તનું નિશાન પણ મુકાય છે : ३ं આનાં ઉદાહરણો તરીકે –

(ख) **કંપ વિનાનો જાત્ય સ્વરિત :** ઋગ્વેદમાં ઘણી જગ્યાએ આ જાત્ય સ્વરિતની પાછળ ૧̱ં કે ३̱ં નું ચિહ્ન જોવા મળતું નથી. એટલે કે કંપ વિનાનો પણ જાત્ય સ્વતન્ત્ર સ્વરિત જોવા મળે છે. આનું કારણ એ છે કે આવા જાત્ય સ્વરિતોવાળા અક્ષરની પાછળ આવેલા અક્ષરમાં ઉદાત્ત સ્વર (કે બીજો કોઈ સ્વતન્ત્ર સ્વરિત) આવેલો હોતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો આવા જાત્ય સ્વરિતવાળા અક્ષરની પાછળના અક્ષરમાં અનુદાત્તત્વ રહેલું હોય તો ત્યાં તે જાત્ય સ્વરિત 'કંપ' અનુભવતો નથી. દા. ત., (સંહિતા પાઠ) मा नोऽहिर्बु॒ध्न्यौ रि॒षे॒. ૭-૩૪-૧૭ (પદપાઠ) मा । नः । अ॒हिं – । बु॒ध्न्यः॑ । रि॒षे॒ ।

અહીં ध्न्यः । માં જાત્ય સ્વરિત રહેલો છે. પણ તેના ઉત્તરવર્તી અક્ષર रि માં (ઉદાત્ત કે કોઈ સ્વતંત્ર સ્વરિત રહેલો નથી, પણ તેમાં) તો અનુદાત્ત સ્વર રહેલો છે, તેથી ध्न्यं : જાત્ય સ્વરિતવાળા અક્ષરની ઉત્તરાર્દ્ધની ૧ ૧/૨ = ત્રણ અર્ધી માત્રા, કે જે અનુદાત્તત્વની બનેલી છે, તેમાં 'કંપ' જન્મતો નથી. માટે સંહિતામાં તે ध्न्यं: ની પાછળ ३̱ં મૂકવામાં આવેલ નથી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

[2] क्षैप्र स्वतन्त्र स्वरित : બે પદો વચ્ચે यणादेश વાળી[3] સન્ધિ થાય છે ત્યારે[4], સંહિતામાં સંયુક્ત વ્યંજનાન્ત य़् કે व़् કારવાળા અક્ષરને આશ્રયે જે સ્વતન્ત્ર સ્વરિત આવીને ઊભો રહે છે, તેને "ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિત" કહેવામાં આવે છે. અહીંઆ જે બે પદો વચ્ચે સન્ધિ થાય છે તેમાં અનુક્રમે પહેલા પદાન્તીય इ/उ કાર ઉદાત્ત સ્વર યુક્ત હોય છે, અને પછીના પદાદિ અક્ષરમાં અનુદાત્તસ્વર હોય છે. દા.ત.,

(સંહિતાપાઠ) सुसा॒द॒ कृ॒त्वा ह्य॑ १॒ ग्नि॒रमृ॒ताँ ०। ऋ सं. ७-४-५/६

(પદપાઠ) सु॒सा॒दं । कृ॒त्वां । हि । अ॒ग्निः । अ॒मृ॒तांन् ।

અહી हि (ह् + इ) માંના પદાન્તીય इ કાર અને अग्नि ના પદાદિ अ કાર-તે બેની વચ્ચે यणादेश વાળી સન્ધિ થઈ છે. તથા તે જ સમયે તે બે અક્ષરોના આશ્રયે રહેલા (हि माંના) ઉદાત્ત અને (अ માંના) અનુદાત્ત સ્વરોનો પણ સન્ધિ = સમાહાર થાય છે, પરિણામે તેમાંથી (સંહિતામાં) ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે. હવે આ ક્ષૈપ્ર સ્વરિત (ह्यं) ના ઉત્તરવર્તી અક્ષર ग्नि માં ઉદાત્તસ્વર રહેલો હોઈને તે ક્ષૈપ્ર સ્વરિત કંપ અનુભવે છે. (પરંતુ) આ ક્ષૈપ્રસ્વરિતહ્રસ્વ अ = ह्य માંનો (अ) સ્વર (= અક્ષર)ને આશ્રયે રહેલો હોઈને, તે કંપને નોંધવા માટે ह्य ની પાછળ १॒ નું નિશાન મૂકવામાં આવે છે (તથા તે १॒ નિશાનીની આગળ આવેલા = પુરોવર્તી ह्य ને કોઈપણ પ્રકારની નિશાની કર્યા વિના છોડી દેવામાં આવે છે.) [જો ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિતમાં દીર્ઘ સ્વર હોય તો તેની પાછળ ३॒ ની નિશાની મૂકાય છે અને (સંહિંતામાં) તે ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિતવાળા અક્ષરની નીચે અનુદાત્તની—આડી લીટી મૂકાય છે.]

[3] प्रश्लिष्ट स्वतन्त्र स्वरित : પદાન્તીય સ્વર અને પદાદિ સ્વર જો એક જ સરખા હોય (= સવર્ણ હોય) તો તે સ્વરોના સ્થાનમાં સવર્ણ દીર્ઘ સન્ધિ થાય છે, જેને 'પ્રશ્લિષ્ટ સવર્ણ સન્ધિ' પણ કહેવામાં આવે છે. દા. ત., अ + अ = आ । इ + इ = ई । आ = आ + आ । अ + आ = आ । વગેરે.[5] હવે, અહીંઆ પદાન્તીય સ્વર જો ઉદાત્ત

---

૩ यणादेश વાળી સન્ધિ એટલે-પાણિનીય સૂત્ર इको यणचि । ૬-૧-૭૭ અનુસાર, કોઈપણ (અસવર્ણ) સ્વરની બરાબર પૂર્વમાં આવેલા इ, उ, ऋ लृ વર્ણોના સ્થાને અનુક્રમે य् व् र् ल् એવા આદેશો (= ધ્વનિપરિવર્તનો) થાય છે. જેમકે, सुधी + उपास्य । અહીં ऊ સ્વરવર્ણની બરાબર પૂર્વમાં આવેલા धी ના ई કારના સ્થાને य् આદેશ થાય છે : (૧) सुध्य् + उपास्य = सुध्युपास्य । (२) मधु + अत्र > मध्व् + अत्र = मध्वत्र । વગેરે.

૪. **એક જ પદમાં** यणादेश વાળી સન્ધિ થાય ત્યારે 'जात्य' પ્રકારનો સ્વતન્ત્ર સ્વરિત બને છે. પણ **જ્યારે બે પદો વચ્ચે** यणादेश વાળી સન્ધિ થાય છે ત્યારે ક્ષૈપ્ર સ્વતન્ત્રસ્વરિત બને છે. (આ જ રીતે, પ્રશ્લિષ્ટ અને અભિનિહિત પ્રકારના ત્રીજા અને ચોથા પ્રકારના સ્વતન્ત્ર સ્વરિતોમાં પણ **બે પદો** વચ્ચે જ સન્ધિ થઈ હોય છે.)

૫. अकः सवर्णे दीर्घः । पा. सू. ૬-૧-૧૦૧ સૂત્રથી अ इ उ ऋलृ ની પાછળ તેવા જ સવર્ણ સ્વરો (દા.ત., अ ની પાછળ अ, इ ની પાછળ इ) આવેલા હોય તો, તે બે વર્ણોના સ્થાનમાં એક સવર્ણ દીર્ઘ એકાદેશ થાય છે. જેમ કે, दैत्य + अरि > दैत्यारिः । श्री + ईश → श्रीशः । विष्णु + उदय > विष्णूदयः ॥ વગેરે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હોય અને તેની પાછળ કોઈ પદાદિ સ્વર અનુદાત્ત (અથવા પરતન્ત્રી સ્વરિત) હોય તો તેમનો પણ સમાહાર થાય છે (= તે બે સ્વર પરસ્પર ભેગા મળે છે); તેમાંથી જે સ્વર જન્મે છે તેને "પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત" કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો બે પદો વચ્ચે સવર્ણ દીર્ઘ સન્ધિ થઈને જે સ્વતન્ત્ર સ્વરિત જન્મ્યો હોય તેને "પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત" કહે છે. દા.ત.,

(સંહિતા) प्र जाता अभी इं मं यज्ञं ०। ऋसं. ३-४-५

(પદપાઠ) । प्र । जाता । आभि । इमम् । यज्ञम् ।

અહીં ૧. आ | भि + इ | मम् । માં इ + इ = ई તથા

૨. | ० + — | નો સમાહાર થઈને 'ी'

(ઉદાત્ત + અનુદાત્ત થઈને)

} પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત (भीं) જન્મ્યો છે.

આમ પહેલો પદાન્તીય इ અને બીજો પદાદિ इ - એ બેની વચ્ચે 'સવર્ણ દીર્ઘ' સન્ધિ થઈ છે, અને સાથે ને સાથે તે બે અક્ષરોમાં રહેલા (અનુક્રમે) ઉદાત્ત + અનુદાત્તનું પણ મિશ્રણ થયું છે અને તેમાંથી भीं અક્ષરમાં જે સ્વરિત જન્મ્યો છે, તે "પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરિત" પ્રકારનો ગણાય છે.

(સંહિતા) धुरी इं वात्यो । ऋ०सं०७-२४-५ (अ)

(પદપાદ) । धुरि ऽ इं व । अत्यं:



[નોંધ : ઉદાત્ત + અનુદાત્તથી નહીં, પણ ઉદાત્ત + પરતંત્રી સ્વરિતથી જન્મતા પ્રશ્લિષ્ટ સ્વરિતનું આ ઉદાહરણ છે.]

(૧) અહીં પહેલાં તો બે પદો (धुरि + इंव)[૬] વચ્ચે સન્ધિ થઈ છે. જેમ કે, એક પદાન્તીય इ + બીજો પદાદિ इ = તેની સવર્ણ દીર્ઘ સન્ધિ થવાથી री બન્યો છે. ત્યાર પછી તે પદાન્તીય इ (रि) અક્ષરના આશ્રયે રહેલો ઉદાત્ત સ્વર + પદાદિ इं અક્ષરના

---

૬. सुपो धातुप्रातिपदिकयोः । २-४-७१ સૂત્ર ઉપરની 'સિદ્ધાન્તકૌમુદી'માં એક વાર્તિક છે : इवेन समासो विभक्त्यलोपश्च ॥ આ વાર્તિક અનુસાર धुरि પદનો इव ની સાથે સમાસ થાય છે, અને તેમાં સપ્તમી વિભક્તિના પ્રત્યય (इ) નો અલોપ થાય છે : धुरीव । (ઋગ્વેદના પદપાઠકારના મતે) આ इव નિપાતનો જેની સાથે સમાસ થયો હોય છે, તેને 'એકપદ' જ ગણવામાં આવે છે (પરિણામે પદપાઠમાં તેમને કેવળ અવગ્રહથી પૃથક્ કરીને, પરંતુ "એક જ પદ" રૂપે રજૂ કરેલ છે.) બીજું, આવા इव નિપાતનો સામાન્ય રીતે સર્વાનુદાત્ત સ્વર જ હોય છે : इव । પણ જો તે इ નો પૂર્વવર્તી અક્ષર ઉદાત્ત સ્વરવાળો હોય તો इ > इं પરતન્ત્રી સ્વરિત સ્વરવાળો બને છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આશ્રયે રહેલો પરતંત્રી સ્વરિત સ્વર પણ પરસ્પર સમાહાર પામ્યા છે, જેના પરિણામે રીં એવો પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરિત જન્મ્યો છે.

(૨) (इ)व्र् + अ॒(त्य) = वा॒ । અહીં व અક્ષરમાં પ્રચય (=અનુદાત્ત) સ્વર, અને अ અક્ષરમાંનો ઉદાત્ત સ્વર ભેગા મળીને સંહિતામાં (व॒ + अ॒) = वा॒ એવો (ઉદાત્ત સ્વરવાળો અક્ષર બન્યો છે. તેથી પૂર્વવર્તી રીં એવા પ્રશ્લિષ્ટ સ્વરિતમાં કંપ જન્મે છે. (અહીં રીં પોતે દીર્ઘ અક્ષર હોઈને, સંહિતામાં તેની પાછળ ३॒ ની નિશાની મૂકાઈ છે, અને ३ અક્ષરની નીચે પણ-અનુદાત્તની નિશાની મૂકાઈ છે :

घु॒री ३॒ वा॒त्यों ॥

* * *

જે પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરિતમાં કમ્પ જન્મતો નથી તેનું એક ઉદાહરણ જોઈશું :

(સંહિતા) व॒सुंना॒ दि॒वींव॒ द्या॒मधिं: ०। ऋ० सं० ७-२४-५ (ब)

(પદપાઠ) व॒सुंना । दि॒वि॒ऽ इं॒व॒ । द्या॒म् । अधिं

અહીં दिवि + इव । માં સવર્ણ દીર્ઘ સન્ધિ થવાથી दिवीव । બને છે ત્યારે તે वि॒ અક્ષરને આશ્રયે રહેલા ઉદાત્ત સ્વર, અને इं અક્ષરને આશ્રયે રહેલો પરતંત્રી સ્વરિત સ્વરનો પણ સમાહાર થાય છે; અને તેમાંથી પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરિત જન્મે છે. હવે આ પ્રશ્લિષ્ટ સ્વરિતમાં 'કંપ' જન્મ્યો નથી; કારણ કે તે પ્રશ્લિષ્ટ સ્વરિતવાળા वीं અક્ષરના ઉત્તરવર્તી અક્ષર व॒ માં પ્રચય (અનુદાત્ત) સ્વર રહેલો છે. (અગાઉ કહ્યું છે તેમ એક સ્વતંત્ર સ્વરિતની પાછળ જો ઉદાત્ત, કે બીજો કોઈ સ્વતંત્ર સ્વરિત આવ્યો હોય તો જ તે સ્વતંત્ર સ્વરિતમાં કંપ જન્મે છે.

* * *

ઉદાત્ત સ્વરવાળા પદાન્તીય उ અક્ષર અને અનુદાત્ત સ્વરવાળા બીજા પદાદિ उ કારના સમાહારથી (= પ્રશ્લિષ્ટ = સવર્ણ દીર્ઘ સન્ધિ થવાથી) દીર્ઘ ऊ અક્ષરમાં પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરિત જન્મ્યો હોય એવું ઉદાહરણ ઋગ્વેદમાંથી મળી આવતું નથી.[૭] 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય'માં "શાકલ્યના મતે બે इ કારના પ્રશ્લેષથી (જ) પ્રશ્લિષ્ટ સ્તરિત બને છે; અને માણ્ડૂકેયના મતે સર્વત્ર (અર્થાત્ બે उ કારના પ્રશ્લેષથી પણ) પ્રશ્લિષ્ટ સન્ધિ (= સવર્ણ દીર્ઘ સન્ધિ)માંથી પ્રશ્લિષ્ટ સ્વરિત જન્મી શકે છે." એવા બે વિભિન્ન

૭. જુઓ : W. D. Whitney : SANSKRIT GRAMMAR Rule No.128, page 44 તથા G. C. Jhala, Kampa in the accent system of the Ṛgveda 'Section 1, p. 102. 103 આ લેખ "As જિજ્ઞાસુએ મારા 'પાણિનીય વ્યાકરણવિમર્શ' પુસ્તકમાં પણ મૂકેલો સ્વરિતસ્વરનો લેખ જોવો. vina in the Ṛgveda and other Indological Essays". Pub. Munshiram Monoharlal Publishers Pvt. Ltd. Delhi, 1978 માં સંગૃહીત છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

મતો નોંધાયા છે.[૮] અહીં, માણ્ડૂકેય મુનિએ સૈદ્ધાન્તિક દૃષ્ટિએ, 'એક ઉદાત્ત સ્વરવાળો उ કાર અને બીજો અનુદાત્ત સ્વરવાવો उ કાર ભેગાં થતાં ऊं પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરત પણ જન્મી શકે છે' એનો સ્વીકાર કર્યો લાગે છે. જ્યારે શાકલ્ય મુનિએ વાસ્તવિક રીતે, ઋગ્વેદમાં '(કેવળ) એક ઉદાત્ત इ કાર અને બીજા અનુદાત્ત इ કારના મિશ્રણથી ई પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરિત જન્મે છે' એવું વિધાન કર્યું હશે.

[]અભિનિહિત સ્વતંત્ર સ્વરિત :

અભિનિહિત સન્ધિમાં પદાન્તે આવેલા ઉદાત્ત સ્વરવાળા ए કાર કે ઉદાત્ત ओ કાર રૂપ અક્ષરમાં પરવર્તી પદાતિ અનુદાત્ત સ્વરવાળો अ કાર ભળી જાય; એટલે કે "પૂર્વરૂપ એકાદેશ સન્ધિ"[૯] થાય ત્યારે પદાન્તે આવેલા ए કાર કે ओ કાર ઉપર જે સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે તેને 'અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત' કહે છે. દા.ત., (૧)

(સંહિતા) विश्पतिं दुरोणे ऽ ग्निर्मन्द्रो मधुवचा० । ऋ ७-७-४

(પદપાઠ) विश्पतिः । दुरोणे । अग्निः । मन्द्रः । मधुऽवचाः ।०।

અહીંઆ दुरोणे + अग्निः એવાં બે પદોની વચ્ચે પૂર્વરૂપ એકાદેશ સન્ધિ થઈ છે. આ સન્ધિમાં પદાન્તે આવેલા णे અક્ષરમાં, પરવર્તી अ અક્ષર ભળી ગયો છે (= 'અભિનિહિત' થયો છે.) આ સન્ધિ દરમિયાન તે णे અક્ષરને આશ્રયે રહેલા ઉદાત્ત સ્વર, અને अ અક્ષરને આશ્રયે રહેલા અનુદાત્ત સ્વરનો પણ સમાહાર થયો છે જેના પરિણામે णें માં અભિનિહત સ્વતંત્ર સ્વરિત જન્મ્યો છે તથા તે સ્વતન્ત્ર સ્વરિતની પાછળ આવેલા ग्नि અક્ષરમાં ઉદાત્ત સ્વર રહેલો હોઈને તે णें એવા અભિનિહત સ્વતન્ત્ર સ્વરિતમાં કંપ જન્મ્યો છે; તથા તે णें સ્વતન્ત્ર સ્વરિત દીર્ઘ અક્ષરનો બનેલો હોઈને

---

૮. इकारयोश्च प्रश्लेषे क्षैप्राभिनिहितेषु च ।
उदात्तपूर्वरूपेषु शाकल्यस्यैवमाचरेत् ॥ एवम्
माण्डूकेयस्य सर्वेषु प्रश्लिष्टेषु तथा स्मरेत ॥
ऋग्वेदप्रातिशाख्यम् (३-१३, १४)

૯. एङः पदान्तादति । पा. सू. ६-१-१०९ સૂત્રથી "પદના અન્તે આવેલા ए કાર કે ओ કારની પાછળ હ્રસ્વ अ કાર આવેલો હોય તો, તે હ્રસ્વ अ કારનો 'પૂર્વરૂપ એકાદેશ' થાય છે. (અર્થાત્ પોતાની પૂર્વમાં આવેલા ए કાર કે ओ કારમાં (તે હ્રસ્વ अ કાર ભળી જાય છે. દા.ત., हे हरे + अव > हे हरेऽव । विष्णो + अव > विष्णोऽव । (અહીં પૂર્વમાં આવેલા ए કે ओ માં પરવર્તી હ્રસ્વ अ કાર ભળી ગયો છે, તેમ દર્શાવવા લિપિમાં અવગ્રહ (ऽ)નું ચિહ્ન મુકાય છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સંહિતામાં તેની પાછળ ३ ની નિશાની મૂકાઈ છે, તથા તે સ્વતન્ત્ર સ્વરિતની નીચે અનુદાત્તની – આડી લીટીરૂપ નિશાની મુકવામાં આવે છે : दुरोणे ३ ग्निर्० ।

દા.ત., (૨) બીજું એક ઉદાહરણ જોઈશું :

(સંહિતા) सजोषां वावशानो, ३ ग्नेः पिंब० । ऋ० ३-३५-९

(પદપાઠ) । सऽजोषां: वावशानः । अग्नेः । पिब ।०

અહીં આ वावशानः + अग्नेः માં સન્ધિ થતાં वावशानो + अग्नेः > (પછી પૂર્વરૂપ એકાદેશ થતાં = પૂર્વવર્તી ઓકારમાં પરવર્તી હ્રસ્વ અ કાર ભળી જતાં) वावशानोऽग्नेः । એવી પરિસ્થિતિ જન્મે છે. આ વખતે नु અક્ષરનો ઉદાત્ત સ્વર અને अ અક્ષરનો અનુદાત્ત સ્વર પણ પરસ્પર સાથે ભેગા મળે છે, તેમાંથી (नौं અક્ષરમાં) અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે, તથા ग्नेः અક્ષરમાં ઉદાત્ત સ્વર હોવાથી, તે ग्नेः ની પૂર્વમાં આવેલા नौं એવા અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મે છે, જેને નોંધવા માટે, નો ની પાછળ ३ નું નિશાન મૂકાય છે.[९]

◆ ◆ ◆

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧.

Vasant Bhatt Collection, Gujarat